
આવતીકાલનાં નાગરિકોનાં જ્ઞાન અને સંસ્કારનું માસિક


કુમાર

આદ્ય સંસ્થાપક રવિશંકર મ. રાવળ
વર્ષ ૪૪ અંક ૧૦ ઑક્ટોબર ૧૯૬૭
તંત્રી બચુભાઈ રાવત   અંક ૫૨૬

ફૂલ વેચનારીઓ (વૂડકટ) મહેન્દ્ર પરીખ









કાયાની કરામત-૮

દાંત



શરીરના પોષણનો આધાર આહારના પાચન પર છે. પાચનનો આરંભ ખોરાકને ચાવીચાવીને તદ્દન માવા જેવો બનાવવાના દાંતના કાર્યથી થાય છે. ઉપર એ દાંતના પ્રકાર અને મોંમાં એનું સ્થાન દર્શાવ્યું છે. નીચેની આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે છ-સાત માસની ઉંમરથી દાંત આવવા માંડી પંદરમે વર્ષે પૂરા આવી રહે છે. ચાવતી વેળા બે દાંત વચ્ચે એરણ પરના હથોડાના ઘા જેટલું વજન પડે છે, પણ એથી દાંત હાલી ન ઊઠતાં એની જડ મજબૂત બનતી જાય છે. આગળના દાંત ખોરાક કાપે છે, રાક્ષસી એને તોડે છે, ઉપદાઢો એને કચરે છે, ને દાઢ એને પીસીને ચૂર્ણવિચૂર્ણ કરે છે. દાંતની ગોઠવણ એવી છે કે એક દાંત પડી જાય તો યે એની સામેનો દાંત નકામો ન બની રહેતાં પડી ગએલા દાંતની બાજુના દાંત સાથે કામ લે છે.

ઉપર: દાંતનો છેદ. દાંત પર બહાર સફેદ ઇનૅમલનું સખત પડ છે. એ 'પારો' કહેવાય છે. એની તળે હાડકા જેવું 'ડેન્ટિન', ને એની અંદર 'માવા' જેવો પોચો પદાર્થ છે, જેમાં લોહી આવજા કરે છે. ત્યાં જ્ઞાનતંતુઓ પણ ફેલાએલા છે. બે દાંત વચ્ચે ભરાઈ રહેલા ખોરાકના કણ (આકૃતિમાં ૧) અથવા અતિ ગરમ કે અતિ ઠંડા પદાર્થના ઉપરાઉપરી સેવનથી ઇનૅમલમાં પડેલા ચીરામાં (૨) સડો પેદા થઈ આગળ વધતો અંદર છેક માવા સુધી (૩) ઊતરે છે ત્યારે ત્યાં આવેલા જ્ઞાનતંતુઓને ખાતીપીતી વેળા કંઈ પણ અડતાં જ વેદના થાય છે. આ સડો લોહીમાં ભળી દાંતનાં મૂળ (૪) સુધી ઊતરે ત્યારે ત્યાં પરુ થાય છે જેની મગજ સુધી સણકા મારતી વેદના ને ગંધ અસહ્ય હોય છે. સંપૂર્ણ સ્વચ્છતા, પૂરતું ચાવવાની કસરત, વિટામિન સી ને તાજાં શાકભાજીનાં ખનિજો દાંતનાં રક્ષક છે. શરીરનાં ૮૬ ટકા દરદો દાંતના સડાને લીધે થાય છે.



વાચકો લખે છે

આ (શતરંજના) પુસ્તકમાં એક જગાએ લખ્યું છે કે ગુજરાતી ભાષામાં આવો કોઈ પ્રયત્ન થયાનું જાણવામાં નથી. મને યાદ છે એ પ્રમાણે વિસનગર (ઉ. ગુજરાત)ના સ્વ. મહાસુખભાઈ ચુનીલાલ શેઠ, 'કાવ્યસરિતા ભાગ ૧'ના લેખકે શતરંજ ઉપર લખ્યું હતું.

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

અંક ૫૨૪ મળ્યો તે દિ' સાંજે ઘરે જતાં મારાં પત્નીએ મને 'કુમાર' આપતાં કહ્યું: 'વાંચો તમારું આવતી કાલના નાગરિકોનું માસિક.'

ઈવાની વાત વાંચી ઠરોગ ર થઈ ગયો! લખનાર તો ભીંત ભૂલ્યો જ, પણ છાપનારે 'કુમાર'ની કાયાપલટ કરી નાખી! આશા રાખું છું કે વિવા વિનાની ઈવાની વાતો કરનાર લેખકને નવા ગગનની નીચેથી અમારા જેવી જૂનવાણી નક્કર ધરતી પર ઉતારશો. જે રીતે પ્રસંગ આ લેખાયો છે એમાં કોઈ કાચાં કાળજાં સહેલાઈથી ફસડાઈ જાય એવું છે. ખેર! છપાઈ ગયા પછી શું? આવી વાતોને હજુ બે ત્રણ પેઢી સુધી 'કુમાર'માં સ્થાન ન મળવું જોઈએ.

ચં ચી ને ક્યારે બે લાવો છો? કાંઈ દગો તો નથી રમવાનાને? ઑપ કળાના નમૂના : પૃ. ૩૪૭ ઉપરનું. ઊલટાસૂલટા પલટા લાવી શકે એવો કાચ મળે છે. એની નીચેનું ચિત્ર પત્ર ઉપર Stripe Project કરીને લીધેલું છે.

ટિકિટસંગ્રહમાં ટિકિટની છાપ ઉપર જ મૂળ ટિકિટ લગાવી દેવાની મારી ટેવ કુમાર-સંગ્રાહકોને ઉપયોગી થશે.

(મુંબઈ) —રમેશ બી શાહ

નવા ગગનની નીચે: વાદ અને પ્રતિવાદ

શ્રી ઑકરે (જર્મની કે 'પશ્ચિમ'નાં) લગ્ન અને જીવન પ્રત્યેના વિચારો સરળતાથી રજૂ કર્યા. 'કુમાર'ને એ માટે કશું અજુગતું કે શરમભર્યું શા માટે લાગવું જોઈએ? કોઈ ખુલ્લા હૃદયે પોતાના વિચાર કહે તે આપણે સાંભળી પણ ના શકીએ એ એક સામાન્ય માનસિક સ્થિતિની હદ બતાવે છે.

(મુંબઈ) —સુભાષ દેસાઈ

સપ્ટેમ્બર અંકમાં 'નવા ગગનની નીચે' વિષે આવેલા વાચકોના પત્રો વાંચી દુઃખ થયું. 'કુમાર' તો વર્ષોથી વંચાય છે, છતાં આજે પણ વાચકો તટસ્થ દૃષ્ટિ નથી કેળવી શક્યા એ દુઃખની વાત છે. વર્ષો પહેલાં પણ આવી જ મતલબના કોઈ પત્રના જવાબમાં તમે જ લખેલું કે 'એ માટે દૃષ્ટિ કેળવવી જોઈએ.' (એ પત્ર હમણાં જ 'કેસૂડાં'માં મધુ રાયે ફરી છાપ્યો છે) કેટલી તટસ્થતાથી, સરળતાથી, ને સહજ રીતે શ્રી ઑકરે ઈવા સાથેની વાત લખી છે! ૩૧૧મા પાનામાં ઈવા કહે છે 'હું પોતે જ એવા અપવાદરૂપ છું. મારું હૃદય નબળું છે અને મારી પ્રકૃતિ જુદી જાતની છે.'

(ભાવનગર) —ભાવન શ્રૉફ

જર્મન યુવતીના વાર્તાલાપને ઉદ્દેશીને ત્રણ-ત્રણ પત્રે અણગમો દર્શાવ્યો એટલું જ નહિ તંત્રીને જાગ્રત રહેવાનું સૂચન સુધ્ધાં કર્યું.

વાચકને પોતાની મર્યાદા હોય છે એ ભૂલી જવાયું લાગે છે. 'કુમાર' પ્રૌઢ અને વિચારોત્તેજક તથા ગંભીર કૃતિઓ પણ આપે છે. જે વ્યક્તિ કુમાર વાંચે છે તે એમાં આવેલું સમજી શકે છે, પચાવી શકે છે કાલ્પનિક ભય સેવવાની કોઈ જ જરૂર નથી. મૂળ મુદ્દો તો એ છે કે, જર્મનીમાં યુદ્ધ પછી હતાશા અને નિરુત્સાહનું વાતાવરણ સર્જાયું છે તે આજે સમગ્ર દુનિયામાં વ્યાપી રહ્યું છે; એ કારણે આધ્યાત્મિક મૂલ્યોનો હ્રાસ થયો છે અને ભૌતિક સુખ જ જીવનનું ચરમ અને પરમ ધ્યેય બન્યું છે. જાણે ચાર્વાક પાછો સજીવન થઈ રહ્યો છે. લેખકને મળેલી ઇવાએ બિલકુલ સહજ ભાવે ત્યાંનાં યુવકયુવતીઓનું જીવનવલણ વ્યક્ત કર્યું છે. એ આપણા સંસ્કારોને કારણે ન રુચે એ સ્વાભાવિક છે, પરંતુ એ જ કારણે લખાણમાં નિરૂપાએલા તથ્ય પ્રત્યે સૂગ કેમ દર્શાવાય? આપણો ગજ ઉદાર કેમ ન બને?

ઇવાએ સહજ અને નિર્દંભભાવે સત્યનું ઉદ્ઘાટન કર્યું છે. જાતીય પ્રશ્ન અંગે પોતાના સ્પષ્ટ વિચાર રજૂ કર્યા છે, એમાં ક્યાંયે બેશરમી નથી, સહજ અભિવ્યક્તિ છે, તેનું સૌંદર્ય છે.

દેશકાળની ભૂગોળ અને વાતાવરણ પ્રમાણે મૂલ્યપરિવર્તન થાય. તેમાં આપણને જે ગ્રાહ્ય લાગે તે સ્વીકારવું; બાકીનું છોડી દેવું. બાકી જે સ્વીકાર્ય ન હોય તે બધું જ તિરસ્કાર્ય હોય એમ નથી. એ માટેનું પણ એક વિકાસધોરણ રહે છે. કાલેલકરે કહ્યું છે: 'સૂગ અને સૌંદર્ય વસ્તુગત નથી ભાવનાગત છે.' એટલે 'નવા ગગનની નીચે' ઘણું અવનવું જોવા જાણવા મળશે. વાચકે તો એનો આનંદ માણતા રહેવાનું. સાચે શિક્ષિત સહૃદયી હોય છે, પૂર્વગ્રહથી મુક્ત રહે છે, ને કર્તા કરતાં કૃતિને જ ધ્યાનમાં લે છે.

(સંજાણ) —ઈશ્વરચન્દ્ર ભટ્ટ

આ પ્રગતિશીલ ને અત્યંત ઝડપી બૌદ્ધિક ઉત્ક્રાન્તિના યુગમાં પૌગંડાવસ્થા વટાવેલા કુમારવર્ગ (ટીન-એજર્સ)ને વિવિધ શાખાના જ્ઞાનથી વંચિત રાખવાનું શક્ય તેમ હિતાવહ પણ ભાગ્યે જ છે. 'આમ ન કરતો!' 'તારે માટે આ નથી'—એવાં ફરમાની વિધાનો કરતાં, 'તું આ જો, સમતોલ બુદ્ધિની કસોટીએ પારખું કર, પછી જીવનવિધાયક વસ્તુને સ્વીકારજે, અને હેયાંશ ફેંકી દેજે.' ઈ૦ સૂચિત

(અનુસંધાન પૃષ્ઠ ૪૧૧)

આંકડિયું

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોના ફરિયાદીને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦.



વિરહી યક્ષપત્ની • કલાકાર • **શાન્તનુ ઉકિલ**
(ફોટો: ઑલ ઈંડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીના સૌજન્યથી)

દૂરે થાતાં હું સહચર તે ઝંખતી ચક્રવાકી
મારા બીજા જીવન શી હશે બેઠી ત્યાં સૂનકાર;
વીત્યે દા'ડા વિરહદુ:ખમાં દોહ્યલા બાળના તે
રૂપે(ય) હોશે પલટચું શિશિરે ચીમળી પદ્મિની શું.

નિશ્ચે એની રડીરડી હશે આંખ સૂજી ગએલી,
ફીકા લૂખા અધર અરુણા ઉષ્ણ નિ:શ્વાસ નાખી;
નિ:શ્વાસોથી અધરપુટને સૂકવી નાખતા એ
સ્નાને લૂખા ળડી વિખરતા ગંડથી કેશ એના.

રૂંધે દૃષ્ટિ લટકી અલકો, લૂખી આંજ્યા વિનાની,
છોડી દેતાં મધુ, વિસરી જે ભ્રૂવિલાસો બિચારી;
તું ત્યાં જાતાં, ઉપર ફરકી આંખડી એની ઢાળી
શોભી રૂહેશે કુવલય સમી મત્સ્યના હાલવાથી.

[ઉત્તરમેઘ(દૂત)માં યક્ષે મેઘ પાસે કરેલું પોતાની વિરહી પત્નીનું વર્ણન]





વનમાં નાચતી-ગાતી પરીઓ (ઉપર)
૧૭મી સદીના પાછલા અરધમાં સુતરાઉ વસ્ત્ર પર આલેખાએલી ગોલકોંડા (દ. ભારત)ની એક ચિત્રકૃતિ.

સુઘડ જુરજુરી: ૧૮મી સદીના આરંભકાળની, કમળ-ફૂલના આલેખનવાળી પારદર્શક કાચની એક કલામય કૃતિ. અમેરિકન નાગરિક બનેલા ભારતીય કલાવિક્રેતા નરસી હીરામાણેકે ત્યાંના બૉસ્ટન મ્યુઝિયમને ભેટ આપેલી ૩૦૦ કલાકૃતિઓમાંની એ.

(જુઓ આ અંકની કલાવાર્તા)

ફોટો: 'SPAN'ના સૌજન્યથી

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન અને સંસ્કારઘડતરનું માસિક

કુમાર ૫૨૬ ઑક્ટોબર ૧૯૬૭

ધરતીનું વ્હાલ / હરિકૃષ્ણ પાઠક

· ગાન ·

ધરતીનું વ્હાલ બધું કાગડાની બોલીમાં
કૅાળી ઊઠયું રે આજ વ્હેલું,
આંખો મીચીને મીંટ માંડું ના માંડું ત્યાં
ઊજમાળું આભ હસ્યું ઘેલું.

લીલુડા લીમડાની કડવી સુગંધ મહીં
તરતો કંઈ તાજપનો તાર,
છાપરે ચડેલ પેલો તોફાની તડકો યે
નેવાંથી ઝાંખતો લગાર.

સોનેરી-રૂપેરી સપનાંની ઝાંય હવે
સંતાણી પાંપણને પારે,
અર્ધી ઉઘાડી એક બારીથી ઘેનભર્યું
ફરકે એકાંત વારવારે.

વાટે ને ઘાટે જે સૂતા સંચાર
કશો પાછો અજંપ લિયે ઓઢી,
આવું આ વ્હાલ કાલ કૅાળશે ફરી
કે જશે પાછું અનંત યુગ પોઢી!

રહી જશે / રમેશ પરીખ

· ગઝલ ·

આંખો મીચી દઉં તો સ્વપન બ્હાર રહી જશે,
પાંપણની માથે વેદનાનો ભાર રહી જશે.

ચાલો હવાઓ, ખેરીએ પર્ણો પીળાં પીળાં;
નહિ તો સમયથી કામ છે, તકરાર રહી જશે.

આપ્યો છે લઇને પાછો સમયને દરેક શ્વાસ,
એનો છે છતાં મારા પર ઉપકાર રહી જશે,

સાંજે વિહગ નીડમાં જઇને ઊંઘી જશે,
ને બ્હાર નભનો ધૂમતો વિસ્તાર રહી જશે.

તારી વિદાય જેમ સૂરજ આથમી જશે,
તારી ઉદાસ આંખ-શો અંધાર રહી જશે.

અજંપો / ડૉ. ચન્દ્રકાન્ત દનાણી

· હાઈકુ ·

લિસ્સાં લોચન :
રાત રેશમી : નીંદ
પ્રવાહી પારો!

ધીરુ પરીખ / હું વેરાન

· સવૈયા-કટાવ ·

ચહું જરી જ્યાં ફૂલ ડાળ પે,
ઊખડયો આખો છોડ સમૂળો;
સરકયો, પૂગ્યો
મુજમાં, ઊગ્યો
વનવનનો વિસ્તાર...

રગરગમાં શી ડોલે ડાળેડાળ!
રોમરોમમાં લ્હેરે પર્ણો,
લોચન-ઊઘડયાં ફૂલ મહીંથી
ઊડે દૃષ્ટિની સુગંધ-સેર...

હું વનમાં
અવ શોધું મુજને;
તવ લીધું મેં ફૂલ ખણીને
હણી લીધો વનનો વિસ્તાર,
હું વેરાન...

જીવનદર્શન-૪

હાથનો મેલ

ફાધર વાલેસ

'પૈસા એટલે હાથનો મેલ', એમ એ પૈસા કાઢતાં બોલ્યો; પણ પછી એ હાથનો મેલ કાળજી-પૂર્વક પાકીટમાં ગોઠવીને અંદરના ખીસ્સામાં સરકાવતો મેં એને જોયો ત્યારે મેં ટકોર કરી: 'આ મેલને ધોવાને બદલે તમે તો સારી રીતે સાચવો છો!' અને જવાબ મળ્યો: 'હાથનો મેલ અને રાજાનો મહેલ: ન મળે ત્યારે એનું ભૂંડું બોલવું, પણ મળે ત્યારે એની પૂજા કરવી. સમજ્યા?'

હા, હું સમજ્યો હતો. કયારનો ય સમજતો આવ્યો હતો. સમજવા પ્રયત્ન કરતો રહ્યો હતો કે એ નિંદા ને પૂજા જેવી પરસ્પર વિરોધી લાગણીઓ એકીસાથે માનવીના દિલમાં વસાવવા એ હાથના મેલનું કેટલું જોર હોવું જોઇએ. ધિક્કાર ને ખુશામત, તિરસ્કાર ને નમસ્કાર, પગ તળે કચરવું ને માથે ચડાવવું.

પૈસાનો આટલો જુલમ કેમ? આખરે તે એક સાધન છે, જીવન સુખી બનાવવાનું. હા, પણ તે એક વિશિષ્ટ કોટિનું સાધન છે, ખરું કહીએ તો તે સાધનોનું સાધન છે. કારણ કે એ દ્વારા બીજાં ઘણાં-ખરાં સાધનો પ્રાપ્ત કરી શકાય. સુખ-સગવડ ને પાલન-પોષણની વાત તો શું, ભણવા માટે પણ ફી જોઈએ, ને પરણવા માટે પહેરામણી જોઇએ, ને સત્તા મેળવવા માટે ચૂંટણીમાં ખર્ચ કરવું જોઇએ. સર્વ સાધનોના સારરૂપ પૈસા જ છે.

તંત્રી: બચુભાઈ રાવત

તમારી આગળ પણ પૈસાનો પ્રશ્ન વહેલો આવીને ઊભો થયો છે. તમારા જેવા યુવાન માણસના હાથમાં રૂપિયો ઊછળે છે. તમારા ખિસ્સામાં પાકીટનો ભાર વરતાય છે કદાચ બૅંકમાં તમારે નામે બચત ખાતું પણ ખોલ્યું છે. ખર્ચનો હિસાબ રાખતા થયા છો, ચીજવસ્તુઓના ભાવ જાણો છો અને કોઈ તમને છેતરી ન શકે એ તમારો દાવો છે.

સારું. પણ હવે મુખ્ય બાબતમાં છેતરાઈ ન જાઓ એ જોવાનું બાકી છે. પૈસા એક સાધન છે માટે એને સાધનની કોટિમાં રાખો. ખિસ્સામાં રાખો, હૃદયમાં નહિ. સાધનનો ધર્મ એને માટે પણ પાળો: જ્યાં સુધી એ સેવા આપે, તમારા ને બીજાઓના જીવનને સાચા અર્થમાં સુખી ને સફળ બનાવવા કામ આપે ત્યાં સુધી એનો ઉપયોગ કરો—મુક્ત મને કરો, પણ તે સિવાય એનાથી વેગળા રહો.

પૈસા તરફ યુવાનીમાં તમારું જે વલણ બંધાશે તે કાયમ માટે રહેશે અને તમારા જીવનકાર્ય ને તમારા વ્યક્તિત્વ ઉપર એ ઊંડી છાપ પાડશે. માટે બીજાઓના કહેવાથી દોરાયા વિના આ મહત્ત્વની બાબતમાં તમારું સ્થાન નક્કી કરો. એટલું જ યાદ રાખો: કે પૈસા એ સૂર્યમંડળનું કેન્દ્ર નથી (ઘણાખરા લોકોના વર્તન ઉપરથી એમ લાગતું હોય તો પણ). કે પૈસા ને સુખનું સમીકરણ ગણિતમાં પણ નથી અને જીવનમાં પણ નથી; કે 'પૈસા' ઉપરાંત પણ શબ્દકોશમાં બીજા શબ્દો છે—એટલે કે રોજની વાતચીતમાં કોઈકોઈવાર બીજી વાતો પણ કરી શકાય. ને હા, દરેક વસ્તુની કિંમત રૂપિયા-પૈસામાં કાઢવાની કુટેવ તો કેમે કરીને પડવા દેશો નહિ.

ઊઘડતી કૉલેજે હૉસ્ટેલમાં નવા આવેલા વિદ્યાર્થીઓનો પહેલો પરિચય મેળવવા નામ-ઠામ લખતાં મેં એકને સહજ પ્રશ્ન કર્યો: 'તમારું ગામ અહીંથી કેટલે દૂર છે?' પણ તેના જવાબ માટે હું તૈયાર ન હતો. એણે કહ્યું: 'દોઢ રૂપિયાની ટિકિટ થાય.' હું ચોંકી ગયો. પહેલો દિવસ હતો એટલે બોધ કરવા બેસવું ઉચિત ન લાગ્યું. પણ સહેજ ટીકા કર્યા વગર મારાથી ન રહેવાયું: 'અંતર માઈલ-ફૂટમાં મપાય એ મેં જોયું હતું, મીટર-કીલોમીટરમાં મપાતું એ હાલ પણ જોતો હું, યોજન-ગાઉમાં મપાય એ પણ સાંભળ્યું છે; પણ અંતર રૂપિયા-પૈસામાં મપાય, અંતરનો એકમ રૂપિયો થાય, 'કેટલે દૂર છે?' એમ પૂછીએ અને 'દોઢ રૂપિયા' જેવો જવાબ મળે તે નવો પ્રયોગ મેં તમારી પાસેથી જ સાંભળ્યો!' મજા તો એ વાતની પડી કે એ છોકરો સાવ ઊંધું સમજી ગયો. એને ખોટું ન લગાડવા અવાજમાં મીઠાશ લાવીને બોલવાનો મેં પ્રયત્ન કર્યો હતો એમ માનીને, કે પછી ખરેખર પૈસાનો સાચો ખયાલ રાખવા બદલ હું એને શાબાશી આપી રહ્યો હતો એમ માનીને પણ મારો ઠપકો સાંભળીને એ ખુશ થઈ ગયો, અને 'સાહેબ ઉપર પહેલે જ દિવસે મેં સાચી છાપ પાડી' એનો સંતોષ એના ચહેરા ઉપર દેખાઈ આવ્યો! તેનો ભ્રમ ભાંગવાનું પાપ મેં કર્યું નહિ.

પણ યુવાન માણસના મોંમાં એ જવાબ ન શોભે એ વાત ચોક્કસ. યુવાનીમાં જો દુનિયાની એકેએક વસ્તુનું માપ પૈસામાં કાઢશો તો આગળ ઉપર ખરી આર્થિક જવાબદારી તમારે માથે આવશે ત્યારે શું કરશો? આજે આદર્શવાદી યુવાન છો ને પૈસાની પૂજા કરો છો તો કાલે વાસ્તવવાદી વડીલ બનશો ત્યારે શું કરશો? દરેક વિચારનું ભાષાંતર પૈસામાં જ કરશો તો કેવી ભાષા બોલાશે? જીવનકાવ્યની એકેએક પંક્તિને અંતે પૈસાનો પ્રાસ આવશે તો એ કાવ્ય કોણ વાંચશે?

શ્રી ગગનવિહારી મહેતાના એક પ્રવચનમાં એક નાના પણ રમૂજી, ને ખરું કહીએ તો કરુણ પ્રસંગે મારું ધ્યાન ખેંચ્યું ને મારું દિલ વલોવાઈ ગયું. તેઓએ કહ્યું કે રવીન્દ્રનાથ ટાગોરનું અવસાન થયું ત્યારે પોતે મુંબાઈ હતા. ત્યાંના એક ધનાઢ્ય શેઠે એમને પૂછ્યું કે 'એ ટાગોર ગયા તે...કેટલું મૂકતા ગયા?'

કેવો બેહૂદો પ્રશ્ન! રૂપિયાના માપથી બધું માપી લેવાનો કેવો ભ્રષ્ટ પ્રયોગ!

ટાગોર કેટલું મૂકતા ગયા એ જાણવું છે? તેનો હિસાબ કલકત્તાની બૅંકોનાં ખાતાંઓમાં નથી, શાંતિનિકેતનની ઑફિસના ચોપડાઓમાં નથી, ગુરુદેવના જભ્ભાના ખિસ્સામાં યે નથી; તેનો હિસાબ તેમની કવિતાઓની એક-એક પંક્તિમાં, તેમનાં લખાણોના એક એક શબ્દમાં, દરેક ભારતવાસીના હૃદયમાં, અને દુનિયાભરમાં, જે જે ભાગ્યશાળી માનવીઓએ તેમનું એકાદે કાવ્ય વાંચ્યું હશે કે દુનિયાના અંત સુધી વાંચશે તેમનાં કૃતાર્થ હૃદયમાં જ છે. હા, ટાગોર સારી એવી મૂડી મૂકતા ગયા, તેનું વ્યાજ યુગોના યુગ સુધી ચાલે એટલી મૂડી મૂકતા ગયા; અફસોસ એટલો જ-મુંબાઈના એ શેઠિયાની નજરે—કે એ મૂડીની ગણતરી રૂપિયા-પૈસામાં કરી શકાતી નથી, કે તેને સિક્કાઓ-નોટોના ઢગલામાં મૂર્તિમાન કરી શકાતી નથી, કે તેને બૅંકના ભોંયરામાં પૂરી શકાતી નથી. સંસ્કૃતિની લહેરોની પાંખે જે વિચારો ને કલ્પનાઓ ને સંસ્કારો પૃથ્વીને ખૂણે વિખેરાઈ ગયાં તે ઓછાં તાળાકૂચીથી જકડાઈ રહેવાનાં હતાં?

જીવનને જડ બનાવી દેવાનું, હૃદયનો રસ સુકાવી નાખવાનું, આંખોનું તેજ હણી લેવાનું પૈસામાં જેટલું જોર છે તેટલું દુનિયાની બીજી કોઈ વસ્તુમાં નથી. વૃદ્ધાવસ્થામાં આંખે મોતિયો આવે તો સમજાય પણ યુવાવસ્થામાં આવે તો ડૉક્ટર—અને દુનિયા—શું કહેશે? માનસચક્ષુએ મોતિયો આવવાનું પહેલું કારણ પૈસાનું અંજન હોય છે.

પ્રાચીન ગ્રીક સાહિત્યમાં મિદાસ નામના રાજાની દંતકથા પ્રચલિત હતી. તે એવો લોભી હતો કે કોઈ દેવ પાસે એણે એવું વરદાન માગ્યું કે 'જે જે કોઈ વસ્તુને હું હાથ અડાડું એ સોનું બની જાય.' દેવે કહ્યું: 'તથાસ્તુ'. રાજાએ હર્ષઘેલા થઈને સુવર્ણપ્રયોગ કરવા માંડયો એક પથ્થર લે કે સોનાનો ટુકડો થઈ જાય. રાજા ખુરશી-ટેબલ ઉપર હાથ મૂકે એટલે આખું સોનાનું થાય. શાબાશ! ભીંતને અઢેલીને ઊભો રહે એટલે આખો મહેલ સોનું ને સોનું. અદ્ભુત! પણ પછી તકલીફ શરૂ થઈ. ભોજન આવ્યું ને રાજાએ મિષ્ટાન્ન લઈને મોંમાં મૂક્યું ...કે દાંતની વચ્ચે સોનાનો નક્કર ટુકડો! ભારે થઈ. નોકરને પકડે એટલે નોકર સોનાનું પૂતળું થાય. પછી તો રાજાની પાસે કોઈ જાય નહિ કે કોઈ એને પોતાની નજીક આવવા પણ દે નહિ. એની આસપાસ સોનું જ સોનું, પણ તે એકલો ને એકલો. ધનલોભી માણસનું આ આબેહૂબ ચિત્ર નથી શું?

સોનાની સૃષ્ટિ એટલે જડ સૃષ્ટિ. એનું વરદાન એટલે શાપ. જે સ્પર્શ સોનું બનાવે તે અભડાવે. અને જે સ્પર્શે નહિ છતાં નજરે, ને ઇચ્છાએ, ને ભાવનાએ, જે બધે જ સોનું, ને તેનો રંગ, ને તેનો પડછાયો જોયા કરે, તે માણસની દશાએ અભાગી રાજા જેવી થવાની.

પૈસાનો પ્રશ્ન મહત્ત્વનો છે, કારણ કે એ રોજનો છે, અનિવાર્ય છે, જિંદગી પર્યંતનો છે. માટે પૈસાનો ખયાલ જરૂર રાખો. હિસાબ રાખતાં, ને કરકસર કરતાં, ને આગળ ઉપર પૈસા કમાતાં જરૂર શીખો. પૈસાની પાસેથી કામ લો. પણ એ વ્યવહાર તો જરૂર પૂરતો. જ્યાં સુધી પૈસાની માયામાંથી છૂટશો નહિ, જ્યાં સુધી તેની અમંગળ મૂર્તિ તમારા હૃદય-મંદિરની બહાર કાઢશો નહિ, જ્યાં સુધી તેનું ભૂત તમારા મનમાંથી હાંકી નહિ કાઢો ત્યાં સુધી તમારું જીવન ઉન્નતિને પંથે ચડશે નહિ.

અર્થશાસ્ત્રની દૃષ્ટિએ રૂપિયાનું અવમૂલ્યન કરવાથી બજારમાં તેજી આવે છે કે કેમ એ હું જાણતો નથી (મારા કરતાં ઘણા મોટા માણસો પણ એ જાણતા નથી, તો હું તે શી વિસાતમાં?), પણ જીવનબજારમાં એનું અવમૂલ્યન કરવાથી નવા પ્રાણ આવે છે એ હું જાણું છું.

જ્યાં સુધી તમારા હૃદયખાતામાં રૂપિયાનું અવમૂલ્યન કરશો નહિ ત્યાં સુધી તમારા જીવનમાં સાચી આબાદી આવશે નહિ.

નવો બોજો

'કુમાર'માં ચિત્રો આદિના છાપકામ માટે વાપરવા પડતા ખાસ વિદેશી કાગળની કિંમતમાં રૂપિયાના અવમૂલ્યનને કારણે ત્રીસેક ટકાનો વધારો તો થયો જ હતો, તેમાં સરકારે હમણાં પત્રો માટે ટપાલના દરમાં વધારો કરીને નવો બોજો ઉમેર્યો છે—અને તે પણ નાનોસૂનો નહિ, ૨૩૩ ટકાનો! આજ સુધી 'કુમાર'ના જે અંક પર ૩ પૈસા પોસ્ટેજ લેવાતું હતું તેના પર હવે ૧૦ પૈસા લેવાશે! આ નવા બોજાને પહોંચી વળવા અમારે માટે ત્રણ માર્ગ છે: ૧) પાનાં ઘટાડવાં ૨) લવાજમ વધારવું ૩) જાહેરખબરની વધુ આવક મેળવવા મથવું. આમાંના પહેલા બે માટે જીવ ચાલતો નથી. ત્રીજામાં અમે વાચકોનો સહકાર વાંછીએ છીએ. મળશે? પોતાની અથવા પોતાના પરિચિત એવા વેપાર-ઉદ્યોગની પેઢીવાળા સંસ્કારપ્રેમી સજ્જનો તરફની, ભલે નાની પણ ચાલુ જાહેરખબર મળ્યા કરે તો યે કાંકરે કાંકરે પાળ બંધાશે. અમે ભાવપત્રિકા મોકલીએ?

પ્રાંત અને રાષ્ટ્રના સીમાડા વટાવી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઉજ્જ્વલ કીર્તિ પ્રાપ્ત કરનાર પુરાતત્ત્વક્ષેત્રના આરૂઢ અને સમર્થ જ્ઞાનર્ષિ

જે શાસ્ત્રના જ્ઞાન દ્વારા આપણે પ્રાચીન સંસ્કૃતિના ઉદ્‌ગમ, વિકાસ તેમજ તેની ચડતીપડતીનું જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ છીએ, ભૂતકાળ સાથે સંપર્ક સાધી શકીએ છીએ, આપણા પૂર્વજોની અનેકવિધ ક્ષેત્રોની પ્રગતિ, મર્યાદા, શક્તિ ને સમૃદ્ધિની ઝાંખી કરી શકીએ છીએ, ને ઇતિહાસનું પણ નવીનરીતે મૂલ્યાંકન કરી શકીએ તે શાસ્ત્ર જ જનસામાન્યમાં ઓછામાં ઓછું જાણીતું હોય એ આશ્ચર્ય ગણાય. છતાં એ હકીકત નકારી શકાય એમ નથી. કોઈ સ્થળે ખોદકામ થતાં માટીની કે ધાતુની મૂર્તિ કે પ્રાચીન સિક્કા જડી આવે, ને છાપામાં એકાદ ખૂણે એ સમાચાર ચમકે ત્યારે તેનું લોકોને આશ્ચર્ય થાય, પણ સામાન્ય જનને તુચ્છ, ક્ષુદ્ર ને ઉપેક્ષ્ય લાગતી આ વસ્તુઓ,—કે માટીનું ખંડપ્રાયઃ ઠીકરું, મૂર્તિના અવશેષ, ન ઉકેલી શકાય એવી લિપિમાં લખાએલી અક્ષરાકૃતિઓ, જનાવર કે માનવનું હાડપિંજર કે હથિયાર—પુરાતત્ત્વવિદને મન તો અમૂલ્ય ખજાનારૂપ હોય છે. કેમ કે આવા ટુકડામાંથી જ પુરાતત્ત્વજ્ઞ માનવસંસ્કૃતિનું એક સુસંગત ચિત્ર ઊભું કરે છે ને માનવઇતિહાસમાં એક નવું પ્રકરણ ઉમેરી આપે છે.

પણ આ પુરાતત્ત્વવિદ્યાના સાધકોનું કાર્ય દેખાય છે તેટલું સરળ નથી હોતું. અખંડ ધીરજ, દીર્ઘ પરિશ્રમ, સૂક્ષ્મ અવલોકનશક્તિ, સૂઝ ને સતત સાધનાની આ ક્ષેત્રમાં અપેક્ષા રહે છે. વળી, પોતાના જ્ઞાન ઉપરાંત ઇતર વિવિધ વિદ્યાશાખાનો તેને પરિચય હોવો પણ આવશ્યક હોય છે. ઈતિહાસ (history), ભૂગોળ (geograpby), શિલ્પ (sculpture), સ્થાપત્ય (architecture), મૂર્તિશાસ્ત્ર (iconography), સિક્કાશાસ્ત્ર (numismatics) અને પ્રાચીન લિપિશાસ્ત્ર (paleography)નું ઊંડું જ્ઞાન તો તેને હોવું જ જોઈએ, પણ સાથેસાથ પદાર્થવિજ્ઞાન, (physics), રસાયણશાસ્ત્ર (chemistry), ભૂ-સ્તરશાસ્ત્ર (geology), વનસ્પતિશાસ્ત્ર (botany) તેમજ પ્રાણીશાસ્ત્ર (zoology)નો પણ તેને ઠીકઠીક પરિચય હોવો જોઈએ.

ઉપરનિર્દિષ્ટ બહુવિધ જ્ઞાનની સજ્જતા હોય તો ખોદકામમાંથી મળેલા હીરા, મોતી, સોનું, રૂપું જેવી મૂલ્યવાન, તો સાથેસાથ રાખ, માટી, હાડપિંજર, પથ્થર કે માનવમળ જેવી ક્ષુદ્ર લાગતી વસ્તુનો સર્વસ્પર્શી, વ્યવસ્થિત ને વૈજ્ઞાનિક અભ્યાસ દ્વારા સંસ્કૃતિવિકાસના ઇતિહાસનાં ઊંડાં રહસ્યો તે જગત સમક્ષ મૂકી શકે છે; ને તે દ્વારા તત્કાલીન હવામાન, સરિતાનો પ્રવાહ, પર્વતોની ઊથલપાથલ, સરોવર ને સાગરનાં પરિવર્તનો, રણની ઉત્પત્તિ-સ્થિતિ-વિકાસ, માનવકાલીન ગૃહરચના ખેતી ને માટીકામનો પ્રારંભ ને વિકાસ, ત્રાંબું લોખંડ કપાસ રેશમ વસ્ત્ર વગેરેની શોધ, પ્રાચીન ખુશ્કી અને તરી વ્યાપારમાર્ગો, આ બધાંની વિસ્તૃત ક્ષિતિજો ઉપર તેની અભ્યાસદૃષ્ટિ ફરી વળે છે. વળી એનું ક્ષેત્ર હવે જમીન પૂરતું જ સીમિત રહ્યું નથી ડૂબેલાં જહાજ કે નગરો વગેરેના અવશેષો સાગર તળિયેથી મેળવી સંશોધનની એક નવી દિશા પણ તેમણે ઉઘાડી છે: એટલું જ નહિ પણ વિજ્ઞાનની અદ્યતન શોધોનો પણ આ ક્ષેત્રના ઉપાસકો ઉપયોગ કરી પોતાના કાર્યને ચોક્કસ અને અદ્યતન બનાવી રહ્યા છે. (જુઓ આ અંકની માધુકરી)

કદાચ ગુનાશોધન જેટલા જ રસમય, કૌતુકપ્રેરક અને જોખમી ગણાય એવા આ કાર્યક્ષેત્ર પ્રત્યે આપણે ત્યાં બહુ ઓછા માણસો આકર્ષાયા છે, જેમાંના એક છે શાંત, નમ્ર ને પ્રસિદ્ધિપરાઙ્‌મુખ, જ્ઞાનસાધક પ્રો. ડૉ. હસમુખભાઈ ધીરજલાલ સાંકળિયા.



ડૉ. હસમુખ સાંકળિયા

પરિચાયક: પ્રા. ડૉ. શશિન્ ઓઝા

એમનો જન્મ ઈ. ૧૯૦૮ની ૧૦મી ડિસેમ્બરે મુંબાઈમાં વૈષ્ણવ કુટુંબમાં પિતા ધીરજલાલ વ્રજદાસ ને માતા મોતીગૌરીના પુત્ર તરીકે થયો હતો. કૉલેજ સુધીનું શિક્ષણ મુંબાઈમાં જ મેળવનાર ડૉ. હસમુખભાઈની સંસ્કૃત ભાષાપ્રિયતા ને પુરાણો માટેનું આકર્ષણ એમના ઘરના વૈષ્ણવ વાતાવરણ તથા પિતાના સંસ્કૃતાનુરાગને આભારી છે, તો એમનું અન્ય ક્ષેત્રોનું સામાન્ય જ્ઞાન, એમને એ વિષે પ્રશ્નો આપતા રહેલા એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલના પ્રિન્સિપલને આભારી છે. એમની ભાવી કારકિર્દીમાં પ્રેરક નીવડનાર સંસ્કૃત તથા સંસ્કૃતિ માટેનો પિતાદત્ત શોખ અને પ્રિન્સિપલ કટ્ટીએ કેળવેલી લેખનશક્તિનું ભાથું બાંધીને સજ્જ હસમુખભાઈને મૅટ્રિકની પરીક્ષાની તૈયારી કરતાંકરતાં નાશિકમાં લોકમાન્ય બાળ ગંગાધર ટિળકનું વિદ્વત્તાભર્યું પુસ્તક



પિતાશ્રી : ધીરજલાલ વ્રજદાસ




માતુશ્રી : મોતીગૌરી ધીરજલાલ



સૌ. સરલાબહેન સાંકળિયા અને ડૉ. સાંકળિયા
(મહાબળેશ્વર - મે ૧૯૩૪)
સરલાબહેને પોતાની આધ્યાત્મિક સાધનામાં લીન રહેવા સાથે પોતાના પતિના વિદ્યાયજ્ઞને છેલ્લાં ૨૦ વર્ષથી પ્રેરણા પ્રોત્સાહન અને હૂંફ આપીને સદા પ્રદીપ્ત રાખ્યો છે.

'Arctic Home in the Vedas' હાથ ચડયું. એના વાચનથી એમની સંશોધનવૃત્તિ જાગી ઊઠી અને સાથેસાથે સંસ્કૃતપ્રીતિ વધુ ગાઢ બની વળી સંશોધનકાર્યમાં સંસ્કૃતિ તેમજ ભાષાસાહિત્યનું જ્ઞાન અનિવાર્ય છે એની પ્રતીતિ થતાં એમણે, ઇન્ટરમાં ઇતિહાસ વિષય સાથે પ્રથમ વર્ગ મેળવ્યો હોવા છતાં, બી.એ.માં મુખ્ય વિષય સંસ્કૃત રાખ્યો, અને ઈ. ૧૯૨૯માં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા.

એમના જીવનઘડતરમાં માતાપિતા ઉપરાંત, જ્યાંથી તેઓ બી.એ. થયા એ સેન્ટ ઝેવિયર્સ કૉલેજના તે સમયના ભારતીય ઇતિહાસના પ્રાધ્યાપક રેવરન્ડ હેન્રી હેરાસ, (એસ.જે.)નો પણ બહુમૂલ્ય ફાળો છે. એ જગમાન્ય વિદ્વાન પ્રોફેસરની સ્મૃતિ રૂપે એ કૉલેજમાં સ્થપાએલી ભારતીય ઇતિહાસ અને સંસ્કૃતિના અધ્યયન માટેની 'Heras Institute of Indian History and Culture' નામની સંસ્થાના ઉપક્રમે ડૉ. સાંકળિયાને સર્વપ્રથમ વ્યાખ્યાનો આપવાનું આમંત્રણ મળ્યું ત્યારે એમણે પ્રારંભમાં જ પોતાના આ ગુરુ માટે જે ઉદ્‌ગાર કાઢેલા એ એમની નિર્વ્યાજ ગુરુભક્તિના દ્યોતક છે. એમણે કહેલું: 'I consider these lectures as a 'Guru-dakshina' to the sacred memary of Reverend Father Heras, who if alive, would have simply ordered me do so. Further, Father Heras always advised us to remain students, and never rest content with the work done in the past. This, many of bis pupils have done, and I am one of them. So it is in this spirit tbat I have approached the subject of these lectures.'



રેવ૦ ફાધર હેન્રી હેરસ (એસ. જે.)
ઈ. ૧૯૨૨માં સ્પેઇનથી ૩૨ વર્ષની વયે ભારત આવી, પૂરાં ભારતીય બની રહી આ પ્રાચ્યવિદે પુરાતત્ત્વસંશોધન દ્વારા ભારતની ઉચ્ચ પ્રજ્ઞાલિ તે [illegible] સંસ્કૃતિનું જગતને દર્શન કરાવેલું. ઈ. ૧૯૫૫માં તેમનું અવસાન થયેલું.

કૉલેજકાળ દરમિયાન શ્રી સાંકળિયાએ લખેલો 'કુંદમાલા' પરનો લેખ વાંચીને એમની તેજસ્વિતા, સંશોધનવૃત્તિ ને મૌલિક પ્રતિભાથી ખુશ થએલા ફાધર ઝિમરમૅન અને ફાધર હેરસની સૂચનાથી એમણે 'The University of Nalanda' નામનો મહાનિબંધ લખી મુંબાઈ યુનિવર્સિટીને પ્રસ્તુત કરેલો. મધ્યકાલીન અને મધ્યકાલોત્તર ભારતની એ ભવ્યતમ જ્ઞાનસંસ્થાનાં ઉદ્‌ગમ, વિકાસ ને વિલયનો ઇતિહાસ નિરૂપતા, જંબુદ્વીપના એ મહાન વિદ્યામંદિરને અંજલિ રૂપ એ નિબંધ માટે મુંબાઈ યુનિવર્સિટીએ એમને એમ.એ.(પ્રથમ વર્ગ)ની પદવી આપી. આ મહાનિબંધની પ્રતો કેવળ ભારતમાં જ નહિ પણ નેપાળ, ભૂતાન, ચીન, જાપાન ઇત્યાદિ દેશોમાં પણ સારી સંમાન પામી છે.

એમ.એ. થયા પછી પિતાની ઇચ્છાને વશ થઈ એમની પેઠે વકીલ થવા એલએલ.બી.નો અભ્યાસ કર્યો, પણ વિધિનું નિર્માણ જુદું જ હોઈ, અને એમનું ચિત્ત અશેષપણે સંશોધન પ્રત્યે જ ખેંચાએલું હોવાથી, થોડો સમય સેન્ટ ઝેવિયર્સ કૉલેજના અનુસ્નાતક વર્ગોમાં માનાર્હ પ્રાધ્યાપક તરીકે કામ કર્યા બાદ તેઓ ફાધર હેરસની સૂચનાથી ૧૯૩૪માં ઇંગ્લન્ડ ગયા. ત્યાં સર મૉર્ટિમર વ્હીલર જેવા નામી પુરાવિદ્‌ના હાથ નીચે કાર્ય કરવાની તક (જેમ પાછળથી ડૉ. અર્નેસ્ટ મૅકેના હાથ નીચે સિંધમાં ચન્હુ દડોના ખોદકામમાં તેમને તાલીમ મળી હતી તેવી)મળી; અને Archaeology of Gujarat' નામનો, એમનો કીર્તિદા બનેલો મહાનિબંધ તૈયાર કરી, લંડન યુનિવર્સિટીની પી. એચડી.ની પદવી મેળવી. એમાં ગુજરાતના ઇતિહાસ અને સંસ્કૃતિનો એવો સર્વાંગી દૃષ્ટિથી પરિચય કરાવવામાં આવ્યો છે કે માત્ર એ એક જ ગ્રંથથી તેઓ ગુજરાતના ઋણમાંથી મુક્ત થઈ શકે છે.

ઇંગ્લન્ડથી પાછા ફર્યા બાદ ઈ. ૧૯૩૭થી તેઓ મહારાષ્ટ્રના વિદ્યાધામ સમા પૂનાને પોતાની કર્મભૂમિ બનાવી પુરાતત્ત્વશાસ્ત્રમાં અભૂતપૂર્વ કાર્ય કરી રહ્યા છે. હાલ તેઓ પૂનાની અનુસ્નાતક સંશોધન સંસ્થા ડેક્કન કૉલેજમાં Proto-Indian and Ancient History (આદિ-ભારતીય અને પ્રાચીન ઇતિહાસ)ના પ્રાધ્યાપક અને પૂના યુનિવર્સિટીના Department of Ancient Indian Culture and Archaeology(પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને પુરાતત્ત્વ વિભાગ)ના અધ્યક્ષ છે તેને માટે ઊભી કરવામાં આવેલી સ્વતંત્ર ઇમારત જોનારને તરત જ ડૉ. સાંકળિયાની કલ્પનાશીલતા, એ વિષય પાછળની સાધના, પરિશ્રમ અને ઊંડી સંશોધનવૃત્તિનાં દર્શન થયા વિના ન રહે.

એમના હાથ નીચે તાલીમ પામી એ સંસ્થા દ્વારા પુરાતત્ત્વક્ષેત્રમાં કામ કરનારા સંખ્યાબંધ વિદ્યાર્થીઓ આજે દેશમાં ઠેરઠેર વિશિષ્ટ



ગુજરાત પ્રાગૈતિહાસિક મંડળ

૧૯૪૧-૪૨માં ભારતના પુરાતત્ત્વખાતાના ડાયરેક્ટર જનરલે નિયોજેલા આ મંડળનું નેતૃત્વ ડૉ. સાંકળિયાએ લીધેલું. ખુરસી ઉપર બેઠેલાં—ડાબી બાજુથી : વી. ડી. કૃષ્ણસ્વામી, (ડૉ. સાંકળિયાએ પોતે જ આ ફોટો પાડેલો હોઈ તેમની ખાલી ખુરશી), સૌ. સરલાબહેન સાંકળિયા, સ્વ એ. એસ. ગદ્રે (ત્યારના વડોદરા રાજ્યના પુરાતત્ત્વખાતાના ડાયરેક્ટર), અને ડૉ. ચેટરજી. ઊભેલાઓમાં ડાબી બાજુથી પાંચમા શ્રી અમૃતલાલ વ. પંડયા (વલ્લભવિદ્યાનગરના આજના પુરાતત્ત્વવિદ), છઠ્ઠા અનંત વી. નાયક અને ત્રીજા દેવીદયાળ ફોટોગ્રાફર છે.

સેવાઓ આપી રહ્યા છે. આજ સુધીમાં એમના પોતાના હાથે પણ પુરાતત્ત્વક્ષેત્રમાં બહુમૂલ્ય કાર્ય થયું છે. ઈ. ૧૯૪૧–'૪૨માં ભારતના પુરાતત્ત્વ ખાતા તરફથી ગુજરાત પ્રાગૈતિહાસિક જૂથનું નેતૃત્વ એમણે લીધેલું ત્યારથી શરૂ કરી, કોલ્હાપુર (૧૯૪૫), નાસિક (૧૯૫૧), મહેશ્વર (૧૯૫૩), નેવાસા (૧૯૫૪), નાવડાટોડી (૧૯૫૭–'૫૯), રાજસ્થાન (૧૯૬૧–'૬૨), દ્વારકા (૧૯૬૨-'૬૩) મહિસુર (૧૯૬૩-'૬૬), ત્રિપુરા (૧૯૬૫) ઇત્યાદિ સ્થળોએ ઉત્ખનન કાર્ય કરી એમણે માનવની પ્રાચીનતમ સંસ્કૃતિનાં અનેકવિધ પાસાં પ્રકાશિત કર્યાં છે.

એ ઉપરાંત ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળા (૧૯૪૪, '૬૫, '૬૬, '૬૭,), હેરસ વ્યાખ્યાનમાળા (૧૯૬૦), કન્નડ રીસર્ચ ઇન્સ્ટિટયૂટ (૧૯૫૫), પંજાબ યુનિવર્સિટી (૧૯૬૦), બનારસ યુનિવર્સિટી (૧૯૬૫), સાગર યુનિવર્સિટી (૧૯૬૬), સયાજીરાવ યુનિવર્સિટીમાં ટાગોર પ્રોફેસર તરીકે (૧૯૬૩–'૬૬) ઇત્યાદિ ભારતની વિવિધ વિદ્યાસંસ્થાઓનાં નિમંત્રણોથી વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં છે. કૅલિફોર્નિયા યુનિ.એ ઈ. ૧૯૬૪માં એમને પ્રાગૈતિહાસિક પુરાતત્ત્વના વિઝિટિંગ પ્રોફેસર તરીકે નિમંત્ર્યા હતા, અને સોવિયેત રશિયા (૧૯૬૩–'૬૪) તથા યુગોસ્લાવિયા (૧૯૬૬) જતા પુરાતત્ત્વ અને સંસ્કૃતિના પ્રતિનિધિમંડળમાં એમને સ્થાન મળ્યું હતું.

Permanent Council of the International Congress of Pre-historic and Proto-historic Sciences (૧૯૬૧), Institute Italiani Di Preistoria B Protostoria Itali (૧૯૬૨), Asiatic Society (મુંબાઈ), Bhandarkar Oriental Research Institute (પૂના), Linguistic Society of India આદિ જેવી પ્રાંતીય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં તેઓએ સભ્ય તરીકે સેવાઓ આપી છે અને મહારાષ્ટ્ર તેમજ ભારત સરકારના 'બોર્ડ ઑવ આર્કીઑલૉજી'ના ૧૯૫૫થી તેમજ ગુજરાત તથા મધ્યપ્રદેશની સરકારના મજકૂર ખાતાના ૧૯૬૪-'૬૬થી સલાહકાર તરીકે સેવાઓ આપી રહ્યા છે. ૧૯૬૧માં કલકત્તામાં ભરાએલ ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૧મા અધિવેશનમાં પુરાતત્ત્વ-વિભાગ અને ૧૯૬૫ના નવેંબરમાં મુંબાઈમાં ભરાએલી પ્રથમ મહારાષ્ટ્ર ઇતિહાસ પરિષદનું અધ્યક્ષપદ એમણે સ્વીકાર્યું હતું. તાજેતરમાં જ ભારત સરકાર તરફથી અમેરિકાની International Conference of Orientalistsમાં જવાનું નિમંત્રણ એમને મળ્યું છે.

નીચે : ડૉ. સાંકળિયાના ભત્રીજા રવીન્દ્ર નટવરલાલ સાંકળિયાના લગ્નપ્રસંગે (૧૯૫૩) લેવાએલો કુટુંબનો ફોટો : (ડાબી બાજુથી ઊભેલાં) ડૉ. સાંકળિયા, સૌ. સરલાબહેન, રવીન્દ્ર, તેમનાં પત્ની હંસાબહેન; ખુરશીમાં : હસમુખબહેન નટવરલાલ સાંકળિયા, ડૉ. સાંકળિયાનાં માતાપિતા અને હંસાબહેનનાં પિતામાતા.




આજ સુધીમાં એમના સ્વતંત્ર કર્તૃત્વના દશ અને સહકર્તૃત્વના ચાર મળી કુલ ચૌદ ગ્રંથ અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયા છે. ગુજરાતી, હિંદી, મરાઠી ને અંગ્રેજીમાં પ્રકાશિત એમના વિદ્વત્તાપૂર્ણ લેખોની સંખ્યા ૨૦૦ કરતાં પણ વિશેષ છે. અલબત્ત, ગુજરાતીમાં એમણે, પરિચય ટ્રસ્ટ પ્રકાશિત 'પુરાતત્ત્વવિદ્યાની બાળપોથી' નામક પુસ્તિકા તેમજ 'વસંત', 'પ્રસ્થાન', 'માનસી', 'સંસ્કૃતિ', 'ફાર્બસ સભા ત્રૈમાસિક', 'ગુજરાત સંશોધન મંડળ ત્રૈમાસિક', 'કુમાર', આદિ સામયિકોમાં પ્રસિદ્ધ થએલા લેખોથી વિશેષ કંઈ લખ્યું નથી, પણ ગુજરાત અને એની સંસ્કૃતિનો પરિચય એમણે સમગ્ર વિશ્વને જે સુલભ કરી આપ્યો એ સેવાનું મૂલ્ય ભાગ્યે જ ઓછું આંકી શકાય. કોઈ પણ રસમય નવલકથાને ઝાંખી પાડી દે એવી શૈલીની મનોહારિતા, રસવત્તા ને વિદ્વત્સમૃદ્ધિનો વિરલ સમન્વય ધરાવતાં એમનાં 'ધ યુનિવર્સિટી ઑવ નાલંદા' તથા 'ઇન્ડિયન આર્કિયૉલૉજી ટુડે' એ બે પુસ્તકો ગુજરાતીમાં ઉતારવા 'ગુજરાત સાહિત્ય સભા' કે 'ગુજરાત વિદ્યાસભા' જેવી સંસ્થાઓએ કે ગુજરાત યુનિવર્સિટી યા ગુજરાત સરકારે તત્પર થવું જોઈએ.

સંખ્યા તેમજ ઈયત્તા ઉભય દૃષ્ટિએ પુરાતત્ત્વક્ષેત્રમાં પ્રથમ પંક્તિએ બિરાજવાના અધિકારી, અને ડેક્કન કૉલેજ જેવી મહારાષ્ટ્રની ઉત્તમોત્તમ પૈકીની વિદ્યાસંસ્થાના જૉઇન્ટ ડાયરેક્ટર જેવા ઉચ્ચ ને સમ્માન્ય હોદ્દા પર હોવા છતાં તેઓ વ્યવહારમાં તદ્દન સાદા, નિરાડંબર અને મિતભાષી છે. એ એટલા સ્વકાર્ય-રત રહે છે કે પૂનાનિવાસી ગુજરાતીઓના કાર્યક્રમોમાં કે યુનિવર્સિટીની બેઠકોમાં યે (ખાસ વિદ્યાકીય મહત્ત્વનું કામ અટકી પડતું હોય તો) કોઈ કમિટીના સભ્ય, પ્રમુખ કે સલાહકારપદનો એ અસ્વીકાર જ કરે છે,—જેમ કે ગુજરાતી સાહિત્ય પરિષદના પુરાતત્ત્વ વિભાગના પ્રમુખ થવાનું એમણે બે વાર નકારેલું. ગીતાપ્રોક્ત અનાસક્તિયોગ એમણે જીવનમાં જાણે આચારપૂત કર્યો છે. પ્રશંસા, પ્રસિદ્ધિ કે પ્રતિષ્ઠા પાછળ એમણે સ્વપ્નમાં યે ઝંખના નથી રાખી એવું એમની દૈનંદિન કાર્યનિષ્ઠા પરથી સહજ લાગે છે.

પોતાના જીવનની પળેપળ તેઓ પોતાના અંગીકૃત વ્યવસાય પાછળ આમ ખર્ચી શકે છે એનું શ્રેય તેઓ પોતાના કુટુંબીજનોને—ખાસ કરીને બે વ્યક્તિને આપે છે. એમાંના એક છે એમના ભત્રીજા રવીન્દ્ર ન. સાંકળિયા, જેમણે એમની માતાની સંભાળ રાખી એમને પુરાતત્ત્વના સદોદિત વ્યસ્ત રાખતા કાર્ય માટે સમયની મોકળાશ કરી આપી; અને બીજાં છે એમનાં પત્ની સરલાબહેન, જેમણે પોતાના પતિના વિદ્યાયજ્ઞને છેલ્લાં વીસ વર્ષથી પ્રેરણા, પ્રોત્સાહન ને હૂંફ આપી સતત જાગૃત અને પ્રદીપ્ત રાખ્યો છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી આધ્યાત્મિક સાધનામાં લયલીન રહેતાં સરલાબહેન શ્રી હસમુખભાઈની વિદ્યાસાધનામાં પરોક્ષરીતે સહાયક થઈ કવિ નાનાલાલની 'કુલયોગિની'ની કલ્પનાને ચરિતાર્થ કરી રહ્યાં છે.

વ્યાપારપ્રધાન વૃત્તિને લીધે અલ્પ વિદ્વાનો ધરાવતા ગુજરાતમાં, પરપ્રાંતમાં જેમનાં નામ ને કામ આદર પામ્યાં હોય એ વિદ્વાનોની તો અલ્પતર સંખ્યા હોય એ સ્વાભાવિક છે. એથી પ્રાંત અને રાષ્ટ્રના સીમાડા વટાવી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે આરૂઢ ને સમર્થ પુરાતત્ત્વવિદ્ તરીકે પરમોજ્જ્વળ કીર્તિ ને દીપ્તિ પ્રાપ્ત કરનાર ડૉ. સાંકળિયાને રણજિતરામ સુવર્ણચંદ્રક અપાયાથી માત્ર એમનું જ નહિ ગુજરાતનું પણ ગૌરવ કરવામાં આવ્યું છે, એમ અતિશયોક્તિના ભય વિના કહી શકાય.



ડેક્કન કૉલેજના પુરાતત્ત્વ વિભાગમાં, પાષાણ યુગથી શરૂ કરી ૧૫મા સૈકા સુધીના, આઠ સાંસ્કૃતિક યુગનો ઇતિહાસ આ મૉડેલમાં થરવાર દર્શાવવામાં આવ્યો છે. એની વિશેષતા એ છે કે ઉત્ખનન દરમ્યાન મળેલી અસલ માટી ને અસલ માપસર વસ્તુઓ દ્વારા તેની યોજના થઈ છે.

ડૉકટર આવતાં પહેલાં

અકસ્માત અને માંદગીમાં પ્રાથમિક સારવાર

લે॰ ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

હાથવગા ઉપચારો સૂચવતી નવી લેખમાળા

અનેક પ્રકારે અકસ્માતો થતા હોવાનો આપણને સૌને ઓછોવત્તો અનુભવ છે. મોટે ભાગે બેદરકારી જ એમાં કારણભૂત હોય છે. જેમ કે માર્ગ ઉપર કેળાં કે બીજાં ફળોની છાલ ફેંકવાની ટેવથી સાધારણ કે ભારે અકસ્માતો સરજાય છે. આમાં એ છાલ નાખનારની બેદરકારીની સાથે અકસ્માતનો ભોગ બનનારની ચાલવાની બેકાળજી પણ કારણભૂત છે. કોઈ વાહન સાથે ટકરાવાથી હાડકાં ભાંગવાં, કંઈ તીક્ષ્ણ ધાર વાગવાથી લોહી વહેતું, અજાણતાં કોઈ ઝેરી વસ્તુ ખવાઇ જવી, ઝેરી વાયુ શ્વાસમાં જવો કે પાણીમાં ડૂબવું વગેરે જેવા ગંભીર અકસ્માતો ક્યારેક જીવલેણ નીવડે છે. જ્યારે ચામડી છોલાવી, ઉઝરડા થવા, નસકોરી ફૂટવી, ચપ્પુની ધાર વાગવી, પગ મચકોડાવો, આંખમાં કશું પડવું, નાક ને કાનમાં બહારની વસ્તુઓ પેસી જવી વગેરે રોજિંદા સાધારણ અકસ્માતો છે.

અકસ્માતનું તાત્કાલિક પરિણામ ભય છે. એમાં લોહી અને આંસુ જોઇને ઘણા સ્તબ્ધ બની જાય છે. ગભરુ માણસો બેબાકળા બની જાય છે. તો હિંમતબાજ હોય તે વાગનારને મદદ કરવા દોડી જાય છે. પણ આવડત વિના તેઓ કશું કરવા બેસે તો ઊલટાનું વધારે નુકસાન થવા સંભવ છે. આવે વખતે દાક્તરી મદદ આવી પહોંચતાં અગાઉ જિંદગી બચાવવા કે સ્થિતિ વધારે બગડતી અટકાવવા તાત્કાલિક અને ઘટિત પગલાં લેવામાં આવે એનું નામ 'પ્રાથમિક સારવાર'. આપણે આ લેખમાળામાં એના વિષે જાણીશું.

પ્રથમ તો ઈજાની વાત બાજુએ રાખી માંદગીની વાત કરીએ. ધારો કે રાતના પેટમાં ચૂંક ઊપડી. એ વખતે ઘરનાં માણસો ઓછાં કંઈ જોતાં બેસી રહેવાનાં છે? મદદ કરવાના હેતુથી કોઈ અણઘડ રીતે પેટ ચોળવા માંડે ને દિવેલ પાઈ દે તો શું થાય? ઍપેન્ડિસાઇટિસના લીધે પેટની ચૂંક હોય તો આવા બેફામ ઉપચારોથી ઊલટો એ રોગમાં વધારો થયા વિના ન રહે અને મરણોન્મુખ સ્થિતિ આવી પડે!

તાણ, લોહીની ઊલટી, બેભાનાવસ્થા વગેરે પ્રસંગોમાં તાત્કાલિક સારવાર જરૂરી છે. આ માટે માંદગીનાં કેટલાંક ચિહ્નોની જાણકારી દરેકને હોવી જરૂરી છે; કે જેથી વગર ઢીલે દાક્તરને બોલાવી વખતસર ઉપચાર કરવામાં આવે તો મોટી આપત્તિમાંથી ઊગરી જવાય. જાણવા જેવું છે કે ચાલુ માંદગીમાં ઊબકા, પેટની સતત ને ઉગ્ર ચૂંક, ટાઢ વાઈને વધતો તાવ, ઝાડા, પેટ ચડવું, તાણ આવવી, છાતીના હાડકા નીચે વેદના થવા સાથે પરસેવો ને ચહેરાની ભૂરાશ વગેરે ચિહ્નોમાંથી કોઈ પણ એક થઈ આવે એ નવા થતા ઉપદ્રવની નિશાની રૂપ છે.

કેટલાક જીવલેણ રોગોની શરૂઆત મામૂલી ચિહ્નોથી થાય છે. એના પ્રત્યે બેદરકારી કે બેકાળજી રાખવાથી રોગ ક્યારેક કાબૂમાં ન આવી શકે એટલો બધો વકરી જાય છે, અને પછી પુષ્કળ જહેમત અને ખર્ચ કરવા છતાં રોગી બચી શકતો નથી. દા. ત. બાળકોને થતો ડિફ્થેરિયા. આ રોગમાં ઝાઝો તાવ નથી હોતો કે નથી હોતી ઉધરસ. પણ બાળકને શ્વાસ લેવામાં ને પાણી પીવામાં મુશ્કેલી પડે છે. ચહેરા ઉપર માંદગીની છાયા પડે છે. આ વખતે ચેતી જઈ વખતસર ઉપચાર કરવામાં આવે તો બાળક મૃત્યુના મુખમાંથી ઊગરી જાય છે.

આવાં જ મામૂલી ચિહ્નોમાંથી ઉગ્ર રૂપ ધારણ કરતો બીજો રોગ ધનુર્વા છે. શરૂમાં રોગી મોં ઉઘાડી શકતો નથી. મોં ઉઘાડનાં જડબાંના સાંધામાં વેદના થાય છે. આથી પાણી પીતાં મુશ્કેલી અનુભવાય છે પણ આવું થતાં અગાઉ થોડા દિવસ પહેલાં પગ, હાથ કે શરીરમાં કોઈ

ઠેકાણે રસ્તામાં પડેલો ખીલો કે કાચ વાગ્યાનું જાણવા મળે છે, યા તો પડી જવાથી થએલા ઘામાં રસ્તાની ધૂળ ભરાવાનો ઇતિહાસ હોય છે.

ઓચિંતી માંદગી કે ઈજા વખતે દાક્તરને બોલાવવો અત્યંત આવશ્યક છે. આપમેળે કામ પતાવી દેવાનું ડહાપણ ઈતરજનોએ કદી ન વાપરવું. દાક્તરને બોલાવવામાં પણ હાંફળાફાંફળા દોડી જઈ 'ચાલો, દાક્તર સાહેબ' આવું કહેવાનો કશો અર્થ નથી. દાક્તર આ અંગે માહિતી પૂછે તો એ કહેવાની તૈયારી સાથે જવું જોઈએ. રોગીની ઉમર, જાતિ, રોગનાં ચિહ્નો વગેરે વિષે પણ દાક્તરને કહેવું કે જેથી એને જરૂરી સાધનો લાવવાની સૂઝ પડે. બીજા રોગો અંગે રોગીને તાણ, પેટની ચૂંક, શ્વાસ લેવાની મુશ્કેલી કે વેદના, તાવ કે તાવ દરમિયાનની લવારી, કસુવાવડ કે સુવાવડ વગેરે વિષે સ્પષ્ટ કહેવું જોઇએ. ઈજા વેળા ઘા ક્યાં પડ્યો છે, શાથી પડ્યો છે, લોહી વહે છે કે કેમ, રોગી બેભાન છે કે કેમ વગેરે હકીકતો દાક્તરને કહેવી જોઈએ.


વળી દાક્તર આવે ત્યારે રોગીના રોગનાં લક્ષણોની માહિતી આપવાની આવડત પણ જરૂરી છે. દાક્તર દર્દીને જોઈ-તપાસી કે નાડી જોઈ ને બધું સમજી લેશે એ સમજ ખોટી છે.

અકસ્માત વખતે દાક્તર આવતાં અગાઉ પ્રાથમિક સારવારના જાણકારે ભોગ બનનારનો કબજો લેવો. પ્રથમ તો શાંત ને સ્વસ્થ ચિત્તે નજરે નિહાળીને અને અર્થપૂર્ણ પ્રશ્નો દ્વારા તેનું દુઃખ જાણી લેવું. નિરીક્ષણથી ચિહ્નો દેખાશે; પૂછવાથી લક્ષણો ને પ્રસંગ ઉપસ્થિત થવાના સંજોગો જાણવા મળશે. આ રીતે રોગ કે ઈજા જાણી લઈ યોગ્ય પ્રાથમિક સારવાર આપવી જોઈએ. એ તો જાણીતી હકીકત છે કે આવા પ્રસંગે જાણકારને સૌ રસ્તો આપે છે અને એનો હુકમ ઉઠાવવા તત્પર રહે છે.

સૌપ્રથમ તો ટોળે વળેલાં માણસોને દૂર કરવાં. આ માટે 'આઘા ખસો, હવા આવવા દો' જેવી બૂમો પાડવી નકામી છે; પણ ટોળે વળેલાં માણસોને કામ સોંપવાં. આવે સમયે મોટે ભાગે દરેક જણ મદદ કરવા આતુર હોય છે. કોઈને દાક્તરને બોલાવવા મોકલવો, પણ આગળ જણાવ્યા મુજબ પૂરતી માહિતી સાથે મોકલવો. બીજાને પડોશમાંથી ધાબળા કે કામળા લેવા મોકલવો. કોઈને પોલીસને ખબર આપવા તો કોઇને ઈજા પામેલા માણસનાં સગાંવહાલાંને ખબર આપવા મોકલવાં. થોડાં માણસોને ટોળાને રોગીથી આઘા રાખવાનું કામ સોંપવું. કોઈને ઍમ્બ્યુલન્સ માટે ટેલિફોન કરવા કહેવું. ટેલિફોન કરનારે અકસ્માતના સ્થળની ચોક્કસ માહિતી આપવી. વળી રોગીને સ્થાન ઉપરથી હઠાવવો હોય તો ત્યાં ઊભેલા માણસોની મદદ લેવી.

ઈજા પામેલો માણસ રસ્તા વચ્ચોવચ-વાહનવ્યવહારના માર્ગની વચમાં-પડ્યો ન હોય તો તેને દાક્તર કે ઍમ્બ્યુલન્સ આવતાં સુધી ત્યાંથી ખસેડવો નહિ. મોટરથી ઈજા પામેલાને ઉતાવળે દાક્તરની પાસે કે ઑસ્પિટલમાં લઈ જતાં કાયમી ઈજાના કે મૃત્યુના ઘણા બનાવ બને છે.

ઈજા પામેલાને જમીન ઉપર સીધો સૂતેલો રાખવો. જો માથામાંથી લોહી વહેતું હોય તો એનું માથું ઊંચું રાખવું. જો ઊલટી થતી હોય તો એનું મો બાજુએ ફેરવવું કે જેથી ઊલટી બહાર પડે. ઊલટી



કસ્માત કઈ રીતે અને ક્યારે થશે એ કદી કહી શકાય નહિ. પણ ઉપર એની કેટલીક સંભાવનાઓ દર્શાવી છે. કેળાંની છાલ પગ તળે આવતાં નારમાં હાસ્ય ઉત્પન્ન કરવા સાથે પછડાટ ખાવાની સ્થિતિથી માંડી, બેદરકારીભરી ટેવોને કારણે કપડાં સળગવાથી બળી મરવું, ગરમ ચીજ ખડતી રાખી બાળકોને દઝાડવાં, ગૅસની ચાવી ઢીલી રાખી ગૂંગળાઈ મરવું વગેરે 'અકસ્માતો' જ હોવા છતાં આગમચેતીથી એ નિવારી શકાય . એ જ રીતે પ્લાસ્ટિકની થેલીઓ માથામાં ભેરવવાની બાળકોની રમત, બાળકો ઊથલી પડે એવાં પાણીનાં ઉઘાડાં પીપ કે ટાંકાં, રખડતી વાસળીની પેટી કે રખડતી મૂકેલી ઝેરી દવાઓ યા વીજળીનાં ખુલ્લાં જોડાણો વગેરે સામે પણ આગમચેતી રાખવી જરૂરી છે. રસ્તા પર ધ્યાન રાખીને ચાલવાની ટેવ પણ એવી જ સલામતીભરી છે. દીવાસળીની પેટી પર સળગતી સિગારેટ મૂકવાની ટેવ ક્યારેક ઘર બાળે છે અને કારખાનામાં બેદરકારી ઘણી વાર જીવલેણ નહિ તો લોહીલુહાણ કરી મૂકવા જેટલી ખતરનાક તો હોય છે જ.

ગળામાં રહેવાથી ગૂંગળાઈ મરવાની દહેશત ઊભી થાય છે. જરૂરત વિના વધારે હલાવ્યા વગર રોગીને ક્યાંક્યાં ને કેટલી ઈજાઓ થઈ છે તેની નોંધ લેવી. પડી ગએલા કે મોટર અકસ્માતવાળા રોગીનાં હાડકાં ભાંગ્યાં હોય તો આ તપાસ વખતે ખૂબ કાળજી રાખવી. અણઘડ માણસો રોગીને બેઠો કે ઊભો કરવાની મોટી ભૂલ કરી બેસે છે. આમ કરવાથી ભાંગેલાં હાડકાંના છેડા ચામડી ચીરી બહાર નીકળે છે અગર થયેલી ઇજાઓમાં વધારો કરે છે.

આ વખતે જો પુષ્કળ લોહી વહેતું હોય, શ્વાસ બંધ પડ્યો હોય કે ઝેર ખવાયાનો કેસ હોય તો તાત્કાલિક પગલાં લેવાં. ભયંકર અકસ્માત વખતે રોગીને આઘાત (શૉક) લાગે છે. શરીરની કામગીરીઓ એકદમ મંદ પડવાથી આઘાતની સ્થિતિ ઊભી થાય છે. આ વખતે રોગી ફિક્કો ને ઠંડો હોય છે. નાડી મંદ પણ ઉતાવળી હોય છે. લોહી વહેતું હોય તો રોગી બેચેન ને ઉશ્કેરાએલો હોય છે. આ વખતે રોગીને ચત્તો સુવાડી ગરમ રાખવાથી આઘાત હળવો થાય છે. પડોશમાંથી ધાબળા માગી લાવી રોગીની નીચે ને ઉપર નાખવા. પુષ્કળ લોહી વહેતું ન હોય, શરીરની અંદર ઇજા થઈ ન હોય, રોગી જાગ્રત હોય તો તેને ગરમ ચા કે કૉફી પાવાં; સ્પિરિટ ઍમોનિયા ઍરોમેટિક્સ નામની દવા પાવી; પણ દારૂ તો કદી ન જ પાવો. રોગી સાથે વાતો કરવાથી તે બરાબર જાગ્રત છે કે નહિ એની ખબર પડે છે. જો રોગી બેભાન હોય તો તેને પાણી કે દવા પાવા કદી પણ પ્રયત્ન ન કરવો. પાણી ગળે ઊતરતું ન હોય કે પાણી પી શકાતું ન હોય તો એ આપવા પ્રયત્ન કરવો નહિ. એમ કરતાં પાણી શ્વાસનળીમાં જવાથી ગૂંગળાઈ જવાનો ભય ઊભો થાય છે.

મધુર વાણીથી રોગીની ચિંતા હળવી કરવી. એને નિરાંત વળે એવું કરવું. બનતાં સુધી એને ઇજાઓ જોવા ન દેવી કે એનો ખયાલ પણ ન આપવો. માંદા બાળકની માવજત ઉઠાવતા હોઈએ એવું વર્તન રાખવું.

જો દાક્તર આવી શકે તેમ ન હોય તો પ્રાથમિક સારવાર આપ્યા બાદ રોગીને સ્ટ્રેચર કે ઍમ્બ્યુલન્સમાં સુવાડીને દવાખાને લઈ જવાની વ્યવસ્થા કરવી. ગામડામાં સ્ટ્રેચરની વ્યવસ્થા ન હોય તો ત્યાં ખાટલો કે પાટ વાપરી શકાય; પણ રોગીને કદી ઝોળીમાં ન ખસેડવો. ખાટલો પણ ઝોળી જેવો ન હોય તે ખાસ જોવું. (અનુ. પૃ. ૪૧૬)

જેઇન ઑસ્ટિનની વાર્તાઓ



જેઇન ઑસ્ટિન
પંદર વર્ષની
વયે એણે લખવું
શરૂ કર્યું ત્યારે

આ વર્ષમાં આવી ગએલી એ અંગ્રેજ લેખિકાની ૧૫૦મી સંવત્સરીએ (અવસાન ૧૮મી જુલાઇ ઈ. ૧૮૧૭) એની કૃતિઓનું મૂલ્યાંકન કરતાં આધુનિક વિવેચકો પણ એને તત્કાલીન અંગ્રેજ સમાજનો તાદૃશ ચિતાર આપતી સમર્થ નવલકાર તરીકે લેખવે છે. એના સમકાલીન મહાન નવલકથાકાર સર વૉલ્ટર સ્કૉટ જેવાએ લખ્યું છે કે હાકોટાભરી શૌર્યકથાઓ હું લખી શકું, પણ સામાન્ય જીવનનાં પાત્રોના સ્વભાવ અને લાગણીઓનું ઝીણવટભર્યું આલેખન કરવાની એ યુવાન લેખિકામાં જે અદ્ભુત શક્તિ છે તેવી સફાઈ ને હથોટી મારામાં નથી.

દક્ષિણ ઇંગ્લંડના એક નાના ગામડામાં જન્મીને ત્યાં જ સમગ્ર જીવન પૂરું કરી. ગએલી એ શરમાળ ને નરમ સ્વભાવની, પણ ચકોર અવલોકનશક્તિ અને ઝીણવટભરી આલેખનશક્તિવાળી નમ્ર નારીએ અઢારમી સદીના અંગ્રેજ સમાજના છીછરાપણા ને દંભ, તથા નાનાં ગામ-કસ્બાનાં માતબર કુટુંબોમાં પ્રવર્તતી તુમાખી અને ગુમાન, તેમજ સ્ત્રી સમાજનાં સાંકડાં મન ને ઈર્ષાળુ ખટપટોને બરાબર ઉઘાડાં પાડ્યાં છે. અને છતાં, પોતાના નર્મ અને કટાક્ષો વડે ઉડાવેલી એ બધાંની ઠેકડીઓ વડે બબ્બે સદીના વાચકોને વિનોદ આપી જનાર એ બાઈનું નામ સુધ્ધાં એના ત્યારના વાચકો પૂરું જાણતા ન હતા એ હકીકત છે. એનું સાહિત્ય આજે યે અમર રહ્યું છે તેનું કારણ એ છે કે એણે એક પણ પાત્ર, સ્થળ કે બનાવ એવાં નથી આલેખ્યાં જેને તેણે આરપાર અવલોકયાં ન હોય. એની નવલકથાઓ ઝીણામાં ઝીણી વિગત સુધી એટલી તો સંપૂર્ણ છે કે આપણે કોઈ નવલકથા નહિ પણ જાણે એકાદ આત્મકથા વાંચતા હોઈએ એવો રસ એ જમાવે છે. અહીં તો માત્ર એનો સંક્ષેપ જ આપ્યો છે.



પ્રાઈડ ઍન્ડ પ્રેજ્યુડીસ

જેઈન ઑસ્ટિનની આ પ્રથમ અને સર્વશ્રેષ્ઠ નવલકથામાં એના જમાનાના બે આગળપડતા દુર્ગુણ, ગર્વ અને પૂર્વગ્રહ, પ્રેમ પર કેવી વિઘાતક અસર કરે છે એનું સુંદર આલેખન કરવામાં આવ્યું છે. લગ્નોત્સુક યુવક-યુવતીઓનાં વિવિધ વિપદોને અંતે સુખદ લગ્નો કરાવતી જેઇનની સર્વ નવલકથાઓ જેવી આ નવલકથામાં પણ મિસિસ બેનેટની બધી જ પુત્રીઓ પરણે છે. માત્ર નાયિકાનું ડાર્સી સાથેનું લગ્ન સદા કલેશમય રહેશે એમ લાગે છે.

સુવ્યવસ્થિત વસ્તુસંકલનાવાળી આ જાણીતી નવલકથામાં ઘટનાઓનો ચડાવ-ઉતાર સમુદ્રનાં મોજાં જેવો, ને નાયિકા ઇલિઝાબેથ બેનેટનું તથા અન્ય પાત્રોનું આલેખન ઉત્કૃષ્ટ છે.

પાત્રો

મિ૦ અને મિસિસ બેનેટ: પાંચ પુત્રીઓનાં માતા-પિતા
ઇલિઝાબેથ બેનેટ: પિતાની લાડકી પુત્રી
જેઇન બેનેટ: સૌથી સુંદર દીકરી
મેરી, કૅથેરીન (કિટ્ટી) અને લીડિયા બેનેટ: નાની દીકરીઓ
મિ. બિંગ્લે: લગ્નનો ઉમેદવાર
કૅરોલિન બિંગ્લે: એની બહેન
મિ. ડાર્સી: બિંગ્લેનો અભિમાની મિત્ર
કૉલિન્સ: સંકુચિત મનવાળો માણસ
લેડી કૅથેરીન: કૉલિન્સની અભિમાની પાલક

મિસિસ બેનેટ આનંદવિભોર બની ગયાં...

બિંગ્લી નામનો એક સોહામણો, ધનિક અને કુંવારો યુવક લંડનથી અહીં લૉંગબોર્નમાં નેધરફીલ્ડ નામની હવેલીમાં રહેવા આવ્યો હતો. પાંચ કુંવારી. યુવાન છોકરીઓની વેવલી મા મિસિસ બેનેટ છોકરીઓને 'યોગ્ય' સ્થળે 'ઠેકાણે' પાડવી એ જીવનનું ઇતિકર્તવ્ય સમજતાં; એથી પતિ મિ. બેનેટને એમણે બિંગ્લી સાથે પરિચય સાધી દેવાનું કહ્યું. મિ. બેનેટે પત્નીની મૂર્ખાઈ પર હસતાંહસતાં કહ્યું: 'બિંગ્લી કંઈ અહીં તારી કોઈ એકાદ છોકરી સાથે પરણવા માટે નવરો ફરતો નથી!'

એક વાર બિંગ્લીએ નેધરફીલ્ડ પાર્કમાં નૃત્યસમારંભ યોજ્યો. એની સાથે એની બે બહેનો એક બનેવી અને એનો મિત્ર ડાર્સી હતાં. પોતાની દિલાવર રહેણીકરણીથી એ લૉંગબોર્નમાં લોકપ્રિય થઈ પડ્યો અને ધીમેધીમે બેનેટની સુંદર ને મોટી પુત્રી જેઇન તરફ આકર્ષાયો.

એનો મિત્ર ડાર્સી સોહામણો પણ ગર્વિષ્ટ હતો. બેનેટની બીજી પુત્રી ઇલિઝાબેથ સાથે નૃત્ય કરવાનો કોઈએ પ્રસ્તાવ મૂક્યો તેનો ઈન્કાર કરતાં એણે કહ્યું પણ ખરું કે 'એ સુંદર હશે પણ મને આકર્ષી શકે એટલી સુંદર નથી.' બુદ્ધિમાન ઇલિઝાબેથે આ સાંભળ્યું ત્યારે એને ડાર્સી પ્રત્યે નફરત થઈ, ને એના મનમાં ડાર્સી માટે દૃઢ પૂર્વગ્રહ બંધાઈ ગયો. તે પછી એક બીજા નૃત્ય પ્રસંગે વળી ડાર્સી ઇલિઝાબેથ વિષે સારું બોલવા માંડ્યો; પણ ઇલિઝાબેથે તો ઈન્કાર દ્વારા પોતાના અપમાનનો બદલો લીધો જ. એના પૂર્વગ્રહમાં ફેર ન પડ્યો.

જેઈન બિંગ્લીના સંબંધો રસિકરીતે વિકસવા માંડ્યા. બિંગ્લીની બહેનોના આમંત્રણથી જેઈન એક દિવસ નેધરફીલ્ડ જવા નીકળી, ત્યાં રસ્ત માં એ ચિંતો વરસાદ તૂટી પડતાં એ ભીંજાતી ભીંજાતી ત્યાં ગઈ અને શરદીમાં પટકાઈ, એટલે એને ત્યાં જ રહેવું પડ્યું. ઇલિઝાબેથને

ખબર પડતાં તે બહેનની સારવાર માટે નેધરફીલ્ડ ગઈ, જ્યાં ડાર્સીના મનમાં ઇલિઝાબેથ માટે કૂણી લાગણી જન્મી આમ, ડાર્સીને ઇલિઝાબેથ તરફ ઢળેલો જોઈ ડાર્સીને મનથી ચાહતી કેરોલીન બિંગ્લી ઇલિઝાબેથ પ્રત્યે તોછડો વ્યવહાર રાખવા લાગી અને ડાર્સીના મનમાં પણ એને માટે અણગમો ઉત્પન્ન કરવા પ્રયત્ન કરવા માંડ્યો; અને એક વાર મિસિસ બેનેટે નેધરફીલ્ડ આવી પોતાની મૂર્ખાઈનું જે પ્રદર્શન કરેલું એ હકીકતનો સહારો લઈ એણે ડાર્સીને ઇલિઝાબેથથી વિમુખ કરવાનો યે પ્રયત્ન કર્યો. પણ ડાર્સી પર એની કશી અસર ન થઈ.

મિ. બેનેટને પાંચેપાંચ પુત્રીઓ હોઈ વારસાનો હક્ક એના પિત્રાઈ કૉલિન્સનો થતો હતો. એક વાર કૉલિન્સ બેનેટ કુટુંબની મુલાકાતે આવ્યો. મિસિસ બેનેટનો વલવલાટ, અલબત્ત, તે પોતાની પુત્રીઓમાંની એકને પરણે એવો હતો.

આ મૂર્ખ વિલિયમ કૉલિન્સ કોઈ દેવળનો પાદરી હતો અને એનું જીવનકર્તવ્ય એક શ્રીમંત પ્રૌઢ વિધવા લેડી કૅથેરીન ડી બર્ગની ખુશામત કરવાનું હતું. એણે પહેલાં જેઇનની, અને ગતિવિધિ જાણતાં તરત જ ઝડપભેર ઇલિઝાબેથની પસંદગી કરી. ઇલિઝાબેથે ઈન્કાર કર્યો. સ્ત્રીની 'ના' એ તો લજ્જાને કારણે થએલું 'હા'નું જ રૂપાંતર હોય છે એમ માનતા મૂર્ખ કૉલિન્સે પોતાની પસંદગી જારી રાખી. પણ ઇલિઝાબેથે જ્યારે સ્પષ્ટ શબ્દોમાં એને ના સુણાવી દીધી ત્યારે ભાનમાં આવીને એની એક મિત્ર શાર્લોટ લ્યુકાસ સાથે એણે લગ્ન કરી નાખ્યું.

સૌથી નાની બેનેટ-પુત્રીઓ લીડિયા અને કિટ્ટી વળી લશ્કરી અફસરો પ્રત્યે જ આકર્ષાતી. આથી આખા કુટુંબને એક વાર વિકહામ નામના એક ભલા લાગતા લશ્કરી યુવાનનો પરિચય થયો. ડાર્સીના પિતા એ વિકહામના પાલક પિતા હતા; અને તેને માટે એમને ખૂબ પ્રેમ હોવાથી વારસામાં સારી રકમ પણ એને માટે લખી ગએલા; પણ ડાર્સીએ એના વિષે ગેરવર્તન તથા ઉડાઉપણા જેવા આરોપો મૂકીને એનો હક્ક ડુબાડેલો વગેરે હકીકતો વિકહામ પાસેથી સાંભળતાં ઇલિઝાબેથનો ડાર્સી પ્રત્યેનો પૂર્વગ્રહ પ્રગાઢ બન્યો, ને વિકહામ માટે માન થયું.

એવામાં એકાએક આ બિંગ્લી-સમુદાય લંડન ચાલ્યો ગયો. જેઇન પરની એક ચિઠ્ઠી અને પાછળથી આવેલા પત્ર દ્વારા જાણવા મળ્યું કે બિંગ્લી ડાર્સીની બહેન જોડે લગ્ન કરવાનો હતો. જેઇન-બિંગ્લીના સંબંધોમાં વિક્ષેપ કરનાર ડાર્સી જ છે એમ ઇલિઝાબેથને વિશેષ પ્રતીતિ થઈ અને ડાર્સી પ્રત્યે એ હવે ખૂબ ચીડાઈ.

એવામાં મિસિસ બેનેટના ભાઈ મિ. ગાર્ડિનર અને તેમનાં પત્ની —આ છોકરીઓનાં મામા-મામી— નાતાલ ગાળવા લૉંગબૉર્ન આવ્યાં. એ પતિ-પત્ની બુદ્ધિશાળી અને સંસ્કારી હતાં. ઇલિઝાબેથે મામી જોડે જેઇન અંગેની વાત કરી, અને મસલતને અંતે બન્નેએ નક્કી કર્યું કે જેઇને મામા-મામીની જોડે એમને ઘેર લંડન જવું. જેઇન લંડન તો ગઈ પણ બિંગ્લીની મુલાકાત ન થઈ શકી.

દરમિયાનમાં ઇલિઝાબેથને પોતાની સખી શાર્લોટનું નિમંત્રણ આવતાં તે એને ઘેર હન્સફર્ડ ગઈ. શાર્લોટ જોડે એને મજા આવી. પણ ત્યાં કૉલિન્સની મૂર્ખાઈ, ખુશામતખોરી અને લૅડી કૅથેરીન ડી બર્ગનો ઘમંડ એને ન ગમ્યાં. જોકે એને એથી રમૂજ તો ઘણી પડી.

એવામાં થોડા દિવસ વીત્યે ડાર્સી પણ પોતાની માસી લૅડી કૅથેરીનને મળવા ત્યાં આવ્યો. અને અહીં પણ એના સદ્વ્યવહાર છતાં ઇલિઝાબેથે તો એના પ્રત્યે ઠંડી ક્રૂરતા જ આચરવી ચાલુ રાખી. જ્યારે શાર્લોટે એને કહ્યું કે 'ડાર્સી તને ખરેખર ચાહે છે' ત્યારે પણ ઇલિઝાબેથે તિરસ્કારપૂર્વક એ વાત હસી કાઢી, એટલું જ નહિ પણ એક મુલાકાત વેળાએ તો એણે ડાર્સીને વિકહામ પ્રત્યેના એના દુર્વર્તન વિષે, જેઇન-બિંગ્લીના સંબંધોમાંની એની ડખલ બાબતમાં, અને એના ઘમંડ અંગે એને સાફ સાફ સંભળાવી દીધું. ડાર્સીની એના પ્રત્યેના પ્રેમની માગણીને પણ એણે તિરસ્કારી. પરિણામે ડાર્સી ગુસ્સે થઈ ત્યાંથી ચાલ્યો ગયો...બીજે દિવસે ઇલિઝાબેથ પર એનો પત્ર આવ્યો. એમાં વિકહામનાં જુઠ્ઠાણાં, એનું હલકું ચારિત્ર્ય, પોતાની ભોળી બહેન જ્યૉર્જિનાને ભગાડવાનો એનો યત્ન, જેઇન-બિંગ્લીના સંબંધોમાં ખરી રીતે તો નડેલો મિસિસ બેનેટનો અસંસ્કારી લપલપાટ અને જેઇન-બિંગ્લીનો પ્રણય એ તો માત્ર એનું અનુમાન જ છે વગેરે વિગતોનું સવિસ્તર વર્ણન એણે કર્યું હતું. આ પત્ર વાંચતાં ઇલિઝાબેથની આંખ ઊઘડી ગઈ અને પોતાની ગેરસમજ માટે એને શરમ ઊપજી...અને ડાર્સી માટેનો એનો પૂર્વગ્રહ પીગળવા લાગ્યો.

મેરિટન આવેલી લશ્કરી પલટન ત્યાંથી ઊપડી બ્રાઈટન જવાની હતી. આથી લીડિયા-કીટ્ટી ખૂબ દુઃખી થઈ ગયાં. લીડિયા તો એક કર્નલની પત્ની જોડે બ્રાઈટન જવા તૈયાર થઈ જેઈન અને ઇલિઝાબેથના વિરોધને અવગણીને પણ એ અવિવેકી છોકરીને, એની વેવલી માતાની અનુમતિ હતી એટલે, કોઈ રોકી ન શક્યું.

આ બાજુ, મામા-મામી સાથેના એક પ્રવાસ દરમિયાન ઇલિઝાબેથ પેમ્બર્લી ખાતે ડાર્સીને મળી. ત્યાંની રખેવાળ બાઇની ડાર્સી વિષેની પ્રશંસા, ને અહમ્ ઓગળી ગયા પછીના ડાર્સીના નરમ પડેલા વિવેકી વર્તનથી ઇલિઝાબેથને આનંદ થયો. પણ ડાર્સી અને ઇલિઝાબેથનું એક મહત્ત્વનું મિલન યોજાય એ પહેલાં જેઇનના પત્રથી એને સમાચાર મળ્યા કે લીડિયા વિકહામ સાથે ભાગી ગઈ છે, એટલે તરત જ પ્રવાસ સંકેલી લઇને મામા-મામી સાથે એ લૉંગબોર્ન પાછી ફરી.

શોધખોળને અંતે લીડિયા-વિકહામનો પત્તો લાગ્યો. એમણે લગ્ન કરી લીધાં હતાં. તોછડી લીડિયાએ ઘેર આવી હોંશથી જણાવ્યું કે પોતાનાં લગ્ન ડાર્સીએ યોજી આપ્યાં હતાં. ઇલિઝાબેથે વધારે ખાતરી કરી તો મિસિસ ગાર્ડિનર પાસેથી જાણવા મળ્યું કે વિકહામ તો પૈસા લેવાની શરતે લગ્ન કરવા તૈયાર હતો, અને ડાર્સીએ એ શરત પતાવીને લગ્ન યોજી આપ્યાં હતાં. બેનેટ કુટુંબનું એક કલંક નિવારવામાં ડાર્સી આમ કારણભૂત બન્યો હતો. એવામાં બિંગ્લી ફરી વાર એની બહેનો તથા ડાર્સી સાથે નેધરફીલ્ડ પાર્ક આવ્યો. હજુ પણ એકબીજાને ચાહતાં જેઇન-બિંગ્લી મળ્યાં અને બંનેએ વિવાહ કરી લીધો.

લેડી કૅથેરીન ડી બર્ગે જ્યારે સાંભળ્યું કે ડાર્સી ઇલિઝાબેથને ચાહે છે અને લગ્ન કરવા માગે છે ત્યારે પોતાની પુત્રીને ડાર્સી જોડે પરણાવવા માગતાં એ બાનુ બેનેટ કુટુમ્બની મુલાકાતે આવ્યાં. ઇલિઝાબેથને એમણે એમની અવિવેકી અને મૂર્ખ પ્રયુક્તિઓથી સમજાવી-ધમકાવી; પણ ચતુર ઇલિઝાબેથે ખૂબ ઠંડી રીતે એમની વાતને હસી કાઢી.

હવે ડાર્સી ઇલિઝાબેથ મળ્યાં. ડાર્સીએ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. એણે પોતાના પૂર્વગ્રહનો અને ઇલિઝાબેથે પોતાના ગર્વનો પરસ્પર એકરાર કર્યો...અને બન્ને જોડાયાં.

ડાર્સીની બહેન જ્યોર્જિના ઇલિઝાબેથને ગમી ગઈ. બન્નેને આનંદ હતો. ગાર્ડિનર દંપતી સાથે ડાર્સીએ ખૂબ સારો સંબંધ કેળવ્યો.

આમ ત્રણ પુત્રીઓનું ઠેકાણું પડી ગયું હતું, અને એમાં બેને તો પૈસાદાર પતિ મળ્યા હતા, એથી વધુ આનંદ તો મિસિસ બેનેટને હતો.

જીવનસ્વપ્ન ફળતાં તે ફરી આનંદ વિભોર થઈ ગયાં...

હાસ્યના કાવ્ય અને નવલકથાના નાટ્યાત્મક સંવિધાનના અદ્વિતીય સંયોજનવાળી આ કથા ઑસ્ટિનની કીર્તિદા કૃતિ બની છે.



મૅન્સફીલ્ડ પાર્ક

ઓગણીસમી સદીના વાચકોનાં હૈયાંમાં 'પ્રાઈડ ઍન્ડ પ્રેજ્યુડીસ' પછી બીજું સ્થાન પામેલી આ નવલકથા, સંપન્ન અને સદ્‌ભાગી કુટુંબમાં આશ્રય લેતી એક અનાથ બાલિકાનો કિસ્સો આલેખીને 'સદ્‌ગુણીને હમેશાં સારો બદલો મળે છે અને દોષિતને સદા સજા થાય જ છે' એવો ધ્વનિ પ્રકટ કરે છે. ઈ. ૧૮૧૪માં લખાએલી અને સ્પષ્ટપણે પ્રબોધક આ કથામાં લેખિકાએ પાત્રાલેખન કરતાં માનવમનનાં શ્વેત-શ્યામ પાસાં આલેખવાની વધુ કાળજી લીધી છે. હમેશાની જેમ અહીં પણ એનાં સ્ત્રીપાત્રો પુરુષપાત્રો કરતાં વધુ પ્રતીતિકર લાગે છે. નાયિકા ફૅની પ્રાઈસ હૃદયસ્પર્શી અને સુંદર સ્વભાવવાળું પાત્ર છે, જ્યારે મિસિસ નૉરિસ નર્યા દુનિયાદારી પાત્રનું ઉત્તમ વ્યંગચિત્ર છે.

પાત્રો

ફૅની પ્રાઈસ : મૅન્સફીલ્ડ પાર્કના ઉમરાવ કુટુંબની ગરીબ સંબંધી
સર ટૉમસ બર્ટ્રામ : મૅન્સફીલ્ડ પાર્કનો માલિક
મિસિસ બર્ટ્રામ : એની પત્ની અને ફૅનીની આશ્રયદાતા માસી
ટૉમ, એડમન્ડ, મૅરિયા ને જુલિયા બર્ટ્રામ : ફૅનીનાં મસિયાઈ ભાઈબહેનો
મિસિસ નૉરિસ : શ્રીમતી બર્ટ્રામની બહેન; ફૅનીની બીજી માસી
હેન્રી ક્રૉફર્ડ : એક સ્વકેન્દ્રી યુવાન ~ મેરી ક્રૉફર્ડ : એની બહેન
મિ. રશવર્થ : મેરિયા બર્ટ્રામના હાથનો ઉમેદવાર ~ મિ. યેટ્સ : ફૅશનેબલ લહેરી યુવાન

ત્રણ બહેનોમાં એક સ્થિતિસંપન્ન ઉમરાવને, બીજી જહાજના કપ્તાનને, ને ત્રીજી પાદરીને પરણી છે. પાદરી-પત્ની બહેનની ભલામણથી ઉમરાવપત્ની શ્રીમતી બર્ટ્રામ, પોતાની નવ બાળકોવાળી ત્રીજી ને દુ:ખી બહેનની એક પુત્રી ફૅનીને પોતના આશ્રયે લાવવા સંમત થાય છે, અને દશ વર્ષની શરમાળ ને લાગણીશીલ છોકરી ફૅની પ્રાઈસ પોતાની સ્થિતિસંપન્ન માસી મિસિસ બર્ટ્રામને ઘેર મૅન્સફીલ્ડ પાર્કમાં રહેવા આવે છે. એ માસીનાં ટૉમ, એડમંડ, મેરિયા અને જુલિયા એ ચાર સંતાનોમાં એડમંડ સાથે એને સારી મૈત્રી છે, કેમ કે એ એકલો જ ફૅનીની હોશિયારી, ભલાઈ, આનંદી સ્વભાવ વગેરે પ્રમાણતો હોય છે. બાકીનાં સ્વાર્થ પત્યે એને તિરસ્કારતાં હોય છે, ત્યારે તે એને આશ્વાસન અને સલાહ-સૂચનો આપતો રહે છે. ફૅનીની બીજી માસી, પાદરી-પત્ની મિસિસ નૉરિસ પણ, પોતાના પતિના અવસાન પછી આ જ કુટુંબમાં રહેતી હોય છે, પણ તે એડમંડથી ઊલટી જ રીતે ફૅનીનું ધ્યાન રાખતી હોય છે: મૂર્ખ, ઈર્ષાળુ, તરંગી અને કચકચિયણ સ્વભાવની એ દભી ને સ્વાર્થી સ્ત્રી ફૅનીની પરાવલંબી પરિસ્થિતિનું એને કડવી રીતે ભાન કરાવતી રહે છે, અને ચોમેર ચોવટ કરતી ફરે છે.

આમ કરતાં કરતાં ફૅની પંદર વર્ષની થાય છે ત્યારે એક વાર સર ટૉમસ બર્ટ્રામ, પોતાની પત્ની મિસિસ બર્ટ્રામ અને એડમંડને ઘર સોંપી, મોટા (ને ઉડાઉ) પુત્ર ટૉમ સાથે ધંધાકીય કામે ઍન્ટીગ્યુઆ જાય છે. દરમ્યાન એની મોટી પુત્રી મેરિયા મિ. રશવર્થ નામના એક શ્રીમંત પણ તદ્દન મૂર્ખ યુવક સાથે વિવાહ કરી લે છે.

સર બર્ટ્રામના સાઢુ મિ. નૉરિસના અવસાન પછી નવા આવેલા પાદરી મિ. ગ્રાન્ટની પત્નીનાં યુવાન ભાઈ-બહેન હેન્રી ક્રૉફર્ડ અને મેરી ક્રૉફર્ડ આ જ ગાળામાં ગામમાં આવે છે અને બર્ટ્રામ કુટુંબનાં મિત્ર બને છે. એ હેન્રી પ્રત્યે બર્ટ્રામ કુટુંબની બને બહેનો મેરિયા ને જુલિયા આકર્ષાય છે; પણ એમાંની મેરિયા તો રશવર્થ સાથે વિવાહિત છે, એટલે હેન્રી જુલિયા તરફ ઢળે છે. બીજી બાજુ હેન્રીની આછકલી ને દુનિયાદારી બહેન મેરી પ્રત્યે એડમંડ આકર્ષાયો છે. એવામાં બહારગામથી ટૉમ પાછો આવે છે ને મેરી તરફ ખેંચાય છે.

પણ મેરી અને હેન્રી ક્રૉફર્ડનું આગમન ફૅની માટે દુ:ખદાયી બને છે, કેમ કે પોતે જેને ચાહતી હતી એ પોતાનો મસિયાઈ ભાઈ એડમંડ તો આ આછકલી મેરી પ્રત્યે આકર્ષાયો છે; અને અન્ય જોડે વિવાહિત હોવા છતાં મેરિયા હેન્રી સાથે અઘટિત સંબંધો રાખે છે. ત્યારે વળી તેની અણસમજુ માસી મિસિસ નૉરિસને તો ત્રીજું જ લાગે છે,—કે હેન્રી જુલિયાને ચાહે છે!

ટૉમ બહારગામથી આવ્યા પછી તેના એક લહેરી મિત્ર યેટ્સની સૂચનાથી આ યુવાન ટોળી મનોરંજન અર્થે એક ખાનગી નાટક ભજવવાનું વિચારે છે; અને તે માટે "Lovers' Vows" (પ્રેમીઓની પ્રતિજ્ઞાઓ) નામનું અતિશય ઉત્તેજક નાટક પસંદ કરે છે. આવું બધું ધાંધલ ગૃહપતિ સર ટૉમસને નહિ ગમે એમ જણાવી ફૅની વિરોધ કરે છે. તેની સાથે એડમંડ પણ વિરોધ તો કરે છે, પણ પાત્રો ખૂટતાં હોવાથી એને ય ભાગ લેવો પડે છે. રિહર્સલો થવા માંડે છે, ને કામ આગળ વિસ્તરતું જાય છે, એવામાં એકાએક સર ટૉમસ પાછા આવી જાય છે, એટલે આ બધું ધાંધલ શમી જાય છે. ઘરમાંની આ ધમાલ અને રંગીલા યેટ્સની પ્રભાવ પાડવાની ક્ષુલ્લક તરકીબો તરફ સર ટૉમસને ભારે અણગમો થાય છે. ને પરિણામે મિ. યેટ્સ મૅન્સફીલ્ડ પાર્કમાં આવતા બંધ થઈ જાય છે.

મિ. રશવર્થ જોડે વિવાહ કરી બેઠેલી મેરિયા હવે એ તોડી નાખવા ચાહે છે અને ઇચ્છે છે કે એના પિતા આવતાં જ હેન્રી એમની પાસે લગ્નનો પ્રસ્તાવ મૂકશે. પણ એને બદલે હેન્રી તો પોતે બાથ ખાતે રહેવા જવાનો હોવાનું જાહેર કરે છે. આથી મેરિયાનું દિલ ઘવાય તો છે, પણ કશું બહાર દેખાવા દીધા વિના, પોતાને હેન્રી સાથે સંવનન-સંબંધ હતો જ નહિ એમ મનમનાવીને રશવર્થને પરણી જાય છે એની નાની બનહે જુલિયા પણ બહેન બનેવી સાથે બ્રાઈટન જાય છે.

એ બને બર્ટ્રામ બહેનો આમ વિદાય થઈ જવાથી હવે હેન્રી ફૅની સાથે પરિચય વિકસાવવા માંડે છે ને એની પ્રીતિ પામવા માટે અનેક તરીકા અજમાવે છે, જેમાં છેલ્લે તો ફૅનીના ભાઈ વિલિયમને બઢતી આપવાનું વચન આપે છે. પોતાની તરફના હેન્રીના આ સદ્‌ભાવ માટે આભાર માનીને ફૅની એ લાલચનો સ્પષ્ટ ઇન્કાર કરે છે. સર ટૉમસને આની જાણ થતાં તેઓ આને ભાવનાશીલતાનો ખોટો અતિરેક અને સ્વમાનની ખોટી ઘેલછા ગણીને ફૅનીને ઠપકો આપે છે; એટલું જ નહિ પણ એનો મનનો માનેલો એડમંડ પણ એને હેન્રીની મદદ ન ઠુકરાવવા સલાહ આપે છે કેમ કે એ પોતે તો મેરી ક્રૉફર્ડના પ્રેમમાં છે અને ફૅનીના પ્રેમને માત્ર મસિયાઈ બહેનનું હેત જ માનતો હોય છે.

આથી ફૅની પૉર્ટ્સમથ ખાતે આવેલા પોતાના કુટુંબને મળવા થોડા દિવસ ચાલી જાય છે. પણ ત્યાં એને ગોઠતું નથી, કેમ કે એક વિલિયમને બાદ કરતાં બાકીનાં બધાં કુટુંબીઓ એને અવિવેકી લાગે છે, ને મૅન્સફીલ્ડ પાર્કની સરખામણીમા તો અણઘડ પણ.

આ બાજુ મૅન્સફીલ્ડ પાર્કમાં એની અનિવાર્યતા ઊભી થાય એવી દુર્ઘટનાઓ બને છે. મોટો પુત્ર ટૉમ એટલી હદે માંદો પડી જાય છે કે એના સાજા થવાની આશા નહિવત્ છે. એની બહેન મેરિયા રશવર્થને મૂકીને, ફૅનીને ભૂલી ગએલા હેન્રી જોડે ભાગી જાય છે, ને બીજી જુલિયા પેલા રંગીલા યેટ્સ સાથે નાસી જાય છે! આવા ઉપરાછાપરી ફટકાથી ભાંગી પડેલા બર્ટ્રામ કુટુંબને ફૅનીનું મૂલ્ય ને સદ્ભાવના સમજાય છે. એથી ફૅની આવી પહોંચતાં એને ખૂબ સ્નેહપૂર્વક સૌ સત્કારે છે, અને આ સ્નેહ ફૅનીના હૃદયનાં ઊંડાણોમાં સ્પર્શી જાય છે.

જોકે હમેશની ઈર્ષ્યાળુ અને મૂર્ખ એની ચોવટિયણ માસી મિસિસ નૉરિસ તો હજી કહે છે કે જો ફૅનીએ હેન્રીને પતિ તરીકે સ્વીકારી લીધે. હોત તો એ આમ મેરિયા જોડે ભાગી ન જાત. પણ સર ટૉમસ, પોતાના કરતાંય વધુ સ્પષ્ટપણે પોતાના પુત્ર હેન્રીના ચારિત્ર્યને પામી જવા માટે ફૅનીને શાબાશી આપે છે, અને એના ભાઇને બઢતી અપાવવાની હેન્રીએ આપેલી લાલચના અસ્વીકારના દોષમાંથી પણ એને માફી આપે છે; એટલું જ નહિ, પોતાની પુત્રી મેરિયાના આવા અધઃપાત માટે પણ પોતાની જાતને જ કારણભૂત ગણાવે છે, કેમ કે પોતે જ પોતાનાં સંતાનોની કાળજી નહોતી લીધી.

પણ છેવટે આ દુઃખના દહાડા દૂર થાય છે અને બધી દુર્ઘટનાઓ સુખમાં પરિણમે છે. ટૉમની માંદગીએ છેવટે એને ડાહ્યો બનાવ્યો છે અને પછી એ સુપુત્ર બનીને રહે છે. રંગીલા યેટ્સે સર ટૉમસની ધારણા જેટલા દેવાદાર અને અસ્થિર ન નીવડતાં ગૃહસ્થી જિંદગી શરૂ કરી હોય છે. હેન્રી-મેરિયા પણ થોડા કંકાસમય જીવન પછી છૂટાં પડે છે; અને મેરિયાને, જોકે સર ટૉમસ ફરી મૅન્સફીલ્ડ પાર્કમાં તો નથી સ્વીકારતા, પરંતુ બીજે એના નિવાસની વ્યવસ્થા કરી આપે છે. મિસિસ નૉરિસ પણ પોતાની એ પ્રિય ભાણેજ જોડે ત્યાં રહેવા જાય છે, જેને પરિણામે મૅન્સફીલ્ડ પાર્કમાં બધાંને મોટી નિરાંત થઈ જાય છે.

એડમંડને મેરિયાના સ્વાર્થી ને મૂર્ખ સ્વભાવની પ્રતીતિ થતાં એ નાદાન છોકરી સાથે લગ્ન કરવાનો વિચાર તે માંડી વાળી અંતે, પોતાને ખૂબ ચાહતી ફૅની સાથે લગ્ન કરે છે અને મૅન્સફીલ્ડ પાર્કની નજીકના જ પાદરી તરીકેના પોતાના નિવાસસ્થાને મીઠો સંસાર શરૂ કરે છે.

સમગ્ર માનવના અંતરતમની ભાવનાઓ અને લાગણીઓના લેખિકાના ઊંડા અભ્યાસની આ નવલકથામાં થતી પ્રતીતિ, તે એની નોંધપાત્ર વિશેષતા છે.



નૉર્ધેન્જર ઍબી

જેઈન ઑસ્ટિનની બીજી નવલકથાઓ કરતાં જુદી રીતે આલેખાએલી (ઈ. ૧૮૧૮) આ નવલકથા મોટે ભાગે સંવાદાત્મક છે. એ કાળે ગૉથિક(પ્રાચીન ભવ્યતાનું ભેદી) વાતાવરણ સર્જતી વાર્તાઓના વ્યંગરૂપે યોજાએલા એના કથાવસ્તુમાં, એક સચ્ચારિત્ર્યવાન યુવતીના એક સુંદર યુવક સાથેના પ્રેમ-પ્રસંગો એક દુષ્ટ પાત્રનાં કરતૂતોથી કેવી રીતે અટકી પડે છે તે નિરૂપતો એનો થોડોક ભાગ તો, ત્યારની (મિસિસ રૅડક્લિફ અને એના જેવા પ્રખ્યાત લેખકોની) ભેદભરમોથી ભરેલી ગૉથિક-રૉમેન્ટિક નવલોની ઠેકડી રૂપ છે. આ વાર્તાની નાયિકા કૅથરીનના અનુભવોના ચિત્રણ દ્વારા ઑસ્ટિને ગૉથિક નાયિકાઓનાં દુસ્સાહસો પર સારો કટાક્ષ કર્યો છે અને શ્રીમાનસની આત્મવંચકવૃત્તિનો ઉત્તમ પરિચય આપ્યો છે. એક રીતે ઑસ્ટિનની બધી કૃતિઓમાં આ એક રીતે સૌથી દિલચસ્પ નવલકથા છે.

પાત્રો

કૅથરીન મોર્લૅન્ડ : ગૉથિક નવલકથાઓની તરંગી વાચક યુવતી

શ્રીમતી ઍલન : એની સહાયક — હેન્રી ટિલ્ની : કૅથરીનનો પ્રેમી

ઈસાબેલા થોર્પ : એની સખી — જનરલ ટિલ્ની : હેન્રીના પિતા

જ્હૉન થોર્પ : ઈસાબેલાનો ભાઈ — કૅપ્ટન ટિલ્ની : હેન્રીનો ભાઈ

જેમ્સ મોર્લૅન્ડ : કૅથરીનનો ભાઈ — એલિનોર ટિલ્ની : હેન્રીની બહેન

ગૉથિક નવલકથાઓની શોખીન કૅથરીન મોર્લૅન્ડ નામે એક શ્રીમંત પાદરીની સાદીસીધી છોકરી, એ વાર્તાઓની નાયિકા જેવી બનવાનાં સ્વપ્નો સેવતી હોય છે. આમ તો એની આખી જિંદગી એના વતન ફુલેર્ટન નામના ગામડામાં જ વીતી હોત, પણ શ્રીમતી ઍલન નામની શ્રીમંત પડોશી ગૃહિણી એને રંગીલા બાથ નગરમાં લઈ જાય છે, જ્યાં એક નવું વિશ્વ એની આગળ ખૂલે છે. કોઈ વસાહતોના જેવી ત્યાંની જીવનરીતિઓથી પ્રફુલ્લિત બનેલી કૅથરીનને ત્યાં ઈસાબેલા થોર્પ નામની રંગીલી યુવતી સાથે સહીપણાં બંધાય છે. કૅથરીન કરતાં વધુ વ્યવહારુ અને દુન્યવી શાણપણ ધરાવતી આ સખી કૅથરીનને શહેરી સમાજની નીતિરીતિથી વાકેફ કરવાની સાથોસાથ પોતાના ભાઈ જ્હૉન થોર્પનો પણ પરિચય કરાવી દે છે, અને આમ ઈસાબેલા તથા એનો ભાઈ જ્હૉન થોર્પ, અને કૅથરીન તથા એનો ભાઈ જેમ્સ મોર્લૅન્ડ એ ચારેનું એક મોજીલું મિત્રવર્તુલ રચાય છે. એમાં વચ્ચે, કૅથરીનને હેન્રી ટિલ્ની નામના એક યુવાન પાદરી તથા એની ખુશમિજાજી બહેન એલિનોરનો પરિચય થાય છે, અને નૉર્ધેન્જર ઍબી નામની એમની ભવ્ય પ્રાચીન જાગીરી ઈમારતની વાતોથી આકર્ષાઈ તેની મૈત્રી માટે એ આતુર બને છે, જે બાકીનાં ત્રણને નથી ગમતું. ઈસાબેલા અને કૅથરીનનો ભાઈ જેમ્સ વિવાહ કરી લે છે, અને ઈસાબેલા ઇચ્છતી હોય છે કે કૅથરીન પણ એ રીતે પોતાના ભાઈ જ્હૉન સાથે જોડાય. પણ કૅથરીનને પોતાની સખી માટે પ્રેમ હોવા છતાં, એના એદી અને અલગારી ભાઈ જ્હૉન માટે એવું આકર્ષણ નથી થતું.

આ બાજુ જેમ્સ લગ્ન માટે પૈસાની જોગવાઈ કરવા પોતાને ઘેર ગયો હોય છે એ દરમિયાન તેની વિવાહિતા ઈસાબેલા હેન્રી ટિલ્નીના ભાઈ કૅપ્ટન ટિલ્ની તરફ ખેંચાય છે. કૅપ્ટન ટિલ્ની એના જેવો જ દુનિયાદારી છે; ને ખાસ તો એ પાછો પૈસાદાર પણ છે. ઈસાબેલાના આવા વર્તનથી કૅથરીનને નારાજી તો થાય છે, પણ પોતાના ભાઈને

એ બેવફા નીવડશે એમ માનવા જેટલી એ સંકુચિત નથી બનતી.

દરમિયાન એલિનોર ટિલ્ની અને એના પિતા જનરલ ટિલ્ની તરફથી એમના જૂના વતન નૉર્ધેન્જર ઍબી જવા માટે કૅથેરીનને મનભાવતું આમંત્રણ મળે છે, અને એ પ્રાચીન વિહારધામમાં જવાની હોંશપૂર્વક તે ઘેરથી અનુમતિ મંગાવી લે છે,

નૉર્ધેન્જર ઍબીના રહસ્યમય માર્ગો ખાનગી ખંડો અને તેમાંની ભેદી પેટીઓની વાતોથી હેન્રીએ કૅથેરીનની કલ્પનાને એવી તો ચગાવી હોય છે કે નૉર્ધેન્જરમાં આવતાં કૅથેરીન સાશ્ચર્ય ભય અનુભવે છે. એ ભવ્ય ઇમારતનાં ગૃહિણી મિસિસ ટિલ્ની થોડાં વર્ષો પહેલાં ત્યાં એકાએક જ મૃત્યુ પામેલાં એમ સાંભળતાં કૅથેરીનને પોતાની ભયજનક મનોદશામાં લાગે છે કે કદાચ જનરલે જ એનું ખૂન કર્યું હોવું જોઈએ। એટલે એ તો પહેલી તકે કુતૂહલપૂર્વક મૃત-સ્ત્રીઓની કબરોવાળા ભાગમાં જાય છે. ત્યાં હેન્રી એને મળે છે અને ખાતરી કરાવી આપે છે કે એવું કાંઈ અજુગતું બન્યા વિના મૃત્યુ તો કુદરતી રીતે જ નીપજેલું હતું. આ ભ્રમનિરસનથી કૅથેરીનની નૉર્ધેન્જર ઍબી વિષેની કૌતુકમય કલ્પનાઓ ભાંગી પડીને તેને નિરાશા વ્યાપી વળે છે.

અહીં એક અઠવાડિયું પસાર થવા આવ્યું હોવા છતાં પોતાની સખી ઈસાબેલાના કંઈ જ સમાચાર ન હોવાથી કૅથેરીનને ચિંતા થાય છે; પણ પોતાના ભાઈ જેમ્સના પત્રથી ઈસાબેલાના મૌનનું કારણ જાણવા મળે છે કે ઈસાબેલાએ કૅપ્ટન ટિલ્ની જોડે વિવાહ કરી લીધો હતો। આ સમાચારથી અહીં કૅથેરીનને તેમજ હેન્રી અને એલિનોરને પણ ખૂબ દુઃખ થાય છે, ને તેઓ વિમાસે છે કે માત્ર પૈસાના લોભથી જ કૅપ્ટનને પરણતી ઈસાબેલા એને શું સુખ આપી શકશે : પણ એમને એક આશ્વાસન હોય છે કે જેમ્સ કરતાં કૅપ્ટન આવી સ્ત્રીઓ સાથે કામ પાડવાની બાબતમાં કાબેલ હતો.

થોડા દિવસ પછી કૅથેરીન પર ઈસાબેલાનો ઢંગધડા વગરનો ખુલાસાપત્ર આવે છે કે પોતાની અને જેમ્સ વચ્ચે થોડીક ગેરસમજ થઈ ગઈ હતી, અને હવે તેને માટે પોતાને દુઃખ થાય છે; વધુમાં પોતાના વતી જેમ્સની માફી માગી લેવાનું પણ એણે એમાં લખ્યું હોય છે. કૅથેરીન એની પરવા ન કરતાં, ઊલટું, પોતાનો ભાઈ આવી સ્વાર્થી છોકરીથી બચ્યો એનો આનંદ પામે છે.

થોડો સમય વીત્યા બાદ જનરલ ટિલ્ની ધંધાકીય કામે લંડન જાય છે, અને હેન્રીને પણ પાદરીપણાના કામ માટે બહાર જવું પડે છે, એટલે નૉર્ધેન્જર ઍબીમાં કૅથેરીન અને એલીનોર બે જ રહે છે. ત્યાં એક રાતે એલીનોર એકાએક કૅથેરીનના ખંડમાં જઈ ગભરાતી ગભરાતી તેને કહે છે કે તેના પિતા ઓચિંતા જ લંડનથી આવ્યા છે અને એમણે કૅથેરીનને તાબડતોબ નૉર્ધેન્જર ઍબી છોડી જવા ફરમાવ્યું છે. કૅથેરીન માટે કૂણી લાગણી હોવાથી, એનું મન ન દુભવવા ઇચ્છતી એલિનોર એને વિશેષ કશું કહેતી નથી. દુઃખી કૅથેરીન વતન જતી રહે છે, અને ત્યાં પણ હેન્રીનું સ્મરણ કરતી ઝૂર્યા કરે છે.

પણ થોડા જ સમયમાં હેન્રી ત્યાં જઈને એને પોતાના પિતાના રોષનું કારણ કહે છે: કે જહૉન થોર્પે શરૂઆતમાં જનરલ ટિલ્ની આગળ ગપ્પું મારેલું કે કૅથેરીન ધનિક કુટુંબની કન્યા હોવાનું પોતાની આગળ કહેતી હતી, કારણ કે પોતે કૅથેરીનને પરણવા માગતો હતો: પણ જ્યારે એણે જોયું કે કૅથેરીન પોતા તરફ આકર્ષાતી નથી ત્યારે ઈર્ષ્યાથી પ્રેરાઈને એણે લંડનમાં આવેલા જનરલને મળીને ભરમાવ્યા કે કૅથેરીને પોતે ધનિક હોવાના જુઠાણાથી એમને છેતર્યા છે,—અને વસ્તુતઃ તો તે એક કસ્બાની સામાન્ય છોકરી જ છે. આથી ગુસ્સે ભરાઈને જનરલે કૅથેરીનને કોઈ પણ તક આપ્યા વગર હાંકી મૂકેલી.

આ ઘટસ્ફોટ કરીને, તેની ઍબીમાંથી અણછાજતી વિદાય માટે દિલગીર થતો હેન્રી કૅથેરીન આગળ લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. મોર્લૅન્ડ કુટુંબ તેમાં ખુશીથી સંમતિ તો આપે છે, પણ સાથે કહે છે કે એ માટે જનરલને હેન્રીએ પહેલા રીઝવી લેવા જોઈએ.

એવામાં હેન્રીની બહેન એલિનોરનાં લગ્ન એક ઉમરાવ સાથે ગોઠવાય છે. પોતાની પુત્રી અમીર થઈ હોવાના આનંદમાં જનરલ કૅથેરીનને માફી બક્ષે છે, અને એનું કુટુંબ ત્રણ હજાર પૌંડ આપશે એમ જાણીને એ લગ્નની પણ સંમતિ આપે છે. આમ અનેક વિપદો પછી અંતે હેન્રી-કૅથેરીન પરણે છે અને એમનું જીવન સુખમય બની રહે છે.

એક સુંદર કલાકૃતિ બનેલી આ નવલકથા ચિરંજીવ મૂલ્યવાળી છે. એમાંનાં પાત્રો સામાન્ય છતાં તે દરેક એ યુગનું આબાદ પ્રતિનિધિ બની શકે એવું છે; એટલું જ નહિ પણ બાથ શહેરનાં થોડાંક દૃશ્યો તો વિશિષ્ટ અને સુંદર છે.

ઈ. ૧૮૧૮માં પ્રકટ થએલી જેઈનની આ છેલ્લી નવલકથાને ઘણા એની 'પરિણત પ્રજ્ઞા'નું ફળ કહે છે. એની અન્ય કથાઓ કરતાં ઓછા કટાક્ષવાળી આ કૃતિ પર સતત ગમગીનીની એક છાયા દેખાય છે. અલબત્ત, છેલ્લે બધાં જ વાદળાં વિખરાય છે અને વાચકના મનમાં પણ શરન્નભની પ્રસન્નતા છવાય છે. પાત્રાલેખનમાં પણ જેઈને અહીં વિશેષ નજાકત બતાવી જણાય છે.

પર્સ્વેશન

પાત્રો

સર વૉલ્ટર એલિયટ : કેલિન્ચ હૉલના માલિક
એલિઝાબેથ : એમની મોટી દીકરી
ઍની : એમની બીજી દીકરી
મેરી મઝગ્રોવ : સૌથી નાની દીકરી
ચાર્લ્સ મઝગ્રોવ : મેરીનો પતિ
હેન્રીએટા અને લૂઈઝા : મેરીની નણંદો
કૅપ્ટન ફ્રેડરિક વેન્ટવર્થ : નૌકાદળનો અફસર
મિસિસ ક્લે : એલિઝાબેથ એલિયટની સખી
વિલિયમ એલિયટ : સર વૉલ્ટરનો ભત્રીજો ને વારસદાર

સર વૉલ્ટર એલિયટ નામનો એક મિથ્યાભિમાની, ઉડાઉ અને પોતાના માન-મરતબા પર મગરૂર ધનિક પોતાની બે પુત્રીઓ સાથે એક ગ્રામપ્રદેશમાં આવેલા કેલિન્ચ હૉલ નામના પોતાના નિવાસસ્થાને બાદશાહીથી જીવન ગાળતો હોય છે. મોટી પુત્રી ઈલિઝાબેથ સ્વભાવે એના પિતા જેવી જ, દેખાવે સુંદર ને પિતાને પ્રિય હોય છે; અને બુદ્ધિમાન તેમજ કુશળ, પણ નમ્ર એવી વચલી પુત્રી ઍનને એ બન્ને વિસાતમાં લેતાં નથી હોતાં, એનું સાચું મૂલ્ય નથી આંકતાં. સૌથી નાની મેરી તો ચાર્લ્સ મઝગ્રોવ નામના એક સમજુ યુવકને પરણી ત્રણ માઈલ દૂર આવેલા અપરક્રૉસમાં સામાન્ય અવસ્થામાં રહે છે.

સર વૉલ્ટરનો તોર અને ઉડાઉપણું એવી આર્થિક પરિસ્થિતિ સર્જે છે કે તેઓ પોતાનો પ્રિય કેલિન્ચ હૉલ પોતાના વકીલ તથા એક સંબંધી લેડી રસેલની સલાહથી એક ક્રૉફ્ટ દંપતીને ભાડે આપી દે છે; અને પોતે ઇલિઝાબેથ અને એની એક સખી મિસિસ ક્લે સાથે બાથ મુકામે એક નાનું ઘર લઈ રહે છે. વચલી પુત્રી ઍન પોતાની નાની બહેન મેરી

સાથે નાતાલ ગાળવાનું વિચારી અપરક્રૉસ જાય છે. જતાંજતાં એ ઈલિઝાબેથને મિસિસ ક્લે બાબતમાં ચેતવણી આપતી જાય છે કે એનો પ્રેમ નિ:સ્વાર્થ નથી; એનું ચાલશે તો એ સર વૉલ્ટરને પરણવાની ઇચ્છા સેવે છે. પણ ઇલિઝાબેથ આ ધ્યાનમાં લેતી નથી.

મસગ્રોવ કુટુંબની મુલાકાત દરમિયાન ઍન એક વાર કેલિન્ચગ્રોવ ખાતે મિસિસ ક્રૉફ્ટના ભાઈ કૅપ્ટન વેન્ટવર્થને મળે છે. વેન્ટવર્થ અને ઍન એક વાર અન્યોન્યને ચાહતાં હોય છે, પણ સર વૉલ્ટરને એ પોતાના દરજ્જાનો ન લાગતાં અને એને નૌકાદળના પગાર સિવાય કંઈ વધુ આવક ન હોવાથી એ સંબંધ વધવા દેતા ન હતા. આજે સત્તાવીસ વર્ષની વયે પણ પોતાના ઓગણીસની વયના પ્રેમ-પ્રસંગો ઍન ભૂલી ગઈ નહોતી. પણ કૅપ્ટન વેન્ટવર્થમાં હવે એને ઘણો ફેરફાર લાગે છે. તદુપરાંત, મસગ્રોવ કુટુંબમાં એ એવો તો ભળી ગયો હોય છે કે ખુદ મેરીને પણ દ્વિધા થતી હતી કે પોતાની બે નણંદોમાંથી એ હેન્રીએટાને ચાહે છે કે લૂઈઝાને. હેન્રીએટાના ચાર્લ્સ હૅટર નામના યુવક સાથેના આગલા પ્રેમ-પ્રસંગો એને સતત યાદ દેવડાવતી હોઈ લૂઈઝા વેન્ટવર્થ તરફ ઢળી છે એ સ્પષ્ટ બને છે. એવામાં કોઈ નાના અકસ્માતમાં લૂઈઝાને ઈજા થાય છે અને વેન્ટવર્થના મિત્રોને ત્યાં એ સારવાર માટે રહે છે. આ દરમ્યાન વેન્ટવર્થ-લૂઈઝા નજીક આવતાં જાય છે.

ઍન આથી હતાશ થઈ પોતાના કુટુંબ સાથે રહેવા જતી રહે છે. સર વૉલ્ટરને પુત્ર ન હોવાથી એમનો ભત્રીજો મિ. વિલિયમ એલિઍટ એમનો વારસ હોય છે; પણ ઇલિઝાબેથ અને એના પિતાની ઇચ્છા છતાં એ ઇલિઝાબેથને પરણતો નથી અને કુટુંબથી દૂર ચાલ્યો ગયો હોય છે. બહુ વર્ષે એ પાછો આવે છે. ઍનને આશ્ચર્ય થાય છે કે જે એક વાર સર વૉલ્ટરના સંબંધીઓ અને એમના મિથ્યા અહં વિષે અપમાનજનક બોલીને જતો રહેલો તે વિલિયમ આમ સામેથી કેમ આવ્યો? અને પોતાના પિતા તથા બહેન પણ આગલું બધું ભૂલી જઈને એના પર સ્નેહ કેમ વરસાવવા લાગ્યાં! એની પત્ની મરી ગઈ હોવાથી એનો ઇરાદો ઇલિઝાબેથને પરણવાનો હશે એવું એ માને છે. પણ બીજાંને એમ લાગે છે કે એ ઍનને ચાહે છે.

દરમ્યાન લૂઈઝાએ કૅપ્ટન બેનવિક નામના કોઈ યુવક જોડે લગ્ન કરી લીધાં હોવાના સમાચાર આવે છે. વેન્ટવર્થ હવે એકલો પડ્યો હોવાથી થોડા સમય પછી એ બાથ મુકામે પાછો આવે છે. ઍનને આથી આનંદ થાય છે કે એ પાછો પોતા પ્રત્યે આકર્ષાયો છે.

પોતાની એક વારની સહાધ્યાયિની પાસેથી ઍનને જાણવા મળે છે કે સંબંધો સુધારવા પાછળ વિલિયમનો ઇરાદો સર વૉલ્ટર અને મિસિસ ક્લેનાં લગ્ન અટકાવી કોઈ નવા વારસની સંભાવના મિટાવવાનો છે. આથી ઍનને એના પ્રતિ તિરસ્કાર ઊપજે છે, અને એક વાર એક મેળાવડામાં વિલિયમ એની આગળ પોતાનો પ્રેમ જાહેર કરે છે ત્યારે તે એને સ્પષ્ટ નકાર સંભળાવી દે છે.

આખરે કૅપ્ટન વેન્ટવર્થ માટે ધરેલી ધીરજ ઍનને ફળે છે. વેન્ટવર્થને પ્રતીતિ થાય છે કે ઍન પોતાને પહેલાં જેટલી જ તીવ્રતાથી ચાહે છે; એટલે તે પોતાનું હૈયું ઍન પરના એક લાંબા પત્રમાં ઠાલવી દે છે અને અંતે બન્ને પરણી જાય છે. વેન્ટવર્થે હવે નૌકાદળમાં સારી પ્રગતિ કરેલી હોઈ સારું કમાતો થયો છે. એથી સર વૉલ્ટર પણ ખુશ થાય છે. મેરીને પણ આનંદ થાય છે. મિસિસ ક્લે પ્રેમ માટે મહત્ત્વાકાંક્ષાઓનું સહર્ષ બલિદાન આપે છે અને વિલિયમ એલિઍટ સાથે એની છત્રછાયા નીચે જીવવા લંડન ચાલ્યાં જાય છે. કદાચ એણે ભવિષ્યમાં લેડી એલિઍટ થવાનું વિચાર્યું હોય!

જેઈન ઑસ્ટિનની બધી નાયિકામાં ઍન સૌથી મધુર છે, જોકે વધુપડતી સમાનતાને કારણે તેને સહન પણ કરવું પડે છે. પણ આખીય કથા ખૂબ જ મોહક બની છે. ઉપરાંત, એવી એક પ્રણાલિકાગત માન્યતા છે કે જેન ઑસ્ટિને કથાનાયિકા ઍનમાં પોતાને અને કૅપ્ટન વેન્ટવર્થમાં પોતાના પ્રિયતમને આલેખી પોતાની જ પ્રણયકથાને આ નવલનો વિષય બનાવી છે.



સેન્સ ઍન્ડ સેન્સિબિલિટી

ઓગણીસમી સદીના ઇંગ્લૅન્ડના સમાજજીવનની કેટલીક ખાસિયતો પ્રત્યે જેઈન ઑસ્ટિને એની છ નવલકથાઓમાંથી સૌથી સરળ એવી આ નવલકથામાં માર્મિક રીતે ધ્યાન દોર્યું છે. એના સમયના ઇંગ્લૅન્ડમાં એક બુદ્ધિમાન, અને બીજો ચપળ છતાં અલ્પબુદ્ધિ, એવા બે વર્ગના જે લોકો હતા, એમનાં પ્રતિનિધિરૂપ પાત્રો લઈને એણે એની રસમય ગૂંથણી આમાં કરી છે. ડૅશવૂડ બહેનોની લાગણીઓના સંઘર્ષ અને વિવિધ વ્યક્તિત્વોની અથડામણ પર આ નવલકથામાં બાહ્ય ઘટનાઓ કરતાં સવિશેષપણે તો બુદ્ધિ અને બુદ્ધિવાદ અવલંબે છે. શાણપણ અને દૃઢ મનોબળવાળી એલિયાનોર 'સેન્સ'નું પ્રતીક છે, અને લાગણીપ્રધાન તથા સાહસોત્સુક એવી મેરીઍન 'સેન્સિબિલિટી'નું. પણ જીવનપ્રવાહમાં ફંગોળાઈને એ બનેના અભિનિવેશ કેવા પરસ્પર ઊલટા જ થઈ જાય છે એ આલેખવામાં જેઇને આમાં અચ્છી ચાતુરી દાખવી છે. મૂર્ખ મહિલાઓની લાગણીઓ જોડે ખેલ ખેલતાં જેઇને આલેખેલાં સર્વ ખલ પાત્રોમાં આ કથામાંનો જૉન વિલોબી ખલશ્રેષ્ઠ છે.

પિતાની મિલકતનો વારસો જ્હૉન ડૅશવૂડને મળતાં પિતાની આજ્ઞા મુજબ એ સાવકી મા, ને એલિનૉર-મેરીઍન બે બહેનોને પોષવા ઇચ્છે છે. પણ એની ઇર્ષ્યાળુ પત્ની ફૅની, પોતાની સ્વતંત્ર મિલકત હોવા છતાં, એમાં વિઘ્નરૂપ બને છે. પોતાના ભાઈ એડવર્ડ ફેરર્સના પોતાની નણંદ એલીનૉર સાથેના વિકસ્યે જતા પરિચયને અટકાવવા તે પોતાની સાવકી સાસુ મિસિસ ડૅશવૂડ અને એની બે પુત્રીઓને કનડવા માંડે છે. પરિણામે એ લોકો ત્રાસીને પોતાના એક સંબંધી સર જ્હૉન મિડલ્ટનની જાગીર બાર્ટનપાર્ક પર રહેવા જતાં રહે છે.

એ ત્રણે મા-દીકરી બાર્ટન પાર્ક ખાતેની પોતાની કુટિરમાં સુખેથી રહેતાં હોય છે ત્યાં સર જ્હૉનના એક મિત્ર કર્નલ બ્રૅન્ડનનો એમને પરિચય થાય છે, અને કર્નલ મેરીઍન પ્રત્યે આકર્ષાય છે; પણ એ ૩૫ વર્ષનો હોઈ આધેડ લાગવાથી મેરીઍન એનો લગ્નનો પ્રસ્તાવ

પાત્રો

એલિનૉર ડૅશવૂડ : બુદ્ધિશાળી યુવતી
મેરીઍન અને જ્હૉન ડૅશવૂડ : એના બહેન તથા ભાઈ
ફૅની : જ્હૉનની પત્ની એડવર્ડ ફેરર્સ : ફૅનીનો ભાઈ
રૉબર્ટ ફેરર્સ : એડવર્ડનો ભાઈ લ્યૂસી સ્ટીલ : એડવર્ડની પ્રેમિકા
સર જ્હૉન મિડલટન : ડૅશવૂડ કુટુંબના સંબંધી
કર્નલ બ્રૅન્ડન : સર જ્હૉનના મિત્ર જ્હૉન વિલોબી : મેરીઍનનો પ્રેમી

સ્વીકારતી નથી. તે વળી, બાજુની જાગીરની મુલાકાતે આવતા એક શ્રીમંત પણ ચારિત્ર્યહીન યુવક વિલોબીને ચાહતી હોય છે.

એક વાર બધાં બહાર જવાની તૈયારીમાં હતાં ત્યાં ઓચિંતો જ કર્નલ ક્યાંક જતો રહે છે. વિલોબી તરફથી બંનેને સાંભળવા મળે છે કે કર્નલને તો એક પુત્રી પણ છે. આથી એમને આશ્ચર્ય થાય છે;—જોકે પાછળથીએમને ખબર પડે છે કે એ તો અફવા છે. કર્નલ વિષે મેરીઍનના મનમાં ખોટા ખયાલો ઊભા કરવાની વિલોબીની રીત એલીનૉરને ગમતી નથી. થોડાક જ સમય બાદ વિલોબી પણ મેરીઍનને કહ્યા વિના એકાએક જતો રહે છે. આ વળી બીજું આશ્ચર્ય હતું!

એકાદ અઠવાડિયા બાદ એડવર્ડ ફેરર્સ બાર્ટન પાર્ક આવે છે. એથી એલિનૉર ખુશ થઈ જાય છે, પણ એલિનૉરને માટે કશી આશાનો ઇંગિત મૂક્યા વિના થોડા સમય પછી એ પાછો જતો રહે છે.

એ દરમિયાન સર મિડલ્ટન એક મિસ લ્યૂસી સ્ટીલ અને એની બહેનને પોતાને ત્યાં આમંત્રે છે. પણ એલિનૉરને તો એ બંને કમઅક્કલ અને ચારિત્ર્યહીન લાગે છે. એમાં એક દિવસ જ્યારે લ્યૂસી એમ કહે છે કે એડવર્ડ ફેરર્સ જ્યારે પોતાના કાકાનો શિષ્ય હતો ત્યારે એની સાથે પોતે ખાનગી વિવાહ કર્યો છે ત્યારે તો એલિનૉર ભારે આંચકો અનુભવે છે લ્યૂસીના કહેવા મુજબ એમનો સંવનનકાળ ચાર વર્ષ ટક્યો, પણ એડવર્ડ પોતાના પગ પર ઊભો રહે એવા સંજોગો ન હોવાથી એની માતાની અનુમતિની રાહ જોવી જ પડે એવી પરિસ્થિતિ હતી. આ વાત જાણતાં પોતાની નાખુશી દબાવી દઈને એલીનૉર પોતાથી શક્ય એટલી મદદ કરવાની લ્યૂસીને ખાતરી આપે છે.

થોડાક સમય પછી એલીનૉર અને મેરીઍન મિત્રોનાં આમંત્રણ સ્વીકારીને લંડન જાય છે; અને પોતે હવે લંડનમાં આવી ગઈ છે એવા પત્રો મેરીઍન વિલોબીને લખે છે, પણ એને કશો જવાબ મળતો નથી. એક વાર એક નૃત્યસમારંભમાં તે એને કોઈ અન્ય છોકરી સાથે જુએ છે. મેરીઍનને તે ઠંડો આવકાર આપે છે, અને બીજે દિવસે એનો પત્ર આવે છે: પોતાના વર્તન બદ્દલ એ દિલગીર છે અને અન્ય છોકરી સાથે એનો વિવાહ થઈ ગયો છે. મેરીઍનનાં બધાં સ્વજનો ને મિત્રો આથી વિલોબી પર રોષે ભરાય છે, પણ મેરીઍન તો એનું હૈયું ભાંગી ગયું હોવા છતાં, વિલોબીને હજી નિર્દોષ જ ગણતી હોય છે. લંડનમાં રહેતા કર્નલ બ્રૅન્ડન એને આશ્વાસન આપે છે અને ખાનગીમાં એની બહેન એલીનૉરને વિલોબીનો ઇતિહાસ કહે છે: કર્નલને ઘેર એના ભાઈની પુત્રી ઊછરતી હતી જેને ઘણા કર્નલની પુત્રી માનતા. એ છોકરીને વિલોબીએ ખોટે માર્ગે ચડાવી ભગાડી દીધી હતી અને એ જાણવાથી જ પોતે બાર્ટન પાર્કથી એકાએક ચાલ્યા ગએલા. આ જાણતાં મેરીઍનને અત્યંત દુઃખ થાય છે. આથી કર્નલનું મેરીઍન પ્રત્યેનું વર્તન ખૂબ માયાળુ બને છે, અને સૌને લાગે છે કે એ એના પ્રેમમાં પડ્યા છે. બંને બહેનો લંડનનિવાસ ચાલુ રાખે છે અને થોડા સમય બાદ એમનો ભાઈ જ્હૉન તથા ભાભી ફૅની પણ ત્યાં આવી ઘર વસાવે છે.

લ્યૂસી-એડવર્ડના વિવાહની જાણ થતાં એડવર્ડની મા ગુસ્સે થઈને પોતાનો વારસો એડવર્ડને બદલે પોતાના નાના પુત્ર રૉબર્ટને નામે ફેરવી નાખે છે અને લ્યૂસી-એડવર્ડ નિસ્સહાય બની જાય છે. આથી એલીનૉર, એડવર્ડ-લ્યૂસી લગ્ન કરી શકે તે માટે કર્નલ બ્રૅન્ડનની જાગીરમાં એને માટે પાદરીની જગ્યાની વ્યવસ્થા કરી આપવા કહે છે.

લંડનથી ઘેર પાછા ફરતાં વચ્ચે ક્લીવલૅન્ડની મુલાકાત દરમ્યાન સખત શરદી લાગી જવાથી મેરીઍન ત્યાં માંદી પડે છે. એ જાણતાં વિલોબી ખબર કાઢવા આવે છે. તે વખતે એલીનૉરને એ બધી ગતિવિધિ સમજાવતાં કહે છે કે કર્નલની પાલકપુત્રી સાથેના એના વર્તાવને કારણે સંબંધીઓએ એનું વેતન બંધ કર્યું છે અને આમ સાવ રખડતા બની જવાથી એણે તાત્કાલિક એક ધનિક છોકરી સાથે લગ્ન કર્યાં છે. મેરીઍનને દુઃખી કરવા બદ્દલ એને પસ્તાવો છે અને હજુ પણ એના મનમાં મેરીઍન માટે ચાહના છે.

મેરીઍન સાજી થતાં સૌ પોતાને ઘેર જાય છે. ત્યાં એલીનૉર વિલોબીની કથા એને કહે છે. મેરીઍનને એની આ વીતકથી દુઃખ થાય છે, પણ વિલોબી માટે પ્રેમ તો હવે એને નથી જ રહ્યો.

એક વાર એલિનૉરને સમાચાર મળે છે કે વિવાહિત લ્યૂસી અને એડવર્ડે લગ્ન કરી લીધાં છે. પણ થોડા જ સમય પછી એડવર્ડ એમને ત્યાં આવે છે અને કહે છે કે પોતાની માતાએ જાગીર રૉબર્ટને નામે ચડાવી દીધી હોવાથી સ્વાર્થી લ્યૂસી પોતાને ત્યજી રૉબર્ટને પરણી ગઈ છે! હવે એડવર્ડ એલીનૉર આગળ લગ્નનો પ્રસ્તાવ મૂકે છે અને એલીનૉર સંમતિ આપે છે. આ બાજુ રૉબર્ટે (અનુ. પૃ. ૪૧૦/૪ મે)

આ વાર્તાની નાયિકા 'એમ્મા'ને કેટલાક વિવેચકો ઑસ્ટિનનું શ્રેષ્ઠ સર્જન ગણે છે. જોકે જેઈને એને વિષે લખ્યું છે કે 'મારા સિવાય કોઈને એ બહુ ગમે એવી નથી'. અને ખરેખર, એના આલેખનમાં ધાર્યા કરતાં પણ એ વધુ સફળ થઈ છે. ॥ એમ્મા શ્રીમંત, યુવાન, બુદ્ધિમાન ને રૂપાળી છે; સાથોસાથ ગુમાની, તોછડી, સ્વાર્થી અને સૌને દબાવવાના શોખવાળી છે, અને બીજાની વાતોમાં ભયંકરરીતે ડખલ કર્યા કરે છે. પોતાના રસહીન જીવનથી કંટાળેલી એ તરવરિયણ તરુણીને યુવકયુવતીઓનાં લગ્નનાં લાકડાં વળગાડવાનો છંદ લાગ્યો છે. પ્રણયી જોડાંને એ છૂટાં પાડે છે, અને જેનામાં પ્રેમ નથી હોતો તેનામાં એ પ્રકટાવવાનો પ્રયત્ન કરે છે. અને જેને જેને જોડે છે તેમને માટે દુઃખ જ સર્જ્યા કરે છે. પરિણામે તે પોતે વણનોતર્યા ઉશ્કેરાટોનો ભોગ થઈ પડે છે. અંગ્રેજી સાહિત્યનાં કટાક્ષસભર્યાં પાત્રોમાં આગલી હરોળમાં આવે એવાં પાત્રો આ કથામાં ચીતરાયાં છે. રૂઢિચુસ્ત અંગ્રેજ સમાજની વર્ગભાવના અને માનવ-સ્વભાવની આત્મવંચનાવૃત્તિ આ કથાનાં મહત્ત્વનાં તત્ત્વો છે.

એમ્મા

પાત્રો

એમ્મા વૂડહાઉસ : હાર્ટફીલ્ડ જાયદાદની વારસ

મિ. વૂડહાઉસ : તેના પિતા — મિસિસ વેસ્ટન : એમ્માની ભૂતપૂર્વ આયા

હૅરિયેટ સ્મિથ : એમ્માની આશ્રિત — ફ્રૅન્ક ચર્ચિલ : એ આયાનો સાવકો પુત્ર

મિસ બેઈટ્સ : ગામની ચોવટિયણ — મિ. એલ્ટન : એક યુવાન પાદરી

જેઈન ફેરફૅક્સ : મિસ બેઈટ્સની ભત્રીજી — રૉબર્ટ માર્ટિન : એક ખાનદાન ખેડૂત

મિ. જ્યૉર્જ નાઈટલે : એમ્માના વિધુર બનેવી

શ્રીમંત, સુંદર, ચતુર ને આ સ્થિતિમાં અપેક્ષિત સ્વાર્થ ને આછકલાઈરહિત છતાં જક્કી યુવતી હાર્ટફીલ્ડ હવેલીમાં રહેતી એમ્મા વૂડહાઉસની સખી (અને એક વારની આયા) કુ. ટેઈલરનું મિ. વેસ્ટન નામના એક પડોશી વિધુર સાથે લગ્ન થઈ જતાં હવે એમ્મા અને એના વૃદ્ધ સ્નેહાળ પણ સદાના બીમાર પિતા જ એકલાં રહ્યાં. આમ તો વેસ્ટન યુગલ સુયોગ્ય રીતે રચાયું હતું, છતાં એમ્માને એ ઘટનાથી દુઃખ

તો થયું જ છે. હાઈબરી ગામના આ મોટા કુટુંબના નાના મિત્રવર્તુલમાં મિ. વૂડહાઉસને કંપની આપી શકે એવી આધેડ સ્ત્રીઓ તો પૂરતી હોય છે, પણ એમની પુત્રી એમ્માની મિત્ર બને એવી કોઈ યુવાન સ્ત્રી હવે નથી. એથી એમ્મા, નજીકની એક બોર્ડિંગ સ્કૂલની છાત્ર હૅરિયેટ સ્મિથને પાંખમાં લે છે.

સુંદર, વિવેકી, મધુર છતાં મૂર્ખતાથી એમ્માને પોતાનો આદર્શ ગણતી સત્તર વર્ષની હૅરિયેટ કોઈ અણજાણ પિતાનું સંતાન હતી. તે કોઈ ખાનદાન કુટુંબની છોકરી હોવી જોઈએ એમ એમ્મા માનતી હોવાથી, હૅરિયેટ જ્યાં હરેફરે છે એ સમાજ તેને માટે એને બહુ સારો નથી લાગતો. તેથી ખાનદાન ગણાતા માર્ટિન નામના બીજા ખેડૂત કુટુંબ સાથેના એના જૂના સંબંધો તોડી નાખવા અને એ કુટુંબના યુવાન રૉબર્ટ માર્ટિનનો લગ્નનો પ્રસ્તાવ પણ પાછો ઠેલવા તે હૅરિયેટને સમજાવે છે; અને મિ. એલ્ટન નામના એક બીજા મહત્ત્વાકાંક્ષી ને અલગારી યુવાન પાદરી પ્રતિ એનું ધ્યાન દોરે છે. મિ. એલ્ટનનું વર્તન જોતાં એમ્માને એમ લાગે છે પણ ખરું, કે એ હૅરિયેટ પ્રત્યે આકર્ષાયો છે અને આવું યુગલ જોડી આપવાની પોતાની કુનેહ પર એમ્મા વારી જાય છે.

એમ્માની સ્વભાવગત નબળાઇઓથી પરિચિત એના બનેવી મિ. નાઇટલે એમ્માની હેરિયેટ પ્રત્યેની આવી વિચિત્ર મમતાથી કચવાય છે, અને એને ચેતવે પણ છે કે આમ કરવામાં એમ્મા પોતાનું કે હેરિયેટનું કોઈનું કલ્યાણ નહિ કરી શકે. તેમાં જ્યારે એને એમ ખબર પડે છે કે રૉબર્ટ માર્ટિનનો લગ્નપ્રસ્તાવ પણ પાછો વાળવા હેરિયેટને એમ્માએ ચડાવી છે ત્યારે તો એને બહુ દુઃખ થાય છે. જોકે એમ્મા તો એમ માને છે કે હેરિયેટ—એલ્ટન પરસ્પરને ખૂબ ચાહે છે; એટલે એને તો આમાં કશું ખોટું નથી લાગતું.

પણ એક વાર એકાંતે એલ્ટન જ્યારે ખુદ એમ્મા સાથે જ પોતાના લગ્નનો પ્રસ્તાવ મૂકે છે ત્યારે એમ્મા ચોંકી ઊઠે છે, એને તરત ભાન થાય છે કે હેરિયેટને ખાતર પોતે જે પ્રયત્નો કર્યા હતા, જે કુમાશ બતાવી હતી, એનો અર્થ એલ્ટને અવળો લીધો હતો—એના મનમાં મોટી ગેરસમજ થઈ હતી. એ તરત એલ્ટનના પ્રસ્તાવનો ઇન્કાર કરે છે. પણ, હૅરિયેટને આ સમાચાર આપવા એ ય આઘાતજનક હતું. ત્યાં તો, એ પછી થોડા જ સમયમાં બીજો એક બનાવ બને છે.

જેઈન ફેરફૅક્સ નામની એક સુંદર અને વિનયી યુવતી, જે આ ગામની એક કુંવારી મિસ બેટ્સની ભત્રીજી છે. તે હાર્ટફીલ્ડ સમાજમાં આવીને રહે છે અને તરત સૌને પ્રિય થઈ પડે છે. સૌંદર્ય અને મધુર વિવેક-વ્યવહારમાં એ એમ્માની બરાબરી કરે એવી હતી, અને એમ્માના બનેવી નાઈટ્લેના કહેવા મુજબ, આ જ કારણે એની મિત્ર બની શકતી ન હતી. પણ એમ્મા તો એમ માનતી હતી કે જેઈનનું અતડાપણું જ એમના આછા સંબંધોનું કારણ હતું.

એમ્માની આયા જેને પરણી છે તે મિ. વેસ્ટનની પ્રથમ પત્નીના પુત્ર ફ્રૅન્ક ચર્ચિલે પોતાના માતૃકુળનું નામ સ્વીકાર્યું હોવાથી હાર્ટફીલ્ડના મંડળે એનો ઈન્કાર કર્યો હતો અને તેથી એ દૂર રહેતો હતો. એ ઘણા વખતથી અહીં આવવાનું લખતો હતો, પણ આવ્યો ન હતો. જેઈનના હાર્ટફીલ્ડમાં આવ્યા પછી ફરી એક વાર વેસ્ટન-દંપતી પર પુત્ર ફ્રૅન્ક ચર્ચિલનો પત્ર આવે છે કે પોતે હાર્ટફીલ્ડ આવે છે. અને આ વેળા તો એ ખરેખર આવે છે. એમ્માને એ મોહક અને વિનયી યુવક લાગે છે અને વૂડહાઉસ-કુટુંબ તરફથી તેમજ જેઈન જ્યાં રહેતી હતી એ બેટ્સ-કુટુંબ તરફથી પણ આ ફ્રૅન્કને ઉપરાઉપર આમંત્રણો મળવા માંડે છે. આમાં ફ્રૅન્ક અને એમ્માનો સંબંધ વધતો જાય છે ને વેસ્ટન-દંપતીને તો આ ગમતી વાત હોય છે.

એક વાર જેઈનને એક પીઆનોની અનામી ભેટ મળે છે. એથી જાતજાતની કલ્પનાઓ થવા માંડે છે. જેઈન તો કોઇને કાંઈ નથી કહેતી, પણ નાઈટ્લેના જેઈન પ્રત્યેના વર્તન પરથી પાદરી-પત્ની મિસિસ એલ્ટન મેળ બેસાડવા માંડે છે. આથી એમ્માને ચિંતા થાય છે. જેઈન-નાઈટ્લે પરણે એ વિચારને એમ્મા કેમ સહી શકે? પણ પછી એ મન મનાવે છે કે એમાં નાઈટ્લેનો મૈત્રીસંબંધ જ શક્ય છે, વધુ કાંઈ નહિ.

ફ્રૅન્ક ચર્ચિલની મુલાકાત પૂરી થાય છે. જોકે છેલ્લે એને એમ્માને કશુંક કહેવું હોય એવું લાગેલું, છતાં એમ્માએ એને તક જ ન આપી; કારણ કે એની ઇચ્છા એની સાથે માત્ર મૈત્રીસબંધ રહે એટલી જ હતી, વિશેષ નહિ. આ બાજુ, બહારગામ ગએલો પાદરી મિ. એલ્ટન પાછો આવે છે ત્યારે પરણીને આવે છે. એની પત્ની અવિવેકી ને ઘમંડી છે. હૅરિયેટની પ્રેમભંગની વેદના આ લગ્નથી શમી જાય છે એક વાર નૃત્યમાં એનો એલ્ટને ઈન્કાર કર્યો અને નાઈટ્લેએ એની સાથે નૃત્ય કરવા હા પાડી ત્યારથી એલ્ટન માટેની એની વેદના લુપ્ત થઈ જાય છે અને એ નાઈટ્લે તરફ આકર્ષાય છે, અલબત્ત, એમ્માની અણજાણમાં જ.

લગ્નસંબંધો અંગેની આ ગેરસમજો વધતી જ જાય છે. એમ્મા હવે ચર્ચિલને હૅરિયેટના પતિ તરીકે વિચારવા માંડે છે. પણ એ અંગે કશો પ્રયાસ નથી કરતી. હૅરિયેટ નાઈટ્લેની જ્યારે વાત કરતી હોય છે ત્યારે એમ માને છે કે એ ચર્ચિલનાં વખાણ કરે છે અને તેથી ખુશ થવા માંડે છે. આ તરફ મિસિસ વેસ્ટન એમ માને છે કે નાઈટ્લે જેઈન ફેરફૅક્સ સાથે જોડાવા ઇચ્છે છે; જ્યારે મિ. નાઇટ્લેને શંકા પડવા માંડે છે કે જેઈન અને ચર્ચિલ વચ્ચે કશાક ખાનગી કરારો થઈ રહ્યા છે. અને મિ. નાઈટ્લેની આ શંકા અંતે સાચી પડે છે; કેમ કે ચર્ચિલ પોતાના માતાપિતા આગળ જેઈન સાથેનો વિવાહ જાહેર કરે છે. આમ હૅરિયેટના લગ્ન અંગેની વેતરણમાં એમ્મા ફરી એક વાર નિષ્ફળ જાય છે. જોકે હૅરિયેટને આ ખબરથી કશું નથી લાગતું, પણ એમ્માના આશ્ચર્યનો પાર નથી. વળી લાંબી વાતને અંતે એને એ પણ જાણવા મળે છે કે હૅરિયેટ નાઈટ્લેથી આકર્ષાઈ છે! અને એ વાત જાણતાં એમ્માને હવે પોતાના હૃદયની સ્થિતિનો ખયાલ આવે છે કે એ પોતે જ નાઇટ્લેને તો ચાહતી હોય છે! એને થાય છે કે આ હૅરિયેટ સ્મિથને પોતે કદી ન જ મળી હોત તો સારુ થાત! હૅરિયેટ સ્મિથને પોતે સાચી રીતે ઓળખી જ ન શકી એ એને ખૂંચે છે.

પણ આ બધા આ વાતોના દુઃખનો જે રીતે અંત આવે છે એથી એમ્મા હર્ષપુલકિત થઈ ઊઠે છે: એક વાર નાઈટ્લે જ એની આગળ લગ્નનો પ્રસ્તાવ મૂકે છે. પોતાના વૃદ્ધ પિતાથી દૂર થવું પડે એ એમ્માની ચિંતાનો પણ નાઈટ્લે ઉકેલ લાવે છે, કે પોતે લંડન નહિ જતાં હાર્ટફીલ્ડમાં જ રહેશે. આની સાથોસાથ નાઈટ્લેના પ્રયત્નથી પેલા ખેડૂત ખાનદાનના યુવાન રૉબર્ટ સાથે હૅરિયેટનાં લગ્ન ગોઠવાય છે. આમ યુવાન-યુવતીઓ યોગ્યરીતે જોડાયાં એથી એમ્માને આનંદ થાય છે.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક-આલેખક
રવિશંકર રાવળ

રણજિતરામ



આ અંકમાં શ્રી મુનશીએ, તેમ અન્યત્ર અનેકોએ અવારનવાર કબૂલ્યું છે તેમ, રણજિતરામ તે કાળની પેઢીમાં ગુજરાતનું ગૌરવભાન પ્રકટાવનાર મુખ્ય પ્રેરક બળ બની રહેલા. એમણે અમદાવાદમાં 'ગુજરાતસાહિત્યસભા' અને 'ગુજરાત કેળવણી મંડળ'ની સ્થાપના કરી, 'ગુજરાતી સાહિત્ય પરિષદ' ભરવાની શરૂઆત કરી, ગુજરાતના ઇતિહાસનાં સાધનો એકઠાં કર્યાં અને તેના વિવિધ સમાજો, વ્યવહારો, રિવાજો અને વ્યક્તિવિશેષોથી આ દેશ કેવો ગૌરવસંપન્ન છે તેનું ભાન કરાવી ગુજરાતનો સર્વાંગ વિકાસ સાધવાની મહત્ત્વાકાંક્ષા અનેકનાં હૃદયમાં જન્માવી.

---

૩૨૪ કલ્યાણ મોતીની ચાલમાં

મુંબાઈ જતાં રસ્તામાં મોટા ભાઈ પાસે બે દિવસ આનંદના ગુજારી ૧૫મી જૂનથી શાળાના શરૂ થતા વર્ગોમાં જોડાઈ ગયો. આટલા લાંબા અરસામાં મુંબાઈના આપ્તમંડળમાં ઘણા ફેરફાર થયા હતા. જેભાઈએ વતનમાં જઈ બીજી વાર લગ્ન કરી લીધું હતું ને કામચલાઉ મુકામ પીપળવાડીમાં રાખ્યો હતો. પરેલમાંનું મગનબાગ-મંડળ વીખરાઈ ગયું હતું. મનુ ગિજુભાઈના નાના ભાઈ વનમાળીદાસ સાથે રહેતો હતો; પણ એ વનુભાઈનાં લગ્ન સારા કુટુંબમાં થતાં તે પોતાના સસરાના મકાનમાં ભાયખલા રહેવા ગયા, એટલે મનુએ પોતાના મિત્ર રામશંકર સાથે વસવાટ ગોઠવ્યો હતો. મારા મિત્ર બચુભાઈ મૂળાણીએ નાટક કંપનીના કામથી થાકીને પાછા આવી, ભૂલેશ્વરના એક મેડા પર રહેવાનું અને કામ કરવાનું રાખી, બહાર 'છબી ચીતરનાર બચુભાઈ' એવું પાટિયું લગાવી દીધું હતું. મસ્તરામે મેડિકલ લાઈનમાં જવાનો નિર્ણય કર્યો હતો એટલે તે પણ તુરત માટે ભાયખલે જઈ વનુભાઈના મહેમાન થયા હતા.

આ બધી ઘટનાઓમાં મારે માટે મુકામનો પ્રશ્ન જટિલ બની ગયો હતો. મેં થોડા વખત માટે મારા જૂના મિત્ર ભોગીલાલભાઈની પેઢી પર મુકામ કર્યો મારી જેમ મૂંઝાતા જેભાઈ તથા મસ્તરામ મળી ગયા એટલે અમે ત્રણેએ બને તો ક્યાંક એકસાથે રહેવાનો વિચાર કર્યો. એવામાં કાંદાવાડીની કલ્યાણ મોતીની ચાલમાં જ રહેતા મારા પિતાશ્રીના મિત્ર શ્રી અર્જુનલાલ મહેતાને મળવા હું ગયો, ત્યાં વાત કરતાં મેં મારી મુશ્કેલી જણાવી કે તેમણે તુરત કહ્યું કે 'આ ચાલીમાં જે કુટુંબો રહે છે તે કાયમી હોય છે, પણ નીચેના માળે મારા એક મિત્ર ખાલી કરી જવાના છે. તે રૂમ છેવટની દાદર પાસેની છે. હાલ ને હાલ રાખી જ લ્યો.' મેં સંમતિ દર્શાવી એટલે ઉપરના માળે રહેતા મકાનમાલિક પાસે મને લઈ જઈ સિફારસ કરીને નીચેના પહેલા માળની, કાંદાવાડીના રસ્તા પરની ચાલની રૂમ નં. ૧૮ નક્કી કરી આપી.

આ ખબર મેં જેભાઈને તથા મસ્તરામને પહોંચાડ્યા કે તુરત અમે રૂમનો કબજો લઈ બિસ્તર પેટીઓ સાથે ગોઠવાઈ ગયા. પાણી-કપડાં માટે ચાલીમાં જ કામ કરતા ઘાટીને બાંધી લીધો. પણ અમારા બે જનની પંચાત રહી. ત્રણેએ નિશ્ચય કર્યો કે સારી રૂમ મળી, એટલે જરા ઠાઠથી રહેવું. ખર્ચનો થોડો વળ આવશે. પણ નિભાવી લઈશું. જેભાઈએ બધી ખરીદી ને હિસાબનું માથે લીધું. મસ્તરામ ક્યાંકથી એક મહારાજ શોધી લાવ્યા. ખાસ્સો પહોળો જવાન હતો તેણે રસોઈ તો શેઠિયા પસંદ કરે એવી બનાવવા માંડી. તેલ મસાલા ઘી દૂધ ઘરની જેમ વાપરે, એટલે રસોઈના ચટાકા થાય અમે ખુશ થઈ ગયા કે હવે અમે ગૃહસ્થાઈવાળું જીવન પામ્યા અમારી દરેકની ટેવો જુદીજુદી હતી હું વહેલો જ ઊઠનારો, એટલે દૂધ લઉં અને ચાની તૈયારી કરું. મસ્તરામ આરામથી ઊઠે પણ બધી વ્યવસ્થા કરી નાખે જેભાઈ મોડી રાત સુધી પીપળવાડીમાં જઈ સોગઠાંબાજી, વાતો ને પાનપટ્ટીની મોજ કરી સૂવા આવે, તે સૌથી મોડા ઊઠે, પણ શાકથી માંડી સીધાંસામાન તથા રાચરચીલાંની ખરીદી અને હિસાબ સંભાળે.

અમે સ્વભાવે આમ જુદા છતાં એકબીજાની પૂર્તિ કરનારા હોવાથી સાથે રહેવાનું ફાવી ગયું હું અને મસ્તરામ દસ વાગ્યે જમીને નીકળી જઈએ. તેણે દાક્તરી અભ્યાસ માટે કાતર, સ્ટેથોસ્કોપ. એવી થોડી ખરીદી કરી નાખી હતી. તે રોજ વહેલા જ રૂમ પર આવી જતા. હું સાંજે પાંચ વાગ્યે પાછો આવું ત્યારે બિછાનું પાથરી બેઠક જમાવે અને સરસ ચા બનાવી રસિક વાતો કરે, કાં તો કંઈ રસભર્યું વાંચી સંભળાવે. રવિવારે અમે ત્રણે સાથે જમીએ અને સાંજે સાથે ફરવા નીકળીએ. મહાશંકર મહારાજ મજેથી પોતાનું ભર્યું ભાણું ખાઈને ઘાટીને શાક કરવાનું સોંપી ઊંઘ તાણવા માંડે.

૩૨૫ નવા પરિચયો

હું આર્ટ સ્કૂલમાંથી કાલબાદેવી થઈ, કંચેડ્રલ સ્ટ્રીટમાં વળી, ભૂલેશ્વર પાંજરાપોળ નજીકના રસ્તા પર બચુભાઈને મેડે જઈ બેસતો. એ સ્થાનમાં તેમના કુટુંબપરિવારનો મને સારો પરિચય થયો. ઘણી વાર તેમની ચામાં ભળી જતો ને તેમની પુત્રીઓ મને વડીલ જેવા ભાવથી આદર આપતી. નાની બહેનોને હું હીંચકાવતો કે રમાડતો. બચુભાઈના સંસ્કાર ઊંચા પ્રકારના હતા, તેમ જ તેમના સંબંધીઓ વિદ્વાન ને પ્રભાવી પુરુષો હતા. અત્યાર સુધી હું તેમને એકલાને તેમના સ્ટુડિયો ઉપર મળતો હતો, પણ તેમને ઘેર બેસતોઊઠતો થયો ત્યારે જાણ્યું કે તેમના સાઢુ ભાઈ પ્રભુલાલભાઈ વિદ્વાન વૈદ્યશાસ્ત્રી હતા અને ઝંડુ ફાર્મસીનું કાલબાદેવીનું દવાખાનું સંભાળતા. તેમનાં સુપુત્રી દેવીબહેન બચુભાઈને ત્યાં કોઈ વાર આવતાં ત્યારે એ બાલકુમારીમાં આર્ય કન્યાનાં તેજ હું જોઈ શકતો. તેમના અન્ય મિત્રમંડળમાં ઝંડુ ફાર્મસીના સંચાલક જગતરામભાઈ તો પ્રખ્યાત વૈદ્યશિરોમણિ ઝંડુ ભટ્ટજીના પૌત્ર હતા અને બીજા આપ્તજન ભગવાનલાલ ભટ્ટ ઝંડુ ફાર્મસીના મૅનેજર હતા. કાલબાદેવીની દુકાન પર મોહનભાઈ મહેતા હતા, અને ફાર્મસીના વૈદ્ય દુર્ગાશંકર શાસ્ત્રીને તો હું તેમના સાળા ચંદુલાલ દ્વારા પિછાનતો થયો હતો.

૩૨૬ રણજિતરામની વ્યાપકતા

આ બધા ગમે તે દહાડે, સાથે કે એકલા, બચુભાઈને ત્યાં મળી જતા. ભગવાનલાલભાઈ બંગાળી ભાષાના જ્ઞાતા હતા. તેમને અને મહાદેવભાઈને સારો સંબંધ હતો. એક વાર રણજિતરામ મને બચુભાઈને ત્યાં મળી ગયા. એમની સાથે મને ભાવનગરથી ઠીક પરિચય

મા સિક પ્રગટ કરવાની તૈયારી કરે છે. હું તમને એમના પર પરિચય-પત્ર લખી આપું છું, વહેલી તકે તેમને મળો જ. ગુજરાતના યુવાનો અને સાક્ષરોએ 'ગુર્જરસભા' નામની સભા સ્થાપી છે તે વખતો-વખત રવિવારે તમારી નજીક આર્યસમાજ મંદિરમાં મળે છે ત્યાં પણ આવો. એથી ઘણાને ઓળખતા થશો. આવતા રવિવારે "ગુજરાતની અસ્મિતા" ઉપર હું બોલવાનો છું.'



ઝંડુ ફાર્મસીના પંચના આદ્ય સભ્યો (જમણી બાજુથી): શ્રી દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી (ઔષધોના શાસ્ત્રોક્ત પાઠોનાં સંશોધન કરનાર); શ્રી મોહનલાલ મોહકમચંદ શાહ, શ્રી જુગતરામ શંકરપ્રસાદ વૈદ્ય (શ્રી ઝંડુ ભટ્ટજીના પૌત્ર અને ફાર્મસીના આદ્ય સ્થાપક); શ્રી મથુરદાસ મહેતા (આજે એકમાત્ર હયાત); અને શ્રી ભગવાનલાલ ગિરજાશંકર ભટ્ટ (ફાર્મસીના સંયોજક અને સંચાલક).

થએલો, અને સુરતના પ્રદર્શન પછી તે મારામાં વધુ રસ લેતા થયા હતા. તેમને મેં મારા અભ્યાસ અને નિવાસ સંબંધી માહિતી આપી એટલે તેઓ એકદમ બોલ્યા કે તમે હાજીમહમ્મદ અલારખિયાને ઓળખો છો ? મેં ના કહી, એટલે તેમણે કહ્યું કે 'તમે જરૂર તેમનો પરિચય કરો. તેઓ કલાના રસિયા છે અને ગુજરાતીમાં એક સચિત્ર



કવિ નાનાલાલના 'કોઈ કહો એ કોયલડીને' કાવ્ય માટે આલેખેલાં ને 'વીસમી સદી'ના પહેલા અંકમાં પ્રકટ થએલાં, શ્રી રવિશંકર રાવળનાં પ્રથમ ચિત્રો

૩૨૭ હાજીમહમ્મદ અલારખિયા શિવજી

એમની ચિઠ્ઠીએ મારા મનમાં ખૂબ ઉમંગ ઉપજાવ્યો. રૂમ પર પહોંચી મેં મારા સાથીઓને વાત કરી. બીજે દિવસે વહેલો ઊઠી, નાહી પરવારી, મારી એકાદ સ્કેચબુક સાથે રાખી હું ચાલતો જ પાયધુની આગળથી માંડવીમાં થઈ ખોજા મહોલ્લામાં પહોંચ્યો. ખૂબ લાંબું ચાલવું પડ્યું. એકલી મુસ્લિમ વસતિવાળા એ વિભાગમાં હું કદી ગએલો નહિ, એટલે મને તો મુંબાઈમાં બગદાદની કોઈ શેરીમાં જતો હોઉં તેવું લાગ્યું. ફકીરો સવારનાં કવન ગાતા સામે મળતા. મસ્જિદોમાંથી ગંભીર ચહેરાવાળા બુઝર્ગો ખભે રૂમાલ રાખી બહાર કે અંદર જતા દેખાતા. યુવાનો કે સ્ત્રીઓ નજરે પડતાં ન હતાં. આસપાસ મરઘાં ચણતાં હતાં, ગટરની ગલીઓમાંથી જુદી જ જાતની વાસ આવતી હતી. ઘરના નંબર વાંચતો હાજીના મકાન પાસે પહોંચ્યો; ત્યાં હાથમાં દૂધ લેવાનું વાસણ લઈ ઊતરતા એક બબરચીને પૂછતાં તેણે ત્રણ દાદર ઉપર ચડીને ચોથે મજલે પૂછવા કહ્યું. ચોથે માળે પહોંચી મેં ઘંટડી વગાડી કે તુરત સફેદ લેંઘા કુડતાવાળા, પગમાં સપાટ સરકાવતા એક જુવાન છોકરાએ બારણું ઉઘાડ્યું. મને લાગ્યું કે હું ઘણો વહેલો આવ્યો છું. કારણ કે એની આંખમાં ઊંઘ દેખાતી હતી. તે બહેરા જેવો લાગ્યો. તેને મેં ચિઠ્ઠી બતાવી એટલે બોલ્યો: 'હા બરાબર, અહીં જ; અંદર આવો' એમ કહીને એણે મને સીધો જ એક પુસ્તકો ભરેલા કબાટોવાળા ખંડમાં લઈ જઈ બેસાડ્યો. એ નાની સરખી જગ્યામાં છત સુધી પહોંચતાં કાચનાં કબાટો જાતજાતનાં પુસ્તકોથી ભરેલાં હતાં. હું કોઈ લાયબ્રેરીખંડમાં બેઠો હોઉં તેવું લાગ્યું. આરસના ટેબલની આસપાસ ખુરશીઓ હતી અને પ્રવેશદ્વારની પાસે મોટું ઑફિસટેબલ કાગળો અને પુસ્તકોથી ભરેલું હતું.

નીચે સામે મળેલો બબરચી આવીને ટેબલો પર બધું ઠીકઠાક કરીને બ્રશ વતી નીચેની ફર્શ સાફ કરી ગયો. મારી ચિઠ્ઠી બાજુના ખંડમાં પહોંચી ગઈ હતી. મેં કોઈ દાઢીવાળા બુઝર્ગ હાજીમહમ્મદને જોવાની ધારણા રાખેલી; પણ થોડી વારે બારણા તરફ ઝડપી પગલાંવાળી સપાટોનો અવાજ થયો અને જોયું તો સફેદ લેંઘા અને સફેદ ઝબ્બામાં, ઊંચા કદના, કપાળ પર સુકોમળ વાળનાં ઝુલ્ફાંવાળા, નમૂનેદાર નાક અને ફરફરતી પાતળી મૂછો નીચે હસી રહેલા મોંવાળા રૂપાળા ચહેરાના પ્રૌઢ ગૃહસ્થ સીધા મારી તરફ આવ્યા. હું ઊભો થઈ ગયો. તેમણે પ્રેમથી હાથ મિલાવી કહ્યું: 'બેસો, મને જરા વાર થશે. આ નવાં ચોપાનિયાં જુઓ. ચા કે નાસ્તો કંઈ લેશો ? અમારું ખપશે કે ?' મેં હસીને કહ્યું: 'તેની ચિંતા ન કરો. હું પરવારીને નિરાંતે આવ્યો છું.' તેઓ બાજુના ખંડમાં ચાલ્યા ગયા. ચાના પ્યાલા ખખડ્યા. એક બાઈનો અવાજ, એક બાળકનો અવાજ, બબરચીને થોડાક હુકમો—અને ફરી વાર તેઓ તાજા થએલા મારી પાસે આવ્યા.

'શું, કાંઈ તમારું કામ લાવ્યા છો ?' મારી પાસે સ્કેચબુક સિવાય કંઈ ન હતું. એમણે તે જોતાંજોતાં કહ્યું: 'સ્કૂલમાં હજુ જૂની નજર છે. યુરોપના જૂના ચિત્રકારોનાં કોઈ નામો કે ચિત્રોથી પરિચિત હશો પણ આજકાલ રોજ ચિત્રો કરનારા મતાનિયા, ડ્યુલાક, મૉન્ટગૉમરી





ગુજરાતના સચિત્ર પત્રકારત્વના અગ્રચારી હાજીમહમ્મદ અલારખિયા શિવજી (તેમના ટેબલ આગળ) અને (જમણી બાજુ) તેમણે સ્થાપેલા 'વીસમી સદી' માસિકના પહેલા અંકનું ચિત્ર

વગેરેને જાણો છો? તમારા ધુરંધર મારા ખાસ મિત્ર છે. મેં તેમને સમજાવી, સલાહ આપી ઉમરખય્યામમાં ચિત્રો કરાવ્યાં છે. મારી પાસે હાલના યુરોપીય ચિત્રકારોનો તેમજ સાહિત્યનો મોટો સંગ્રહ છે. આપણા ગુજરાતી સાક્ષરો શું-શાંની ચર્ચામાંથી ને હ્રસ્વ-દીર્ઘની ફરિયાદોમાંથી ઊંચા આવતા નથી. દુનિયામાં ઘણું બની રહ્યું છે તેની તેમને જાણ નથી. હું ગુજરાતીમાં અંગ્રેજી 'સ્ટ્રૅન્ડ' અને 'પીઅર્સન' જેવું માસિક કાઢવાની તૈયારીમાં છું, પણ લડાઈના કારણે મારાં પૂઠાં ઇંગ્લંડથી છપાઈને આવ્યાં નથી. હજી માત્ર પ્રૂફ આવ્યું છે. બેચાર અંકોનું સાહિત્ય મેં તૈયાર કરી નાખ્યું છે. તમે શી મદદ કરી શકશો? તમારા સ્કેચ સારા છે. ભાવનાનાં ને વાર્તાનાં ચિત્રો કરી શકશો?'

૩૨૮ નવી દીક્ષા

આવીઆવી વાતો કરતા જાય ને મારી સામે જાતજાતના ચિત્રગ્રંથો મૂકતા જાય. ચિત્રો વિષેની તેમની ઝીણી સમજ અને વાચનના વિષયો પરની વિશાળ નજર મને મુગ્ધ કરી ગઈ. તે દિવસે તેમણે મને બેચાર ફોટોગ્રાફ આપ્યા અને તે પરથી રેખાચિત્રો બનાવી લાવવા કહ્યું. ચંદ્રશંકર પંડયાની 'ઘાટ ઘડજે રૂડી પેર' કવિતા અને નાનાલાલની 'કોઈ કહો એ કોયલડીને' કવિતા સચિત્ર બનાવી લાવવા કહ્યું.

અત્યાર સુધી કોઈ માસિકે વાર્તાચિત્રો કે કવિતાચિત્રો તેમજ લેખકનાં પ્રતિરૂપો આપવાનો વિચાર પણ કર્યો નહોતો. એકેએક લેખના લેખકનો છબી સાથે પરિચય આપવાનો તેમનો ખૂબ આગ્રહ હતો. સચિત્ર પત્રકારત્વનું સ્વરૂપ સમજવા માટે એમણે મને 'સ્ટ્રૅન્ડ' અને 'પીઅર્સન'નાં પ્રથમ વર્ષની ફાઇલો આપી ને કહ્યું: 'એ જોજો, અને આપણા માસિક 'વીસમી સદી' વિષે ખયાલો બાંધજો.' તે વખતે તેમણે ઇંગ્લંડથી આવેલાં કવર-ચિત્રનાં પ્રૂફ મને બતાવ્યાં: ધુરંધર પાસે તેમણે ગુર્જર યુવતીની મુખછબી કરાવી હતી અને સાથે મોટા માપમાં 'વીસમી સદી' અક્ષરો લહેકાથી મુકાવ્યા હતા. આવું પૂઠું ગુજરાતનાં તો શું ભારતનાં માસિકોમા યે મેં જોયું નહોતું પછીથી મને ખબર પડી કે તેમણે નૅશ (Nash) મૅગઝીનના કવરનો નમૂનો રાખી દર મહિને યુવતીના નવાનવા ચહેરા પૂઠા પર મૂકવા ધાર્યા હતા. આમ, મારી સાથે લગભગ ત્રણ કલાક તેમણે તેમનો જાદુ ચલાવ્યે રાખીને છેવટે ગમે ત્યારે આવી મળવાની તેમણે મને ઉદાર અનુજ્ઞા આપી.

મેં જઈને મસ્તરામને આ મુલાકાતની વાત કરી ત્યારે તે આનંદથી મને ભેટી પડ્યા: 'આપણને જરૂર છે એવા મિત્ર મળી ગયા છે.' હું તેમને બીજી વાર મળવા અધીર બન્યો. તેમના માટે કવિતાનાં ચિત્ર તેમજ સાક્ષરોના ફોટો ઉપરથી રેખાચિત્રો પણ કરી નાખ્યાં. માસ્તર રમણિક (મહેતા) તેમના એક પ્રશંસક મિત્ર હતા. તે ગમે તે વિષયના સારા તરજુમા કે સારભૂત લેખો લખનારા હાથવગા સહાયક હતા. તે મારી પાછળની ચાલીમાં જ રહેતા. એમનો સ્કેચ મારે એમને મળીને નજરથી જ દોરવાનો હતો. બીજે દિવસે એમને મળ્યો ત્યારે એ તો જબરા વાતોડિયા લાગ્યા અમદાવાદના રહીશ. ટ્યુશનો સારાં મળી ગએલાં તેથી પતિપત્ની સુખચેનમાં રહેતાં. પડોશનો એમનો પરિચય મને પણ એક નવું વાતાવરણ અને માહિતી આપનારો બન્યો.

૩૨૯ ગુર્જર સભા

રવિવારે સાંજે ચાર વાગ્યે હું ગીરગામના આર્યસમાજ મંદિરમાં પહોંચી ગયો. હૉલ અનેક યુવાન અને પ્રૌઢ ગુજરાતીઓથી ભરાઈ ગયો હતો. ઉત્તમલાલ કેશવલાલ પ્રમુખસ્થાને હતા. રણજિતરામ 'ગુજરાતની અસ્મિતા'નો વિષય લખીને તૈયાર કરી લાવ્યા હતા. એમણે કશા પણ ઊંચાનીચા ઉછાળા વિના, ધીર ગતિએ પોતાના વિષયનું દર્શન સ્પષ્ટ કર્યું. ગુજરાતનો ઇતિહાસ વિવિધ સમાજો, રિવાજો, વ્યવહારો અને વ્યક્તિવિશેષોથી કેવો ગૌરવસંપન્ન છે તેનું ભાન પ્રજાને કરાવે એવા લેખો, વાર્તાઓ અને દાર્શનિક પ્રકારો સર્જવા માટે યુવાનોએ સભાન પ્રયત્નો કરવા જોઈએ તે કહ્યું. પછી તો ઘણા વક્તા બોલવા આગળ આવ્યા ભરૂચી પાઘડી ને આછી મૂછોવાળા મુનશી, બંગલોરી ટોપીમાં મનસુખલાલ માસ્તર અને ચંદ્રશંકર પંડ્યા, ચપળ ચબરાક ને ટૂંકા કદના તેજસ્વી વિભાકર અને બીજા ઘણા ય બોલ્યા. સભાખંડ ભરચક હતો. હાજીમહમ્મદ પણ આવ્યા હતા. રણજિતરામને તેમણે કહ્યું: 'આ તમારી ચિઠ્ઠીવાળા કલાકારને મારી મંડળીમાં ભેળવી દીધા છે.' રણજિતરામે ગુજરાતની અસ્મિતાનું જે રૂપ કલ્પ્યું હતું તેનું ઘડતર કરનારા પણ એ દિવસની સભામાં હતા. હાજીના પત્ર દ્વારા એ પ્રક્રિયાની પ્રસિદ્ધિ થવાની હતી. સૌ એમના પત્ર માટે વિવિધ આશા અને આશંકા સેવતા હતા. આ વખતે રણજિતરામે શેઠ રતનસી મોરારજીના સાથી અને લાયબ્રેરિયન તરીકે તેમના બંગલા 'વસંતવિહાર'માં નિવાસ કર્યો હતો. (ચાલુ)

હફતો ૫

કનૈયાલાલ મુનશી

એમનું સાહિત્યજીવન

મોટે ભાગે એમના શબ્દોમાં

અને સર્જકપ્રતિભા

લેખકઃ ડૉ. મધુસૂદન પારેખ

પ્રતિભાશાળી નવલકથાકાર અને નાટ્યકાર મુનશીના જીવનનો પરિચય હોય તો એમની કૃતિઓને સમજવાની એક વિશેષ ચાવી મળી રહે. મુનશીએ પોતાનાં આત્મકથાત્મક પુસ્તકો દ્વારા એ સુવિધા કરી આપી છે. 'કાન્ત' અથવા 'કલાપી'ની જેમ મુનશીના જીવનનું પણ સીધું પ્રતિબિંબ એમની કેટલીક કૃતિઓમાં પડેલું છે.

એમની આત્મકથા 'અડધે રસ્તે'નો પહેલો ખંડ ઈ. ૧૯૪૩માં પ્રસિદ્ધ થયો. એ પછી 'સીધાં ચઢાણ'ના બે ભાગ, અને છેલ્લે 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' એ પુસ્તકો દ્વારા તેમણે પોતાની જીવનકિતાબનાં થોડાં પૃષ્ઠો ખુલ્લાં મેલ્યાં છે. 'આત્મકથા'નો પ્રકાર ખેડવો એ ખૂબ કપરું કાર્ય છે. લેખકમાં સચ્ચાઈ ને નીડરતા ન હોય તો 'આત્મકથા' રચાવી જ મુશ્કેલ. મુનશીએ જરા પણ સંકોચ વિના પોતાના જન્મથી માંડીને લગભગ ૧૯૨૬ની સાલ સુધીના જીવનપ્રસંગો વર્ણવ્યા છે. એના આલેખનમાં એમણે પોતાની સિદ્ધિઓ દર્શાવી છે, તો મર્યાદાઓ પણ અછતી નથી રાખી. મુનશીના 'રોમૅન્ટિક' જીવન અને એમાંથી પ્રગટતી એમની પ્રતિભાનો આસ્વાદ આ પુસ્તકો દ્વારા મળે છે. અલબત્ત, ગાંધીજીની આત્મકથા જેવો મુનશીએ પોતાના જીવનનો વિગતપ્રચુર સિલસિલાબંધ ઇતિહાસ આલેખ્યો નથી; છતાં એમના જીવનની ઘણી બધી ઘટનાઓનો રસપ્રદ ચિતાર અને એમના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંનો આસ્વાદ તો એમાંથી મળી રહે છે. આ આત્મકથન મુનશીએ સહજભાવે રમતિયાળ શૈલીમાં કર્યું હોવાથી એ શુષ્ક જીવનકથા બની રહેવાને બદલે વાર્તાવાચનનો આનંદ આપે છે એ એમની વિશેષતા છે. એમની છેલ્લી 'સ્વપ્નસિદ્ધિની શોધમાં' જોઈ કોઈ વાચકને લાગે કે આ ભાગ ન લખાયો હોત તો સારું થાત. પણ એમાં વર્ણવેલા અનુભવો બાલપણથી સેવેલી કલ્પનાનો પરિપાક છે: 'મારા જીવનની જે કાંઈ પ્રેરણા અને શક્તિ છે તેનું મૂલ પણ એમાં જ છે. એ ભાગમાં વર્ણવેલા અનુભવો હું કરતો હતો ત્યારે મારા મિત્રોના જીવ કપાઈ જતા હતા અને ચેષ્ટાખોરોને ખૂબ મજા પડતી હતી. એ ચેષ્ટાના ભણકાર મને હજી પણ કોઈ વાર સંભળાય છે. પણ ૧૯૨૨ થી ૧૯૨૯ સુધીમાં મારું એક વર્તન એવું નહોતું કે તેનો મને પશ્ચાત્તાપ થયો હોય કે આજે થતો હોય; એક કૃત્ય મારું એવું નહોતું કે જેથી મારે શરમાવું પડે.'

મુનશીની માત્ર સાહિત્યિક પ્રતિભાનો જ નહિ પણ એમની રાજકીય તેમજ ધારાશાસ્ત્રી તરીકેની કારકિર્દી તેમજ આત્મઘડતરની મથામણનો પરિચય એ ખંડોમાં થાય છે. કવિ સુંદરમે એમનાં આ પુસ્તકો વિષે યોગ્ય કહ્યું છે, 'કે મુનશીની આ આત્મકથામાં આ પ્રકારના લખાણ માટે આવશ્યક એવી નિખાલસતા, નિરાડંબર, આત્મનિરીક્ષણ અને સત્યાપ્રયતાનાં તત્ત્વો દેખાય છે એમાં નર્મદના જેવી પોતાનું બધું કહેવાની હોંશ છે, પણ તેના કરતાં લખાવટની 'સરસતા', આ યુગના સાહિત્યમાધ્યમમાં જેટલો વિકાસ થયો છે તેટલા પ્રમાણમાં, વધેલી છે. એમાં કલાપીમાં દેખાતી ઊર્મિની ઘેરાશ છે,




સંગ્રહ અને 'ગુજરાત'ની મુદ્રા પર પરશુરામની ફરસી, શ્રીકૃષ્ણનો ગરુડધ્વજ અને સિદ્ધરાજનો કુક્કુટધ્વજ અમે ચીતરાવ્યાં.

પણ એમાં મુનશીની કલાત્મક કથનની હથોટી સર્વત્ર દેખાય છે. એમાં ગાંધીજીની પેઠે જીવન ઘડવાની એક મથામણ આલેખાઈ છે; પણ પેલામાં જીવનની તથા વાણીની જે નિર્મલ સાત્ત્વિકતા છે તે અહીં જીવનની ઊર્મિઓના તથા વાણીના વ્યવહારના રસપ્રધાન ઉછાળાઓમાં ગેરહાજર લાગે છે. અર્થાત્ આ કથામાં મુનશીની કલમની તથા તેમના માનસની વિશેષતાઓ પૂરેપૂરી પ્રગટ થઈ છે. આ પુસ્તકને કેવળ તેના વિષયની દૃષ્ટિએ જોતાં તે મુનશીના વિકાસની એક હૃદયંગમ રેખા પૂરી પાડે છે એમાં શંકા નથી. ગુજરાતના સુનામી પુત્ર થવા સર્જાએલા ભવિષ્યના આ બહુધન બહુભોગી સમર્થ જાતકે જો પોતાની આ કથા લખી ન હોત તો ગુજરાત તેના અંતઃકરણના અભ્યંતર સુધી ન જઈ શક્યું હોત... મુનશીની સારી યા નરસી એક જ બાજુ જેમને જોવા જાણવા યા સાંભળવા મળેલી છે તેમને મુનશીની બધી બાજુઓના આલેખનવાળી છબી પણ ભાગ્યે જોવા મળી હોત.'

મુનશીએ જીવનમાં જે ક્ષેત્રો ખેડ્યાં તે દરેકમાં એમની પ્રતિભાના ચમકારા પ્રગટ થયા જ છે. એમની ધારાશાસ્ત્રી તરીકેની કારકિર્દી જુઓ, કે રાજપુરુષ તરીકેની પ્રવૃત્તિઓ તપાસો, કે એમની સર્જનપ્રવૃત્તિ નિહાળો, એ સર્વમાં એમનું વિશિષ્ટ પોત પ્રગટ થતું જણાશે. પત્રકારત્વના ક્ષેત્રમાં પણ 'ગુજરાત' સામયિક દ્વારા એમણે ગુજરાતની અસ્મિતાનો મહિમા પહેલી વાર પ્રગટ કર્યો. એ 'ગુજરાત'નો યે અનોખો ઈતિહાસ છે. એમના જ શબ્દોમાં:

'હું વડોદરા કૉલેજમાં હતો ત્યારથી ગુજરાતના ઈતિહાસથી મારી કલ્પના ઉત્તેજિત થઈ હતી. કૉલેજના છ-માસિકમાં 'ગુજરાત: નષ્ટ સામ્રાજ્યોનું કબ્રસ્તાન (Grave of Vanished Empires)' નામે લેખ મેં લખ્યો હતો, અને ૧૯૧૦માં ઈસ્ટ ઍન્ડ વેસ્ટ' નામક અંગ્રેજી માસિકમાં 'સોમનાથની જીત' પર ઐતિહાસિક નિબંધ લખ્યો હતો. ગુજરાતીમાં હું સારું લખી શકું છું એવી મને ખાતરી થઈ ત્યારે તેના સાહિત્યને સમૃદ્ધ કરવાનો મેં સંકલ્પ કર્યો. રણજિતરામના પરિચયથી ગુજરાતનો સર્વાંગી વિકાસ સાધવાની મહત્ત્વાકાંક્ષા પણ મારા હૃદયમાં જાગી અને ''ગુજરાતની અસ્મિતા'' શબ્દ મેં ગુજરાતીમાં પ્રચલિત કર્યો. ઈ. ૧૯૧૫માં 'પાટણની પ્રભુતા' દ્વારા તેની ઐતિહાસિક મહત્તા સર્જવાનો મેં પ્રયત્ન શરૂ કર્યો ને 'ગુજરાતના નાથે' ગુજરાતીઓને ભૂત ગૌરવનું ભાન કરાવ્યું... મારી સર્જનશક્તિનું મને ભાન આવ્યું એટલે સાહિત્યસંસદ્ અને 'ગુજરાત' માસિક દ્વારા ગુજરાતી સાહિત્ય અને સંસ્કારના વિકાસ ને વિસ્તાર સાધવા હું તત્પર બન્યો...



જવાહરલાલજી સાથે ૧૯૫૨ની સાયન્સ કૉંગ્રેસમાં


૧૯૨૨ના માર્ચમાં સંસદ્ સ્થાપી ને હું તેનો પ્રમુખ બન્યો, અને તેના મુખપત્ર તરીકે 'ગુજરાત' પ્રગટ કર્યું. એના પહેલા અંકમાં તંત્રીસ્થાનેથી મેં અમારું ધ્યેય વર્ણવ્યું: "આપણા સાહિત્ય તેમજ સંસ્કારનું વ્યક્તિત્વ સ્પષ્ટરીતે ખીલવવાને ચારે તરફથી પ્રયત્નો થાય છે અને એ વ્યક્તિત્વને પરિણામે જીવનમાં જે સંસ્કાર, ભાષા, ભાવ, કલા અને સમાજમાં સાંસ્કારિક અસ્મિતા પ્રગટેલી દેખાય છે એ અસ્મિતાને વ્યક્ત કરી, તેને વિકસાવી, ગુજરાતને બીજી બધી સંસ્કૃતિઓમાં એક સંસ્કારાત્મક વ્યક્તિ તરીકે સ્થાન અપાવવું એ ઇચ્છાથી આ સાહિત્ય-સંસદ ઊભી થઈ છે...ગુજરાતીઓ આજે કહી શકે કે અમારું જીવન અમને નિરાળું દેખાય છે તેથી સંસ્કારાત્મક વ્યક્તિ તરીકે બહાર પડવાનો અમને અધિકાર છે... સંસદ્‌ને 'ગુજરાત'ની મુદ્રા પર પરશુરામની ફરસી, શ્રીકૃષ્ણનો ગરુડધ્વજ અને સિદ્ધરાજનો કુક્કુટધ્વજ અમે ચીતરાવ્યાં...આમ, ગુજરાતના ઐતિહાસિક સાતત્યની મારી કલ્પના સાહિત્યમાં મૂર્તિમાન થઈ.'

ઈ. ૧૯૨૩માં સંસદના પહેલા વાર્ષિકોત્સવે મુનશીએ પ્રથમ આદિવચનમાં 'ગુજરાત-એક સાંસ્કારિક વ્યક્તિ'નું દિગ્દર્શન કરાવ્યું. એ પછીના વર્ષે 'પ્રણાલિકાવાદ' પર વ્યાખ્યાન આપ્યું.

'ગુજરાત'ની સાથે જ 'સાહિત્ય પરિષદ'નો તત્કાલીન ઇતિહાસ પણ ગૂંથાઈ ગયો છે ગુજરાતની અસ્મિતાનો સાક્ષાત્કાર કરવો ને કરાવવો એ મુનશીનું જીવનધ્યેય બની રહ્યું હતું એટલે સાહિત્ય પરિષદમાં 'પ્રાણ પૂરવો, સાહિત્યકારોને એકત્ર કરવા ને પ્રેરવા, એ મને ધર્મ દેખાયો.' પરિષદનો ઇતિહાસ મુનશી આમ વર્ણવે છે: '૧૯૦૪માં બંગાળમાં ઉદ્‌ભવેલા નવા રાષ્ટ્રચેતનને પરિણામે રણજિતરામ વાવાભાઈના હૃદયમાં ગુજરાતના ગૌરવનું ભાન પ્રાદુર્ભાવ પામ્યું. એમણે અમદાવાદમાં 'ગુજરાત સાહિત્યસભા' સ્થાપી અને 'ગુર્જર સાક્ષર જયંતીઓ'નો ઉપક્રમ શરૂ કર્યો ૧૯૦૫માં એમના પ્રયત્નથી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ની પહેલી બેઠક અમદાવાદમાં ભરાઈ. સમસ્ત દેશમાં આ પહેલી પરિષદ હતી. એના પ્રમુખ ગોવર્ધનરામ.'

એ પછી ૧૯૦૭માં મુંબાઈમાં, ૧૯૦૯માં રાજકોટ, ૧૯૧૨માં વડોદરા, ૧૯૧૫માં સૂરત અને છઠ્ઠી પરિષદ્ ૧૯૨૦માં અમદાવાદમાં ભરાઈ. ઈ.સ. ૧૯૨૪માં ભાવનગરમાં પરિષદ થઈ ત્યારથી, મુનશી કહે છે તેમ, 'મારે ગળે પરિષદનું નોતરું ભેરવાઈ ગયું.' ઈ. ૧૯૨૫ના ઑક્ટોબરથી એમણે પરિષદનું બંધારણ ઘડવાનું હાથમાં લીધું અને મુંબાઈમાં તેનું અધિવેશન ભરવાની યોજના કરી. ત્યાં ખૂબ ધમાલ મચી; પણ ત્યારથી મુનશી પરિષદનું મુખ્ય બળ બની રહ્યા. એઓ લખે છે: 'પરિષદે મને ઉપ-પ્રમુખ ચૂંટી કાઢ્યો વિજયરાયે લખ્યું કે દશ વર્ષ સુધી પરિષદ મુનશીના હાથમાં રહેશે. આજે છત્રીસ વર્ષ સુધી મેં એની સેવા કરી છે એ વર્ષોમાં ગુજરાતની અસ્મિતા, મહાગુજરાતની ભાવના, ગુજરાતની યુનિવર્સિટીઓ અને ભારતીય વિદ્યાભવનનાં પ્રેરણામૂલ હોવાનો ગર્વ પરિષદ લઇ શકે છે...મેં આ મફતની માથાકૂટ શા માટે વહોરી? આટલે વર્ષે એક જ જવાબ સૂઝે છે: ગુજરાતી અસ્મિતા વિકસાવવાનું નિમિત્ત અમારે થવું હતું. તેમાં પરિષદની પુનર્વ્યવસ્થા જરૂરી હતી. પરિષદ ગુજરાતી અસ્મિતાનું મંદિર બની જીવનનો ઉલ્લાસ, પ્રણાલિકાવાદનો ભંગ ને રસાસ્વાદનો અધિકાર માત્ર બંડખોરીની ઘોષણા ન રહ્યાં, પણ ગુજરાતી સાહિત્યનાં સ્વીકૃત મૂલ્યો બન્યાં. આ દૃષ્ટિએ મુંબાઈની પરિષદ એક સીમાસ્તંભ બની.' ૧૯૨૫માં જ મુનશીએ તેમનું આદિવચન—નવું વ્યાખ્યાન 'અર્વાચીન સાહિત્યનો પ્રધાન સૂર; જીવનનો ઉલ્લાસ' ઉચ્ચાર્યું, અને ત્યારથી ત્રીસ વર્ષ સુધી મુનશીના હાથમાં રહ્યું ૧૯૫૫માં નડિયાદમાં ભરાએલા અધિવેશનથી એમણે તેમાંથી નિવૃત્તિ લીધી.

'મારી કમળા' નવલિકાથી સર્જક તરીકે પ્રવૃત્તમાન થનાર મુનશીનું આજ સુધીનું સમગ્ર જીવન સાહિત્યપ્રવૃત્તિ સાથે ઓતપ્રોત રહ્યું છે અને હજી પણ એમની આ પ્રવૃત્તિનો પ્રવાહ અવિચ્છિન્નપણે વહી રહ્યો છે. આવા સમર્થ સર્જક-વિવેચક પાસેથી આપણને ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ પ્રાપ્ત થયો છે એ સદ્‌ભાગ્યની વાત છે. મુનશી સાહિત્યમાં રસ લેતા થયા ત્યારથી ગુજરાતનો અને ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ રચવાના એમના મનોરથ હતા. પરિણામે, 'Gujarat and its Literature' (૧૯૩૫) એમના જેલજીવન દરમ્યાન રચાયું. આ પુસ્તકમાં એમણે ગુજરાતના ઇતિહાસની પશ્ચાદ્‌ભૂમિકામાં યુગવાર સાહિત્યવિવેચન કર્યું છે એના આમુખમાં મહાત્મા ગાંધીજીએ લખ્યું છે: 'Shri Munshi's survey of Gujarati literature has made fascinating reading for me. His miniature pen–portraits of writers give one a fair introduction to their writings.' ગુજરાતી સાહિત્યનો સળંગ ઇતિહાસ લખવાની પદ્ધતિ આપણને પહેલવહેલી મુનશી પાસે-



ગુજરાતી સાહિત્ય પરિષદના ઈ. ૧૯૩૭ના સંમેલન વખતે

આગલી હારમાં ડાબી બાજુથી: (ગળપટ્ટાવાળા) કેશવરામ શાસ્ત્રી, (પાટલૂનમાં) કેશવલાલ હિં. કામદાર, કનૈયાલાલ મુનશી, રામનારાયણ પાઠક, ઝવેરચંદ મેઘાણી, મનસુખલાલ ઝવેરી, ચુનીલાલ વર્ધમાન શાહ, રવિશંકર રાવળ. પાછલી હારમાં ડાબી બાજુથી: અનંતરાય રાવળ, (ગળપટ્ટા તથા ચશ્માંમાં) ભોગીલાલ સાંડેસરા, ધીરજલાલ ધ. શાહ, (કામદાર તથા મુનશીજીની વચ્ચે) મંજુલાલ મજમુદાર, (તેમની પાછળ) ચૈતન્યપ્રસાદ દીવાનજી, (મેઘાણીની પાછળ ગળપટ્ટાવાળા) રતિલાલ મો. ત્રિવેદી.

થી આમાં મળી એમ કહીએ તો ખોટું નથી. મુનશીના આ પુસ્તક પછી આપણા સાહિત્યનો ઇતિહાસ લખવાના પ્રયત્નો થયા છે, પરંતુ ગુજરાતની રાજકીય પરિસ્થિતિના સંદર્ભમાં ગુજરાતી સાહિત્ય કેમ વિકસતું ગયું તેનો વિગતે ઇતિહાસ રચાવો હજુ બાકી જ છે.

મુનશીએ આ ઉપરાંત વિપુલ સંખ્યામાં લેખો-વિવેચનો પણ લખ્યાં છે. ઇતિહાસ અને રાજકારણના વિષયને સ્પર્શતા તેમજ પુરાણ સંસ્કૃતિનો મનોરમ પરિચય કરાવતા સંખ્યાબંધ સ્વાધ્યાયો-પુસ્તકો પ્રગટ કર્યાં છે. આ બધાંમાં 'આદિવચનો' જેવાં પુસ્તકો એમને સમર્થ નિબંધકાર તરીકે યશ અપાવે એવો શૈલીગુણ ધરાવનારાં છે. જેમ નવલકથાક્ષેત્રે કે નાટકોમાં, તેમ નિબંધના ક્ષેત્રે પણ મુનશીની કલમનું ઓજસ વરતાય છે. એમના નિબંધોમાં નર્મદની જેમ ઊછળતો જુસ્સો, અભિવ્યક્તિની તાજગી ને નવીનતા, ચોટદાર વક્તવ્ય અને વિચારોનો વેગ ખાસ ધ્યાન ખેંચે છે. 'થોડાંક રસદર્શનો', 'કેટલાક લેખો' એ બધાં એ રીતે નોંધપાત્ર પુસ્તકો છે.

એમનાં અંગ્રેજી પુસ્તકોમાં 'I Follow the Mahatma', 'Akhand Hindustan', 'Somanath – The Shrine Eternal', 'The End of An Era'. 'The Glory that was Gurjardesa' વગેરે એમના ઇતિહાસ તથા રાજકારણના અનુભવો પ્રગટ કરનારાં તેમજ એમના તેજસ્વી અધ્યયનનો પરિચય કરાવનારાં પુસ્તકો છે. એમાંનાં કેટલાંકમાંથી એમનું નીડર વ્યક્તિત્વ, એમની મૌલિક દૃષ્ટિ, એમનો ઇતિહાસરસ, ભારતીય સંસ્કૃતિ તેમજ ગુજરાતની અસ્મિતા પ્રત્યેનો એમનો ગૌરવભાવ વગેરેનો સુખદ પરિચય થાય છે.

'I Follow the Mahatma' પુસ્તકમાં એમણે ગાંધીજીની પ્રતિભા અને તેમનો સંદેશ પોતાની આગવી રીતે સમજાવવાનો પ્રયાસ કર્યો છે. એમાં એમનો હેતુ ગાંધીજીની પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરવાનો નથી. ગાંધીજીના સંપર્ક પછી નવીન ભારતના પ્રાણભૂત પ્રશ્નો સમજવાની ચાવી પોતાને કેમ લાધી અને કયા સંદર્ભમાં, કેવી દૃષ્ટિએ પોતે એ પ્રશ્નોનું ચિંતવન કર્યું તેનું એમાં અધિકૃત વર્ણન છે. અલબત્ત, ગાંધીજી વિષેનાં કે એમની પ્રવૃત્તિ વિષેનાં મુનશીનાં બધાં મંતવ્યો સાથે સહુ સહમત ન થાય એમ બને; તેમ છતાં આ પુસ્તક સમગ્રપણે મુનશીના નીડર, પ્રતિભાશાળી વ્યક્તિત્વનું દ્યોતક બની રહે તેવું છે.

ઈ. ૧૯૪૨માં પ્રસિદ્ધ થએલા 'Akhand Hindustan' પુસ્તકે વળી પાછો મુનશી માટે પ્રજામાં ચર્ચાનો વંટોળ જગાડ્યો હતો. એમના વિચારો માટે લોકોમાં ગેરસમજ પેદા થઈ હતી. મહાન પુરુષો હમેશાં ગેરસમજના ભોગ બનતા આવ્યા છે અને મુનશી પણ તેમાંથી બાકાત રહ્યા નથી. પરંતુ ઇતિહાસ ને સંસ્કૃતિના એક અચ્છા અભ્યાસી તરીકેનો એમનો પરિચય પામવા ઇચ્છનારે આ પુસ્તક જોવું જ રહ્યું.

'The Glory that was Gurjardesa' એ ઈ. સ. ૫૫૦ થી ૧૩૦૦ સુધીના ઇતિહાસને નિરૂપતું, બે ખંડમાં વહેંચાએલું પુસ્તક છે. ઇતિહાસ માટે કશી આધારભૂત સામગ્રી કે પૂરી વિગતો ન હોય તો ઇતિહાસલેખનનું કાર્ય મુશ્કેલ બની રહે છે. તેમ છતાં મુનશીએ શક્ય તેટલી સામગ્રી એકત્રિત કરીને લગભગ સાડા સાતસો વર્ષના ગુર્જરદેશના ઇતિહાસનું આલેખન કરવાનો પ્રશંસ્ય પ્રયાસ આ પુસ્તક દ્વારા કર્યો છે. એ યુગના પ્રશ્નો પર પ્રકાશ નાખવા ઉપરાંત એમણે એ સમયની પ્રજાના સાંસ્કૃતિક આર્થિક ને સામાજિક જીવનનો પણ એમાં ચિતાર આપ્યો છે, અને રાષ્ટ્રની ચડતીપડતીમાં કયાં પરિબળો ભાગ ભજવતાં હોય છે તે ચીંધી બતાવ્યું છે.

'The Saga of Indian Sculpture' શિલ્પના ક્ષેત્રમાં ભારતીય સિદ્ધિઓનો વ્યાપક ખયાલ આપનારું પુસ્તક છે. એમાં ભારતીય શિલ્પો પાછળની, ધર્મતેજ અને સંસ્કારરસથી સંપ્રોક્ત કલાદૃષ્ટિને એમણે અત્યંત રોચકરીતે સમજાવી છે. દૃષ્ટિને રુચે એવાં શિલ્પના તમામ તબક્કાઓને આવરી લેતાં જે ૧૩૫ ચિત્રો આમાં આપ્યાં છે તેથી આ પુસ્તક રસસમૃદ્ધ બન્યું છે.

'Bhagavad Gita and Modern Life'માં એમની અધ્યાત્મ વિષેની વિચારણાઓ નિરૂપાઈ છે. તેમાં એમણે ગીતામાં રજૂ થએલો સંકલ્પશક્તિનો મર્મ સમજાવ્યો છે. બ્રહ્મચર્ય વિષેના તેમના વિચારો, ગીતામાંથી તેમણે તારવેલું દર્શન, એ બધાં તત્ત્વો તેમની આધ્યાત્મિક વિચારણા પર પ્રકાશ નાખે છે. ગીતાએ એમના જીવનનું ઘડતર કેમ કર્યું તેનું રસપ્રદ આલેખન એમાં છે.

'Somanath—The Shrine Eternal' એ કદાચ મુનશીનું અત્યંત પ્રિય પુસ્તક હશે, હોવું જોઈએ. તેમાં એમના જીવનસ્વપ્ન અને તેની સિદ્ધિનો ચિતાર છે. મહમદ ગઝનીએ સોમનાથ પર સૈકાઓ પૂર્વે જે ઘા કર્યો તે સમગ્ર રાષ્ટ્રના આત્મા પર કરેલો ઘા હતો. મુનશી જેવા ઇતિહાસના રસિયા અને અભ્યાસી જીવને તેમજ એમના સંવેદનશીલ સર્જક ચિત્તને આ ઘા સવિશેષ વસમો લાગે તેમાં આશ્ચર્ય નથી. એ ખંડિત સોમનાથના મંદિરનો પુનરુદ્ધાર તે મુનશીનું જીવનસ્વપ્ન હતું. એમણે વારંવાર એ વિષેની પોતાની મહત્ત્વાકાંક્ષા પ્રગટ કરી હતી. ભારતને સ્વતંત્રતા મળ્યા પછી મુનશીના ભારે પુરુષાર્થને અંતે એમનું એ સ્વપ્ન સાકાર થયું. ઈ. સ. ૧૯૪૭માં સરદાર પટેલે વિશાળ જનમેદની સમક્ષ સોમનાથ મંદિરના પુનરુદ્ધારની જાહેરાત કરી, ૧૯૫૧માં સ્વતંત્ર ભારતના રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદે નવા મંદિરનું ખાતમુહૂર્ત કર્યું, અને ચૌદ વર્ષના સતત કાર્ય પછી ૧૩મી મે ૧૯૬૫ને દિવસે ૨૧ બંદૂકની સલામી સાથે કલશપ્રતિષ્ઠાની પૂર્ણાહુતિ દાખવતો ધ્વજ સોમનાથના ઊંચાશિખર પર લહરાઈ રહ્યો. મહાન જીવનસ્વપ્નો સેવનારા મહાનુભાવો વિરલ હોય છે–અને એમાં પણ પોતાનાં જીવનસ્વપ્નો સાકાર થતાં જોવાનું જેમને ભાગ્ય મળે તેવા મહાનુભાવો અતિ વિરલ. મુનશી એ રીતે મહાભાગ્યવાન ગણાય. અને એમનું એ સ્વપ્ન તો સમગ્ર રાષ્ટ્રનું સ્વપ્ન હતું. એ સિદ્ધ કરીને મુનશીએ સારા યે દેશના આત્માનું ગૌરવ વધાર્યું છે. આ પુસ્તકમાં રાજકારણ, ઇતિહાસ અને સંસ્કૃતિનો સુયોગ સધાયો છે. રસાળ શૈલીમાં લખાએલા આ પુસ્તકમાં આપેલી માહિતી ઝીણવટભરી છે, અને તેમાંનાં ચિત્રો, નકશા તેમજ શિલાલેખોનાં વર્ણનોથી પુસ્તક વિશેષ મૂલ્યવાન બને છે. આ પુસ્તક એમણે સરદાર પટેલને અર્પણ કર્યું છે તે સર્વથા ઉચિત છે.

'The End of An Era' એક રોમાંચક નવલકથા વાંચ્યાનો આનંદ આપે તેવું પુસ્તક હોવા સાથે દસ્તાવેજી મૂલ્યવાળું પણ છે: એમાં રાજપુરુષ મુનશીની પ્રતિભાનાં બે પાસાંનો—તેમની મુત્સદ્દીગીરી અને તીવ્ર દેશભક્તિનો—સુખદ પરિચય થાય છે. ભારતદેશને સ્વતંત્રતા પ્રાપ્ત થયા પછી સરદાર પટેલે દેશી રાજ્યોના વિલીનીકરણનો મહાપ્રશ્ન હાથમાં લીધો ત્યારે હૈદરાબાદના નિઝામે ભારત સાથે જોડાણ નહિ કરતાં પોતાના પ્રધાન તથા ત્યાંના માથાભારે રઝાકારોની સલાહથી તેને સ્વતંત્ર કોમી રાજ્ય રાખવાના આશયથી હૈદરાબાદમાં અન્યાય અને જુલમ કરી પ્રજાને ભયત્રસ્ત કરી મૂકી. આ સ્ફોટક પરિસ્થિતિમાં મુનશીને ત્યાં ભારતના પ્રતિનિધિ (એજન્ટ જનરલ) તરીકે કામગીરી બજાવવાનું કપરું કર્તવ્ય સોંપાયું. મુનશીએ અત્યંત ધૃતિ જાળવીને, કુનેહપૂર્વક ને નીડરતાથી, અને કેટલીયે વાર જાનના જોખમે

એ કામગીરી નિષ્ઠાપૂર્વક અદા કરી. એ પુસ્તકના The Sten Gun Incident નામે પ્રકરણમાં લખાએલી ઘટના મુનશી કેવાં ભયંકર જોખમો વચ્ચે કર્તવ્ય બજાવી રહ્યા હતા તેની શાખ પૂરશે. તેમના પર ધમકીઓનો વરસાદ વરસતો; મોત વારંવાર હાથવેંતમાં ઘૂરકી રહેતું. સ્વસ્થ ચિત્તે, ગીતાના શ્લોકોનું રટણ કરતાંકરતાં મુનશીએ એ સ્ફોટક પરિસ્થિતિમાં પોતાની કપરી કામગીરી સફળતાથી પાર ઉતારી. તેમની જ્વલંત દેશભક્તિનું, તેમના અનોખા પુરુષાર્થનું સૌથી ઉત્તમ ઉદાહરણ કદાચ તેમની હૈદરાબાદની આ કામગીરીમાં મળી રહેશે તેમણે મહાત્મા ગાંધીજી અને સરદાર પટેલનો જે વિશ્વાસ સંપાદન કર્યો હતો તે આ મહાન કામગીરી કુશળતાપૂર્વક બજાવીને સાર્થક કરી દેખાડયો. એને લગતી આ પુસ્તકની રોમાંચક ઘટનાઓ શ્વાસ અધ્ધર કરે એવી છે. રઝાકારોના જુલમો અને તેમની બેફામ પ્રવૃત્તિઓનાં વર્ણન રુવાડાં ખડાં કરે તેવાં છે, અને સ્ફોટક પરિસ્થિતિઓની વચમાં પણ નાયક તરીકે મુનશીની પ્રતિભા ઝળહળતી રહે છે. આપણાં દેશી રાજ્યોના વિલીનીકરણનાં કે રાષ્ટ્રના ઇતિહાસને લગતાં પુસ્તકોમાં દસ્તાવેજી મૂલ્ય ધરાવનારું આ પુસ્તક અત્યંત મહત્ત્વનું બની રહે છે.

આ બધાં પુસ્તકો ઉપરાંત ભારતીય વિદ્યાભવનના કુલપતિ તરીકે એ સંસ્થાનાં મુખપત્રો 'ભવન્સ જર્નલ' તથા 'સમર્પણ'માં લખાતાં તેમનાં ઉદ્બોધનો, તથા એ મહાન વિદ્યાસંસ્કાર-સંસ્થાના ગતિશીલ સંચાલન આદિ પ્રવૃત્તિઓ વિષે આ લેખમાં વિગતે ચર્ચા શક્ય નથી; એટલે, અંતમાં પોતાની સમગ્ર સર્જનપ્રવૃત્તિ વિષે મુનશીએ પોતે જે કેટલાંક નિરીક્ષણો કર્યાં છે તે રજૂ કરીને આ લેખ પૂરો કરીશું.

પોતાના હીરક મહોત્સવ અંગે એમણે પોતાની સર્જનપ્રવૃત્તિ વિષે થોડુંક પ્રાસંગિક નિરીક્ષણ કરતાં કહ્યું હતું: 'છેલ્લી બે પેઢી દરમ્યાન રચાતું રહેલું મારું સાહિત્ય શિવના કંઠમાંના હલાહલ જેવું છે: નથી બહાર કાઢી શકાતું, નથી ગળી જઈ શકાતું મોટા ભાગના વાચકોએ મારી કૃતિઓનો પુરસ્કાર કર્યો છે, કેટલીક કૃતિઓએ ઘણાનાં ચિત્તને આઘાત પણ પહોંચાડયો છે, પરંતુ મારી કૃતિઓ વાસ્તવિક જીવનને સ્પર્શે છે. જીવન કેવું હોવું જોઈએ તેનો ચિતાર નહિ, પણ જીવન કેવું છે તેનો ચિતાર એમાં છે મારી આરંભની કારકિર્દીમાં મને ગુજરાતી ભાષાના વ્યવસ્થિત અભ્યાસનો લાભ મળેલો નહિ; અને મારા વ્યવસાયના સમયમાંથી ચોરેલી પળોમાં મેં સાહિત્યસર્જન કર્યું હોવાથી વ્યાકરણ અંગે બહુ કાળજી રાખવાનું મારાથી બન્યું નથી. આ અક્ષમ્ય દોષોનું મને સતત દુઃખદ ભાન રહ્યું છે. મારી કૃતિઓમાં જીવનનું પ્રતિબિંબ પડેલું છે. તેમાં આત્મવિકાસની મારી લગન પણ વ્યક્ત થઈ છે.

જ્યારે મારી આત્મમથામણોને મેં સાહિત્ય દ્વારા માર્ગ આપવા માંડયો ત્યારે ગુજરાતી સાહિત્ય સાથે મારો સંપર્ક નહિવત્ હતો અને મારી લેખનશૈલી માટે મને અંગ્રેજીમાં મારા પ્રિય લેખકો કાર્લાઈલ, દ ક્વિન્સી અને લૅન્ડૉર જેવાએ, ને ફ્રેંચમાં હ્યુગો, મિશલેત (Michelet), ડ્યૂમા વગેરેએ નમૂના પૂરા પાડયા. એ સિવાય જે થોડુંઘણું સંસ્કૃત હું જાણતો હતો તેની પણ મારા લખાણમાં અસર આવી. છેલ્લાં પાંત્રીસ વર્ષમાં મેં વિવિધ પ્રકારના પ્રયોગો કરી ઓછીવધતી સફળતા પ્રાપ્ત કરી છે. જો કે મારે કબૂલવું જોઈએ કે ઊર્મિના સ્પર્શયુક્ત કે બૌદ્ધિક પ્રભાવ દર્શાવનારી ભાષાશૈલી મારાં લખાણોમાં નથી; કેટલી યે વાર ભાષાની ઝમકમાં અર્થ અપ્રગટ રહી જાય છે; તેમ છતાં મેં વર્ણનાત્મક, નાટયાત્મક તેમજ ચિત્રાત્મક શૈલીના જે પ્રયોગો કર્યા છે તે ભવિષ્યના લેખકોને વધારે મોટી સિદ્ધિ માટે માર્ગદર્શક બની રહેશે.

મારી કૃતિઓમાં મારી જે વિશેષતાઓ છે તે આ પ્રમાણે: રસપ્રદ કથાવસ્તુ, નાટયાત્મક પરિસ્થિતિઓનું ચિત્રણ, સંવાદ અને સજીવ પાત્રો. હું પહેલે અને છેલ્લે વાર્તાકાર જ હતો અને છું. હું નીતિબોધક નથી; અને મારી સમક્ષ જગતસાહિત્યમાં મહાન ગણાએલા ઍલેક્ઝાન્ડર ડ્યૂમાની વાર્તાકળાનો નમૂનો હતો કેટલા યે વિવેચકોએ નોંધ્યું છે તેમ મારી વાર્તાઓ ધૂધવતા પૂરની જેમ, શ્વાસ અધ્ધર રાખે તેવી પરિસ્થિતિઓ દ્વારા વહી જાય છે. મારો મુખ્ય પ્રયાસ હમેશાં સાચાં માનવપાત્રો સર્જવાનો છે. સંતોનાં આદર્શ પાત્રો, કે પ્રણાલિકાગત પૂતળાં, કે ભાવનાના પડછાયા ચીતરવામાં મને રસ નહોતો—નથી. હું ચીતરવા મથ્યો છું, લોહીની ભરતીઓ જેની રગેરગમાં આવે છે એવાં, જીવનમાં જે પ્રેમ કરે છે, યુદ્ધ કરે છે, પાપ કરે છે, તરફડે છે એવાં, ખરાં સ્ત્રીઓ અને પુરુષો. મારો અભિગમ હમેશાં જીવનના વાસ્તવિક નાટક તરફનો રહ્યો છે. નીતિબોધનાં ભાષણો કે જીવનસિદ્ધાંતોની ચર્ચા મારી નવલકથાનો હેતુ નથી.

એ સિવાય 'કામચલાઉ ધર્મપત્ની' જેવી વાર્તામાં મેં સર્જેલી પરિસ્થિતિ કે 'બ્રહ્મચર્યાશ્રમ'માં કરેલી ઠઠ્ઠાથી ઘણા વિવેચકોનાં મન દુભાયાં છે. પરંતુ મેં સાહિત્યની દૃઢ પ્રણાલિકાઓ તોડવાનું હમેશાં મુનાસબ માન્યું છે. મારે મન તો વાસ્તવિક જીવન જ પવિત્ર છે; નિયમોથી બદ્ધ જીવનનો હું પુરસ્કર્તા નથી.'

મારી ઐતિહાસિક નવલકથાઓને મેં Romantic Speculation તરીકે જ માની છે. ભૂતકાળનો યુગ જેવો હતો તેવો પુનઃ સર્જિત કરવો એ સર્જક માટે શક્ય જ નથી. સામાજિક નવલકથા-નાટક જેવી મારી કૃતિઓમાં તો વધારે વાસ્તવિક પાત્રચિત્રણ છે. પાત્રચિત્રણ વાસ્તવિક થાય એ કારણે મેં ગ્રામજીવનનાં પાત્રો સર્જ્યાં નથી, કારણ ગ્રામજીવનનો મને જીવંત સંપર્ક નથી.

મારાં સર્જનોમાં એક બીજી વિશેષતા મહત્ત્વાકાંક્ષી અને શક્તિશાળી સ્ત્રીઓ અને પુરુષોનો સંઘર્ષ આલેખવામાં રહેલી છે; અને એ સંઘર્ષ તીવ્રપણે પ્રગટ કરવામાં મેં મારી કલમનું સાર્થક્ય જોયું છે. મારી મોટા ભાગની નવલકથાઓમાં પ્રેમ એ મુખ્ય વિષય છે; પણ એ પ્રેમ કોઈ પ્રણાલિકાબદ્ધ કે કાવ્યોની પંક્તિઓમાં વેરાઈ જતો પોચટ કે માંદલો પ્રેમ નથી, પરંતુ રૂઢિઓનો મુકાબલો કરનારો, નીતિમાનોના પ્રેમ વિષેના ખયાલોને પડકારનારો, લોહી અને આંસુની મુદ્રા મૂકી જનારો વાસ્તવિક જીવનનો ને જગતનો પ્રેમ મેં આલેખ્યો છે.'

સંગીત-સાધના (અનુસંધાન પૃષ્ઠ ૪૧૦થી) કાળજીપૂર્વકનો ગ્રંથોનો અભ્યાસ ગાયક માટે અનિવાર્ય ગણાય. આ લેખાંકોમાં રાગશિક્ષણની ચાલુ પ્રક્રિયા રાખવા હું ઇચ્છતો નથી. હું આ બધા રાગો જે રીતે ગવાય કે બજાવાય છે તેની ચર્ચામાં હું જોકે પંડિત ભાતખંડેજીનું શાસ્ત્રીય સ્વરૂપ હાલ તો પ્રમાણભૂત ગણું છું; છતાં અપ્રચલિત ઘણાં રાગરાગિણીઓનાં સ્વરૂપ વિવાદાસ્પદ છે. એટલું જ નહિ પણ આધુનિક વિદ્વાનો તો કહે છે કે મુસ્લિમ ગાયકોએ રચેલી તમામ સ્વરરચના તથા તેના આધારે કરેલી રાગરચના આપણા પ્રાચીન ભારતીય સંગીતથી તદ્દન જુદી તેમ જ અસંગત છે, કારણ ઠાઠ કે મેલ પદ્ધતિ મુસ્લિમ ગાયકોએ ઈરાની પદ્ધતિ પ્રમાણે ઉપજાવી કાઢી છે. ભારતીય સંગીત એટલે સપ્તસ્વરોની મૂર્છનાપદ્ધતિ પર રચાએલાં વિવિધ જાતિગાન ને રાગરાગિણીઓ. આ બાબતોનો અભ્યાસ કરવા ઇચ્છનારે આચાર્ય કૈલાસચંદ્ર બૃહસ્પતિનો હિંદી ગ્રંથ 'ભરત મત કે સિદ્ધાન્ત' જોવા જેવો છે. પં. ઓમકારનાથજી રચિત 'પ્રણવભારતી' પણ ઘણી સારી માહિતી પૂરી પાડે છે.

પણ આવી શાસ્ત્રીય ચર્ચા ક્લિષ્ટ હોવાથી આપણે રાગ દ્વારા રંજકતા ક્યાં ને કેમ પ્રગટ થાય તેની જ ચર્ચા હવે કરીશું. (ચાલુ)

ગુલાબદાસ બ્રોકર

નવા ગગનની નીચે ૭
નિકોલાઈની નગરી

હવે પાછું નિરુદ્દેશ પરિભ્રમણ શરૂ થતું હતું. માત્ર જોવા અને જાણવા સિવાય કશું કરવાનું નહોતું. મનમાં મોકળાશ વરતાતી હતી.

અહીંથી હું હૅમ્બુર્ગ જતો હતો. જર્મનીનું પ્રખ્યાત બંદર અને પ્રખ્યાત શહેર. પણ મને એ બંદરમાં રસ નહોતો. શહેરમાં પણ, શહેર તરીકે નહિ. નહિતર બર્લિન તો સવિશેષ પ્રખ્યાત હતું, ત્યાં ન જાત? પણ હૅમ્બુર્ગ જવાનું પસંદ કર્યું હતું, કેમ કે ત્યાં હતો ફ્રાન નિકોલાઈ.

સરસ જુવાન હતો એ ફ્રાન નિકોલાઈ મને મુંબાઈમાં મળેલો, એક જ દિવસ માટે. રામુ અને હર્ષિદા પંડિત અમેરિકામાં ભણતાં હતાં ત્યારે ત્યાંથી તેમના એક પત્ર લઈને આવેલો: 'સરસ જુવાન છે. અમારો મિત્ર છે. બને તો એને મુંબાઈ બતાવજો.' બતાવ્યું'તું તેને મુંબાઈ આખો દિવસ તેની સાથે રહીને ભીંડી બજાર પણ લઈ ગએલો. ત્યાં સામેથી બુરખો પહેરેલી એક સ્ત્રી આવે. તેને આવો આખો એક તંબૂ ચાલતો કેમ હશે એ જોઈને આશ્ચર્ય થએલું. લગભગ ગભરાટ કહી શકાય એવા ભાવ સહિત મારો હાથ પકડી લીધેલો. પૂછેલું: 'વ્હોટ ઈઝ ધિસ?' 'વ્હોટ' પૂછેલું; 'હૂ' નહિ.

મુંબાઈ છોડીને ગયો ત્યારે એ મારા ઉપર ખૂબ પ્રસન્ન હતો. એ અજાણ્યા શહેરમાં મેં એની દરકાર કરી હતી ને? મને કહી ગયો હતો: કદી જર્મની આવો તો હૅમ્બુર્ગ જરૂર આવજો. મેં કહ્યું હતું: જરૂર.— માત્ર કહેવા ખાતર જ કહ્યું હતું. હું જર્મની ક્યારે જવાનો કે એને ત્યાં હૅમ્બુર્ગ જાઉં? વિચારી હસ્યો પણ હતો.

પણ થયું મારે તો જર્મની જવાનું. તરત યાદ આવ્યો. વર્ષો વીતી ગયાં હતાં છતાં. હૅમ્બુર્ગને મારી યાત્રામાં સ્થાન આપ્યું. લખી દીધો એને પત્ર: જર્મની આવું છું. વચન આપ્યા પ્રમાણે હૅમ્બુર્ગ પણ આવીશ. યાદ છે એ વચન? કે હું પોતે પણ યાદ છું ખરો?

મનમાં પ્રશ્ન થયો. એ પોતે હૅમ્બુર્ગમાં ન હોય તો? તેનું સરનામું બદલાયું હશે તો? તો યે શું થયું? હૅમ્બુર્ગ શહેર ક્યાં નાસી જવાનું હતું? એ તો જોઈશું ને? પત્રનો ઉત્તર આવે તે પહેલાં તો હું ભારત બહાર ફેંકાઈ જવાનો હતો. આ બધા વિચાર એર ટર્મિનલ પર બેઠાં બેઠાં ચાલતા હતા. ફ્રાન નિકોલાઈની ઝાંખી થઈ ગએલી મૂર્તિ મનમાં ફરી સ્પષ્ટ કરવા મથી રહ્યો હતો. ત્યાં કહેણ આવ્યું; ચાલો, કોચમાં.

કોચ લઈ ગયો ફ્રૅન્કફર્ટના વિમાનઘર પર. સુંદર ચકચકતા એ મકાન સાથે સુંદર ચકચકતા એ શહેરને પણ હું છોડતો હતો. એની ગ્લાનિ પળવાર ચિત્ત પર પથરાઈ ગઈ. અહીં તો આખી એવી આ કૉન્ફરન્સ પણ હતી. ત્યાં હૅમ્બુર્ગમાં ફ્રાન નિકોલાઈ નહિ હોય તો? શું કરીશ ત્યાં બે દિવસ રોકાઈને? અજાણ્યો અજાણ્યો!

ને યાદ આવી ગયું. ફ્રૅન્કફર્ટમાં પહેલે જ દિવસે મને ડૉ. સ્કુદ્ઝ મળેલા. મુંબાઈમાં મળેલા એટલે ઓળખી ગયા સોફિયા વાડિયાએ એમને મારે વિષે પત્ર પણ લખેલો. એ તો જર્મનીના બહુ મોટા માણસ. વિભક્ત જર્મનીને એક કરવાના પ્રયત્નમાં સમય ગાળે. રાજકીય સ્થાન ઊંચા પ્રકારનું અમનું, એટલે સમય નહોતો એમને આખી કૉન્ફરન્સ માટે ફ્રૅન્કફર્ટ રોકાવાનો. મારી ક્ષમા યાચી— એક જ દિવસમાં ત્યાંથી ચાલી જતા હતા માટે. હું ક્યાં ક્યાં જવાનો હતો તે પૂછ્યુ. હૅમ્બુર્ગ નામ મારા મોંમાંથી નીકળ્યું કે રાજી થઈ ગયા: 'ક્યારે આવો છો ત્યાં? ક્યાં ઊતરવાના?'

'હૉટેલ કૉન્ટિનેન્ટલમાં. કૉન્ફરન્સ પૂરી થયાને બીજે દિવસે.'

'સરસ, સરસ. ત્યાં અમારી ઑફિસ છે—જર્મનીના એકીકરણ બાબતની. એક બાઈ તે સંભાળે છે—ફ્રાઉ કુઝે તેનું નામ છે. સારી બાઈ છે. હું તેને પત્ર લખી નાખીશ. તમને મળશે. ત્યાં રહેશો ત્યાં સુધી એ મારા વતી તમારી દેખભાળ કરશે.' મેં કહ્યું: 'આભાર.'

'યૂ આર વેલકમ,' મને ગમતા સ્મિત સહિત.

જો ડૉ. સ્કુદ્ઝ એ ભૂલી ન ગયા હોય તો ફ્રાઉ કુઝે મળવાની હૅમ્બુર્ગમાં. તો સાવ અજાણ્યા નહિ રહેવું પડે ત્યાં.

વિમાન ઊપડ્યું. સરસ મઝાનું ખાવાનું આવ્યું. આ વિમાનવાળાઓ, બધાય, સુંદર ખાવાનું આપે છે. શાકાહારી છો એ પહેલેથી લખાવી દેવું પડે. પણ પછી તો આપણું પેટ ભરાઈ જાય. તર થઈ ગયો.

રાત્રિના આકાશમાં વિમાન ઊડતું રહ્યું. ચારે કોર વેરાએલું તારાજડિત આકાશ દેખાતું હતું. અંધકારભર્યું, છતાં અંધારાની શોભાથી ખીચોખીચ બની ગએલું. અંધારુ જોવું પણ આટલું બધું ગમે એનો ફરી એક વાર સરસ અનુભવ થયો. ત્યાં તો કમરપટા બાંધવાની નિશાની ચમકી ઊઠી. આવી પહોંચતું હતું—હૅમ્બુર્ગ.

ગામના ટર્મિનલથી હૉટેલ કૉન્ટિનેન્ટલ બહુ દૂર ન હોય તો સારું. નહિતર સામાન ઉપાડીઉપાડીને દમ નીકળી જવાનો.

નસીબદાર હતો. ટર્મિનલ પર આવતાં વેંત પૂછ્યું: 'હૉટેલ કૉન્ટિનેન્ટલ ક્યાં છે?' તરત જ જવાબ મળ્યો: 'સામે જુઓ.'

રિસેપ્શન કાઉન્ટર પર પહોંચ્યો ત્યાં જ પોર્ટરે પૂછ્યું 'મિ. બ્રોકર?'

'હા, મારો રૂમ તૈયાર છે ને?'

'છે જ, આ રહી એની ચાવી. ચોથે માળે છે. ને આ રહ્યા તમારા પત્રો.'

પત્રોમાં એક સુમનનો હતો. ઘરના સમાચાર મળશે એ ખયાલે મન આનંદથી ભરાઈ ગયું. મારો એટલો આનંદ પેલા પોર્ટરને ઓછો લાગ્યો હશે એટલે તેણે તરત જ ઉમેર્યું: 'ને આ રહ્યો તમારો સંદેશો.'

સંદેશો ફ્રાન નિકોલાઈનો હતો. સવારે મળશે એમ કહેવડાવ્યું હતું. આનંદનું સંગીત હૈયામાં ઊભરાવા લાગ્યું.

સવારે ઊઠતાંવેંત ફ્રાન નિકોલાઈને ટેલિફોન કર્યો. એના અવાજમાં એનો આવકાર સ્પષ્ટ આકાર ધરતો હતો: 'આવી પહોંચું છું ત્યાં થોડી વારમાં. તમે તૈયાર થઈ જાઓ, નાસ્તો નહિ કરતા. આપણે સાથે કરીશું. ફરવા જવાની કે કશું જોવાની સગવડ નહિ કરતા. હું જ બધું બતાવીશ.'

આવા દૂરદૂરના દેશમાં, માત્ર એક જ દિવસ માટે મળેલો માણસ. આટલો બધો સ્નેહ દર્શાવતો હતો તે જોઈ હૃદય ભરાઈ ગયું. વધુ બોલી શક્યો નહિ. રાહ જોઉં છું કહીને ટેલિફોન મૂકી દીધો.

પણ જેવો મૂક્યો તેવો જ એ ફરી રણક્યો. આ વખતે સ્ત્રીનો અવાજ હતો: 'ગુડ મૉર્નિંગ, મિ બ્રોકર.' 'ગુડ મૉર્નિંગ.' કોણ હશે?

'હું કુઝે છું— ફ્રાઉ કુઝે. ડૉ. સ્કુદ્ઝે તમને મારો પરિચય આપ્યો છે. નવ વાગ્યે આવી પહોંચું છું. તૈયાર રહેશો ને?'

કહ્યું: 'હા, હા, જરૂર આવો.' જ્યાં અજાણ્યો અને એકલો પડી જવાની ભીતિ સેવતો હતો ત્યાં એક નહિ, બે મિત્રો આટલા સ્નેહપૂર્વક મળવા આવતાં હતાં. આપણા સૌભાગ્યની આપણને જ જાણ હોતી નથી.

હજી નાહીને કપડાં પહેરી રહ્યું ત્યાં તો બારણે ટકોરા પડયા.

ખોલ્યું તો સામે જ ફૉન નિકોલાઈ—યૌવન અને તાજગીની પ્રતિમૂર્તિ સમો! લગભગ ભેટી જ પડયો: 'તમે તમારું વચન પાળ્યું ખરું!'

'તમે ભૂલી નહોતા ગયા?' મેં પૂછયું. 'નિસ્વાર્થ પ્રેમ કદી ભૂલી શકાય?' કહી તે હસ્યો. પછી કહે: 'ચાલો, ક્યાંક જઇને નાસ્તો કરીએ.'

થોડી વારમાં ફ્રાઉ કુઝે આવવાનાં હતાં તે વિષે મેં તેને કહ્યું તો કહે: 'કંઈ નહિ; બે કરતાં ત્રણ સારાં.' થોડી આડીઅવળી વાતો કરી. હજી તે પરણ્યો નહોતો. કોઈકને અંગ્રેજી શીખવતો હતો. છાપામાં થોડું કામ કરતો હતો. માતા સાથે રહેતો હતો. સરોવર ઉપર મકાન હતું. આનંદ હતો...ત્યાં કૉલ આવ્યો. કુઝે બાઈ આવી પહોંચ્યાં હતાં.

નીચે ઊતર્યાં. કુઝેએ મને પોતાનો પરિચય આપ્યો; મેં મારો. પછી મેં એ બંનેની પરસ્પર ઓળખાણ કરાવી. મારો કાર્યક્રમ કેવી રીતે ગોઠવવો એ બંનેએ અંદરઅંદર વાત કરી નક્કી કરી લીધું ને અમે ચાલ્યાં.

નજીકમાં જ એક સરસ રેસ્ટોરાંમાં જઇને ચા-નાસ્તો કર્યો. પછી ત્રણે જણાં નિકોલાઈની મોટરમાં ગોઠવાયાં. જર્મનીની મહાન નાની મોટર ફોક્સવૅગન. લોકોની ગાડી. સસ્તી છતાં સારી. ટકાઉ હદ ઉપરાંતની. ગમે તે ખરીદી શકે એટલી કિંમતની.

એમાં બેસીને હૅમ્બુર્ગના બંદર ઉપર ગયાં. ફ્રાઉ કુઝેએ ખાસ ગોઠવણ કરી રાખી હતી એ બંદરમાં ફેરવીને આખું યે મને બતાવવાની.

બહાર નીકળ્યાં ત્યારે કકડીને ભૂખ લાગી હતી. ક્યાં જમાડવો મને, એ બંનેએ વાત કરીને નક્કી કરી લીધું. મારી શાકાહારી જરૂરિયાતો મેં એમને સમજાવી દીધી. સરસ જમાડવું બંનેએ સાથે મળીને. પછી કુઝે મને કહે: 'હું તમને એક સરસ માણસને મળવા લઈ જાઉં છું.'

'કોણ છે એ?' મેં પૂછવા ખાતર પૂછયું.

'એક બૅન્કર છે.' બૅન્કરને મારે શું કરવો'તો? મનમાં થયું. પણ બોલ્યો નહિ. તે સમજી ગઈ. કહે: 'તમે જોજો તો ખરા; તમારી જોડે બૅન્કની વાત નહિ કરે.' ને એવું હસી!

ચાળીસ વર્ષની બાઈ હતી, પણ તરવરાટ હતો ચોવીસ વર્ષની યુવતી જેવો. ને જે કરે એ ઉત્સાહથી કરે. બોલ્યે ખૂબ રાખે. પણ એ તો બોલે જ ને? ન બોલે એ બૈરી શાની?

અને એ બૅન્કર હેર ક્રીમર્સને મળ્યો કે મારો બધો વસવસો શમી ગયો. મોટી એવી બૅન્ક હતી, ને એના એ મૅનેજિંગ ડિરેક્ટર. પણ સાહિત્યના રસિયા. ટૉમસ માન એમના ગામથી થોડે જ દૂર રહેતા: ચાલીસેક માઈલ. એમને એ ઓળખતા. એમના વિષે સરસ વાતો કરી. હર્માન હેસેના તો પરમ મિત્ર હતા. હું માનનો ભક્ત હતો, હેસેનો મુગ્ધ પ્રશંસક—ખાસ કરીને એમના 'સિદ્ધાર્થ'નો. એથી તો ક્રીમર્સ પણ મારી ઉપર મુગ્ધ થઈ ગયા. 'કેવી લાગી સિદ્ધાર્થ? હિંદુસ્તાનનું સાચું ચિત્રણ છે એમાં? માત્ર કોઈ પરદેશીના અણઆવડતના ઉદ્‌ગાર નથી ને? જ્ઞાનનો ડોળ તો નથી ને?'

મેં કહ્યું કે હું હિંદી હોવા છતાં એ પુસ્તકનો શબ્દેશબ્દ માણી શકું છું, ને તેમાં નિરૂપાએલા તત્ત્વજ્ઞાન વિરુદ્ધ મારે કશું કહેવાનું નથી, ઊલટું એની તરફેણમાં હું તો આખી એક ચોપડી લખી શકું ત્યાં તો એ લગભગ ઊભા થઈ ગયા. મારો હાથ હલાવી કહે: 'ભારતીય લેખક પાસેથી હેસે આ સાંભળશે તો ખુશખુશાલ થઈ જશે. હાલમાં સ્વિટ્ઝર્લૅન્ડમાં રહે છે. તબિયત પણ બરાબર નથી. તમે લખશો તો એ પત્ર એમને ટૉનિક રૂપ થઈ પડશે. લખશો?' 'જરૂર લખીશ.' મેં કહ્યું.

'તો લખો. આ રહ્યું એમનું સરનામું.' એમનો એ સમયનો ઉત્સાહ જોયો હોય! ઉત્કટ સાહિત્યપ્રેમ અને ઉત્કટ મૈત્રીભાવ જ એવો ઉત્સાહ પ્રેરી શકે.

આવીઆવી વાતો કરતા હતા, એટલે મારામાં હિંમત આવી. રૉબર્ટ મ્યુઝિલ વિષે એમને પૂછયું. વાંચ્યો હતો?

એ તો એનું અધ્યયન કરી ગયા હતા. જર્મની અત્યારે એને પોતાના પ્રૂસ્ત જેવો ગણે છે. પણ પ્રૂસ્ત! એમની એ પ્રૂસ્તની પ્રશંસામાં મને યુરોપની સાંસ્કૃતિક એકતાનાં દર્શન થયાં. થયું કે એક આ ક્રીમર્સને મળવા મળ્યું એમાં જ મારી હૅમ્બુર્ગની મુલાકાત સાર્થક થઈ ગઈ. બહાર નીકળ્યા. નિકોલાઈ કહે: હવે મારો વારો છે.' 'શાનો?'

'મારી મનપસંદ જગ્યાએ તમને લઈ જવાનો.'

'જરૂર. કઈ છે એ જગ્યા?' 'મારું ઘર.'

'વાહ, તો તો ઉત્તમ; ચાલો.'

રસ્તાઓ ઉપર મોટર સરકવા લાગી, જોવા જેવું બધું યે તે બતાવતો જાય. હજી હૅમ્બુર્ગ પૂરું બંધાઈ નહોતું રહ્યું, તેના નવા રૂપમાં. પણ પાંચ વર્ષમાં એના દીદાર ફરી જવાના હતા. તે ય દીદાર અત્યંત મનોરમ હતા. અતિ સમૃદ્ધ શહેરનો તો એ ખયાલ આપતા જ હતા, પણ સંસ્કારનાં ધામો પણ તેમાં ઓછાં નહોતાં. મન ભરાતું જતું હતું ત્યાં જ સરોવર પાસે આવી પહોંચ્યાં. કાંઠા ઉપર સરસ વિલાઓ હતા. નવા નહિ, પણ આકર્ષક તો અત્યંત. તેમાંના એક પાસે અમારી મોટર ઊભી રહી. નિકોલાઈ તેમાંથી ઊતર્યો અને બોલ્યો: 'આ અમારું ઘર.'

આગળ બગીચો હતો; સામે તરલ જલ; ચારે બાજુ શાંતિ. ઝરૂખામાં ઊભા હોઇએ તો સમયને તો જાણે પાંખ આવતી લાગે!

ફ્રાઉ કુઝેએ કહ્યું: 'મને માફ કરશો, ફૉન નિકોલાઈ?' 'કેમ?'

'અહીં બાજુમાં જ એક વિલામાં મિ. બ્રોકર માટે મેં એક પાર્ટી ગોઠવી છે. આજે રાત માટે. જોઈ આવું. ને પછી...' તે જરા અચકાઈ.

'હા, તમારે ઘેર પણ આંટો મારી આવો.' મેં કહ્યું.

'જરા બાળકોને મળી લઈશ.'

'ભલે ભલે,' એમ કહ્યું ને તે ઊપડી—'રાતે અહીંથી જ લેતી જઈશ, બન્નેને, નવ વાગ્યે.' કહીને.

નીચેનો ભાગ ભાડે આપી દીધો હતો. ઉપરનું દીવાનખાનું સુરુચિવાળાં માણસોના રહેઠાણનો ખયાલ આપતું હતું. હું તો તરત જ ઝરૂખામાં ગયો. 'તમે આ બધું જુઓ ત્યાં હું આવું.' કહીને નિકોલાઈ અંદર ચાલ્યો ગયો. થોડી વારમાં પાછો આવ્યો. સાથે એક વૃદ્ધ—વૃદ્ધ તો શાની? આધેડ—સ્ત્રી હતી. જાજરમાન લાગતી હતી. ભવ્ય પણ. મુલાયમ પણ ખરી. હાથમાં પકડાતી એની હથેલી એની મુલાયમતાનો ખયાલ આપતી હતી. 'મારી મા.' નિકોલાઇએ કહ્યું.

'મારો દીકરો તમારી ખૂબ વાતો કરે છે.'

'બહુ પ્રેમાળ છે.' મેં કહ્યું. 'છે જ.' ને એની આંખમાં જે અમી પરોવાયું છે! મને મારી સદ્‌ગત મા યાદ આવી ગઈ.

ચાપાણી આવ્યાં. નિકોલાઈની બહેન આવી. સરસ ભાણો આવ્યો. આડીઅવળી અનેક વાતો આવી. અધવચમાં ઓચિંતાની જ માતા ઊભી થઈ ગઈ; 'હમણાં આવી હો' કહેતીક. પળ વારમાં જ પાછી આવી. સાથે એક પુસ્તક લાવી હતી. મને આપ્યું—'જુઓ' કહીને.

ટાગોરની 'ગીતાંજલિ' હતી ૧૯૧૩ની કે એવી કોઈક સાલમાં જર્મનીમાં પ્રગટ થએલી. મને એ વિષે એક વાત યાદ આવી ગઈ. એક જર્મન માણસે જ કહેલી. ટાગોરે એ પુસ્તક જર્મન પ્રકાશક પેઢીને પ્રકાશન માટે મોકલેલું. તે લોકોએ એને ન સ્વીકારવાનો નિર્ણય કર્યો. એ મતલબનો પત્ર પણ લખી નાખ્યો. પોસ્ટ કરી દીધો. પછી છાપું આવ્યું. ઉઘાડયું તો રવીન્દ્રનાથને નોબેલ પારિતોષિક મળ્યાના સમાચાર હતા! તરત જ તાર કરી દીધો: 'પત્રને ન ગણકારશો. તમારું પુસ્તક અમે

સ્વીકારીએ છીએ.' આ વાત એમને કરી ત્યારે બધાં ય હસી પડયાં: એ તો વેપાર છે, ભાઈ, એવું ન કહેતાં હોય તેમ.

મેં પૂછ્યું: 'આ પુસ્તક ૧૯૧૩ આસપાસનું છે. હવે તો આ કવિ પણ નથી. એ પછીનું એકે પુસ્તક જોયું છે ભારતના લેખકે લખેલું?'

'નથી જોયું.' માતાએ કહ્યું. 'ટાગોર બહુ મોટા માણસ હતા.'

'હતા જ.' મેં કહ્યું. પણ પછી કશું ન બોલ્યો.

ત્યાંથી પરવારી ફરવા નીકળી પડયા. શહેરનો અંદરનો ભાગ જોયો હતો. હવે બહાર જતા હતા. માઇલો સુધીની સફર કરી. નિકોલાઈ કહે કે અહીં રિવાજ એવો છે કે જેમ માણસ વધારે શ્રીમંત તેમ શહેરથી વધારે દૂર રહે. ત્યાં એને વિશાળ જગ્યા મળે તેના મહેલ ઊભા કરવાની. એ મહેલ જોયા. દૂર દૂર પથરાએલા, અને એકબીજાથી દૂર દૂર રહીને પોતાની સમૃદ્ધિ અને સૌન્દર્યનો ખયાલ આપતા. આજુબાજુની વનરાજિ પણ સુંદર અને સમૃદ્ધ હતી ત્યાં એક વિલા પાસે ગાડી ઊભી રહી ગઈ. 'એક મિનિટમાં આવ્યો હોં' કહી નિકોલાઈ નીચે ઊતર્યો. ખિસ્સામાંથી એક કાગળ જેવું કંઈક કાઢયું વિલાનું બારણું બંધ હતું. તેની નીચેથી એ કાગળ તેણે અંદર સરકાવી દીધો, ને તરત જ પાછો આવી ગયો. મારી આંખોમાં પ્રશ્ન ઊભરાતો હતો તે જોઈ હસ્યો. કહે: 'મારી એક મિત્ર અહીં રહે છે તેને આપવાનો પત્ર હતો.'

'ખાનગી?' હું હસ્યો. તે પરણ્યો નહોતો એ મને ખબર હતી.

'ખાનગી પત્ર એમ ન મોકલાય.' તે પણ હસ્યો: 'આ તો ગમે તેના હાથમાં આવશે.' તરત જ મને પેલી ફ્રૅન્કફર્ટવાળી ઈવા અને તેની વાતો યાદ આવી ગઈ. નિકોલાઇને મેં એ બધી વાત વિગતે કરીને પૂછ્યું: 'સાચી ગણાય એની એ માન્યતા, આ લગ્ન પહેલાંના સંબંધોની વિશેની?' તે વિચારમાં પડી ગયો. પછી બોલ્યો: 'બહુ ખોટી તો ન પણ હોય.'

'ન પણ હોય, એટલે?'

તે મારી સામે જોઈ રહ્યો. પછી કહે: 'જુઓ મિ. બ્રોકર, હું ચોવીસ વર્ષનો છું. અહીંનો તો છું જ. અમેરિકામાં પણ હતો. પણ હજી મેં કોઈ સ્ત્રી જોડે એવો કશો વ્યવહાર કર્યો નથી. ને...' તેણે ધીમેકથી ઉમેર્યું: 'મારા જેવા તો ઘણા ય હશે. સ્ત્રીઓ અને પુરુષો બન્ને.'

હું રાજીરાજી થઈ ગયો. પછી અમે બીજી વાતોએ ચડી ગયા.

ફ્રાઉ કુઝેએ આવીને અમને ઢંઢોળ્યા ન હોત તો એના વિલામાંથી સરોવરનાં જલને અને એના ઉપર પડી રહેલા બત્તીઓના પ્રકાશની લીલાને જોતાં જોતાં અમે વાતો જ કરી રહ્યા હોત.

ગયાં. અમે ત્રણે. એક જાડી એવી આધેડ વયની સ્ત્રીના ઘરમાં પેઠાં. નાનું પણ રળિયામણું એવું ઘર હતું, અને બંધ વરંડો સરોવર ઉપર જ ડોકાતો હતો. પાંચસાત જણ આવ્યા હતા. તેમાં પોલૅન્ડના બે લેખકો હતા. ઓળખાણો અને નાસ્તાપાણી પતી ગયા પછી વાતો ખૂબ ચગી. પેલા પોલૅન્ડના ભાઈઓ શૉખીન હતા. તેમણે બેત્રણ પોલિશ કવિતાઓ વાંચી. યજમાન બહેને જર્મની વિષે વાતો કરી. મેં પેલા પોલૅંડવાળાઓને પૂછ્યું: 'મિત્સ્કિયેવિચ કેવા કવિ ગણાય તમારા?

'ઉત્તમ. કેમ?' તેમણે પૂછ્યું. 'અમારા એક કવિએ તેની ક્રીમિયન સૉનેટ્સના ગુચ્છનો અનુવાદ કર્યો છે; અમારી ભાષામાં.'

'એમ? ક્યારે?' એ લોકો વિસ્ફારિત નેત્રે પૂછી રહ્યા.

'૧૯૩૯માં.' 'વાહ!' અને એકબીજા સામે જોઈ રહ્યા.

વાતવાતમાં યજમાન સ્ત્રીએ મને પૂછ્યું: 'કેવો લાગ્યો તમને અમારો દેશ?' 'સુંદર,' મેં કહ્યું.

'અને તેની સંસ્કારભાવના?' 'એ તો ઉત્તમ છે જ.'

'જ્ઞાનપિપાસા?' મેં સામે પૂછ્યું: 'કહું?' બધી આંખો મારી સામે તોળાઈ રહી. મેં કહ્યું: 'તમે પૂછો છો એટલે જ કહું છું, હોં. મારા એક મિત્ર છે. મનસુખલાલ ઝવેરી નામના. સારા કવિ છે. તે એક વાર મૂગા બેઠા રહ્યા હતા. પછી કોઇએ તેમને કંઈ પૂછ્યું એટલે ઊકળ્યા. મનમાં હતું તે બધું જ કહ્યું. અમે આશ્ચર્યમાં પડી ગયા. કહ્યું: તમે તો કંઈ જ બોલતા નહોતા. ને મનમાં તો આટલું બધું ભર્યું હતું! તે કહે: હા, પણ મને પૂછ્યા વિના હું શી રીતે બોલું? એટલું કહીને ભોજ અને કાલિદાસ વિષે મિ. ઝવેરીએ એક વાત કહી હતી તે પણ તમને કહું. એક વખત ભોજરાજાની રાણી પોતાની સખી સાથે વાત કરતી પોતાના ઓરડામાં બેઠી હતી, ત્યાં ઓચિંતાનો રાજા ભોજ એ ઓરડામાં દાખલ થયો. તેને જોઇને રાણી મંદ હસી અને કહ્યું: આવો મૂરખરાજ. ભોજ મૂંઝાયો આ ચતુર રાણી મને મૂર્ખ કેમ કહે છે? તેને તો પૂછાય જ નહિ. નહિતર તો પોતે વિશેષ મૂર્ખ ઠરે. એટલે તેણે એક યુક્તિ કરી. બીજે દિવસે દરબારમાં ગયો. ત્યાં જે કોઈ આવે એને કહે: આવો મૂરખરાજ. એ તો રાજા. એની સામે કેમ બોલાય? સાંભળનારા માંદું માંદું હસીને એ સાંભળી બેસી જાય. આખરે કવિ કાલિદાસ દરબારમાં દાખલ થયા. ભોજે એમને પણ કહ્યું આવો મૂરખરાજ. એ તો ભોજ સામે જોઈ રહ્યા. પછી કહે: હે રાજા, મને પુછ્યા વિના હું કશું બોલ્યો નથી, બે જણાં બેઠાં હોય ત્યાં હું ઓચિંતાનો ત્રીજો તેમાં જોડાઈ ગયો નથી, છતાં તમે મને મૂર્ખ શા માટે કહો છો? આ ઉપરાંત પણ બેચાર ચીજો તેમણે કહી હતી. પણ આપણા કામ માટે આ પૂરતી છે. રાજાને એનો ઉત્તર એમાંથી મળી ગયો હતો. ને હું પણ જે કહેવાનું છે તે હવે કહી શકું તેમ છું. કેમ કે તમે મને પ્રશ્ન પૂછ્યો છે.'

બધાં હસી પડ્યાં: 'એવું બધું તે શું કહેવાનું છે તમારે?'

'આશ્ચર્ય વ્યક્ત કરવાનું છે.' 'શી બાબતનું?'

'એ કહું; જુઓ. આપણે અહીં કલાક બે કલાકથી બેઠાં છીએ. એમાં કેટલી બધી વાતો કરી આપણે? સાહિત્યની પણ કેટલી બધી? એ વાતો દ્વારા તમે જોઈ શક્યાં હશો કે તમારા લેખકો વિષે હું ઠીક ઠીક કહી શકાય એટલું બધું જાણું છું. ને એ માત્ર ગઈ સદીના ગેટે કે શિલર વિષે નહિ, માત્ર ટૉમસ માન કે રૉબર્ટ મ્યુઝિલ વિષે પણ નહિ. હમણાંના કાફ્કા કે રિલ્કે વિષે પણ હું જાણું છું. એ તમે જોયું. જોયું?'

'હા, હા; જોયું જ. ને એનું આશ્ચર્ય પણ અનુભવ્યું.'

'એમાં આશ્ચર્ય અનુભવવા જેવું કશું જ નથી. સાહિત્યમાં રસ લેનારા અમારે ત્યાંના સંસ્કારી માણસો આટલું તો જાણે જ છે. મેં ન કહ્યું હમણાં, કે અમારા એક કવિએ છેક ૧૯૩૯માં મિત્સ્કિયેવિચનાં સૉનેટોનો અનુવાદ કર્યો હતો? ને સમગ્ર યુરોપને લક્ષ્યમાં લઈએ, તો એ કાંઈ યેટ્સ કે રિલ્કે નહોતા!'

'હા, એ તો ખરું.' કોઈક ધીમે સાદે બોલ્યું.

'તો આમ અમે તમારા સાહિત્ય અને સંસ્કાર વિષે જ્યારે આટલું બધું જાણીએ છીએ અને જાણવા મથીએ છીએ ત્યારે મને જે આશ્ચર્ય થાય છે તે આ છે. આજે હું દસ દિવસથી યુરોપમાં આવ્યો છું. આખા યુરોપના અને દુનિયાના લેખકો જેમાં ભેગા થયા હતાં એવી એક પરિષદમાં ગયો છું, પણ કોઈ એમ પૂછનારું નથી મળ્યું કે હિંદમાં સાહિત્યની દુનિયામાં શું શું થાય છે? જાણે એ દુનિયા તો રવીન્દ્રનાથ ટાગોર નામના માણસ પછી થીજી જ ન ગઈ હોય?' બધાં હસી પડયાં. 'એવું નથી હોં, મિ. બ્રોકર,' યજનાન બહેન બોલી ઊઠયાં. 'તો?' મેં પૂછ્યું. 'એમ... અમારા...' પણ ત્યાં જ પેલા પોલૅન્ડના ભાઇઓમાંથી એકે કહ્યું: 'સાચી વાત છે એમની. આપણે બહાનાં તો ન જ કાઢવાં

જોઇએ.' ને ફ્રાઉ કુઝે બોલી ઊઠી : 'ને હું તો આખો દિવસ એમની સાથે રખડી છું છતાં મને પણ...'

'મને એ જ આશ્ચર્ય છે : આ કુતૂહલના અભાવ વિષેનું. કોઇને પેલી બાજુ શું થાય છે એ જાણવાનું જાણે કુતૂહલ જ નથી આ ભાગોમાં.'

ક્ષણભર બધાં એકબીજા સામે જોઈ રહ્યાં. ક્ષણભર ત્યાં સન્નાટો છવાઈ રહ્યો. ક્ષણભર બધાંને સરવરનાં મંદોર્મિમય જલવિસ્તારને જોઈ રહેવાની તક મળી. ને પછી પાછી મંડળી મુખર થઈ ગઈ. પણ ડાહી હતી એ મંડળી. મેં કહી હતી એ વાત વિષે તેણે ચર્ચા ઉપાડી નહિ, કે બહાનાં કાઢવાનો કે બચાવ કરવાનો પ્રયત્ન ન કર્યો. એટલે તો મોડી રાતે જ્યારે અમે વીખરાયાં ત્યારે એ બધાંનો આભાર માનતાં મેં જ કહ્યું : 'માફ કરજો હોં, મારાથી જરી યે અવિનય થઈ ગયો હોય તો. પણ મિત્રોને મારે મારા મનની વાત કહેવી જ જોઇએ.'

'એ વિના અમને પણ અમારી નબળી કડી કેમ સમજાય ?' કોઈએ કહ્યું. 'એ નબળી કડી ન પણ હોય,' હું બોલ્યો : 'તમારું ધ્યાન ખેંચાય કે કુતૂહલને ઉશ્કેરે એવું કદાચ અમે કશું કર્યું યે ન હોય. પણ છતાં..'

'પણ છતાં અમારો દોષ એ કંઈ ગુણ બની જતો નથી. ને જાણ્યા વિના કહી પણ કેમ શકાય કે—'

રસ્તે પણ મોટરમાં ફૉન નિકોલાઈ અને ફ્રાઉ કુઝે આ જાતના પશ્ચિમ સિવાયના દેશો વિષે યુરોપના અને સારી યે પશ્ચિમની દુનિયાના લોકોના કુતૂહલના અભાવનાં કારણો વિષે જાતજાતના તર્કવિતર્કો વહેવડાવવા લાગ્યાં. સવારે નવ વાગ્યે ફરી મળવાનું કહી એ લોકોએ મને મારી હોટેલ પર ઉતારી દીધો.

બીજે દિવસે નવ વાગ્યા પહેલાં જ ફૉન નિકોલાઈ મારા ઓરડામાં આવી પહોંચ્યો. મને કહે : 'નવ વાગ્યે ફ્રાઉ કુઝે આવી પહોંચે તે પહેલાં તમારો સામાન પૅક કરી લો. આપણે મોટરમાં મૂકી દઈએ. એટલે પાછા અહીં આવવું નહિ.

'પણ આટલી બધી તકલીફ—' હું વિશેષ બોલવા જતો હતો ત્યાં મારી નજર તેની આંખો ઉપર પડી. એમાં એટલો ઠપકો ભર્યો હતો! હું મૂંગો થઈ ગયો. ઝડપબંધ બધું કામ કરી લીધું. નવ વાગ્યે સામાન લઇને નીચે ઊતરી પડયા. ફ્રાઉ કુઝે તૈયાર જ ઊભી હતી.

સરસ જગ્યાએ જઇને ચાપાણી પીધાં. પછી કુઝે સાથે હૅમ્બુર્ગનું એક મોટું પ્રેસ જોવા ગયા. કુઝેએ કહ્યું કે એ છાપખાનું આખા યુરોપનું મોટામાં મોટું પ્રેસ છે. જબરદસ્ત હતું. જાણવા મળ્યું કે આપણા ટાઈમ્સ ઑવ ઈન્ડિયા જેટલાં તો કેટલાં યે પત્રો એમાં એક દિવસમાં છપાઈ જાય! રંગીન છાપકામ પણ તેમાં સુંદર થાય છે. મને તેમાં ઝાઝી સમજ નહિ. ને રસ તો એથી યે ઓછો, એટલે વિવેકપૂર્વક કહેવાય એટલું કહ્યું પણ એની વિશાળતાથી આશ્ચર્ય તો અનુભવ્યું જ. એથી વિશેષ આશ્ચર્યનો અનુભવ, ત્યાંથી બહાર નીકળ્યા કે તરત જ, ફૉન નિકોલાઇએ કરાવ્યો. મને કહે: 'હવે તમને અહીંનો મારો ડિપાર્ટમેન્ટલ સ્ટોર જોવા લઈ જાઉં.' 'ચાલો.' મેં કહ્યું. કુઝેએ જમવા વખતે મળવાનું કહી વિદાય લીધી. ચલાવતાં ચલાવતાં નિકોલાઈએ મોટરને એક મોટી લિફ્ટમાં ઘુસાડી દીધી! આશ્ચર્યથી હું તેની સામે જોઈ રહ્યો. તે હસ્યો અને નાકે આંગળી મૂકી ચૂપ રહેવા જણાવ્યું. લિફ્ટનાં બારણાં બંધ થયાં. તે ઊંચે ચડી-મોટર સાથે. છેક અગાસીમાં જઇને એ બારણાં ઊઘડયાં. નિકોલાઇએ મોટરને અગાસીમાં બહાર કાઢી. કહ્યું : 'સ્ટોરમાં આવનારાઓ માટે મોટર પાર્ક કરવાની આ વ્યવસ્થા આ લોકોએ કરી છે, એટલે બહાર રસ્તા ઉપર ભીંસાભીંસ ન થાય.'

પછી નીચે ઊતરી સ્ટોરના અનેક માળાઓમાં યથેચ્છ પરિભ્રમણ કર્યું. એક માળેથી બીજે લઈ જવા માટે લિફ્ટ ઉપરાંત એસ્કેલેટરો પણ હતાં. અન્ડરગ્રાઉન્ડ રેલવે સ્ટેશનોમાં હોય તેવાં. ચાલુ ચાલ્યા જ કરતાં હોય: ઉપરથી નીચે, નીચેથી ઉપર. એની ગતિમાં ગતિ મિલાવી તેના એકાદ પગથિયા ઉપર ઊભા રહી જવાનું. જગ્યા આવતાં ઊતરી પડવાનું. એ તો ચાલ્યા જ કરતાં હોય.

દરેક માળ અનેક જાતની સામગ્રીઓથી ભરપૂર હતો. જોતાં જ આંખ ધરાઈ જાય. ઘરાકી પણ ઊભરાતી હોય યુદ્ધ પછી આટલાં જ વર્ષોમાં આ દેશ કેટલો સમૃદ્ધ બની ગયો હશે તેનો ખયાલ આવે.

એક વાગવા આવ્યો હતો. કુઝે અમારી રાહ જોતી હશે. તેણે ટાઉનહૉલની એક ભપકાબંધ હોટેલમાં લંચ લેવાનો પ્રબંધ કર્યો હતો. નિકોલાઈએ મને કહ્યું કે આ મોટું માન ગણાય. તેમાં લંચ માટે ટેબલ રિઝર્વ કરાવવામાં પણ બહુ જહેમત પડે છે.

ખરેખર એવું જ લાગ્યું. દરેક દરેક જગ્યા ખીચોખીચ ભરાએલી હતી. આવનારાં સ્ત્રીપુરુષોની સમૃદ્ધિ તેમનાં અંગેઅંગમાં તરવરતી હતી. હોટેલની સમૃદ્ધિ તેની સાજસજ્જા ને ઠામવાસણમાં. કુઝે રાજીરાજી હતી. અમારી સાથે લંચ લેવા ગામના એક પ્રતિષ્ઠિત સજ્જનને પણ એ આમંત્રી આવી હતી. લંચ પછી એની અત્યંત ભાવભરી વિદાય લીધી. એ દોઢ દિવસમાં એણે એટલો બધો ભાવ દેખાડ્યો હતો! ને તે પણ શુષ્ક ને ઔપચારિક નહિ. કેટલી બધી મહેનત એ લેતી હતી તે સ્પષ્ટ દેખાઈ આવતું હતું. મારી સાથે ભેટસોગાદ આપવાને લાવેલી ચીજોમાંથી બિત્રણ મેં એને આપી ત્યારે એ તો ગદ્ગદ થઈ ગઈ: 'આ બધું હું સુવેનીર તરીકે સાચવી રાખીશ.' તેણે કહ્યું.

મોટરમાંથી પાછું જોઈને, તે દેખાઈ ત્યાં સુધી મેં તેના તરફ જોયા કર્યું. વિદાયનું સ્મિત ફરકાવતી તે, અમે દેખાતા બંધ થયા ત્યાં સુધી ત્યાં જ ઊભી રહી હતી, ને હાથ હલાવ્યા કરતી હતી.

એ પછી અમે ત્યાંની યુનિવર્સિટીમાં ગયા. ભાયાણીએ ત્યાંના ડૉ. આલ્સડોર્ફને મળવા ખાસ કહ્યું હતું. તેમના ઉપર એક પત્ર પણ આપ્યો હતો.

ઉંમરે પુખ્ત છતાં ટટ્ટાર એવા સજ્જન. હસમુખા અને મળતાવડા. અલ્લાહાબાદમાં વર્ષો સુધી રહેલા. સંસ્કૃતમાં પારંગત. ભારતીય વિદ્યા તો એમને હસ્તામલકવત્. ભાયાણીના કાર્ય વિષે આદર રાખનારા. પ્રેમપૂર્વક તેમને યાદ કર્યા. અમને મળ્યા એનો આનંદ દર્શાવ્યો. જાણે ભારત ફરી એમની દૃષ્ટિ સમક્ષ ખડું થઈ ન ગયું હોય, એવી તેમની દૃષ્ટિ બની રહી. થોડી વાતો કરી. પણ અમને વિશેષ સમય નહોતો. હવે એરોડ્રોમ પહોંચવું જ જોઈએ. એમણે મારા બન્ને હાથ પોતાના હાથમાં લઈ અણીશુદ્ધ સંસ્કૃત ઉચ્ચારણમાં કહ્યું: 'પુનર્મિલનાય.'

ઘડિયાળમાં જોઈ મેં ચિન્તા કરી: 'મોડા તો નહીં પડીએ ને?'

'તમે જોજો તો ખરા. આ મારી નાનકીક ગાડી પવનવેગી છે.' ને એણે એ વેગ ગાડીમાં ભરી દીધો. હૅમ્બુર્ગની આજુબાજુ પથરાએલી વનશ્રીની સમૃદ્ધિનું દર્શન કરતાકરતા અમે એરપોર્ટે પહોંચી ગયા.

અર્ધોએક કલાક સાથે બેઠા પણ મારો અવાજ ભારે થઈ ગયો હતો. જાણે સગા ભાઇથી છૂટો પડતો હોઉં એમ લાગતું હતું.

'આ હું કદી નહિ ભૂલું.' મેં માંડમાંડ કહ્યું. ને, વિમાન માટે ગયો ત્યારે, પાછળથી મેં હાથ હલાવ્યા કર્યો. પણ પાછળ ફરીને જોયું નહિ. એને હું મારી આંખ બતાવવા નહોતો માગતો.

રસ્તે આખે તેના, ફ્રાઉ કુઝેના, માણસને માણસ જોડે જોડી દેતી સ્નેહની, માનવતાની, અગૂઢ છતાં અતૂટ એવી કડીના, અજાણી ધરતીમાંથી પણ પસરી રહેતા માનવભાવોના આવિષ્કરણના વિચારો કરતો રહ્યો, ને લંડન નજીક ને વિશેષ નજીક આવતું ગયું. (ચાલુ)



દિવ્યાનુભૂતિની શોધમાં


લેખક
મધુસૂદન ઢાંકી

ની કળ્યાં'તા તો માનવીઓએ શિલાઓ કંડારી ઊભી કરેલી ઈમારતોનાં ખણ્ડહેરો જોવા. સાંભળ્યું'તું કે એ સૌ છે પુરાણા ભારતે સર્જેલા અમર કલાધામો. એમાં દારાનગોએ વર્ણવેલી દિવ્યાનુભૂતિનો વાસ છે એમ કુમારસ્વામીએ કહ્યું હોવાનો આછો આભાસ મનઃપટ પર, વિસરાતા મિત્ર શો ક્યાંક અંકાયો છે. કોને ખબર? અમે તો પ્રાચીન શિલ્પીઓનાં ટાંકણાંના ઘસરકે ઘસરકા જોઈ વળ્યા એમણે કંડારેલા મણિબન્ધ અને પત્ર-પલ્લવો, કલ્પવલ્લી અને લતામણ્ડપો, હંસ ભારણ્ડ અને ચક્રવાક યુગ્મો, ગજાશ્વની હારો અને રતિ-નાયક મિથુનો, ગણ ગન્ધર્વ અને વિદ્યાધર યુગલો, કિન્નરો યક્ષો અને પન્નાગ પુરુષો સિદ્ધ અમર અને અપ્સરાઓની પાર્થિવ અને આધિભૌતિક સૃષ્ટિઓમાં ઘૂમી વળ્યા. ને પછી એનો થાક ચડતો; માંડવે સાત સુખડી જમવા બેઠેલા વરલાડલાને બરફીના છેલ્લા બટકે ચડતા બાજોઠ-બેસણાના થાક જેવો. પણ પ્રકૃત સદાયે અમારી સજાગ જ રહી. એનાં અદૃષ્ટ ટાંકણાં અમારી મનઃશિલા પર ફરી રહ્યાં હતાં. અરુચિના પોપડા એ ટાંકણાં ધડોધડ ફોડી રહ્યાં હતાં. દિવ્યાનુભૂતિના થનાર અન્તિમ દર્શનની એ હશે પૂર્વ સજાવટ? કોણ ચડે? મનુજ કે નિસર્ગ?—એવો મૂરખ પ્રશ્ન અમે ક્યાય પૂછ્યો નહિ.

ચિત્ર નં. ૩-૪: જસતની ભઠ્ઠી જેવા પડવાના ચન્દ્રના અભારસમાં ફરતાં અમારાં છાયાચિત્રો

*

↓ ચિત્ર નં. ૧: એક બાજુ નાગ સામે જંગ ખેલવા અંગ સંકોરી તૈયાર થઈ રહેલા નોળિયાની ચપળ નેમ લેતો એક ડુંગો, જબ્બર ખડક-ચોસલો; વચ્ચે દેખાતી હતી સાંકડી નેળ; અને સામે પેલાનું આહ્વાન ઝીલતો બીજો નાગ શો નગ કાદમ્બરમલઇ; અને એ જોડીની બરોબર વચ્ચે, નીચે હતું શંખના બખોલમાં હોય [illegible] કકકણાકર તળાવ.



નાર્તામલઈનો પહેલો પહાડ મેનામલાઈ! અમે એ ચડયા. દ્રવિડ દેશના નાભિમણ્ડલ પર કટિગ્રન્થિ શું એનું બેસણું. એની ઉપલી ટોચની પાછળ ઢળતી બાજુએ ખડું છે, વિરાટ અપૂજ શિવલિંગ શું, મણ્ડલાકાર શિખરી શિવાલય. એનો અર્ધમણ્ડપ બન્યો છે એક મહાન અનિર્ણાયક યુદ્ધની સમરભૂમિ. રણાઙ્ગણ ખરું, પણ અભિલેખશાસ્ત્રીઓ વચ્ચે ખેલાતા અર્થઘટનના જંગનું. નવમા શતકના ઉત્તરાર્ધમાં ચોળ રાજવંશના વડવા વિજયાલય ચોળે નિર્માવેલું એ વિજયાલય ચોળીશ્વરમ્? કે ચોળોના પડોશી ને પ્રતિસ્પર્ધી પાણ્ડયોનું સર્જેલું એ મન્દિર? કે પછી નેમામ-નગરના મુત્તરાયરોનું? કોઈ કહી શકતું નથી. પુરાણી તામિળમાં લખાએલા એના શિલાલેખના અર્થઘટન પર હજુ યે યુદ્ધ ચાલી રહ્યું છે.

ટોચ પર ચડ્યા ત્યારે પાછું વાળીને જોયું નહોતું. જે ન જોયું તે હવે જોવા મળ્યું: વાપસી વેળાએ. અમે ત્રણ, તૈયારી વિનાના, બેખબર ઊભા હતા: દંગ બની એકીટશે જોઈ રહ્યા. નજરમાં મગરમચ્છની તિતિક્ષા હતી, ખુન્નસ નહોતું. સરકી રહેલા કૅમેરાને દયાશરણ સજ્જ કરી રહ્યા હતા. દાદા નેજવાંનો ટેલિસ્કોપ ચડાવી દૂર દૂર જોઈ રહ્યા હતા. ટેલીનો લેન્સ કૅમેરાને લગાવવા દયાશરણ ગજવાં ફંફોળી રહ્યા હતા. ઊપડી રહેલી ગાડીએ ચડતાં રિક્ષાવાળાને ચૂકવવાની આઠ આનીની શોધ જેવી વ્યાકુળતા એમના મુખ પર, ઠંડી પડતી ચા પર બાઝતી તર સમી, વ્યાપી રહી હતી. અમે જોઈ રહ્યા હતા. સામે એક બાજુ નાગ સામે જંગ ખેલવા અંગ સંકોરી તૈયાર થઈ રહેલા નોળિયાની ચપળ નેમ લેતો એક છુટ્ટો, જબ્બર ખડક. ચોસલો; વચ્ચે દેખાતી હતી સાંકડી નેળ; ને સામે પેલાનું આહ્વાન ઝીલતો બીજો, નાગ શો નગ કાદમ્મરમલઇ (જુઓ ચિત્ર ૧) અમારી અને એ જોડીની બરોબર વચ્ચે, નીચે હતું શુક્રના ભૂખણ્ડમાં હોય એવું અર્ધકઙ્કણાકાર તળાવ. શેરડીના રસની ઠરી રહેલી કડાઈમાં જામતી ગોળની પોપડી જેવી સુકાએલી, તમાકુવર્ણી ને તમાલરઙ્ગી લીલ એના કાંઠેકાંઠે છવાએલી હતી. 'દયાશરણ? ટેલી કે બજાય રૅલીસે લીયા હોતા તો?' 'કયા કરું ભૈયા, દિમાગ હી ચલતા નહિ થા!'

બેઈલાશઆટીના ભગવતીના મન્દિરની રચનાની અનન્યતાની વાત મિસિસ મિત્રાના લેખમાં એક વાર વાંચેલી. કોણાર્કના સૂર્યમન્દિર પછી તરતનો છે એનો નિર્માણકાળ. કલિઙ્ગી શૈલીમાં કર્કર શિખરના કૂટન્યાસનો એક અભિનવ પ્રયોગ એ મન્દિરના ઊર્ધ્વચ્છન્દમાં થયો છે. ચોખાનાં ખેતરોની ભીની ક્યારીઓની ભુલભુલામણી વટાવતા, 'ઠાકુરાણી મન્દિર કોપટે?' પૂછતા પૂછતા, કોશ એક બાદ નાળિયેરીના વનથી વીંટળાએલા એ મન્દિરે પહોંચ્યા ત્યારે ગામલોકો ઢોલક બજાવતા બજાવતા હુતાશનીનો પૂજાપો લઈ જઈ રહ્યા હતા. ભગવતીનાં દર્શન કરી ટહેલતા હતા, ત્યાં મન્દિરથી સો કદમ પાછળ જે સૃષ્ટિ દીઠી એને મિ. આયરે કાલિદાસની કહી. માણગોપાલે ટર્નરની માની. બન્નેની હશે! ત્યાં, નાળિયેરીની વનરાઈ વચ્ચે, વર્તુલાકાર તળાવડીમાં હંસોનું ટોળું ક્રીડાયમાન બની ઘૂમી રહ્યું હતું—શાંતિકાળે બંદરગાહ પર લાપરવાહીથી પહેરો ભરતી મનવારોના વૃન્દની જેમ. પણ એ તળાવડી નહિ, તળાવ હતું; ને એનો આકાર વલયીલ નહિ, દ્વિઅસ્રવૃત્ત હતો. એનો બીજો છેડો, દૂર દૂર લંબાતો, બન્ને કાંઠે ઘેઘૂર ઝાડીથી ઘેરાએલો અદીઠ ક્ષિતિજે ફેલાએલો હતો. (જુઓ ચિત્ર ૨) કલિઙ્ગ વિજય માટે અશોક જેનાથી લલચાયો, એ હશે આવું જ કોઈ પારદરસ સમું જલસ્તર! હંસો પાછા ફરી રહ્યા હતા. અમે પાછા ફરી રહ્યા હતા—કૃત્રિમોની અફલતાને સમજીને; જેમ અશોક હિંસાના નિરર્થકતા સમજી કલિઙ્ગથી પાછો ફર્યો હતો તેમ.

કોણાર્કના મહામન્દિરની નીરવતામાં રાત્રી ગાળી અલૌકિકનો અનુભવ લેવાનો મનસૂબો જ્યારે મને માણગોપાલે જણાવ્યો ત્યારે મેં કહ્યું કે ભદન્ત ગોપાલાયન, તને જો એમ કરતાં સમ્યગ સમ્બોધિની પ્રાપ્તિ થાય તો સૌપહેલાં મને ઉપદેશવા આવજે. તે દિવસથી પાલને હું ભદન્ત કહું છું. પ્રમાણ અને પરિમાણની પરમ વિભૂતિ શા, વિરાટની ઝૂંપડી જેવા, એ આદિત્યાલયના જગમોહનને અમે અનેક કોણોથી નિહાળ્યો. રેતીના ઢૂવા પરના બે તાડ વચ્ચેથી એ, મોરપિચ્છનો વીંઝણો ઢાળી રહેલા બે વાહિકો વચ્ચે ભદ્રાસનસ્થ આસીરિયન સમ્રાટ જેવો ભાસતો હતો. અહીં તાજમહાલની પૂર્ણતાની ગમગીની નહોતી; તાજની ભીતરી ખાલીખમ ટાઢાશ કે એના ભૂમિદાહગૃહની પિરામિડીય ભેંકારતા પણ નહોતી: અહીં હતો અસ્તિત્વનું ગાન ગાતા ખણ્ડેરનો ઉલ્લાસ. ત્યજાએલા મધપૂડા શા એના બદામી પીળા ખોખાના ખૂણેખૂણાના કોશોમાં જીવન તરફની મમતાનું મધ ભરેલું છે: એની ફાંસનાના કાળા ભૂરા ઓળાઓમાંથી ઓગળી ઓગળી ને આજે પણ એ ચૂઈ રહ્યું છે.

તેરમા શતકના મધ્યભાગે રાજા નરસિંહદેવે રચાવેલા, સૂર્યદેવના એક કાળના એ નભોન્નત મન્દિરની જગતી પરનાં રતિચિત્રો જાપાની જુવાનડાઓ, તાજી વીંટાએલી કેળના પોટા જેવાં મુખ ઝુકાવી જોઈ રહ્યા હતા. એમના મોવડીનો, જામફળ જડી ગએલી ખિસકોલી શો ખીખિયાટો મિ. આયરના વિનોદથી વધારે તીણો બની રહ્યો હતો. ધૂળી પડવાનો એ હતો દિ. ઘેરૈયાના ગુલાબના રંગે ગુલાબનો છોડ બની ગએલી ફ્રાન્સિસી મહિલા મન્દિરની જગતીના રથચક્રની ધરીને સ્પર્શી રહી હતી; અને ઝાંખુડી કપોલે ચોપાસ ઘૂમતો બજરીઘર શો અમેરિકી યાત્રી હુતાશનીના તહેવારને સમજવા કપિ જેવું કુતૂહલ દાખવી રહ્યો હતો. ભુવનેશ્વરમાં રાજારાણીના મન્દિરે મળેલા લશ્કરી અફસર આડીં પણ એવા જ શિલ્પખણ્ડોની નોંધ કરી રહ્યા હતા;—નિવૃત્તિ બાદ લખવા વિચારેલાં સંસ્મરણો માટે હશે. ફરી ઊગવાની હોંશ ન રહી હોય એવો, દાઢ ભીડેલો સૂરજ કોણાર્કના ભગ્ન શ્રીમન્દિરની બેસણી પાછળ સરકી રહ્યો હતો. અમે જગમોહનની ફાંસનાની ઊર્ધ્વભૂમિ પર મન્દિરના જન્મકાળથી સ્થિર થએલી દિવ્ય સઙ્ગીતકરિણીઓ પ્રતિ છેલ્લી દૃષ્ટિ કરી એમના અવિરત તાલને સાંભળવા-સમજવા કોશિશ કરી રહ્યા હતા.

જગન્નાથપુરી! રજતપટ પર પૌરાણિક ચલચિત્રના જગન્નાથપુરીના વિહઙ્ગદશ્યની નભોરેખા પર ચમકાવતા અશ્રાવ્ય નાગરી અક્ષરો જોઈ રહેલા પ્રેક્ષકોના સહગુંજારવ જેવું: જગન્નાથપુરી!

કોણાર્કથી પુરી જતાં જગદીશના એ મહામન્દિરને દક્ષિણ નભોપટ પર મરીચિકા શું ઝબકતું સાંજને સમયે જોએલું. એ પળે પુરીનું અસ્તિત્વ જ નહોતું. હતા કેવળ એક જગદીશ!

મિ. આયરે સાચવી છે તેવી પણ્ડાઓ પ્રતિની સંસ્કારી નફરત મારા જોવામાં આવી નથી. અમારાં દિલમાં ભયનો આછો થડકાર થયો-નિબિડરાત્રિમાં કૂતરાના અચિંતવ્યા ચિત્કારની પળે થાય છે તેવો.


જે ઘેર મૃત્યુ ન પહોંચ્યું હોય તે ઘેરથી રાઈના દાણા લઈ આવવા જેવી પર્યેષણા અમે સૌ કરી આવ્યા;-જે હોટેલમાં માછલાં ન રંધાતાં હોય તેવી હોટેલની પુરીમાં શોધ ચલાવી ત્યારે. વિશ્રામગૃહથી બીજે દિવસે સવારે પુરીના દેવદ્વારે દર્શનાર્થે ઊભા હતા ત્યારે સમુદ્રતટે રેતીની બખોલોનાં દ્વાર એકાએક ઉઘાડી બહાર નીકળી પડતા કરચલાઓની જેમ પણ્ડાઓને મંદિરના અદીઠ ખૂણેથી આવી પહોંચેલા દીઠા.

અમને સૌને, એકેએકને, એક પછી એક, અમારી જ માતૃભાષામાં પડકાર્યા! અમારાં જાગલ્સ નિષ્ફળ ગયાં. પકડાઈ ગએલા ડ્રૅાગમૅન જેવા અમે પાંચે એકબીજા સામે એક પળે જોઈ રહ્યા. સીક્રેટ એજન્ટની ચપળતાથી એક ઉડિયા પણ્ડાએ મને સીધું જ પૂછ્યું: 'સાહેબ, ક્યાંના છો? વેરાવળના કે જૂનાગઢના?!' મારા ઘરથી માત્ર સિત્તેર માઈલની ત્રિજ્યાનો ફર્ક રાખી દેનાર આ પણ્ડાના ગુપ્તચર્યને મેં મનોમન અભિનન્દન આપ્યાં. પુરન્દરનો પરાજય શક્ય હશે, પણ્ડાનો નહિ. અમે શરણાગતી સ્વીકારી. અમારા ટેરીકોટને એમની દૃષ્ટિ મૂલવી રહી હતી. માગેલી દક્ષિણા આપી જગદીશના પ્લાસ્ટરાચ્છાદિત દેવાલયનાં દર્શનથી ખિન્ન બની અમારો સન્તાપ શમાવવા અમે સાંજ પછી સાગરકિનારે ગયા. પટ્ટણીઓની બોલી સાંભળી થએલો સન્તાપ શમાવવા કર્ણદેવની સભામાં રહેલો કાશ્મીરી કવિ બિલ્હણ જેમ પ્રભાસના સમુદ્રતીરે સોમેશનાં દર્શને ગએલો તેમ.



ચિત્ર ૨: નારિયેળીની વનરાઈ વચ્ચે તળાવડીમાં ક્રીડાયમાન હંસોનું ટોળું

પુરીના પૂર્વસમુદ્રની ફેનરેખા પર, જસતની લહીના નાળચા જેવો પડવાનો ચંદ્ર ધોધબંધ આભારસ રેડી રહ્યો હતો. ધોધ દેખાતો નહોતો; પ્રવાહ વહી રહ્યો હતો [જુઓ ચિત્ર નં. ૩]. એની કલાઈના ટાઢી એરણ જેવા સ્પર્શથી નાવડાનાં છાયાચિત્રો, બિડાએલી પ્રમણ બની, એક બાજુ સ્થિર થએલાં હતાં. માત્ર અમારાં છાયાચિત્રો હલી ફરી રહ્યા હતાં: ભીંજાએલી રેતી પર [ચિત્ર ૪]. નન્દાની કપિતાથી અમે સૌ હંમેશાં સાવધ રહીએ છીએ. જ્યોત્સ્નાનો કેફ સો વાર ઘૂંટેલી ખસખસની ઠંડાઈ જેવો સૌને ચડી રહ્યો હતો. અભાનની એક પળે



ચિત્ર ૫: મહાનદીના સપાટ વેણુપટ વચ્ચે ઊપસી આવેલું સિદ્ધનાથ દીપનું શીતળ સૌંદર્ય



ચિત્ર ૮: જલઝરણને અડીને ઝળૂંબેલો, ચીની ચિતારાઓનાં ભૂલીલાકકનોમાં જોવા મળે એવો ઇભ્રડક તોતીંગ ખડક

કથકલીની મુદ્રા બતાવી રહેલા મિ આયર, એમની પાછળ બંદૂકની નાળ શી તકએલ નંદાના ઝૅનારની નાલિકાનો મનોમય સ્પર્શ અનુભવી ચમકીને બાજુએ ખસી ગએલા. ગકગાઇકોણ્ડચોળપુરમ્ના મંદિરની દક્ષિણ ભિત્તિ પરના નટરાજના કરણને સિદ્ધ કરવાનો મને એ પળે સૂઝેલો સંકલ્પ, મૃત્યુ પામતા નવજાત શિશુ શો, વિરમી ગયો. મનતરકગ જલતરકગ પ્રતિ ફરીને વળ્યાં. નિસર્ગની એ હતી ત્રીજી અનુભૂતિ.

મહાનદીના બે કોશના સપાટ વેળુપટ વચ્ચોવચ સિંહનાદ દ્વીપનું નાનકડું લીલાળ રેણુકૂટ, વર્તુલ દોરવાના શકકુ જેવું ઊંચકાઈ આવેલું છે [ચિત્ર ૫]. બે અબોલ સખા શાં, આ કાંઠે રામેશ્વર અને ઓલે કાંઠે બારમ્બા ગામ, (પહેલ કોણ કરે એની ચિરંતન પ્રતીક્ષામાં) એકબીજા સામે ત્રાંસુ, તીરછું જોતાં ઊભાં છે. એ સિંહનાદના સિંહનાથને વંદના દેવા અમે એક સવારે રામેશ્વરથી નીકળી પડ્યા. જિન્દગીમાં ઊંટની ઈર્ષા અમને સૌને એક જ વાર થઈ છે: ગકગા અને રેવાના પટ નાદાન લાગે એવા મહાનદીના અફાટ સિકતા પટમાં ખૂંપી જતાં અમારાં સૅન્ડલોને વારંવાર બહાર કાઢી રહ્યા હતા ત્યારે, સિંહનાથના પૂજારીએ અમને દેવની જેમ સત્કાર્યા. દેવનો પ્રસાદ ભક્તિપૂર્વક જમાડ્યો. પુરાણા ભારતની સંસ્કારિતા અમને કોઈક વાર જ સામે મળી છે. ને મળી છે ત્યારે પોતાની સ્મૃતિ, બરડા ડુંગરના વગડામાં કો'ક ખૂણે છુપાએલી ને વરીની વાયરે ચડી આવતી મ્હેક શી, મૂકી ગઈ છે.


સિંહનાથથી પાછા વળતી વેળાએ અમારો ચલન પથ આડો ફંટાયો. અમે રામેશ્વરનો પૂર્વે આવેલી ટેકરી પાસેના દેવી દુર્ગાના ભવન પ્રતિ જઈ રહ્યા હતા. અધવચ્ચે પોરાની વેળાએ મહીનદીના રેગિસ્તાન શા પટની દૂર પશ્ચિમની રેખા, સગડીના અકગારની શ્વેત ભસ્મ શી,



ચિત્ર ૬-૭: રેગિસ્તાન શા પટની દૂરની રેખા સગડીના અકગારની શ્વેત ભસ્મ શી પ્રકાશી રહી દીઠી... આગળ વાળુકાના વિસ્તીર્ણ પટમાં દાદાનાં પગલાં અંકાઈ રહ્યાં હતાં.

પ્રકાશી રહી દીઠી. ને એની પાછળ અમૂર્તમાંથી અવતરતી હોય એવી બે ટેકરીના ઝાંખાઝાંખા, સમિધપુગ-જ શા ઓળા આકાર લઈ રહ્યા હતા [૬]. આવરદા પી ગએલા દાદા, અગ્નિ કોણે અમારી સૌથી આગળ નીકળી ગયા હતા. નભો-રેખાએ સર્પિણીઓના સમૂહ શી વાદળીઓ સરકી રહી હતી. નીચે ક્ષિતિજે ઊભેલી એકાકી ટેકરી ધરતી ને આભનું મિલન ગોઠવી રહી હતી. આગળ વાળુકાના વિસ્તીર્ણ પટમાં દાદાનાં પગલાં અંકાઈ રહ્યાં હતાં: દિગ્કાળમાં અંકાતી માનવ-પુરુષાર્થની કેડી સમાં [ચિત્ર ૭].

મધ્યપ્રદેશના ચંદરેહેગ્રામમાં દશમા શતકના પ્રથમ પ્રહરમાં મત્ત મયૂર સમ્પ્રદાયના શૈવાચાર્ય પ્રબોધશિવે બંધાવેલા, મહાદેવના પૂર્ણભદ્ર પ્રાસાદને સર્વેક્ષવા અમે જઈ રહ્યા હતા. વચ્ચે આવતી સેતુવિહીના શોણ નદીને પાર કરવા તરાપા પર અમારી શ્વેતાંગી જીપિકાને ચડાવી રેલિંગને અઢેલી અમે વાતોએ વળગ્યા હતા. લંકાના લંકાતિલક મહાવિહારને અર્પણ કરવા નૌકામાં શ્વેત હસ્તિનીને લઈ જતા જાવ-દ્વીપના રાજકુમારનું કથાનક ભુવનેશ્વરના મ્યૂઝિયમમાં એક પાષાણફલક પર કંડારેલું અગાઉ જોએલું.



ચિત્ર ૯: સમુદ્રતટે નંદીવર્મને નિર્માવેલું રાજસિંહેશ્વર ને ક્ષત્રિયસિંહેશ્વરનું દેવાલય યુગલ આગળના મોટા મંદિરને અને પાછળના નાના મંદિરને એક સૂત્રમાં ન રાખતાં, એ વિપર્યાસથી સાધેલી ગુરુ-લઘુની અસાધારણ છંદલીલા પૂર્વના સ્થાપત્યમાં અજોડ ગણાય છે.

અગ્રે અગ્રે અગ્રવાલ ચાલી રહ્યા હતા: શ્રી રત્નચંદ્ર અગ્રવાલ. પચગાંવના જોગણીઓના મંદિરની લેખવાળી મૂર્તિઓ નિરીક્ષતી વેળા દૂરના અટૂલા પથ્થરોના ઢગલામાં યોગિની રત્નચન્દ્રાની મૂર્તિ જોયાનું મેં કહેલું એની ખોજમાં મોડા પડનાર રતનચંદ્ર અગરવાલ આજે તો આગળ આગળ ચાલી રહ્યા હતા: તરાપામાં પણ. મિહિરમોહન મારી બાજુમાં ઊભો હતો. મિહિરમોહન મુખોપાધ્યાય: અમારા સૌનો વહાલસોયો, સદા યે હસતો મિહિર. દુબેલાના મ્યૂઝિયમમાં ચામુણ્ડાની સેવિકાની એક મૂર્તિ છે. એની અસ્થિપિંજરીય, જીવાળ બિભીષિકા ભારતીય શિલ્પમાં બીજી વાર સર્જાયાનું જાણમાં નથી. 'ઓહે શુનો મિહિર, ભીતરે આછે તોમાર સ્વપ્નશુંદરી' કહી મિહિરને એ મૂર્તિ જોવા અંદરના ત્રીજા ખણ્ડમાં સૌએ ધકેલેલો. 'ઓહે પિશાચિની, તોમાર રૂપ છલે આમિ...' મ્યૂઝિયમના ચોકની ફરશબંધી પર દડેલા હાસ્યના કાંકચિયા વીણવા અમે તે દિવસે રોકાયા નહોતા. આજે મિહિર બાજુમાં ઊભોઊભો કંઈક અસાધારણ જોઈ રહ્યો હતો. એની દૃષ્ટિમાં ડિનોસોર દીઠાનું આશ્ચર્ય હતું. વાંક પર ચકાવો લેતી વેળાએ એન્જિનથી ખેંચાતાં વૅગનોની જેમ અમારા દૃષ્ટિકોષ એકની પાછળ એક દોરાયા: જે બિન્દુએ મિહિરની દૃષ્ટિ સ્થિર થએલી ત્યાં.

શોણના વંકાયમાન પટની, ગૉલ્ફના ચક્કર શી સમથલ રેતી વચ્ચે ને એના જલપ્રવાહની ધારે ધારે, છૂટીછૂટી આડીઊભી શિલાઓ ઊગી નીકળેલી દીઠી: જપાનના ઝેન સમ્પ્રદાયના બૌદ્ધ મઠના ધ્યાનાર્થે રચેલ રેતીશિલોદ્યાનના પટમાં હોય છે તેમ. ને દીઠો જલઝરણને અડીને ઝળૂંબેલો, ચીની ચિતારાઓના ભૂશીલાઙ્કનોમાં જોવા મળે એવો, એકધારો, ઉભડક, કુદરતે કાતરીકાતરીને ઘાટ ધૂટેલો તોર્તીંગ ખડક: મિહિરનો ડિનોસોર [૮]. માથે રૂમાલનું છાજું કરી સ્પુટનિક ઝૅનારને ગોઠવી રહેલા દયારારણ ગગારીન શા શોભી રહ્યા હતા. તરાપો વહી રહ્યો હતો. શોણનાં વહી રહેલાં વારિ પોરો ખાતી ગરોળી શાં નિષ્ક્રિય જણાતાં હતાં. પ્રોફેસર બાજપાયીના તામ્બુલી ઓષ્ટો વચ્ચેથી સરકવાં સંસ્કૃત સુભાષિતો મીન બની નીચે વારિરાશિમાં કૂદી રહ્યાં હતાં.

મહાબલિપુરમ્ તમે ન જોયું હોય એમ ન બને. અમે તે દિવસે નાગલોકની કોઈ વીથિકા જેવા, રેતીપટ ચીરી પાતાળમાંથી પ્રગટ થયા હોય એવા, પલ્લવરાજ નૃસિંહવર્મન્ મામલ્લે કંડારાવેલા પાંચ રથ જોઈ પાછા વળી રહ્યા હતા. હોટેલના કમરાની બારીમાંથી દેખાતું હતું એના પૌત્ર નંદીવર્મને સમુદ્રતટે નિર્માવેલું રાજસિંહેશ્વર અને ક્ષત્રિયસિંહેશ્વરનું દેવાલય-યુગલ. બીજે દિવસે મળસ્કે અમે ત્યાં ગયા. તોફાનથી કાંઠે ભેખડાએલી વિનાશિકા (ડ્રેડનૉટ), કે દૂરના ગ્રહના સંદેશ ઝીલતા કોઈ ગુપ્ત રડાર સ્ટેશન શા એના ઓળા આકાશને આછાઆછા આંતરી આગળના મોટા મંદિરને અને પાછળના નાના દેવાલયને એક સૂત્રમાં રહ્યા હતા. ન રાખતાં એ વિપર્યાસથી સાધેલી ગુરુલઘુની એની અસાધારણ છંદલીલા પૂર્વના સ્થાપત્યમાં અજોડ ગણાય છે. અમે એની સમીપ પહોંચ્યા ત્યારે રેતીને કોઈ રંગ ન હોતો; સમંદર લીલો ન હતો; આકાશ નીલું નહોતું; તારા પણ ટમટમતા નહોતા.

ધીરે ધીરે સમીરથી ખસતાં ભૂરાંલીલાં ધાંદડાં વચ્ચેથી ડોકિયું કરતી કાચી સ્ટ્રૉબેરી જેવો સૂરજ દરિયાના અવર્ણ નીરાવરણને પેલે પારથી ઊંચકાઈ આવતો જણાયો. નવજાત તીડની પાંખનો કુમળો બદામી રઙ્ગ એનાં સુક્કા દર્ભ જેવાં કિરણો રાજસિંહેશ્વર પર જ્યારે ઢાળી રહ્યાં હતાં ત્યારે રાજનાગ શા પતલા એ ઉન્નત દેવાલયે આ જન્મ સ્તૂપપર્યન્ત પોતાનો અસલી આકાર સાકાર કર્યો. એની ભૂમિકાઓના કૂટ, શાલાશિખરો, વિમાનપાલો, ચૂલિકાઓ અને એ સૌને અંતે સ્થિર થએલી એની પ્રલમ્બ સ્તૂપિકા અપાર્થિવ આભાથી આછાંઆછાં પ્રુજાયમાન બની રહ્યાં [૯]. ધરતી! ઉદધિ! વાતોદધિ! જ્યોતિષ્પતિ! મયમુનિની શ્રેષ્ઠ કૃતિ! સૌએ પોતપોતાનાં રઙ્ગોતેજ એ પળે એકીસાથે રેલાવવાં શરૂ કર્યાં: સમૂહગાને સ્વરસંધાન કરી રહેલા પક્ષીવાદ્યોની જેમ. ને સૌ તત્ત્વો એકબીજાના અસ્તિત્વમાં ઓગળીને ફરીફરી પોતાને સ્થાપતાં રહ્યાં. લય-સર્જનની વૈશ્વિક લીલાની એ હતી અનુભૂતિ. અંતિમ દિવ્યાનુભૂતિ.

કલાવાર્તા

ક્રિસ્ટીઝ: વિશ્વનું સૌથી જૂનું કલા-લિલામ-ગૃહ

રમણિકલાલ સોલંકી

માત્ર કલાવિક્રયમાંથી જ ઇંગ્લંડને ગયે વર્ષે પાંચ કરોડ પાઉન્ડની આવક થઈ હતી. લંડનનાં બે વિખ્યાત (હવે તો જગખ્યાત) લિલામઘરોમાં વેચાએલી કલાકૃતિઓની આવકનો આમાં બહુ મોટો હિસ્સો છે. એમાંની એક 'સોધબીઝ'નો પરિચય ગયા અંકમાં અને અગાઉ 'કુમાર'માં આવી ગયો. એવી બીજી પેઢી 'ક્રિસ્ટી'એ પણ ગયા જાન્યુઆરીમાં એની સ્થાપનાની બીજી શતાબ્દી ઊજવી છે. એ દ્વીશતાબ્દી નિમિત્તના વેચાણમાં એણે દુનિયાભરમાંથી આવેલી, નામી કલાકારોની કૃતિઓનું શાનદાર વેચાણ કર્યું હતું.

આજે એક જ દિવસમાં ૧૧,૮૬,૦૦૦ પાઉન્ડ જેટલો વકરો કરતી આ પેઢી આરંભના દિવસે તો માત્ર ૯૪ પાઉન્ડ જ રળી હતી.



જેઈમ્સ ક્રિસ્ટી. ગેઈન્સબરોએ ચીતરેલી આ તસવીર ૧૯૨૭ સુધી ક્રિસ્ટી કુટુંબમાં રહ્યા બાદ 'ઍગ્ન્યુઝ'ને ૭૨૦૦ ગીનીમાં વેચાઈ અને હાલ મિ. પૉલ ગેટ્ટીના કલાસંગ્રહમાં છે.



બસો વર્ષમાં એણે સાધેલી પ્રગતિનો આ પરથી ખયાલ આવશે. કલાક્ષેત્રમાં આજે લંડનને અગ્રસ્થાને મૂકવામાં આ બંને પેઢીનો મોટો હિસ્સો છે. ન્યૂ યૉર્કની 'પાર્ક બિનેટ' અને પારી(સ)ની 'પૅલેસ ગૅલેરિયા' પણ એટલી આવક ધરાવતી નથી. અલબત્ત આમાં લંડનનું ભૌગોલિક સ્થાન, અન્ય દેશોમાં કલાકૃતિઓના વેચાણ પર લેવાતો વેરો તથા કમિશનના ભારે દર પણ કારણભૂત છે.

ઈ. ૧૯૫૮થી આંતરરાષ્ટ્રીય કલાબજારમાં ખ્યાતનામ બનેલું લંડન દોઢસો વર્ષથી એક મહત્ત્વનું કેન્દ્ર રહ્યું છે. ઈ. ૧૭૮૯ સુધી પારી(સ) મુખ્ય કેન્દ્ર હતું. ફ્રાંસની રાજાશાહીની વિદાયે લંડનને તેની આજની અપ્રતિમ મહત્તા બક્ષી ફ્રેન્ચ વિપ્લવ અને ઔદ્યોગિક પરિવર્તનના એ અરસામાં 'ક્રિસ્ટીઝ'નો સ્થાપક યુવાન જેઈમ્સ ક્રિસ્ટી તેના નાનકડા 'સેઈલ રૂમ' વડે લંડનમાં કલા-વિક્રેતા તરીકેનું સ્થાન જમાવી રહ્યો હતો. નૌકાદળમાં સામાન્ય નોકરીથી જીવનનો પ્રારંભ કરનાર કિશોર જેઈમ્સે છૂટા થઈ એક લિલામગૃહમાં નોકરી લીધી, ને ૧૭૬૬ની ૫ ડિસેમ્બરે ૬૦ લિલામગૃહોની સ્પર્ધામાં સ્વતંત્ર પેઢી શરૂ કરવાનું સાહસ ખેડ્યું. નવાં પરિબળો સાનુકૂળ થતાં લંડન આંતરરાષ્ટ્રીય કલાકેન્દ્ર બન્યું. ઔદ્યોગિક ક્રાંતિએ લોકોને ખરીદશક્તિ બક્ષી. ફ્રાંસની રાજકીય ક્રાંતિથી ત્યાંના કલાકસબીઓ બ્રિટન પ્રતિ આકર્ષાયા. લંડનની મહત્તા વધારવામાં એમણે પણ ફાળો આપ્યો.

આવા સાનુકૂળ સંજોગો સાથે યુવાન ક્રિસ્ટીની મધુર વાણી અને પ્રતિભા ભળ્યાં. વેચાણનો પ્રારંભ એ એક અનેરી લહકથી કરતો: 'સદ્‌ગૃહસ્થો અને સન્નારીઓ! આ-



(ઉપર: ડાબી બાજુ ૧) નવા વેચાણ માટે તૈયારી કરતા 'ક્રિસ્ટીઝ'ના ગ્રંથ-નિષ્ણાત મિ. ડડલી. (અને ૨) વેચાણખંડમાં એકઠા થએલા ગ્રાહકો ને પ્રેસના પ્રતિનિધિઓ.

ક્રિસ્ટીઝના હાલના ચેરમૅન અને નિષ્ણાત વિક્રેતા પીટર ચાન્સ →

પનું સ્વાગત કરવા સાથે કળાનો આ અમૂલ્ય અંશ હું આપના રક્ષણમાં મૂકું છું, માત્ર નિરીક્ષણ કરો....' વ્યંગચિત્રકારો એને 'ધી સ્પેશિયસ ઑરેટર' કહી બિરદાવતા. એ ક્રિસ્ટીના ગેઈન્સબરોએ ચીતરેલી તસવીર આજે ય પૉલ ગેટ્ટીના સંગ્રહમાં છે.

આજનાં પ્રદર્શનો કે ગૅલેરીઓ વિનાના તે કાળે કલાવિક્રયગૃહોમાં જ જીવંત કલાકારોની કૃતિઓ પ્રદર્શિત થતી. સમાજના સાંસ્કારિક પાસાનું એ એક અંગ ગણાતાં. વળી ત્યારના ઉચ્ચ વર્ગમાં કલાકારો પાસે પોતાની તસવીર ચીતરાવવાનો શિરસ્તો હોવાથી તેમજ સર જોશુઆ રેનૉલ્ડ્સ અને ગેઈન્સબરો જેવા નામી કલાકારો તથા તે સદીના મહાન અભિનેતા ડેવિડ ગૅરિક સાથે ક્રિસ્ટીને જિગરી દોસ્તી હોવાથી તેનું વેચાણગૃહ ઊંચા ઘરાણામાં જાણીતું બની ગયું. ડૉ. જૉન્સન જેવા વિદ્વાને પણ એના વેચાણખંડની મુલાકાત લીધાની ક્રિસ્ટીના હસ્તાક્ષરમાં નોંધ છે.

ક્રિસ્ટીની કીર્તિથી આકર્ષાઈને ફ્રાંસની પ્રતિષ્ઠિત મેડમ દુબારી પોતાનું ઝવેરાત વેચવા માટે ગુપ્તરીતે તેને મળવા લંડન આવી હતી. પારી(સ) પરત થતાં જ રાજનું ઝવેરાત વેચવાના આરોપસર ડિસેમ્બર ૧૭૯૩માં એનો શિરચ્છેદ થયો. ૧૪ માસ બાદ ક્રિસ્ટીએ એ ઝવેરાત ૧૦,૦૦૦ પાઉન્ડમાં વેચ્યું.

ક્રિસ્ટીઝના ઇતિહાસ સાથે મહાન નૌકાવીર નેલ્સન પણ એકરીતે જોડાએલો છે. એની પ્રિયતમા એમા(Emma) (લેડી હૅમિલ્ટન)નું જ્યૉર્જ રોમનીએ દોરેલું ચિત્ર સર વિલિયમ હૅમિલ્ટનના સંગ્રહમાંથી વેચાવાની જાણ થતાં જ મધદરિયેથી ૧૮૦૧ની ૧૧ માર્ચે નેલ્સને લખેલું: '...તારું લિલામ થઈ રહ્યું છે. હે પ્રભુ, મારું લોહી ઊકળી રહ્યું છે....'

એ લિલામ બંધ ન રખાવી શકતાં ત્રણસો ગીનીમાં એ ચિત્ર ખરીદીને, લૉર્ડ નેલ્સને



સહર્ષ એની એ પ્રિયતમાને ૧૯મી માર્ચે લખ્યું: 'એ ચિત્ર માટે લોહીનાં ત્રણસો ટીપાં આપવાં પડત તો યે સહર્ષ આપ્યાં હોત.'



ગયા ફેબ્રુઆરીમાં વેચાએલી ૧૨મી સદીની ભારતની વિષ્ણુમૂર્તિ.

'સૅમસન અને ડેલાઈલા' : કલાકાર રૂબેન્સની આ વિખ્યાત કૃતિ પણ ક્રિસ્ટીઝના વેચાણ-ખંડમાંથી પસાર થઈ ચૂકી છે.





'ટાઈટસ.' રૅમ્બ્રાંએ પોતાના પુત્રનું આલેખેલું આ નાનકડું (૨૪$\frac{3}{4}$''×૨૦$\frac{3}{4}$'') છબિચિત્ર ક્રિસ્ટીઝમાંથી લૉસ ઍન્જેલસના નૉર્ટનસાઈમન ફાઉન્ડેશને ખરીદ્યું, જેની ૭,૯૮,૦૦૦ પાઉન્ડની એણે ચૂકવેલી કિંમત યુરોપભરના લિલામગૃહમાં અપાએલી સૌથી મોટી રકમ છે.





'ધી સિટી ઑવ લંડન ફ્રીડમ બૉક્સ' : જેની 'ક્રિસ્ટીઝ'માં ૪૮૦૦ ગીની ઊપજી હતી.

હૅન્ડેલ (ડાબી બાજુ નીચે) : ૧૭મી સદીના એ વિખ્યાત સંગીતકારનું ટૉમસ હડસને કરેલું આ ચિત્ર એની કોતરણીવાળી વાદ્યોની ફ્રેઈમ સાથે ૯૪૫૦ પા૦માં કલાવિક્રેતા લેગાર બ્રધર્સે ખરીદીને નૅશનલ પૉર્ટ્રેટ ગૅલેરીને વેચવા ઇચ્છા દર્શાવી. એ ખરીદીમાં ખૂટતા ૩૭૨૫ પા૦ માટે ગૅલેરીએ પહેલી જ વાર જાહેર અપીલ બહાર પાડી છે.

રૂબેન્સનાં બે ઉત્તમ ચિત્રો પારખી કાઢેલાં.

કળાકૃતિઓના વેચાણ પહેલાં વિશ્વભરના કળારસિકો સમક્ષ આકર્ષક રજૂઆત કરવાનું કાર્ય પણ કળા-શાખાનું જ્ઞાન, કળાના નમૂનાના તાદૃશ ચિતાર સાથે તેનું ઐતિહાસિક મહત્ત્વ અને ગુણવત્તા માટેની પરખદૃષ્ટિ માગી લે છે. દરેક સમૂહના વેચાણની એકેએક ચીજ પર ઝીણવટભરી નોંધ અને આકર્ષક ફોટોગ્રાફો સાથેનું સૂચિપત્ર તૈયાર કરનાર ખરે જ નિષ્ણાત હોવા જોઈએ. ક્રિસ્ટીઝના પબ્લિક રીલેશન્સ ડિરેક્ટર આ કાર્ય કરી રહ્યા છે.

૧૯મી સદી દરમિયાન ક્રિસ્ટીઝે મોટા ઘરાણાઓનાં કીમતી કલાસંગ્રહોનું ને નામી કલાકારોની કૃતિઓનું વેચાણ કર્યું હતું, જેમાં ગેઈન્સબરોની કળાકૃતિઓ પ્રથમ હતી. તે બાદ રૅનોલ્ડ્સ, લૅન્ડસીઅર, ટેર્નર, રોઝેટ્ટી અને સાર્જન્ટથી માંડીને ૧૯૬૨-૬૩માં વેચેલી ઑગસ્ટસ જૉનની કળાકૃતિ સમાવિષ્ટ થાય છે. ઈ. ૧૮૮૯માં થયેલ પ્રથમવારના બ્રિટિશ ઈમ્પ્રેશનિસ્ટોની કળાકૃતિઓના વેચાણમાં દેગાની બહુમૂલ્ય કૃતિ કલાકાર સિકાર્ટે ૬૬ પૌંડે લીધેલી. ત્રણ વર્ષ બાદ ૧૮૦ પૌંડે વેચાએલું દેગાનું 'ફિગર ઍટ એ કાફે' (પાછળથી L'Asbinthe તરીકે જાણીતું થએલ) આજ અઢી લાખ પાઉન્ડ ઉપરનું થવા જાય છે.

ક્રિસ્ટીઝનાં અસંખ્ય નામી વેચાણોમાં વાં ગૉઘનું 'માદમ્વાઝેલ રૅવૉક્સ' પાઉન્ડ

લગભગ એક સદી બાદ, લૉર્ડ નેલ્સનના એની પ્રિયતમા પરના આ જ પત્રો લિલામદ્વારા વેચાવા ક્રિસ્ટીઝમાં આવ્યા! તેણે એ ખરીદ્યા ને આજે ય એના બોર્ડરૂમની દીવાલને શોભાવતા એ નેલ્સનના પ્રેમનું દર્શન કરાવી રહ્યા છે.

૧૮૦૩માં જેઈમ્સ ક્રિસ્ટીનું અવસાન થતાં એના પુત્રે સુકાન સંભાળી લીધું. ૧૮૨૩માં નં. ૧૨૫ પૉલમૉલ ખાતેથી ૮ કિંગ્સ સ્ટ્રીટ, સેંટ જેઈમ્સિઝ, લંડન એસ. ડબલ્યુ. ખાતેની હાલની જગ્યા લીધી. આજે તો એ ક્રિસ્ટી, મેન્સન ઍન્ડ વુડ્ઝ લિ૦ નામે (પણ ટૂંકે નામે ક્રિસ્ટીઝ તરીકે) ઓળખાતી ખાનગી પેઢી છે. આધુનિક યુગની આવશ્યકતાને લક્ષ્યમાં રાખીને એનું સંચાલન કરી રહેલ મૅનેજિંગ ડિરેક્ટર શ્રી પીટર ચાન્સ વિશ્વના અગ્રિમ હરોળના લિલામદારોમાંના એક છે. એમની સાથે કળા-કસબના જ્ઞાતા બીજા આઠ ડિરેક્ટરો છે. તદુપરાંત લગભગ સો જેટલા નિષ્ણાત કળાપારખુઓ તેની સેવામાં છે. ૧૯૬૬માં માત્ર પાંચ સપ્તાહના ગાળામાં જ એ લોકોએ

૧,૫૭,૦૦૦માં, લીઑનાર્ડો દ વિન્ચીનું 'વૃદ્ધની મુખાકૃતિ' પા૦ ૧૪,૬૦૦માં; અર્લ ઑવ હાર્વૂડનું ટેબલ પા૦ ૪૩,૦૫૦માં; લૂઈ ૧૫માનું મેજ પા૦ ૩૫,૭૦૦માં અને ઇ. એમ. ફૉર્સ્ટરના 'એ પૅસેજ ટુ ઇંડિયા'ની હસ્તપ્રત પાઉન્ડ ૬૫૦૦માં (કોઈ પણ જીવંત લેખકની હસ્તપ્રતને મળેલી આ સૌથી મોટી કિંમત છે.) વગેરેનાં વેચાણ નોંધપાત્ર છે.

રેમ્બ્રાં કે રૅનોલ્ડ્સ જેવા પ્રાચીન નામી કલાકારો કે સેઝાં યા વાં ગૉઘ જેવા નામી ઈમ્પ્રેશનિસ્ટોની બેનમૂન કલાકૃતિઓ તો મ્યૂઝિયમો કે ખાનગી સંગ્રહોમાં ખાસ સ્થાન પામતી હોઈને બજારમાં ભાગ્યે જ આવે છે. અને જ્યારે આવે ત્યારે ઊંચા ભાવ આકર્ષે એ સ્વાભાવિક છે. એ કલાકારોની કૃતિઓ જ્યારે સરળતાથી ઉપલબ્ધ થતી ત્યારના ભાવ ને હમણાંના ચલણના મૂલ્યની સરખામણીમાં આજના ભાવ દેખાય તેટલા ઊંચા નથી. સેઝાં,લૌત્રેક અને માનેતની આજે જેટલી માગ છે એટલી પહેલા વિશ્વયુદ્ધ બાદ ૧૮મી સદીના આંગ્લ કલાકારોની હતી રૉમનેના 'મિસિસ ડેવનપોર્ટ'ની લૉર્ડ હુવિને ૧૯૨૬માં ૬૦,૦૦૦ ગીની આપેલી, પણ આજે એ ચિત્રના અઢી લાખ પાઉન્ડ ઊપજી શકે. વૉલ સ્ટ્રીટના પતન સમયે ૧૯૩૦માં પણ હૉપનેરનું 'મિસ શાર્લોટ પેપેન્ડિક ઍઝ એ ચાઈલ્ડ' ૧૪૦૦૦ ગીનીમાં વેચાએલું; આજે એના બે લાખ પાઉન્ડ મળી શકે. છતાં ઇંગ્લંડનાં મોટા ભાગનાં મ્યૂઝિયમો, વેપારીઓ કે કલાસંગ્રાહકો કરભારણ ને મૂડીના અભાવે 'અમેરિકન ભાવ' બોલી શકતા નથી. અમેરિકામાં રાષ્ટ્રીય સંસ્થાને કળાકૃતિની ભેટ ધરનાર અમેરિકનને કરભારણમાં ત્રીસ ટકાની રાહત મળે છે. કલાકૃતિઓનો ઊંચો ભાવ આપનાર અમેરિકન સારો કલારસિક હોવા કરતાં કદાચ સારો ગણતરીબાજ હોવો જોઇએ.

પણ બધી જ કલાકૃતિઓ ઊંચા દામે વેચાતી નથી. પણ કુ જેટલી તો સો પાઉન્ડે વેચાય છે. પુરાણી કલાકૃતિઓ, પોર્સેલેઈન, ઝવેરાત, પુસ્તકો વગેરેનો વેચનાર આ કલાવિક્રેતાઓ દ્વારા જ સારા ભાવ મેળવી શકે છે ને ખરીદનાર સારી ગુણવત્તાવાળી ચીજ પામે છે.

આમ, 'ચમત્કારિકરીતે સાજા થએલા માનવીની શબપેટીથી માંડી દરેક પ્રકારની વસ્તુઓ' વેચવાથી આરંભ કરનાર ક્રિસ્ટીઝ કલાકૃતિઓનું લિલામ કરતી વિશ્વની સૌથી જૂની પેઢી છે વિશ્વભરમાંથી વેચાવા આવેલી નામી કલાકારોની કૃતિઓના શાનદાર વેચાણ દ્વારા ગયા જાન્યુઆરીમાં આ પેઢીએ પોતાની બીજી જન્મશતાબ્દી ઊજવી.

નસ્લી હીરામાણેકની ભેટ

ભારત અને નેપાળની લગભગ ત્રણસો ઉમદા કલાકૃતિઓનો એક મૂલ્યવાન કલાસંગ્રહ હાલ અમેરિકાનાં સંગ્રહસ્થાનોમાં પ્રદર્શિત થઈ રહ્યો છે. એમાં શિલ્પો, કાંસ્યમૂર્તિઓ, ચિત્રો, નાનાવિધ વસ્ત્રો, હસ્તલિખિત ગ્રંથો ને કાચ ચશાબ તથા અકીકની સુંદર કોતરણીના નમૂનાઓ વગેરે છે. આ અંકના મુખચિત્રમાંની બંને કૃતિઓ પણ એ સંગ્રહમાંની છે જે અમેરિકન માસિક પત્ર 'સ્પૅન'ના સૌજન્યથી રજૂ કરી છે. મૂળ મુંબાઈના પણ પાછળથી અમેરિકાના નાગરિક બનેલા પારસી કલાવિક્રેતા શ્રી નસ્લી હીરામાણેકે અમેરિકાના બૉસ્ટન મ્યૂઝિયમને ભેટ આપેલો એ સંગ્રહ છે. આ પ્રદર્શન-યાત્રા પૂરી થયે એ કલાકૃતિઓ બૉસ્ટનના કલાસંગ્રહમાં ગોઠવાઈ જશે અને એ રીતે અમેરિકાભરમાં ભારતીય કળાના સારામાં સારા નમૂનાઓ ધરાવનાર બૉસ્ટન મ્યૂઝિયમમાં આ એક નવું મૂલ્યવાન ઉમેરણ થશે. શ્રી હીરામાણેકે આ જ રીતે કોલંબસ અમેરિકા પહોંચ્યો એ પૂર્વેની અમેરિકાની—ખાસ કરીને મૅક્સિકો, પેરૂ, ચિલી, આર્જેન્ટિના તથા બ્રાઝિલ વગેરે દેશોની પ્રાચીન કલાકૃતિઓના ૩૫૦ જેટલા નમૂનાઓનો એક સુંદર કલાસંગ્રહ ભારતના દિલ્હીમાંના નૅશનલ મ્યૂઝિયમને પણ ભેટ આપ્યો છે. એમાંનો કેટલોક હિસ્સો તો ત્યાં મુકાઈ ગયો છે અને બાકીના નમૂના પણ થોડા સમયમાં ગોઠવાઈ જતાં પ્રાચીન અમેરિકન કળાના માટીકામનાં શિલ્પ પથ્થરની મૂર્તિઓ. વણાટના નમૂના;





શ્રી હીરામાણેકે બૉસ્ટન મ્યૂઝિયમને ભેટ આપેલી ભારતીય કલાકૃતિઓમાંની બે ↑ (ઉપર) ચતુર્ભુજ વિષ્ણુ. તાંબા પિત્તળના જડતરવાળું ૯મી સદીનું કાશ્મીરી ધાતુશિલ્પ. સંમુખમાં દેવમુખ સાથે બાજુમાં સિંહ તથા વરાહ અને પાછળ દૈત્યમુખ-ધારી આ અતિસુંદર મૂર્તિનાં વિષ્ણુના બે હાથમાં શંખ અને પદ્મ છે જ્યારે બીજા બે હાથ એના બે આયુધોનાં માનવસ્વરૂપ (ગદા-નારી ને ચક્ર-પુરુષ)નાં મસ્તકે મૂકેલા છે. બેઠકમાં પણ મૂર્તિને થતા અભિષેકને એક તરફ ઢળવાની યોજના કરેલી છે. નીચેનું શિલ્પ ઈ. સ. ૨૫થી ૫૦ દરમ્યાનના મથુરા શૈલીના એક સ્તંભનો અવશેષ છે. હાથમાં પાત્ર લઈ પલ્લવિત અશોકવૃક્ષ પાસે ઊભેલી સ્ત્રી અને ઉપરના ભાગમાં સ્ત્રી પુરુષ છે. અલંકાર ખચિત દેહ અને લગભગ વાસ્તવિક સમી કોતરણી એ મથુરાની શિલ્પશૈલીની એક લાક્ષણિકતા છે. ભારતીય કલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ માટે પરદેશમાં નજર નાખવી પડે એ પણ એક કમનસીબી નહિ તો બીજું શું કહી શકાય?

વાસણો ને આભૂષણોનો, (આ સંગ્રહસ્થાનના સંચાલક શ્રી સી. શિવરામમૂર્તિના કહેવા પ્રમાણે) 'એશિયાભરનાં સંગ્રહસ્થાનોમાં આ પ્રકારનો પ્રથમ' સંગ્રહ બની રહેશે.

શ્રી હીરામાણેકના પિતા મુંબાઈમાં (અને હિંદમાં) જાણીતા કલાવિક્રેતા હોઈ એમનું બાલપણ આમ કલાકૃતિઓની ઓળખ અને એના મહત્ત્વ અંદાજવાના રોજિંદા બની ગએલા પ્રશ્નો વચ્ચે વીત્યું. નવ વર્ષની વયે એમણે પ્રાચીન સિક્કા એકઠા કરવા માંડ્યા. એ પછી પિતાએ પોતાની પાસેના કેટલાક કિંમતી નમૂના એમને ભેટ આપી તે હિંદી વસ્ત્રકળાના નમૂનાઓ સંઘરવા સૂચવ્યું. આ પછી પિતાના દિલ્હીમાં રાખેલા કલાસંગ્રહની યોગ્ય વ્યવસ્થા નહિ થતી હોઈ નસ્લીએ પિતા પાસે ત્યાંનો વહીવટ માગ્યો અને અનુમતિ મળતાં એમણે એ કામ સંભાળ્યું. તેને પહેલે જ દિવસે ચીની માટીની બે કલાકૃતિઓ વેચી એમણે શુભ આરંભ કર્યો. પછી તો છાપાંમાં આવતી જાહેરખબરોમાં જોઈજોઈને પોતાના ધંધા માટે પણ એમણે જાહેરાતો રચવા માંડી અને એ રીતે તેઓ એ વેળાના હિંદના વાઈસ-રૉય ઈરવિનનાં પત્ની જેવાંને પણ પોતાને ત્યાં આકર્ષી શક્યા. થોડા માસમાં જ એમણે નવી દિલ્હીમાંનો કલાસંગ્રહ વેચી નાખ્યો અને મુંબાઈ પાછા ફર્યા. દરમિયાન એક સહૃદયી અમેરિકન દંપતીએ એમને અમેરિકાના કલાવિક્રેતાઓ પર ભલામણપત્રો લખી આપેલા, જેના આધારે પાછળથી તેઓ અમેરિકામાં સારું વેચાણ કરી શકેલા. બીજી બાજુ પિતાની યુરોપયાત્રા દરમિયાન એમનો કલાસંગ્રહ લૂંટાઈ ગયો અને કુટુંબ આર્થિક મુશ્કેલીમાં મુકાઈ ગયું. એમાંથી માર્ગ કાઢવા પિતાની મંજૂરીથી નસ્લીએ ઇંગ્લૅંડ જઈ બાકી રહેલા નમૂના વેચવા વિચાર્યું. ત્યાં એમણે સારું વેચાણ તો કર્યું જ, ઉપરાંત કલાનો રીતસરનો અભ્યાસ પણ કર્યો. ત્યાં સર લૉરેન્સ બિન્યન જેવા કલાનિષ્ણાતના સતત સંપર્કમાં રહીને તથા રોજ સવારે બ્રિટિશ મ્યૂઝિયમમાં વાચન કરીને એમણે કલાકૃતિઓની પરખ માટે ઊંચું કલાજ્ઞાન પ્રાપ્ત કરી લીધું.

બે વર્ષ પછી તેઓએ પારી(સ) જઈ ત્યાં વ્યવસાય આદર્યો અને ત્રણ વર્ષ બાદ ત્યાંનો બધો ભાર પોતાના ભાઈને સોંપી ખિસ્સામાં માત્ર ૭૫ ડૉલર અને પેટીમાં કેટલીક ઉત્કૃષ્ટ હિંદી કલાકૃતિઓ સાથે અમેરિકા પહોંચ્યા. ત્યાંનાં આરંભનાં વર્ષો બહુ સારાં તો નહોતાં, પણ બૉસ્ટનમાં ડૉ. આનંદ કુમારસ્વામીનો ગાઢ પરિચય કેળવાતાં નવું જ્ઞાન મેળવ્યું, અને ધીરેધીરે ધંધો જામી જતાં એલિસ અર્‌વિન નામે એક અમેરિકન પત્ની પણ મેળવી. અમેરિકાના નાગરિક બની રહ્યા. આજે ન્યૂ યૉર્કમાં મૅનહટ્ટન વિસ્તારની મધ્યમાં આવેલું એમનું મકાન બહારથી સાદું પણ અંદર જતાં અનેકવિધ કલાની એક ઉત્કૃષ્ટ વિથિકા જેવું બની રહ્યું છે.


થોડા સમય પર એમના પર હૃદયરોગનો હુમલો થતાં એથી ચેતી જઈ એમણે પોતાના મૂલ્યવાન કલાસંગ્રહની યોગ્ય જાળવણી થાય એ માટે ઉપર કહી તેવી બે મોટી ભેટ આપી દીધી. કલાકૃતિઓનું વેચાણ એમનો વ્યવસાય છે એ ખરું, પણ એમણે ધંધાર્થે ખરીદેલી કૃતિઓમાંથી યે ઉત્કૃષ્ટ કૃતિઓ તો તેઓ પોતાના અંગત સંગ્રહમાં જ રાખી લે છે. અને ત્યારે તે કૃતિઓની મોંઘી કિંમતની તેઓ પરવા કરતા નથી. (સ્પૅન'ના આધારે)

અમેરિકામાં કલાશિક્ષણ


અમેરિકામાં છેલ્લાં થોડાં વર્ષથી યુનિવર્સિટીઓએ પોતે જ કલાશિક્ષણ આપવાનું શરૂ કર્યું છે અને આજે ત્યાંના મોટા ભાગના કલાના વિદ્યાર્થીઓ સ્વતંત્ર કલાશાળા અને અકાદમીના વર્ગો કરતાં એક યા બીજી વિદ્યાપીઠની કલાશાળાઓમાં જોડાએલા છે. ત્યાં તેઓ ખ્યાતનામ કલાશિક્ષકો પાસે તાલીમ પામવા સાથે બૌદ્ધિક રીતે પ્રોત્સાહક એવા વાતાવરણમાં મુક્તપણે છતાં શિસ્તબદ્ધ શિક્ષણ મેળવે છે. વળી, ચિત્રકામ, પ્રિન્ટમેકિંગ કે વિવિધ ક્ષેત્રમાં ઉપયોગી ડિઝાઈન અને આલેખનો કરવાની તાલીમ સાથે એમને કળાને અનુષંગી બીજા ક્ષેત્રોનું જ્ઞાન પણ મળી રહે છે. આપણી યુનિવર્સિટી આજે હજી વિનયન, વિજ્ઞાન ને વાણિજ્યમાં જ પડી રહી છે તેમને આ ભાવનાપ્રદેશની સૂઝ કોણ આપે?

સામાન્યતઃ આમાં ચાર વર્ષનો અભ્યાસક્રમ હોય છે. પહેલાં બે વર્ષમાં વિદ્યાર્થીને આલેખન, ઍનેટમી, ડિઝાઈન ને રંગ-સિદ્ધાંતોની પાયાની કેળવણી અપાય છે આ દર-










છેડે–લાઈબસગાર્ટન (પ્રિન્ટ): કેઈથ આર્કે પોહલ, આયોવા યુનિ (વચ્ચે ઉપર) ડુક્કર: પૅટ્રિશિયા મિલ્ન–હેન્ડરસન, સ્મિથ કૉલેજ. (તેની નીચે) પ્રવાસી પખી (શિલ્પ : ફિલિપ જી બાર્કડલ, યુનિ. ઑવ કૅલિફૉર્નિયા. અને (નીચે) અનામ શિલ્પ: પિત્તળના સળિયા જોડી કરેલું શિલ્પ સ્ટીફાની સ્કયુરિસ, યેલ યુનિ.

વિવિધ શિક્ષણસંસ્થાઓનો પરિચય આપતી પ્રદર્શનમાંની ફોટો પૅનલોમાંની 'કૂપર યુનિયન'ની પૅનલ.



ઉદ્યોગપતિ પીટર કૂપરે ઈ. ૧૮૫૯માં એની સ્થાપના કરી. વિજ્ઞાન ને કળાના વિષયમાં ઉત્તમ ગણાતી ખાનગી સંચાલનવાળી આ સંસ્થામાં શિક્ષણ-ફી લેવાતી નથી. પૅનલમાં સંસ્થાનું મકાન, સ્થાપકનો પરિચય, વર્ગોનાં દૃશ્ય તથા જેમ્સ ગ્રીન નામના તેના એક યુવાન વિદ્યાર્થીની કૃતિઓ દર્શાવી છે. અહીંના સભાખંડમાં લિંકને પોતાનું વિખ્યાત વ્યાખ્યાન 'કૂપર ઍડ્રેસ ઑાવ સ્લેવરી' આપેલું.

મિયાન વિદ્યાર્થી રૂઢિગત કલાપ્રણાલિઓથી માંડી સમકાલીન પ્રાયોગિક કલાની સૂઝ પણ મેળવે છે, અને આ દ્વારા વિદ્યાર્થીની આગવી કલાદૃષ્ટિ કે ફિલસૂફી વિકસે એ માટે પણ ઉત્તેજન અપાય છે. ઉપરાંત કલાનો ઇતિહાસ શીખવા સાથે પોતાના શિક્ષકો સાથે મુક્તપણે કલાચર્ચા કરવાની પણ એને તક મળતી રહે છે. પાછલાં બે વર્ષમાં ચિત્રકામ, શિલ્પ, મુદ્રણક્ષમ કલા (ગ્રાફિક્સ), ભીંતચિત્રો, પ્રિન્ટમેકિંગ કે ધાતુશિલ્પ વગેરે જેવા ખાસ વિષયનું શિક્ષણ અપાય છે. અભ્યાસકાળ દરમિયાન અવારનવાર બોલાવાતા પ્રતિષ્ઠિત કલાકારો પણ વિદ્યાર્થીઓને પોતાના અનુભવો દ્વારા બહારના વિસ્તૃત કલાક્ષેત્ર અને એમાં ચાલતા રહેતા અવનવા પ્રવાહો ને બદલાતાં દૃષ્ટિબિંદુઓથી જ્ઞાત કરે છે. આમ, ગંભીરપણે અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને અમેરિકન યુનિવર્સિટીઓ તથા શિક્ષણસંસ્થાઓ બહોળી સવલતો પૂરી પાડે છે. સવારસાંજના વર્ગોની પણ વ્યવસ્થા કરી અન્ય વ્યવસાયી વિદ્યાર્થીઓને પણ કલાઅભ્યાસની સગવડ અપાય છે. આ રીતે ઉદ્યોગો માટે ડિઝાઇનર, ને શાળાઓ માટે કલાશિક્ષકો તૈયાર કરવા સાથે કલાજગતને નવા સર્જકો પણ આપે છે.

અમેરિકાના આ કલાશિક્ષણનો આછો ખયાલ આપતું એક પ્રદર્શન હમણાં 'યુસિસ' તરફથી રજૂ થયું છે. અમેરિકન યુનિવર્સિટીઓ પૈકી નમૂનારૂપ આઠ શિક્ષણસંસ્થાઓના ટૂંકા પરિચય સાથે ત્યાંની કલાભ્યાસની તેમાં સગવડોનો ચિતાર આપતી મોટી ફોટો-પૅનલો ને વીસેક જેટલી કલાશાળાના વિદ્યાર્થીઓની ચુનંદી કૃતિઓ એમાં પ્રદર્શિત કરી છે. નાનકડું છતાં અમેરિકામાં અપાતા કલાશિક્ષણનો સારો એવો ખયાલ આપતું આ પ્રદર્શન આવકાર્ય છે. 'યુસિસ'ના સૌજન્યથી આ સાથે એમાંની થોડી કૃતિઓ આપી છે.

નિજ-છબિ (પ્રિન્ટ): વર્જિનિયા માયર્સ, આયોવા સ્ટેટ યુનિવર્સિટી



'સોધબીઝ'નું કલાવેચાણ

ગયા અંકમાં જેનો પરિચય આપ્યો છે એ 'સોધબીઝ'માં આ વર્ષે વેચાએલાં ચિત્રોમાંનું આ નીચેની કલાકાર સાન્દ્રો બૉતિચેલીની 'યુવતીની તસવીર' આ વર્ષે ૯૫,૦૦૦ પા.માં વેચાઈ. કહેવાય છે કે પંદર વર્ષની વયે માર્કો વેસ્પુસી સાથે પરણનાર સિમોનેટ્ટા વેસ્પુસીની એ છબિ છે. ૧૪૭૬માં ૨૩ વર્ષની વયે તે મરણ પામી. બારી પાસે બેઠેલી એ યુવતીનાં વસ્ત્રાભૂષણોનું ઝીણવટભર્યું આલેખન બૉતિચેલીની લાક્ષણિકતા દર્શાવે છે.



સિમોનેટ્ટા વેસ્પુસી
કલાકાર: સાન્દ્રો બૉતિચેલી



યુવતી – ફ્રાંસ્વા બાઉચરનુ એક સુંદર આલેખન





પ્રિન્સ ઑાવ વે'સની વૅાક્‌સ્‌હોલ ગાર્ડન્સની મુલાકાત · કલાકાર: રૅાલૅન્ડસન

રેમ્બ્રાંએ ૧૬૩૦ના અરસામાં કોઈહાસ્યનટના કરેલા આ (ઉપરના) આલેખનના લંડનના કલ વિક્રેતા કોલનાઘીએ ૨૩,૦૦૦ પા. આપેલા એ જ રીતે ફ્રાંસ્વા બાઉચરના એક યુવતીના સુંદર આલેખન (ડાબી બાજુ) માટે ૫,૫૦૦ પા. ઊપજેલા અગાઉ આ જ આલેખન ૨,૮૦૦ પા માં વેચાયાની નોંધ છે. ચિત્રો ઉપરાંત જ્યૅાર્જ પહેલાના સમયનું દીપદાન ૨૩,૦૦૦ પાઉન્ડમાં વેચ યું હતું.

પ્રિન્સ ઑાવ વેલ્સની 'વૅાક્‌સ્‌હૅાલ ગાર્ડન્સ'ની મુલાકાત આલેખતું કલાકાર ટૅામસ રોલૅન્ડસનનું આ (ડાબી બાજુ નીચે) જલરંગ ચિત્ર ઈ. ૧૭૮૪માં રૅાયલ ઍકૅડેમીમાં પ્રદર્શિત થયા પછી ગુમ થઈ ગએલું. એ પછી જૂના ગ્રંથોના ઢગલામાંથી માત્ર ૧ પાઉન્ડમાં ખરીદાઇને ૧૯૪૫માં 'ક્રિસ્ટીઝ' ખાતે ૨૭૩૦ પાઉન્ડે વેચાએલું ગયા જુલાઈમાં 'સૅાધબીઝ'માં એના ૧૧,૦૦૦ પા૦ ઊપજ્યા આ ચિત્રમાં બૅાક્સમાં બેઠેલા ડૅા. જૅાન્સન, બૅાઝવેલ, ઑાલિવર ગોલ્ડસ્મિથ વગેરે એ કાળની અનેક નામી વ્યક્તિઓ છે.

આ સૅાધબીઝ સેટેલાઈટ ટેલિવિઝન દ્વારા કળાકૃતિઓનું વેચાણ કરવાના આદ્ય પ્રણેતા છે. ન્યૂ યૅાર્કની તેમની શાખા પાર્ક બેનેટ ગૅલેરીઝ ખાતે થનાર રેમ્બ્રાં સહિત અન્ય વિખ્યાત કલાકારોની કૃતિઓના વેચાણ માટે લંડનથી પહેલી જ વાર ૧૩૭ કલાવિક્રેતાઓ અને સંગ્રાહકોની એક ટુકડી ૨૨ ઑાક્ટોબરે જવાની છે. કલોઝડ સર્કિટ ટેલિવિઝન દ્વારા વેચાણખંડની બહાર બીજા ખંડમાં બેસીને વેચાણમાં ભાગ લઈ શકાય છે. એ રીતે નિયત સમયે યુરોપ-અમેરિકાનાં કલાકેન્દ્રોનાં સેટેલાઈટ ટેલિવિઝન દ્વારા એકબીજાથી સેંકડો માઇલ દૂરના ગ્રાહકો પણ ભાગ લઈ શકશે. (Courtesy Sotlıby's) –રમણિક સોલંકી

સંગીત-સાધના

[૩]

સાધુરામ ચોધ



તાનપુરો લઈ બેસવાની રીત

કંઠયસંગીતમાં 'રાગદારી સંગીત' અને 'સુગમ-સંગીત' એ બે પ્રકાર છે. આપણે રસાનુભવની દૃષ્ટિએ કેવળ રાગ-સંગીત જ ચર્ચીશું. પણ સરળતા ખાતર દૃષ્ટાંતો, ગીતો, ભજન કે ફિલ્મસંગીતમાંથી પણ લઈશું; કેમ કે મૂળ સૂરની મીઠાશ, હલક, સંસ્કાર એ બધું તો તમામ પ્રકારના સંગીત-માં સર્વસામાન્ય જ હોવાનું

પ્રથમ તબક્કે તો ગાયકને સ્પષ્ટ સ્વરજ્ઞાન હેવું જોઈએ. 'મંદ્ર', (ધીમો), 'મધ્ય', ને 'તાર' (ઊંચો) એ સ્વરની ત્રણ કક્ષા છે. સ્વરો સાત છે: ષડજ, ઋષભ, ગાન્ધાર, મધ્યમ, પંચમ. ધૈવત તથા નિષાદ (ટૂંકામાં સા રે ગ મ પ ધ નિ), આ તેમનો આરોહાત્મક ક્રમ છે તેમાં ઋષભ, ગાન્ધાર, ધૈવત તથા નિષાદને તેમના સ્થાનથી પ્રમાણિત રૂપ-માં નીચા ઉતારવાથી તે 'કોમલ' રૂપની સંજ્ઞા પ્રાપ્ત કરે છે; જ્યારે મધ્યમ તેના સ્થાનથી નિયત પ્રમાણમાં ઊંચો ઉચ્ચારવાથી 'તીવ્ર' સંજ્ઞા પામે છે. ષડજ ને પંચમમાં કોઈ ફેરફાર થતો નથી. આ બાર સ્વરોનો એક સપ્તક રચાય છે, જેને તેની કક્ષા મુજબ મંદ્ર, મધ્ય કે તાર સપ્તક કહે છે. કંઠય કે વાદ્યસંગીત, સ્વરોના આ જ ક્રમને અનુસરે છે.

આ સ્વરો વિષે આટલું બસ છે. તે પછી સ્વરભેદ, શ્રુતિ ગ્રામ, મૂર્છના વગેરે તથા આપણા ભારતીય સંગીતમાં પ્રચલિત રાગ, થાટ કે મેલ પદ્ધતિ, તેનાં આરોહાવરોહ સ્વરૂપ, વાદી સંવાદી તથા અનુવાદી સ્વરો, રાગાંગા બોધક સ્વરસંગતિ કે 'પકડ', દરેક રાગ ગાવાનો સમય. તેની વિવિધ લયમાં બાંધેલી પુરાણી મશહૂર ચીજો વગેરે અત્યંત ઉપયોગી શિક્ષણસામગ્રી સ્વ. પંડિત ભાતખંડેજીના 'ક્રમિક પાઠય પુસ્તકમાલા'ના છ ભાગમાં સવિસ્તર આપેલી છે.

સ્વરને મેળવીને ગાવા માટે સૌથી વધુ સહાયક વાદ્ય તાનપુરો છે. એને સ્વરવીણા પણ કહે છે. ગાવા કે બજાવવામાં સદા તાનપુરાની સહાય લેવી જ પડે છે. ગાયક જમણા ખભે તાનપુરાને ટેકવી જમણો હાથ તેના તાર પર મૂકે તો ટચલી આંગળી પાસેનો તાર 'પ્રથમ' તાર, ત્યાર પછીના બે 'જોડ'ના તાર, ને છેલ્લે પિત્તળનો જાડો તાર હોય છે. આમાં પ્રથમ તાર ગાયકના 'પંચમ' સ્વરમાં. જોડના બે તાર ગાયક-ના 'ષડ્જ' સ્વરમાં તથા છેલ્લો જાડો તાર તેના 'મંદ્ર ષડ્જ' એટલે સાત સ્વર નીચેના ષડ્જમાં મેળવેલો હોય છે. પરંતુ લલિત કે માલ-કૌંસ જેવા રાગોમાં પંચમ સ્વર વર્જ્ય હોવા સાથે શુદ્ધ 'મધ્યમ'નું પ્રાબલ્ય પણ હોય છે તેથી આ રાગો ગાતી વખતે પહેલો તાર પંચમને બદલે 'મધ્યમ'માં મેળવવામાં આવે છે. આ એક સામાન્ય નિયમ છે. પરંતુ જે રાગમાં પંચમ તથા શુદ્ધ મધ્યમ બન્ને વર્જ્ય હોય તે રાગમાં તાનપુરો સામાન્ય નિયમ મુજબ જ મેળવાય છે.

તાનપુરાની આ સ્વરમિલાવટ મુસલમાન યુગથી ચાલતી આવી છે, પણ આ સદીના આરંભથી એક નોંધપાત્ર ફેરફાર થયો છે. કેટલાક મશહૂર ગાયકો પંચમ વર્જ્ય હોય તેવા—ખાસ કરીને મિયાં કી તોડી, લલિત, મુલતાની, મારવા તથા પુરિયા જેવા—રાગોમાં તાન-પુરાનો પહેલો તાર પોતાના ખરજના 'શુદ્ધ નિષાદ'માં મેળવે છે. આ મિલાવટ ઘણી સૂરીલી અને ચિત્તાકર્ષક નીવડે છે. આધુનિક ગાયકો-માંના ઘણા કાયમ 'ષડ્જ-નિષાદ' ('સા' અને 'નિ') ની આ સૂર-મિલાવટ પસંદ કરે છે. પણ એકંદરે ષડ્જ-પંચમ સ્વરમિલાવટ પસંદ કરવા જેવી છે, કારણ તેથી આપણા સંગીતની પ્રચલિત માન્યતા મુજબ બે અચલ સ્વરો ષડ્જ તથા પંચમ કંઠમાં મક્કમ રીતે સ્થાપી શકાય છે, ગાયકનો સ્વર સાફ શુદ્ધ અને ઉઠાવદાર રહે છે અને અન્ય તમામ સ્વરો પણ તેવા જ મક્કમ બને છે. સ્વરાલાપ તથા સ્વરોના વિવિધ લયનાં આવર્તનોમાં આ સ્વરસંગતિ ઘણી સહાયક છે. છતાં પોતાના ઉસ્તાદે સૂચવી હોય તે સ્વરમિલાવટ રાખવા ગાયક સ્વતંત્ર છે.

તાનપુરાના સ્વરોનો સુંદર ઘેરો રણકાર ચોગમ પ્રસરે એ માટે ઘોડી પર તારની નીચે દોરાના ટુકડા ભેરવાય છે, જેથી તાર એ પટ્ટીને અડે નહિ અને છેડવાથી તેનામાં પૂરતી ઝુનારી ઊઠી પ્રગાઢ આંદોલન ઊપજે.

પોતાના સ્વરમાં આ રીતે તાનપુરો મિલાવી ગાયકે રોજ નિય-મિત સવારસાંજ મંદ્રસાધના કરવી જોઇએ. વર્ષો સુધી આ ક્રમ નિય-મિત, અચૂક ને અતૂટ રહે તો ગાયકને આશ્ચર્યજનક સફળતા પ્રાપ્ત થાય. તાનપુરાનો પ્રથમ પંચમનો તાર જમણા હાથની મોટી આંગળી-ના ડાબી તરફના ખૂણાથી અને બાકીના તર્જનીના એ જ ખૂણાથી લયબદ્ધ રીતે છેડવાથી તારમાંથી ખૂબ જ રમ્ય સ્વરનાદ ઊપજે છે. આ મધુર ગુંજારવ મનને એકાગ્ર તથા આસપાસનું વાતાવરણ ગાન-પ્રેરક બનાવવામાં ઘણો સહારો આપે છે. બારીક શ્રવણ કરવાથી આ ચાર સૂરના ગુંજારવથી સાતે સૂરનો ઘોષ ઉત્પન્ન થતો જણાશે. આજે તો હવે તાનપુરા ઉપરાંત સ્વરમંડળ નામનું વાજિંત્ર પણ વપરાય છે. પણ કંઠયગીત માટે તાનપુરા જેવું બીજું એક પણ વાદ્ય નથી.



તાર પર આંગળાં

ખુલ્લા સાફ અવાજે ગાયકના ષડ્જ સ્વરથી મંદ્રપંચમ સુધીના સ્વરોની આલપ્તિ એટલે મંદ્રસાધના. જેમ કે 'સા નિ ધ પ પ ધ ની સા' આ સ્વરો ઉચ્ચારીને પછીથી ક્રમેક્રમે 'આ'કારમાં લઈ કંઠમાં સ્થિર અને ગાઢ કરવા તેનું નામ મંદ્રસાધના. આ ક્રિયા જેટલો લાંબો કાળ એક બેઠકમાં તથા રોજ-બરોજ ચાલુ રહે તેટલો કંઠ સુદૃઢ થાય છે, સ્વરનાં આંદોલન મોટાં થાય છે તેમજ મધ્યસપ્તકનો આરોહ કરતી વખતે તારષડ્જ સુધીના સ્વરો પણ બુલંદ ને ભરાવદાર બને છે.

તાનપુરો લઈ કેવી રીતે બેસીને આલાપ કરવા તે માટે મરહૂમ ઉસ્તાદ વિલાયતહુસેને પોતાના વડીલ ગાયકોની એક ઉક્તિ આ માટે કહી છે કે 'આસન બૈઠે ઊંટ કી, તબ હો સિદ્ધ આલાપ.' (ઊંટ બેસે છે તેવી રીતે, ઘૂંટણો વાળી, પગ પર સીધી બેઠકે બેસી રાગાલાપ કરવા.) આ પ્રમાણે બેસવાથી નાભિથી માંડી મસ્તક સુધીનું શરીર ટટ્ટાર રહે છે, ગાનક્રિયા માટે શ્વાસોચ્છ્વાસ ઊંડા, દીર્ઘ અને અવરોધ-રહિત લઈ શકાય છે અને એ ગાયકના સ્વાસ્થ્યને પણ લાભદાયક છે.

વિવિધ રાગો ગાવાની રીત, સ્વરોની બઢત તથા તેમનું ચલન, પાસેના બીજા રાગથી અલગ કરવા લેવામાં આવતો સ્વરસમુદાય આદિની સમજ ભાતખંડેજીએ શાસ્ત્રચર્ચાના ચાર ભાગમાં લખેલા ગ્રંથમાં કુશળતાથી રોચક શૈલીમાં કરી છે. આ (અનુસંધાન પૃષ્ઠ ૩૯૪)

સાહિત્યસંપર્ક

જેઈન ઑસ્ટિન

પોતાની એક ભત્રીજીને લખેલા પત્રમાં 'ગામડાનાં ત્રણ કે ચાર કુટુંબોને સાહિત્યસર્જન માટે પર્યાપ્ત સામગ્રી' ગણાવતી, ૧૮મી સદીની સર્વશ્રેષ્ઠ સ્ત્રી-નવલકથાકાર જેઈન ઑસ્ટિનની ૧૫૦મી મૃત્યુતિથિ ગયા જુલાઈમાં ઇંગ્લૅન્ડે ખૂબ ઉમંગથી ઊજવી. ગ્રામવિસ્તારના સીમિત વર્તુલનાં પાત્રોનું જીવનકાર્ય સચોટતા ને સૂક્ષ્મતાથી આલેખવું એ એની વિશેષતા હતી, તો એ આલેખન નર્મકટાક્ષોથી સભર કરવાની આવડત એની લોકપ્રિયતાનું કારણ હતી.

જેઈન ઑસ્ટિનના જીવન વિષે પ્રમાણભૂત માહિતી બહુ ઓછી મળે છે; તેમ છતાં એના પત્રો ને સ્મરણનોંધો પરથી આટલી હકીકત જાણવા મળે છે કે ઈ. ૧૭૭૫ના ડિસેંબરની ૧૬મીએ દક્ષિણ ઇંગ્લૅન્ડના હૅમ્પશાયર પ્રાંતના સ્ટીવન્ટન નામના ગામડાના પાદરી જ્યૉર્જ ઑસ્ટિનને ત્યાં એનાં આઠ સંતાનો (જેમાં છ પુત્ર હતા)માં સાતમા નંબરે એનો જન્મ થયો હતો. સાઉધમ્પ્ટન અને બાથ શહેરોમાંનો થોડોક અણગમતો વસવાટ ને લંડનની થોડીક મુલાકાતો બાદ કરતાં જીવનનો દીર્ઘ કાળ એણે ગામડામાં જ પસાર કરેલો. એના જમાનાની અપેક્ષાએ અન્ય છોકરીઓ કરતાં વધારે શિક્ષણનો લાભ પામેલી જેઈન વાચનની એટલી રસિયણ હતી કે એનો એક ભાઈ હેતથી એને 'અકરાંતિયણ વાચક' કહેતો. અલબત્ત, એના પ્રિય લેખકો તો જૉન્સન, ગોલ્ડસ્મિથ કાઉપર ને કેબલ એ ચાર જ હતા. એનું કૌટુંબિક જીવન સુખી, સરળ, આનંદી અને મોટા બનાવો કે વિશિષ્ટ અનુભવોથી વંચિત હતું. પોતાનાં કુટુંબીજનોને, અને ખાસ કરીને બહેન કૅસાન્ડ્રાને ખૂબ ચાહતી જેઈનના પત્રો પરથી એના જીવન અંગેની જરૂરી માહિતી મળી રહે છે.



જેઈન ઑસ્ટિન

જીવનનાં પ્રથમ પચીસ વર્ષ સ્ટીવન્ટનમાં પસાર કર્યા બાદ ૧૮૦૧માં પિતાની માંદગીને લીધે એને સકુટુંબ બાથ જવું પડ્યું. ત્યાં પિતાનું અવસાન થતાં તે માતા ને મોટી બહેન સાથે સાઉધમ્પ્ટનમાં ૧૮૦૫ થી '૦૯ સુધી વસી, અને અંતે વિન્ચેસ્ટરથી વીસ માઈલ દૂર આવેલા ચૉટન ગામમાં રહી, જ્યાં ૧૮૧૭ની ૧૮મી જુલાઈએ (ચાર પ્રણય પ્રસંગો એના વિષે અનુમાનાયા હોવા છતાં), લગ્નને કેન્દ્રમાં રાખીને પોતાની તમામ નવલકથાઓ લખતી આ વિખ્યાત સ્ત્રીલેખિકા અપરિણીત જ અવસાન પામી, અને માત્ર કુટુંબીજનોની હાજરીથી જ શોભતી સ્મશાનયાત્રાનો લાભ પામી.

સ્વભાવે શરમાળ છતાં આકર્ષક મોહક ને મધુર યુવતી, ને કાબેલ વાર્તાકાર જેઈન રમતગમત, સંગીત, ચિત્રકામ, નાટક અને નૃત્યની પણ ખૂબ શોખીન હતી. એક પ્રસંગ વિષે એ લખે છે: There were twenty dances and I danced them all, and without fatigue. પંદરમે વર્ષે તો એણે લખવાનું શરૂ કર્યું, જે મૃત્યુના આગલા દિવસે તરંગ ને જુસ્સાપૂર્ણ કાવ્યપંક્તિઓ લખવા સુધી ચાલુ રહ્યું. એ દરમિયાનનું એનું સર્જન એટલે છ કટાક્ષપ્રધાન સામાજિક નવલો અને 'ધ વૉટસન્સ' તથા 'સૅન્ડીટૉન' નામે અપૂર્ણ રહેલી ને એના મૃત્યુ બાદ પ્રકાશિત થએલી કૃતિઓ, જે સૌમાં ક્રિયાસ્થાન ગામડું જ અને કેન્દ્રવર્તી પ્રશ્ન પ્રેમ અને લગ્ન જ રહ્યાં છે.

'પ્રાઈડ ઍન્ડ પ્રેજ્યુડીસ'ની પ્રથમ હસ્તપ્રત પ્રકાશક તરફથી સાભાર પરત મેળવનાર, અને તમામ નવલકથાઓની જીવનભરની કમાણી રૂપે મળેલા માત્ર ૭૦૦ પાઉંડ અને અલ્પ ખ્યાતિથી સંતોષ માનનાર જેઇન ઑસ્ટિને ગ્રામસમાજ અને એનાં પાત્રો વચ્ચેનાં પ્રેમ, લગ્ન અને તજ્જન્ય ઈર્ષા, અસૂયા આદિ ભાવોને જ પોતાના સર્જનમાં કેન્દ્રસ્થાને રાખ્યા છે. પોતાના સર્જનની આ ક્ષેત્રમર્યાદા નક્કી કરતી હોય એમ એ પોતે જ એક સ્થળે નોંધે છે કે 'મારે મારા પોતાના રસ્તે જ જવું જોઇએ. ગામડાના કૌટુંબિક જીવનનાં ચિત્રો જ મારે આપવાં છે' અલબત્ત, એના આ મર્યાદિત સર્જનક્ષેત્રની આકરી ટીકાઓ થઈ છે, અને એના પ્રશંસકો પણ એની તમામ વિશેષતાઓ બતાવ્યા પછી કબૂલે છે કે મહાન સંઘર્ષો, આધ્યાત્મિક અભીપ્સાઓ, પ્રબળ પ્રેમભાવનાઓ, મથામણભરી મહત્ત્વાકાંક્ષાઓ, લોલુપ લાભ-લાલસાઓ કે ધગશભર્યા સ્વદેશાભિમાન જેવા માનવમનના ઉચ્ચોન્નત ભાવોને એ સ્પર્શી જ નથી; અને યુરોપને

શબ્દકથા: 'પિત્રાઈ' 'મોળાઈ'

જેમ કાકાનાં છોકરાં 'પિત્રાઈ' થાય, તેમ મામાનાં છોકરાં તે 'મોળાઈ', અને માશીનાં છોકરાં તે 'માસ્યાઈ' કહેવાય છે. જોડણીકોશ 'પિત્રાઈ'ને માટે સં. 'પિતૃત્વ' મૂળ તરીકે આપે છે, તો 'મોળાઈ'ને 'મોસાળ'માંથી આવેલો ગણે છે. તે 'મશિયાઈ' અને 'મસિયાઈ' રૂપો આપે છે. પણ તેવાં જ સુપ્રચલિત 'માશિયાઈ', 'માસિયાઈ' કે 'માસ્યાઈ' તેમાં નથી.

'પિત્રાઈ' અને 'મોળાઈ'નાં મૂળ માટેની જોડણીકોશની અટકળ ખોટી છે. હકીકતે 'પિત્રાઈ', 'મોળાઈ' અને 'માસ્યાઈ' એ ત્રણેમાં અંતે રહેલો 'આઈ' એ અંશ 'ભાઈ'નું જ ઘસાએલું રૂપ છે—એટલે કે જે શબ્દમાંથી 'ભાઇ' થયો, તેમાંથી જ આ 'આઈ' આવેલો છે.

સમાસમાં પાછળ આવેલો 'ભ્રાતૃક' શબ્દ પહેલાં 'ભાતિક', પછી 'ભાઇઅ', પછી 'હાઇઅ', પછી 'હાઈ' અને છેવટે 'આઈ' બની ગયો છે.

એટલે સં. 'માતુલ' (=મામા), પ્રા. 'માઉલ.' પરથી મામાના સંબંધે ભાઈ તે 'માઉલહાઇ', 'મોળાઈ.' તે જ પ્રમાણે માસીના સંબંધે ભાઈ તે 'માસીહાઈ', 'માસ્યાઈ', અને પૈત્ર્ય સંબંધે ભાઈ તે 'પિતરહાઇ', 'પિત્રાઈ'. જૂની ગુજરાતીમાં 'માસિહાઈ', 'માઉલહાઈ' એવાં રૂપ મળે જ છે. ઉપરાંત ફઈનાં છોકરાં સાથેના સંબંધ માટે 'ફુઈહાઇ' પણ વપરાયો છે.

આ વાત લક્ષમાં લઈએ તો 'માસ્યાઈ ભાઈ' એટલે 'માસીનો દીકરો ભાઈ' એ પ્રયોગ ખરી રીતે 'માસીભાઈ ભાઇ' જેવો જ થયો. તે જ પ્રમાણે 'પિત્રાઈ ભાઈ', 'મોળાઈ ભાઈ' જેવામાં પણ 'ભાઈ'ની દ્વિરુક્તિ થઈ ગણાય.

'આઈ' એ અંશ ઘસાઈ જઈને માત્ર વિશેષણસાધક બની ગયો તેથી સ્પષ્ટતા માટે ફરી 'ભાઈ' શબ્દ જોડવો અનિવાર્ય બન્યો. અર્થ પણ વ્યાપક થયો છે. છતાં 'પિત્રાઈ' વગેરે સગાઈસંબંધ પૂરતા મર્યાદિત રહ્યા જ છે.

હરિવલ્લભ ભાયાણી



જેઈન ઑસ્ટિને જ્યાં જીવનનાં છેલ્લાં આઠ વર્ષ ગાળ્યાં તે ચૅાટન ગામડામાંનું મકાન

હલમલાવી જનાર ફ્રેન્ચ રાજ્યક્રાન્તિ, ઇંગ્લૅંડને ફફડતું રાખતાં નેપોલિયનકાલીન યુદ્ધો, તથા બ્રિટિશ સમાજની કાયાપલટ કરનાર ઔદ્યોગિક ક્રાન્તિએ સર્જેલા રાજકીય સામાજિક ને આર્થિક પલટા જેવા માનવ ચિત્તંત્રને હારી દેતા એ યુગના જાહેર બનાવો એના સર્જનમાં ક્યાં ય ડોકિયું સરખું ય કરતા નથી.

પોતાના આ સાંકડા સર્જનવિશ્વને એણે એની બુદ્ધિમત્તાથી અને સૂક્ષ્મ તેમ જ વિશિષ્ટ અવલોકનશક્તિથી સમૃદ્ધ ને સભર બનાવ્યું છે. એક બાજુ એનાં સર્જનોમાં આત્મવંચના, વાસ્તવિકતા અને ભ્રમો વચ્ચેની દ્વિધાઓ, દૂષણો વગેરે જેવાં તત્ત્વો જોવા મળે છે, તો બીજીબાજુ એમાં સદ્વૃત્તિઓ, સદ્ભાવનાઓ અને સદ્રુચિઓનાં, સમાજજીવનને સફળ બનાવતાં, મહત્તમ ધોરણો પણ એના આસ્વાદ્ય અને રમ્ય સ્વરૂપમાં જોવા મળે છે.

ભાવના કે રુચિના નહિ પણ નિર્ણયશક્તિ અને પરિપક્વતાના અભાવને લીધે ઉદ્ભવતા દોષો ધરાવતી નાયિકાઓનું સર્જન એ જેઇનની વિશેષતા છે. બીજાઓ તરફથી થતી ઈર્ષ્યા ને કનડગતો માટે તેઓ પોતે જ જવાબદાર હોવા છતા તેઓ જાતે કદી ખરાબ નથી. જીવનનો એકાદ અનુભવ એની બુદ્ધિશાળી અને બાહોશ પણ બિનઅનુભવી નાયિકાઓને હોશિયાર બનાવી દે છે.

એની નવલકથાઓમાં ખલપાત્રો, રૂઢ અર્થમાં જોઈએ તો, છે જ નહિ; માત્ર સામાજિક દૂષણો તરીકે એ પ્રગટ થાય છે અને શિક્ષાપાત્ર નહિ પણ હાસ્યપાત્ર બને છે. મિસિસ બૅનેટ, કૉલિન્સ અને લેડી કૅથેરાઈન ડી બર્ગ (પ્રાઈડ ઍન્ડ પ્રેજ્યુડીસ), મિસ એલિયટ (પર્સ્વેશન) અને મિસિસ એલ્ટન ('એમ્મા') વગેરે આવાં પાત્રો છે. એનાં અન્ય પાત્રો પણ 'સામાન્ય માનવીઓ' હોવા છતાં જેઈનની માનસશાસ્ત્રીય સૂઝ, અપૂર્વ કટાક્ષશક્તિ, ભાષાનો વક્ર મરોડ આદિથી હૃદ્ય બને છે.

બાળકોને ય હતી અને વૃદ્ધો પ્રતિ આદર રાખતી હોવા છતાં એ બન્નેને એણે પોતાના આલેખનક્ષેત્રથી દૂર જ રાખ્યાં છે. એ મુખ્યત્વે ૨૭થી ઉપરની વયની યુવતીઓ અને યુવાનોને જ આલેખે છે. પુરુષો વિષે એનો અભિપ્રાય નીચો ન હોવા છતાં મહદ્ અંશે એણે એમને મૂર્ખ ચીતર્યા છે; ઠોકરો ખાઈને અનુભવે સમજુ બનતી એની ચબરાક નાયિકાઓનાં પાત્રો સંપૂર્ણ નથી. પાત્રાલેખનમાં સંપૂર્ણતા કરતાં નાટ્યાત્મકતા ને તાટસ્થ્ય એ એની વિશેષતાઓ છે. પાત્રોના મનોગતમાં ઊંડા ઊતર્યા વિના એમના બાહ્ય વર્તનના વર્ણન દ્વારા એમને ભવ્ય રીતે વ્યાવર્તક લક્ષણો આપવાની એની કલા નોંધપાત્ર છે.

પંદર વર્ષની વયે આરંભાએલી એની પ્રથમ નવલકથા 'લવ ઍન્ડ ફ્રેન્ડશિપ' સામાન્ય કક્ષાની અને પત્ર રૂપે લખાએલી પ્રારંભક કૃતિ હોવા છતાં એમાંનો વિનોદ સ્વયંસ્ફુરિત છે. એથી, વર્જિનિયા વૂલ્ફ નોંધે છે તેમ, 'આ પંદર વર્ષની પોરી પોતાના ઘરને ખૂણે બેઠી બેઠી આખા જગતને હસે છે.' એની ૧૭ અને ૨૧ની વય વચ્ચે લખાએલી અને છેક ૧૯૨૫માં પ્રકટ થએલી 'લેડી સુસાન' નામક બીજી નવલ એક નાનકડા કથાનક જેવી છે. એની પ્રથમ પ્રકાશિત નવલકથા 'સેન્સ ઍન્ડ સેન્સિબિલિટી' બુદ્ધિ અને લાગણીવેડાના બે અંતિમો પર રહેતી બે બહેનોની વાર્તા છે.

'પ્રાઈડ ઍન્ડ પ્રેજ્યુડીસ' ૧૭૯૬માં 'ફર્સ્ટ ઇમ્પ્રેશન'ને નામે શરૂ થઇને ઈ. ૧૮૧૩માં આ નામે પ્રગટ થએલી એની સર્વોત્કૃષ્ટ અને કીર્તિદા નવલકથા છે. કથાસાહિત્યની નાટ્યાત્મકતા અને ચતુરાઈભરી કાવ્યક્ષમતાનો અપૂર્વ સંયોગ ધરાવતી આ નવલકથા યૌવનની લાક્ષણિકતાઓનું આલેખન, ઊંચી સત્ત્વશીલતા, બુદ્ધિમતા અને મર્મજ્ઞતાની દષ્ટિએ પણ શ્રેષ્ઠ છે. ઈ. ૧૮૦૩માં લખવા માંડેલી અને ૧૮૧૯માં પ્રકટ થએલી 'નૉર્ધેન્જર ઍબી' જેઈનની ચાતુરી ને ભાવનાશીલતા પ્રગટ કરતી મનોરમ્ય પ્રણયકથા છે. એક વિવેચક નોંધે છે: 'સુંદર કલાકૃતિ બનતી આ નવલકથાને ચિરંજીવ મૂલ્ય છે; એનાં પાત્રો જીવાતા જીવનમાં ચાલુ જોવા મળે એવાં સામાન્ય છે અને છતાં દરેક યુગનાં હોય એવાં છે.' મૅન્સફીલ્ડ પાર્ક' (૧૮૧૪) વિક્ટોરિયન ઇંગ્લૅંડની અત્યંત પ્રિય નવલકથા હતી; જ્યારે સંયોજન અને કૌશલની દષ્ટિએ એની 'એમ્મા' (૧૮૧૬) એવી મૂલ્યવાન છે કે કેટલાક એને એની સર્વોત્કૃષ્ટ સરજત કહે છે. પોતાની કૃતિઓને 'બે ઇંચ જાડા નમણી કારીગરીવાળા હાથીદાંતના ટુકડા' સાથે સરખાવતી જેઈન સભાન અને સજાગ કલાકાર છે. પોતાના નાનકડા વર્તુલને એ એવું તો પામી ગઈ છે કે એની એકે વૃત્તિ કે પ્રવૃત્તિ એના ધ્યાન બહાર નથી રહેતી. નર્મ-મર્મ-કટાક્ષમાં તો એ સિદ્ધહસ્ત છે.

એની દરેક નવલકથા લગ્નથી અંત પામતી સુખાંત છે અને દરેકના અંતમાં યુગલને ધનપ્રાપ્તિ થાય છે; પણ સંપત્તિ વિષેના એના વિચારો નોંધપાત્ર છે. એ માને છે કે 'It is wrong to marry for money, but it is foolish to marry without it.' દરેક યુગલને એ ધનવાન બનાવે છે ખરી, પણ લગ્નજીવનમાં સંપત્તિ કેન્દ્રમાં હોય એમ એ માનતી નથી. વસ્તુતઃ તો પરસ્પર પ્રત્યેના તમામ પૂર્વગ્રહોથી મુક્ત થઈ, પ્રેમથી એકબીજાને ઓળખીને યુવાન યુવતી લગ્ન કરે એ એની દરેક નવલકથાનો મુખ્ય બનાવ છે. આ બનાવ બનતાં પહેલાં એનાં પાત્રો જે મૂર્ખાઇઓ, ભૂલો ને ગેરસમજો કરે છે એ જેઇનને માટે હાસ્યની ઉત્તમ સામગ્રી પૂરી પાડે છે. એનું એ હાસ્ય શાન્ત, નાજુક ને કટાક્ષપૂર્ણ છે.

ઉત્કૃષ્ટ આવેગના અભાવ, સારાનરસાની અતિરિક્તતાનો આછો ખયાલ, કટાક્ષોમાં કોઈ વાર ઝબકી જતી ઠંડી ક્રૂરતા વગેરે મર્યાદાઓ છતાં જેઈન ઑસ્ટિનની એક સર્જક તરીકેની પ્રતિભા વિષે 'હિસ્ટરી ઑાવ ઇંગ્લિશ લિટરેચર'માં કૉમ્પ્ટન રિકેટે લખેલા શબ્દો નોંધપાત્ર છે: 'એની પ્રતિભાનું રહસ્ય તો કલાકાર તરીકે કથાવસ્તુ પરનો એનો જે સંપૂર્ણ કાબૂ છે એમાં રહેલું છે.'

આજની લાત

રોજબરોજ બનતા રાજકીય બનાવો કે સામાજિકબનાવો પરહાસ્ય-કટાક્ષ-યુક્તલેખો લખતા 'પાનસે.પારી'નાં કૉલમ લખનાર 'ફિલસુફ', 'હું. શાણી ને શકરાભાઈ' લખતા 'પ્રિયદર્શી', 'કક્કો બારાખડી'વાળો 'ઠોઠ નિશાળિયો', અને આશ્ચર્યચિહ્નોવાળો 'વનમાળી વાંકો' આદિની જેમ, લોકપ્રચલિત બાળવાર્તાઓને વિશિષ્ટવળાંકઆપી વર્તમાન બનાવો પર કટાક્ષ ફેંકવાનો પ્રયાસ કરતી શ્રી વિનોદ ભટ્ટની વાર્તાઓનો આ સંગ્રહ પણ એમાંના કટાક્ષ ઉપરાંત રમૂજ-વિનોદને લીધે સુવાચ્ય બન્યો છે. બધી જ વાર્તાઓ એકસરખી ઉચ્ચતાથી કટાક્ષયુક્ત બની નથી. કેટલીકમાં કૃત્રિમતા ને કૃતક્તા દેખાય છે. તેમ છતાં 'બિલાડીના ગળામાં ઘંટ', 'ગાંધીજીની આત્મહત્યા', 'અપૂર્ણનું મગજ', 'એક હતાં નૂ બાઈ' આદિમાં લેખકે ઠીક સફળતા મેળવી છે. લોકજ્ઞાન વાર્તાઓ દ્વારા હાસ્યકટાક્ષ ઉત્પન્ન કરવાની આ પદ્ધતિ વધુ કામયાબ ને સફળ નીવડશે એમ આ સંગ્રહની વાર્તાઓ જોતાં લાગે છે—પણ 'છેલ્લી લાત'માં લેખકે બતાવેલી હાસ્યસૂત્ર બધે જળવાય તો. એ વાર્તાને નમૂના તરીકે આ નીચે ઉતારીએ છીએ. (પ્રકાશક પારૂલ પ્રકાશન, ૭ ધર્મયુગ કૉલૉની કાંકરિયા રોડ અમદાવાદ-૨૨, પૃ ૧૦૦, પાકું પૂઠું રૂ. ૨) કાચું પૂઠું રાખીને કિંમત ઓછી કરી વિશેષ વાચકોને લાભ આપી શકાત.

છેલ્લી લાત

(લેખક: વિનોદ ભટ્ટ)

નવયુવાન લેખક શ્રી વિનોદ ભટ્ટના અવસાન નિમિત્તે શ્રી જ્યોતીન્દ્ર દવેના પ્રમુખપદે એક શોકસભા મળી હતી, જેનો અહેવાલ અત્રે અક્ષરશઃ રજૂ કરીએ છીએ :

શ્રી જ્યોતીન્દ્ર દવે: આપણે અત્રે એક શોકસભા યોજી છે; એટલે મારી સૌને વિનંતી છે કે મારા કોઈ પણ વાકયને કટાક્ષ કે હાસ્યનું ન ગણતાં ગંભીરપણે બિસી પ્રસંગની ગંભીરતા અને શાન જાળવશો.

ભાઈ વિનોદ ભટ્ટના અવસાનના સમાચાર મેં વાંચ્યા. એ અખબારમાં વિશિષ્ટ રીતે છપાયા હતા. એમાં લખાણુ હતું કે 'લેખક હોવાનો દાવો કરતા, કહેવાતા હાસ્ય-લેખક, શ્રી વિનોદ ભટ્ટનું મનાતું અવસાન થયું છે. મરનાર પોતાની પાછળ પોતાની કહેવાતી પત્ની, બાળકો, બે પ્રેસવાળાઓ અને ત્રણ કાગળવાળાઓને વિલાપ કરતા મૂકતા ગયા છે. કહેવાતા મરનારના જવાથી એ લોકોને ઘણી મોટી ખોટ પડી છે. એમ જણાવાય છે.'

આ પત્રનો તંત્રી મારો મિત્ર છે, એટલે એને મેં ફોન પર આ બાબત પૂછી જોયું. એણે એવો ખુલાસો કર્યો કે 'આ સમાચાર આપનાર તદ્દન નવો જ પત્રકાર હતો. કોઈ જર્નાલિઝમ સ્કૂલનો ડિપ્લોમા ધરાવવાને કારણે રાખેલો. પણ આ સમાચાર છપાયા બાદ છૂટો કર્યો છે.' આમ, વિનોદ ભટ્ટના મૃત્યુથી શોકમાં ડૂબેલાઓમાં એ પત્રકાર તેમજ તેના કુટુંબનો પણ સમાવેશ કરવો જોઇએ, એમ મારું માનવું છે.

હવે આપણે સભાનું કામકાજ શરૂ કરીએ ત્યાર પહેલાં વક્તાઓને સ્પષ્ટ ચેતવણી આપું છું કે કોઈ પણ વક્તા એ મૃતાત્માના જીવન પર પ્રકાશ પાડવાના નથી. પોતાની અંજલિ બને એટલાં ટૂંકાં વાક્યોમાં આપવાની રહેશે.

સૌપ્રથમ શ્રી ચંદ્રવદન ચીમનલાલ મહેતાએ અમેરિકાથી પાઠવેલા સંદેશાથી આપણે સભાનું કામકાજ શરૂ કરીશું :

'ચિ. જ્યોતીન્દ્ર,

આપણી વચ્ચે માત્ર ૭ જ મહિનાનો ફરક

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર: ચંપકલાલ મહેતા



શ્રી અરવિંદભાઈ મફતલાલ

ભારતભરના અગ્રણી અને પ્રામાણિક ઉદ્યોગપતિઓ પૈકીના એક; જન્મ: ૨૭-૧૦-૧૯૨૩; ૧૮મે વર્ષે મુંબાઈ સિડનહામ કૉમર્સ કૉલેજનો અભ્યાસ છોડી કૌટુંબિક ઉદ્યોગધંધામાં; ૩૨મે વર્ષે પિતા નવીનચંદ્ર મફતલાલનું અવસાન થતાં સમગ્ર મફતલાલ ઉદ્યોગ સમૂહના અધ્યક્ષ બન્યા, જે સ્થાને આજે પણ ચાલુ છે. એ ઉપરાંત વ્યાપાર, ઉદ્યોગ, સંશોધન. બૅંક આદિ ક્ષેત્રોની મધ્યસ્થ સરકારની તેમજ રાષ્ટ્રીય મળીને ૫ સંસ્થાઓમાં, મહારાષ્ટ્ર તથા ગુજરાત સરકારની ૨ સંસ્થાઓમાં, ઔદ્યોગિક તેમજ અભ્યાસલક્ષી ત્રણ સંસ્થાઓમાં અધ્યક્ષસ્થાને અથવા કારોબારી કે સલાહકાર સમિતિના સભ્યપદે.

૧ આપના દાદા શ્રી મફતલાલ સામાન્ય માનવીમાંથી અગ્રગણ્ય ઉદ્યોગપતિ બન્યા તે પાછળ કઈ શક્તિએ કાર્ય કર્યું ?

ઉ. નીતિ, સચ્ચાઈ, વ્યવહારકુશળતા, ઈશ્વરની દૈવી શક્તિમાં અવિચળ શ્રદ્ધા અને દૈવી કૃપા.

૨ આપ પુરુષાર્થમાં માનો છો કે પ્રારબ્ધમાં ?

ઉ. બંનેમાં બંનેનાં ક્ષેત્રો જુદાં છે: પુરુષાર્થનો અધિકાર મનુષ્ય-કર્તવ્ય, અને ફળ પ્રારબ્ધને આધીન.

૩ આપના જીવનનો આદર્શ ?

ઉ. મનુષ્યજીવનની સાર્થકતા પરમાર્થમાં છે.

૪ વ્યાપારી ક્ષેત્રે પ્રવીણ બનવામાં કયા ગુણોની જરૂર છે ?

ઉ. સ્વતંત્ર વિચારશક્તિ, સચ્ચાઈ, અખૂટ ધીરજ, ચોકસાઈ માટેનો આગ્રહ આત્મશ્રદ્ધા અને તોલનશક્તિ.

૫ આજના વેરા આપણી કેડ ભાંગી નાખે છે એમ નથી લાગતું ?

ઉ. પ્રજા પાસેથી ઉઘરાવાતા કર પ્રજાવિકાસનાં કાર્યોમાં બરાબર વપરાય તો તે સામે વાંધો ન લઈ શકાય. પણ સરકાર કરકસર કરે નહિ અને એના વહીવટી ખર્ચ વધવાને લીધે કરબોજ વધે એ વાજબી નથી.

૬ વેપારઉદ્યોગમાં કયો દેશ આજે જગતભરમાં ચડી જાય ?

ઉ. જાપાન.

૭ આજની તમામ સરકારની રચનામાં અનુભવોની ખામી આપને નથી લાગતી ? લાગતી હોય તો શું કરવું જોઇએ ?

ઉ. અનુભવોની ખામી એ મોટી આડખીલી નથી. નિષ્ઠા ને સચ્ચાઈ જોઈએ. બાકી તો જેવી પ્રજા તેવા રાજા; એટલે સાચા પ્રતિનિધિ ચૂંટીને મોકલવાની જવાબદારી પ્રજાની છે.

૮ રાષ્ટ્રની આર્થિક મૂંઝવણો ટાળવા માટે શું શું કરવું જોઈએ ?

ઉ. નીતિથી રહેવું, પૂરી મહેનત કરવી અને દેશનું સમગ્ર ઉત્પાદન વધે એ દિશામાં સતત કોશિશ કરવી.

૯ આપનાં પ્રિય પુસ્તકો ?

ઉ. રામાયણ ભગવદ્‌ગીતા અને વિવિધ સંતોનાં જીવનચરિત્ર તથા તેમની વાણી.

અરવિંદ ન. મફતલાલ.

હોવા છતાં હું તને ચિ. નું સંબોધન કરું છું એટલે હું કેટલો મહાન થઈ ગયો છું એ તું સમજી શક્યો હોઈશ. અત્રેની 'ઈવનિંગ ઈન પૅરિસ' હૉટેલમાં સમાચાર જોયા કે ત્યાંના કોઈ વિનોદનું અવસાન થયું છે. બહુ સમય નહોતો. બહાર મોટર ખોટી થતી હતી ('ઍબ્સર્ડ પ્લે' વિષે એક ઍમેચ્યોર ગ્રૂપમાં બોલવા જવાનું હતું) એટલે માત્ર નામ જ વાંચ્યું છે. એ પેલો નાટકવાળો વિનોદ તો નથી ને? જો એ જ હોય તો એના મૃત્યુની ચકાસણી કરજે. મા'જો રિહર્સલ ના કરતો હોય! નાટકવાળાઓનું ભલું પૂછવું, ભાઈ!'

શ્રી ઉમાશંકર જોષી માઈક પર આવે છે.

શ્રી ઉમાશંકર જોષી : ભાઈ શ્રી વિનોદ ભટ્ટ ગુજરી ગયા છે ય એમ માનવા હું તૈયાર નથી.

શ્રી જ્યોતીન્દ્ર : (વચ્ચે) ભાઈ, આમને વિનોદ ભટ્ટનું ડેથ-સર્ટિફિકેટ બતાવો, એટલે આપોઆપ માની જશે.

શ્રી નિરંજન ભગત : ભાઈ વિનોદનું મૃત્યુ થયું છે. થાય. મને જરા ય નવાઈ નથી લાગતી. શેક્સપીઅર મરી ગયો, બાયરન મરી ગયો, વર્ડ્ઝવર્થ મરી ગયો, ટેનીસન મરી ગયો, હેમિંગ્વે મરી ગયો—

શ્રી જ્યોતીન્દ્ર : (વચ્ચે) તમારે મરી ગએલાઓનું લિસ્ટ જ આપવાનું છે?

શ્રી ભગત : (સાંભળ્યા વગર જ) બ. ક. ઠા. મરી ગયા, નર્મદ મરી ગયો—

શ્રી દવે : એ એક રીતે સારુ થયું, નહિ તો તમને નર્મદચન્દ્રક તો ના જ મળ્યો હોત.

શ્રી ભગત : (ગણકાર્યા વગર જ) એમ વિનોદ પણ મરી ગયો. પણ ના, વિનોદ નથી મર્યો; એ નહિ મરે; ક્યારે ય નહિ મરે. વિનોદ ક્યારે ય મરતો નથી; કેમ કે તે ઑક્સિજન છે. ઊલટાનો લોકોને તે જીવાડે છે, લોકોમાં પ્રાણ પૂરે છે.

(પ્રેક્ષકો બૂમો પાડે છે : વી વૉન્ટ ઑક્સિજન, વી વૉન્ટ એનેસીન વગેરે. શ્રી ભગત મનમાં બબડતા બેસી જાય છે. શ્રી જ્યોતીન્દ્ર પ્રેક્ષકો વતી તેમનો આભાર માને છે.)

શ્રી બકુલ ત્રિપાઠી : વિનોદ ભટ્ટનું મૃત્યુ થયું છે. મારા મગજમાં તો એ જ નથી ઊતરતું કે હાસ્ય-લેખકો કેમ મરતા હશે? શા માટે? પણ... પણ શા માટે? મારા મગજ—

શ્રી જ્યોતીન્દ્ર : (વચ્ચે) જે નથી એની વાત ના કરો; છે એની વાત કરો—

શ્રી બકુલભાઈ : (વચ્ચે) પ્રમુખશ્રી, હું આપના નહિ, મારા મગજની વાત કરતો હતો. પણ હવે નહિ કરું. (શ્રી બકુલ ત્રિપાઠી રિસાઇને બેસી જાય છે.)

શ્રી પન્નાલાલ પટેલ : આ વિનોદ ભટ્ટ જેવો માણસ ગુજરી ગયો એ હાંભળીને હાચું, ત્રાસ વછૂટી ગયો. પણ હું (શું) થાય ભૈ? આ છપ્પનિયામાં કેટકેટલા મનેખ ગુજરી ગયા'તા, હેં? બચવામાં તો આ મારો કાળુ અને રાજુ જનો ભૈ, કે'નારે ખરું જ કહ્યું છે કે આ તો બધી માનવીની ભવાઈ છે, ભવાઈ... ખેર! જેવી શ્રી અરવિંદની ઈચ્છા, બીજું શું?

શ્રી પેટલીકર : ભાઈ વિનોદ ભટ્ટ સાથે મારે એ રીતે બહુ સંબંધ નહિ. હા, એમના વિષે હું એટલું તો ચોક્કસ કહી શકું કે 'સંસાર'માં એ નહોતા લખતા. એ એમના જીવનની ઊજળી બાજુ ગણી શકાય, ગણવી હોય તો. એમની સાથે પાટીદાર કોમમાં વરવિક્રય વિષે અમારે ક્યારેય ચર્ચા થએલી નહિ, પણ એ વરવિક્રયની વિરુદ્ધમાં હતા એવું એમનું લખાણ વાંચ્યા પછી કહી શકું ખરો. ભાઈ વિનોદ ભટ્ટ મારી વાર્તાઓના નાયકો જેવા સુધારાવાદી હતા, એ રીતે.

શ્રી પ્રિયકાન્ત મણિયાર : શ્રી વિનોદભાઈના મૃત્યુ નિમિત્તે એક પ્રશસ્તિ ગાવાનું મન થઈ આવે છે.

શ્રી જ્યોતીન્દ્ર : (વચ્ચે) તમે પ્રશસ્તિ નહિ ગાઈ શકો. આ શોકસભા છે. ગાવા હોય તો મરશિયા ગાવાની છૂટ છે.

શ્રી મણિયાર : મને લાગે છે કે હું ખોટી ટ્રેઈનમાં ચડી ગયો છું.

શ્રી જ્યોતીન્દ્ર : હજુ મોડું નથી થયું. ગાડી ગતિ પકડે ત્યાર પહેલાં કૂદી પડો.

શ્રી રાધેશ્યામ શર્મા : આ વિનોદભાઈ ગુજરી ગયા એ સાલું ખોટું થયું, નહિ લાભશંકર? (લાભશંકર ઠાકર પ્રેક્ષકોની પહેલી હરોળમાં બેઠા છે.) અને આદિલ, આ બાબતમાં તમારું શું માનવું છે?

શ્રી દવે : (વચ્ચે) વિનોદભાઈનું મૃત્યુ એ હવે માન્યતાનો વિષય રહ્યો નથી, હકીકત છે, એમ માનીને જ આપણે આગળ ચાલવાનું છે.

શ્રી શર્મા : તો તો હું ઊઠી જવાનું જ વધુ પસંદ કરીશ.

શ્રી જ્યોતીન્દ્ર : (પ્રેક્ષકોને ઉદ્દેશીને) હવે સમય ઘણો વીતી ગયો છે, એટલે પ્રેક્ષકોમાંથી કોઇને ય બોલવા દેવામાં નહિ આવે.

પ્રેક્ષકોમાંથી બે ચિઠ્ઠીઓ આવે છે. શ્રી દવે મોટેથી વાંચે છે. પહેલી આ પ્રમાણે છે : 'શ્રી વિનોદભાઈ ભટ્ટનું મૃત્યુ દશમના દિવસે ગણવું કે અગિયારશના દિવસે? કેમ કે બે દશમ આવે છે.'

શ્રી દવે : કેમ, એમનું શ્રાદ્ધ કરવાનું છે તે તિથિ પૂછો છો? (બીજી ચિઠ્ઠી વાંચે છે): શ્રીયુત વિનોદભાઈનું બેસણું ક્યારે છે?

શ્રી દવે : બેસણું નથી રાખ્યું, ઊઠમણું રાખ્યું છે, અને તે આ કાર્યક્રમ પૂરો થયે પૂરું થયું ગણાશે. પણ ભાઇઓ, બેસી જાઓ. હજુ એક નાનકડો પણ અગત્યનો કાર્યક્રમ વિસરાઈ ગએલો તે યાદ આવ્યો છે. ભાઈ વિનોદ ભટ્ટ હાસ્યલેખક હતા, એટલે એમના અવસાન નિમિત્તે બે મિનિટ મૌન નહિ પાળતાં બે મિનિટ ખડખડાટ હસી આપણે છૂટા પડીશું.

બધા સામુહિક અટ્ટહાસ્ય કરે છે, જેમાં શ્રી દવેના દાંતનું ચોકઠું નીચે પડી જાય છે. બધા વિખરાઈ જાય છે. શ્રી દવે એમનું ચોકઠું ખોળવા માંડે છે. એક ખખડી ગએલી વૃદ્ધા પાસે ઊભીઊભી આંખ પર હાથનું નેજવું કરી કંઈક શોધી રહી છે. શ્રી દવેનું ચોકઠું ઉપાડી તે શ્રી દવેના હાથમાં આપી ફરી નીચે નમી પોતાની શોધ જારી રાખે છે.

શ્રી દવે : (આશ્ચર્યથી) શું શોધો છો માડી?

'હું?' વૃદ્ધાએ શ્રી દવે સામે જોતાં કહ્યું : 'દીકરા, હું "વિનોદ" ગોતી રહી છું.'

'પણ એ તો ગુજરી ગયો!'

'ના દીકરા, ના; એ તો હજુ જન્મ્યો જ નથી. ગુજરાતમાં ક્યાંય જન્મ્યો નથી. દીકરા, મારે તો લાખો વરસ જીવે એવો "વિનોદ" જોઈએ છે...' ('આજની લાત'માંથી)

અનુસંધાન] સેન્સ ઍન્ડ સેન્સિબિલિટી [પૃ ૩૮૬/૩થી
લ્યૂસી સાથે લગ્ન કર્યાં હોવાથી એની માતા હવે એના પર ગુસ્સે થાય છે અને એડવર્ડ માટે એને કૂણી લાગણી જન્મે છે. આથી એડવર્ડ-એલીનૉરના લગ્નને એ સંમતિ આપે છે, અને કર્નલની વ્યવસ્થા મુજબ એડવર્ડને પાદરી માટેની જગ્યા તેમજ નિવાસસ્થાન વગેરે પણ મળે છે.

કર્નલની સતત ચાલુ રહેલી મમતા અને એની ભલાઈ તેમજ સજ્જનતા મેરીઍનને સમજાતાં એ હવે કર્નલ સાથે લગ્ન કરી લે છે આમ બન્ને બહેનો હવે એક જ જાગીરમાં રહે છે. લંડન રહેવા આવેલાં ફૅની અને જ્હૉન કર્નલ સાથેના આ સંબંધથી એટલાં ખુશ થાય છે કે ફૅની પોતાની ઈર્ષ્યા ભૂલી જાય છે. મિસિસ ડૅશવૂડને તો પોતાનાં સંતાનોનું આવું સુખી ભાવિ જોઈ, અલબત્ત, અત્યંત હર્ષ થાય જ છે.

જેઈનની સૌ નવલકથાઓમાં પ્રથમ પ્રકાશિત (ઈ. ૧૮૧૧માં) આ નવલમાં ઘણી વાર આડંબરયુક્ત લાગતા સંવાદો અને અતિચિત્રિત લાગતાં પાત્રો છતાં એના સમયના અંગ્રેજ સમાજના ઉચ્ચ મધ્યમ વર્ગનું અને રીતભાતોનું કટાક્ષમય ચિત્ર આપવાની એની એક અજબ કુનેહ આમાં દેખાય છે.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃષ્ઠ ૩૭૨થી

વિધાનો કુમારવર્ગને ધ્યાનમાં લેવા લાયક બની શકે, અને તે મુજબ તે જીવનપ્રવાસનો યોગ્ય પંથ લઈ શકે. પશ્ચિમના મનોવૈજ્ઞાનિકોએ તો જીવનની પ્રધાન બાબત 'સેક્સ'ને કુમારવર્ગ માટે પરિચયનો વિષય ગણ્યો છે. તેથી સાહિત્ય અને જીવનની કોઈ પણ ચર્ચામાં ઉમરના ગમે તે તબક્કે વ્યાપક અસર કરનાર 'સેક્સ'ની ચર્ચા સ્વાભાવિકરીતે આવે જ. જોકે પ્રસ્તુત લેખમાળામાં તો તે સ્વરૂપની એવી કોઈ ખૂંચે એવી યે ચર્ચા નથી થઈ.

લેખકે જે પશ્ચિમના સમાજના લગ્નવ્યવહારોમાં 'સેક્સ'ના સ્થાન વિષે ચર્ચા કરી છે, તે તે સંબંધિની માહિતી માટે જરૂરી છે. અંગ્રેજ 'ઈવ' જર્મન 'ઈવા' બન્યાનું ચપળતાથી અનુમાન કરનાર લેખકનો 'ઈવા' સાથેનો સંવાદ પણ ઘણું જણાવી જાય છે. પ્રકાશક-પેઢીઓની વિસ્તૃત કામગીરીઓ, પશ્ચિમના સરેરાશ માનવીની પરદેશીઓ પ્રત્યે સભ્યતા, આતિથ્યભાવના, પોતાના રીતરિવાજોનું બયાન આપવાની નિખાલસતા; અને સૌથી વધારે તો સંવનનકાળમાં યે મુક્ત સહચારના વ્યાપક રિવાજ છતાં, અમુક નીચી કક્ષાએ ગએલા માનવોના અડ્ડાવાળા હોટેલ ઈ. સ્થળે જવાનો ઈવા જે ડર રાખે છે તે, સામાન્ય બંધાયલા વ્યવહારુ રિવાજથી નીચી કક્ષાએ ન જવા જેટલા નીતિબંધનની ચીંપ ત્યાંનો સરેરાશ વિશાળ શાહુકારી સમાજ કેવી રાખે છે, તે દર્શાવે છે. 'કુમાર'ના વિવેકયુક્ત વાચકને આનાથી સારી માહિતી મળે છે.

અત્યારે તો કુમારકુમારીઓ થોકબંધ પશ્ચિમની દુનિયામાં જાય છે. તેઓને તો તે દુનિયાની હવાનો અગાઉથી કરેલો પરિચય બહુ કામ આવી શકે. તેથી તો ત્યાંના 'સેક્સ'-જીવન ને ઈતર સમાજજીવન આદિના પ્રથમ પરિચયે તેઓ બહાવરાં ન થાય અને ત્યાંની પ્રજામાં સમજદારી અને ખેલદિલી સાથે ભળતાં શીખે. આ પશ્ચિમના સમાજનું ચિત્રાત્મક વર્ણન ગુજરાતના બે સિદ્ધહસ્ત લેખકો શ્રી ચન્દ્રવદન મહેતા અને શ્રી ઠાકોરે પોતપોતાની લાક્ષણિકરીતે રસવૈવિધ્યથી 'કુમાર'માં આપ્યું છે, તેની ન્યૂનાધિકતાદર્શક સરખામણી કરવાનો શો અર્થ છે? 'અતીતનાં પુષ્પો' પણ તેની પોતાની રીતે અભિવ્યક્ત થાય છે, તેનો ઉલ્લેખ પણ સુરુચિની મર્યાદામાં થવો ઉચિત નથી?

ટૂંકમાં જેમ ચિત્ર, સંગીત ઈ૰ કલાઓની સાચી સમજદારી કેળવવી જરૂરી છે, તેમ સાહિત્ય પણ કલા હોઈ તેના વાચનની આવડત પણ જરૂરી હોય છે. પછી ભલે સાહિત્ય ગંભીર કે હળવું હોય. વર્તમાન જગત ખૂબ નજીક આવતું જાય છે. ગુજરાતથી લંડન–ન્યૂયૉર્ક, હવે મુંબઈ-કલકત્તા જેવાં બની ગયાં છે. તેથી વિશાળ અને ખેલદિલ, શિષ્ટ અને સમજદાર માનસને વિવિધ લોકજીવન યથાર્થરીતે સમજવામાં અને સમતોલ રસવૃત્તિ કેળવવામાં વાચકને મદદગાર થઈ શકશે.

(પાટણ) —દેવેન્દ્ર પુ. મજમુંદાર

'નવા ગગનની નીચે'નું લખાણ ખૂબ જ ગમ્યું. શ્રી ઠાકોરની રસળતી સૌન્દર્યશૈલીનો આસ્વાદ દાઢે રહી જાય તેવો છે આ અંકમાં શ્રી ઠાકોરની જર્મન છોકરી કોઈને ન ગમેલી જોઈ. પણ એ સંસ્કૃતિથી આપણે ટેવાએલા ન હોઈ આ છોકરીને જીરવી ન શકીએ તેમાં આપણી જ નિર્બળતા.

'જીવનપટનાં સ્મૃતિચિત્રો' હાલના સમયપટ સુધી વિસ્તારવાની વિનતિ પૂ. રવિભાઈને પહોંચાડશો. સાહિત્યના અને કલાના ક્ષેત્રે એક વિશિષ્ટ અર્પણ ઉપરાંત એ જીવનયાત્રાનું એક નિજી દસ્તાવેજી મૂલ્ય છે. તેનો સમય જેટલો વધુ વિસ્તરે એટલો વિશેષ ઉપયોગી.

'સંગીતસાધના'ની શ્રેણીનું સાતત્ય જળવાઈ રહે તેમ સૌકોઈ ઇચ્છે.

ખગોળશાસ્ત્ર પરનો સંશોધનાત્મક ચિત્રપ્રચુર લેખ વાંચી, શ્રી ભાયાવાળાભાઈ પાસેના આ ખજાનામાંથી બને તેટલું 'કુમાર'નાં પૃષ્ઠો માટે કઢાવી લેવાનું ચૂકશો નહિ.

(પોરબંદર) —ચન્દ્રકાન્ત દત્તાણી (ડૉ.)

ગુલાબદાસ ઠાકોરે જર્મનીમાં આપેલ ને પ્રશંસાને પાત્ર નીવડેલા તે ભાષણથી 'કુમાર'ના વાચકોને વંચિત રાખશો નહિ.

ઈવા સાથેની પ્રશ્નોત્તરી ખૂબ જ રસપ્રદ લાગી. પશ્ચિમ અને પૂર્વની ભેદરેખારૂપ ગુલાબદાસને ત્યાંના જીવનનો, ખાસ કરીને યુવાન સ્ત્રીપુરુષોનો અનુભવ નવીન જ લાગે.

સુનીલ કોઠારીના ઈન્દ્રદા પરના લેખમાં ચિત્રકાર વિષે એમના પોતાના અનુભવની વાત ઘણી છે, પણ એમાં ચિત્રો વિષેની વાત કેમ ઓછી છે? એમના ચિત્રો વિષે વિવેચન વધુ હોત તો સારું થાત.

(વડોદરા) —ભૂપેન ખખ્ખર

સપ્ટેમ્બરના 'કુમાર'માં સાતવળેકરજીની જીવનકથામાં કેટલાક હકીકતદોષો સુધારવા જેવા છે: ૧) 'વૈદિક રાષ્ટ્રગીત'નું હિન્દી ભાષાંતર અહમદાબાદથી નહિ, અલ્લાહાબાદથી પ્રસિદ્ધ થએલું. ૨) કોલ્હાપુરથી પ્રસિદ્ધ થતા

વિખ્યાત પત્રનું નામ 'વિશ્વવૃત્ત' જોઈએ; ૩) પંડિતજીના સુપુત્રનું નામ વલ્લભરાવ નહિ વસન્તરાવ જોઇએ.

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

~

સાતવળેકરજીના દીર્ઘાયુષ્યનું રહસ્ય આપે જણે વેદની ચર્ચા કરતાં દૃઢ નિશ્ચય—ઓછામાં ઓછું વેદ પ્રમાણે ૧૨૫ વર્ષ જીવવા—ઉપર આધાર વધુ રાખે છે. એમની હોંશ પોતે ૧૦૦ વર્ષ પૂરાં કરે ત્યારે દેશના ચરણે વેદના ભાષ્યનાં ત્રીસ પુસ્તકો—ત્રણ જુદીજુદી ભાષાઓમાં હિન્દી, ગુજરાતી, મરાઠી—ધરવાની હતી. એક પુસ્તક અંગે રૂપિયા ત્રીસ હજાર જોઈએ, એટલે ત્રણ ભાષા માટે સત્તાવીશ લાખ. પોતે જણાવે છે તે પ્રમાણે પ્રભુકૃપાથી તેમનું કામ અટક્યું નથી, પરંતુ વિલંબ અવશ્ય થશે. હમણાં જ અમદાવાદમાં થનારી ભાગવત વિદ્યાપીઠ માટેની ટહેલમાં સ્થાનિક બીલીમોરામાંથી જ રૂપિયા બે લાખ જેવી રકમ મળી. તો પછી વેદ માટે આપણે શુષ્ક રહીશું?

(બીલીમોરા) —(ડૉ.) વિપિન શાહ

~

સપ્ટેમ્બર અંકમાં પંડિત સાતવળેકરની જીવનકથામાં તેઓ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘમાં ઊંડો રસ લે છે, એ સંસ્થાને તેઓના આશીર્વાદ છે, એવો કશો ઉલ્લેખ કર્યો નથી. એક જગ્યાએ એવો ઉલ્લેખ છે કે તેઓએ પૂ. ગાંધીજીની સલાહ મુજબ અનેક કાર્યો કરેલાં. જે સંઘના તેઓ આજે આધાર જેવા છે તે સંઘ તો ગાંધીજી વિષે વિપરીત પ્રચાર કરે છે. લેખક આ વિષે ઉલ્લેખ કરશે ખરા?

(નાઈરોબી) —વી. એસ. પટેલ

~

સપ્ટેમ્બર અંકના પૃ. ૩૪૩ ઉપર સપ્તર્ષિમાંની નિહારિકા સાથે સૂર્યની 'યુતિ'ની બાબત જણાવી છે. સૂર્ય કોઈ પણ વાર સપ્તર્ષિમાં ભ્રમણ કરતો નથી. તો આમ કેમ બને?

(કપડવણજ) —ર. મો. પંચાલ

[● શ્રી પંચાલનો પ્રશ્ન ખરો છે. સપ્તર્ષિની નિહારિકા સાથે સૂર્યની 'યુતિ' થઈ શકે નહિ, પરંતુ તે દિવસે તેનો 'યોગ' (હેલિઍકલ રાઈઝ) થાય છે. સૂર્ય તથા 'મારક' નિહારિકા તે દિવસે એક જ 'રાઈટ એસનશન' ઉપર આવે છે.

—અનકચંદ્ર ભાયાવાળા]

~

'અતીતનાં પુષ્પો' વિષે ટીકાત્મક પત્રો છપાયા છે. શું સમર્થનના પત્રો આવતા જ નથી? મુખ્ય સૂર તેમની આત્મપ્રશંસાના વિરોધનો રહ્યો છે. પણ આવાં લખાણોમાં 'હું' લગભગ અનિવાર્ય હોય છે. તેમાં ખરેખર લેખકનો 'હું' નથી હોતો પણ વાતાવરણને વ્યક્ત કરતો 'હું' હોય છે. લેખમાળા ખૂબ સરસ છે, 'કુમાર'ને જ્ઞાનસભર સુવાચ્ય હળવું અંગ અને આવશ્યક વૈવિધ્ય પ્રદાન કરે છે.

(મૉસ્કો) —અતુલ સવાણી

~

ચંદ્રવદન મહેતાની નવી લેખમાળા ઑગસ્ટથી શરૂ થવાની હતી તે સપ્ટેમ્બરમાં પણ જોવા ન મળી તેથી આતુરતા વધતી જાય છે. હવે ક્યારે છાપવી શરૂ કરો છો?

(ઉપલેટા) —મૂલચંદ વસનજી

[● અમેરિકાના પ્રવાસેથી આંખની બીમારી લેતા આવ્યા પછી ઑપરેશન વગેરેમાંથી હમણાં જ સાજા થયા છે ને લખવા માંડ્યું છે. જાન્યુઆરીથી શરૂ કરવા ઉમેદ છે.]

~

આ સાથે દોરેલો એક ઈંચનો પિત્તળનો સિક્કો કયા સમયનો છે. જવાબ લખશો.

(ભાવનગર) —ગુમાનસિંહ પરમાર

[● આવા સિક્કાઓની છાપ પત્તામાં જેમતેમ અને ઝાંખી હાથેથી ચીતરી મોકલાય નહિ. તે માટે અત્યંત પાતળો ચીકણો કાગળ સિક્કા પર મૂકી તે પર ઘાટી કાળી ને પોચી પેન્સિલ ઘસીને સ્પષ્ટ છાપ ઉઠાવવી જોઇએ. તમે મોકલેલી છાપ પરથી 'સિક્કો નહિ પરંતુ કોઈ 'મેડલ' કે 'ચન્દ્રક' લાગે છે, કેમ કે તેના પર કિંમત જણાતી નથી.]

~

'ઊધઈ' માટે ડામર કે કોલટારનો પટ દીવાલ પાછળ જમીનમાં બે-બે ફૂટ સુધી લગાવી દેતાં તે પડતી નથી. એનો ઉપયોગ બારીબારણાં પર પણ કરી જોવો.

(વલ્લભવિદ્યાનગર) —બા અ. વોરા

~

'તરંગકથા' ખૂબ ગમી છે. એવી જ બીજી ન આપી શકાય? અંક ૫૧૯માં 'પનઘટ' કાવ્યના આસ્વાદ માટે સાથેનાં શોભનચિત્રોએ અજબ આકર્ષણ જમાવ્યું. અવારનવાર આવાં સુશોભનો દ્વારા આસ્વાદ કરાવો તો?

(વાપી) —નટુભાઈ ભાવસાર

~

સપ્ટેમ્બર અંકમાંની 'હું રાણી, તું રાણી, કોણ મૂકે ચૂલે પાણી?' જેવી બીજી કહેવત: 'હૈયો વહાલો ભૈયો વહાલો, ધાડે કોણ જાય ભાઈનો સાળો?'

(ઊમરેઠ) —મોતીલાલ રણછોડલાલ વ્યાસ

ગુનાશોધન

પુષ્કરભાઈ ગોકાણી

બનાવટી લખાણ

બનાવટી લખાણુની તપાસમાં શાહીનું ઘણું મહત્ત્વ છે. શાહી લખાયા પછી જેમ સુકાતી જાય તેમ તેનો રંગ, બહુ જ થોડો થોડો, પણ બદલાય છે. ગુનાશોધક આના ઉપરથી અસલ લખાણ અને તે પછીનું લખાણ જુદું પાડી શકે છે. ડ્રાફ્ટમૅન વાપરે છે તેવી વૉટરપ્રૂફ શાહીનો રંગ કાળાંતરે બદલાતો નથી; પણ માત્ર રંગ અને ચીકાશ મેળવીને બનાવેલી કેટલીક શાહીનો રંગ સમય જતાં ઝાંખો પડી જાય છે, અને લાંબો સમય સૂર્યપ્રકાશ લાગે તો ઊડી પણ જાય છે. બૅંકના ચેકની રંગીન ભોંયની છપાઈ ઘણી વાર પાણીથી ધોવાઈ જાય એવી શાહીથી કરાય છે, જેથી એના પરની ઘાલમેલ પકડાઈ જાય છે.

છાપકામ માટેની શાહીમાં મુખ્યત્વે અળસીનું તેલ, ટર્પેન્ટાઈન, વાર્નિશ, રાજન, કાર્બન બ્લૅક. જુદાજુદા રંગનાં પિગમેન્ટ તથા ખનિજ ઑક્સાઈડ વપરાતાં હોવાથી તેની રાસાયણિક તપાસ સહેલી છે. અસલ નોટ છાપવામાં વપરાએલી શાહી ને બનાવટી નોટોની શાહી બન્ને સરખી દેખાવા છતાં રાસાયણિક કસોટીમાં જુદી પડી આવે છે.

શાહીની તપાસ બહુ જ મુશ્કેલ છે. તેમાં ક્યારેક ભૂલથાપ પણ થઈ જાય. એક જ શાહીનું લખાણ તેની મેળે સુકાવા દેવામાં આવ્યું હોય અને શાહીચૂસ લગાવ્યું હોય તો બંને જુદાં પડી આવે છે. એક જ શાહી જુદાજુદા કાગળ પર જુદી લાગે છે. વળી, કાળી, કાળી બ્લ્યુ અને બ્લ્યુ આ ત્રણ શાહી કાળાંતરે એકબીજાથી અલગ પાડવી થોડી મુશ્કેલ છે. તેમાં બ્લ્યુ-બ્લૅક શાહીને બ્લ્યુ અગર કાળી ગણાઈ જવાનો ભય રહે છે.

શાહીની રાસાયણિક તપાસમાં લખાણ ઉપર જો મીઠાના તેજાબનું દ્રાવણ મૂકવામાં આવે તો એથી શાહી લગભગ ઊડી જાય છે. ત્યાર પછી તેના પર પોટૅશિયમ સાઇનો સલ્ફાઈડ લગાડવાથી શાહીમાં રહેલા લોહને કારણે લખાણ રાતા રંગનું બની જાય છે. આમા લોહ જેમ વધારે તેમ અક્ષર વધુ ઘેરા બને છે. આ રીતે એકસરખી દેખાવા છતાં બે અલગ શાહી જુદી પાડી શકાય છે. વળી, લખાણની તપાસમાં તેના પર ઑક્ઝૅલિક ઍસિડ લગાડવામાં આવે તો લોહ અને નટગૅાલ શાહીનો રંગ ઊડી જશે. પણ જેમાં પોટૅશિયમ ક્રોમેટ વપરાયું હશે તે શાહી જાંબુડા રંગની બની જશે અને જેમાં મોરથુથુ હશે તે નારંગી પીળા રંગની થઈ જશે. ફક્ત નાઈગ્રોસીન અને કાર્બન શાહીઓને તેની અસર થશે નહિ. એવી શાહી પર હાઈપોક્લોરાઈટ દ્રાવણ લગાડવાથી તે લખાણ કથ્થાઈ રંગનું થઈ જતાં ઓળખાઈ જશે. ફક્ત કાર્બનની શાહીને રાસાયણિક તત્ત્વો અસર કરતાં નથી. શાહીની રાસાયણિક તપાસમાં કૉસ્ટિક સોડા, બ્રૉમિન, સેરિક સલ્ફાઈટ, સોડિયમ સલ્ફાઈટ, સોડિયમ સાઈનાઈટ (ઝેર), મંદ નાઇટ્રિક ઍસિડ; મીઠાનો તેજાબ, કાર્બોલિક ઍસિડ, સોડિયમ સિલિકેટ, ઍમોનિયમ હાઇડ્રૉક્સાઈડ વગેરે પણ વપરાય છે.



↑ એક લાયસન્સ પરનું સાચું ખોટું લખાણ.


આ બધી તપાસમાં ઘણી વાર લખાણને હરકત પહોંચે છે તેથી કૉર્ટની પરવાનગી બાદ, તેની ફોટોગ્રાફિક નકલ તૈયાર કરાવી તેને મૂળ નકલ સાથે સંતોષકારક રીતે મેળવી લીધા પછી જ તેની તપાસ થાય.

છેકછાક કરી ભૂંસી નાખેલું લખાણ આયોડિનના ધુમાડામાં સ્પષ્ટ વંચાય છે. ઍમોનિયમ સલ્ફાઈડ અને થાયોસાનિક ઍસિડના છંટકાવમાં પણ ભુંસાએલું લખાણ તરત લાલ ચટક જેવું તરી આવે છે.

પેન્સિલ, બાલપેન કે ટાઈપરાઈટર વડે ભાર દઇને કરેલું લખાણ જો ભૂંસી નાખવામાં આવ્યું હોય તો તેની ઉપર આલ્કૉહૉલ છાંટવાથી પણ જોઈતું પરિણામ આવે છે. વળી, તેનો પ્લાસ્ટિક ઉપર ઢાળો તૈયાર કરીને પણ લખાણ પાછું મેળવાય છે.

ટાઈપરાઈટરનું લખાણ પકડાયા વિના રહેતું નથી. કોઈ પણ બે ટાઈપરાઈટર એક જ સરખા ટાઈપ છાપતાં નથી. એક જ જાતના બે ટાઈપરાઈટરો પણ ઘસારાને કારણે થોડા વખત પછી કદી એકસરખી છાપ પાડતાં નથી. વળી, ટાઈપ ઉપરથી એક વાર કાગળ કાઢી લીધા પછી ફરી તેને એ જ લાઈન અને સ્પેસિંગમાં મૂકવો શક્ય જ નથી. સૂક્ષ્મદર્શક યંત્ર વડે આ ફેરફાર તુરત જણાઈ આવે છે. એક જ કંપનીનાં બે ટાઈપરાઈટરની છાપ અને કામગીરીમાં યે થોડો ફરક તો રહી જ જાય છે.

ગુનાશોધનમાં કેટલીક વખત છૂપી શાહીથી લખેલાં ને સામાન્ય નજરે ન જણાતાં છૂપાં લખાણો પણ તપાસ માટે આવે છે. (અનુ પૃ.૪૧૬)



DATE OF ENTRANCE			AGE (last Birthday) of Life Assured	WEEKLY PREMIUM s.	d.	AMOUNT ASSURED £	s.	d.
13	9	24	45		8	31	12	0

FOR CONDITIONS OF ASSURANCE SEE INSIDE.

વીમાના દસ્તાવેજમાં કરેલી ઘાલમેલમાં તળેથી ઉપસાવેલા અસલ આંકડા.

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૧૦ સંખ્યાલેખન : દશાંશમૂલક પદ્ધતિઓ

કેશવપ્રસાદ શાહ

કેટલાંક વર્ષ પહેલાં દુનિયામાં અનેક પ્રકારની પ્રાચીન સંખ્યાલેખન-પદ્ધતિઓ પ્રચલિત હતી; પરંતુ અનુભવને અંતે સંખ્યાલેખન માટે તેમજ વિવિધ પ્રક્રિયાઓની ગણતરી માટે હિંદુ-આરબ પદ્ધતિ સરળતમ જણાવાથી હાલ સર્વત્ર એ દશાંશ સંખ્યાલેખન-પદ્ધતિ પ્રચલિત છે. આનાં કારણોમાં :

(૧) દશાંશ પદ્ધતિ દ્વારા ગમે તેવી મોટી સંખ્યા દર્શાવી શકાય છે અથવા તેવી સંખ્યાઓ અંગે કોઈ મૂળભૂત પ્રક્રિયા કરવી હોય ત્યારે ૦, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, અને ૯ એ દશ ઉપરાંત બીજા કોઈ વધુ અંકોનો ઉપયોગ કરવો પડતો નથી.

(૨) એમાં સંજ્ઞાનું સ્થાન સંજ્ઞાની કિંમત ઉપર મહત્ત્વની અસર પાડે છે. એમાં કોઈ પણ સંજ્ઞા પોતાની ડાબી બાજુ એક ચરણ ખસે, તો ત્યાં તેની કિંમત દશ ગણી થાય છે.

(૩) કોઈ સ્થાને જરૂરી કિંમતવાળા સમૂહનો અભાવ હોય, તો તે સ્થાને તેના અભાવની સ્પષ્ટતા માટે '૦' શૂન્ય મૂકી શકાય છે.

(૪) દશાંશ પદ્ધતિ ૧૦ના પાયા ને તેના ઘાત ઉપર આધારિત છે.

આ પદ્ધતિએ આચરેલા સિદ્ધાંતો ધ્યાનમાં લઈ ગણિતશાસ્ત્રીઓએ અન્ય પાયાઓવાળી દ્વયાંશ, ત્ર્યાંશ, ચતુરાંશ પંચાંશ, અષ્ટાંશ કે દ્વાદશાંશ વગેરે જેવી સંખ્યાલેખનની રીતો શોધી છે, ને તેમાંની કેટલીકના લાભદાયક ઉપયોગો પણ કર્યા છે. જેમ કે આજનાં મોટાં-મોટાં ગણતરીયંત્રો દ્વયાંશ પદ્ધતિના સિદ્ધાંત પર કામ કરે છે.

એ બીજી પદ્ધતિઓને લેતાં પહેલાં આપણે દશાંશ પદ્ધતિને કંઈક વધુ સ્પષ્ટતાપૂર્વક સમજીએ. દા. ત. એક ક્વિન્ટલ ઘઉંના ૧૦૩ રૂપિયા લેખે ૨૫૬ ક્વિન્ટલ ઘઉંના રૂ. ૨૬,૩૬૮ થાય. એ જ રીતે રૂ. ૧૭૭ લેખે કૉલેજના ૧૨૧૫ વિદ્યાર્થીઓની ફી રૂ. ૨,૧૫,૦૫૫ થ ય. આવા દાખલાઓની સંખ્યાઓ તથા તેની ગણતરી અંગેની પ્રક્રિયાઓ દશાંશ પદ્ધતિમાં કેટલી સરળ છે એ બીજી પદ્ધતિઓથી લખવા કે ગણતરી કરવા પ્રયત્ન કરશો તો સ્પષ્ટતાથી સમજાશે.

દા. ત. આપણે જોઈ એમાંની જ કેટલીક સંખ્યાઓ તપાસીને દશાંશ પદ્ધતિ અંગેની આપણી સમજ સ્પષ્ટ કરીએ :

૧૦૩=૧×૧૦૦ + ૦×૧૦ + ૩×૧

એટલે કે ૧×૧૦×૧૦ + ૦×૧૦ + ૩×૧.

૧૭૭=૧×૧૦૦ + ૭×૧૦ + ૭×૧

એટલે કે ૧×૧૦×૧૦ + ૭×૧૦ + ૭×૧.

૧૨૧૫=૧×૧૦×૧૦×૧૦ + ૨×૧૦×૧૦ + ૧×૧૦+૫×૧

અને ૨૧૫૦૫૫=૨×૧૦×૧૦×૧૦×૧૦×૧૦ + ૧×૧૦×૧૦×૧૦×૧૦ + ૫×૧૦×૧૦×૧૦ + ૦×૧૦×૧૦ + ૫×૧૦ + ૫×૧

આ રકમને ગણિતશાસ્ત્રીઓ મહેનત બચાવવા નીચે મુજબ દર્શાવે છે :

$૨૧૫૦૫૫=૨×૧૦^{૫}+૧×૧૦^{૪}+૫×૧૦^{૩}+૦×૧૦^{૨}+૫×૧૦^{૧}+૫×૧$.

હવે $૧૦^{૫}$, $૧૦^{૪}$, $૧૦^{૩}$, $૧૦^{૨}$ એ બધાં પદોમાં ૧૦ પાયો અને ૫, ૪, ૩ અને ૨ તેના ઘાતનું ચિહ્ન ગણાય છે. આમ, દશાંશમૂલક સંખ્યા-પદ્ધતિમાં દરેક સ્થાને પાયાના ઘાતને આધારે સ્થાનિક કિંમતને મહત્ત્વ અપાયું છે અને એથી ગણતરી ઘણી સરળ બને છે.

પરંતુ હવે ધારો કે ભાવિ મનુષ્યોને બન્ને હાથે છ આંગળીઓ થાય જુઓ ('કુમાર' અંક ૫૨૬) તો તેને માટે છના પાયાની કે બારના પાયાની સંખ્યાલેખન પદ્ધતિ વધુ અનુકૂળ બનવાની. આજે પણ અમેરિકામાં પોતાના બધા જીવન-વ્યવહારોમાં બારાંશ પદ્ધતિને લાભદાયક ગણી તેનો ઉપયોગ કરનારા હિમાયતીઓનું એક મંડળ ચાલે છે. એમ જુદીજુદી જરૂરિયાત પ્રમાણે જુદાજુદા પાયાવાળી સંખ્યાલેખન પદ્ધતિ અનુકૂળ બને. આપણે એવી કેટલીક પદ્ધતિઓ જોઇએ.

હવે "$૭૨_{\text{દશ}}=૨૦૦_{\text{છ}}=૨૪૨_{\text{પાંચ}}=૨૨૦૦_{\text{ત્રણ}}$". આ પરિણામ સાચું છે કે ખોટું, તે નક્કી કરવા નીચેની પદાવલીઓની કિંમત શોધીને ચકાસણી કરો. આપણે દશના પાયાની પદ્ધતિથી ટેવાએલા છીએ એટલે ચકાસણીમાં અત્યારે તેનો જ ઉપયોગ કરીશું.

$૭૨_{\text{દશ}}=૭×૧૦^{૧}+૨×૧=....\text{દશ}$

$૨૦૦_{\text{છ}}=૨×૬^{૨}+૦×૬^{૧}+૦×૧=....\text{દશ}$

$૨૪૨_{\text{પાંચ}}=૨×૫^{૨}+૪×૫^{૧}+૨×૧=....\text{દશ}$

$૨૨૦૦_{\text{ત્રણ}}=૨×૩^{૩}+૨×૩^{૨}+૦×૩^{૧}+૦×૧=....\text{દશ}$

આ પદો ધ્યાનથી જુઓ. આપણી ગણતરી સરળ બને તેવો કોઈ મુદ્દો છે? કોઈ પણ પાયાવાળી પદ્ધતિમાં ક્યાં પદ ન લખીએ તો ચાલે?

$૨૪૨_{\text{પાંચ}}$ ને હજી વધુ સ્પષ્ટતાથી સમજીએ.

ધારો કે ૧ માટે '*' સંજ્ઞાનો ઉપયોગ કરીએ તો—

$૨૪૨_{\text{પાંચ}}$ = * * * * *   * * * * *   * * * * *   *
* * * * *   * * * * *   * * * * *   *
* * * * *   * * * * *   * * * * *
* * * * *   * * * * *   * * * * *
* * * * *   * * * * *

હવે છના પાયાવાળી સંખ્યાલેખન પદ્ધતિના આંકના કોઠા જોઈએ.

૧	૧૧	૨૧	...	...	૫૧	૧૦૧
૨	૧૨	૨૨	...	...	૫૨	૧૦૨
૩	૧૩	૨૩	...	...	૫૩	૧૦૩
૪	૧૪	૨૪	...	...	૫૪	૧૦૪
૫	૧૫	૨૫	...	...	૫૫	૧૦૫
૧૦	૨૦	૩૦	...	...	૧૦૦	૧૧૦

અને આ જ રીતે આગળ.

આમ, છના પાયાવાળી સંખ્યાલેખન-પદ્ધતિમાં $૧૦૦૦_{\text{છ}}$ પહેલાંની સંખ્યા કઈ? $૫૫૫_{\text{છ}}$.

આટલું સમજ્યા પછી હવે નીચેના પ્રશ્નોના જવાબ શોધવા પ્રયત્ન કરશો તો વધુ સ્પષ્ટતા થશે.

(૧) છના પાયાવાળી સંખ્યાલેખન પદ્ધતિમાં એક અંકવાળી સંખ્યાઓ કેટલી? એમાં મોટામાં મોટી સંખ્યા કઈ છે?

(૨) આઠ પાયાવાળી સંખ્યાલેખન પદ્ધતિમાં એક અંકવાળી સંખ્યાઓ કેટલી? અને એક અંકની મોટામાં મોટી સંખ્યા કઈ?

(૩) કઈ પદ્ધતિમાં એક અંકવાળી પાંચ સંખ્યાઓ હશે?

(૪) સાત પાયાવાળી સંખ્યાલેખન પદ્ધતિમાં બે અંકોવાળી કેટલી સંખ્યાઓ હશે? બે અંકોવાળી સૌથી મોટી સંખ્યા કઈ? આ સંખ્યાલેખન પદ્ધતિમાં સાતડો વપરાતો હશે કે નહિ? (અનુ. પૃ. ૪૧૬)

પચ્ચીસ વર્ષ પહેલાં



તે વખતે તો પોતાની અટક 'વીમાવાળા' લખતા એ, આજના શ્રી નટવરલાલ માળવીએ, લહેકાબંધ શૈલીમાં કહેલી સૂરતની સિલસિલાબંધ તવારીખની તારવણી:

સૂર્યની પુત્રી તપતી — તાપી નદીને કિનારે વસેલું સૂરત શહેર! ભવ્ય તડકાછાંયડાવાળો હજાર વરસનો ઇતિહાસ જેને કાળને ચોપડે અમ્મર રાખે છે એ સૂરત નગરી! ઓગણીસમી સદીના પહેલા પાયા સુધી આઠ આઠ લાખની વસતિથી જે ઊભરાતી, જેના નાણાવટમાં દુનિયાના દેશેદેશનું નાણું વટાવી શકાતું તેવી, બાલ-ઉલ-મક્કા (મક્કાનો દરવાજો) કહેવાતી સૂરત નગરી! જેના બારામાં જગતના અનેક વાવટા ફરકી રહેતા, ને એ વાવટાધારી નાનામોટા બતાવેલાઓ, જહાજો, આરમારી નૌકાઓને અને આજનાં હોડી. હોડકાંઓને, નદીકિનારે બેઠેલા કોઈ શાંત યોગી પેરે સ્થિર નજરે નિહાળી રહેલો આ ભવ્ય કિલ્લો!

છસ્સો વરસ થવા આવ્યાં. હિન્દુસ્તાન પર તે વેળા તઘલખી આણ વરતતી હતી, ને એ વંશની પ્રતિષ્ઠાના થંભા સમો ફીરોઝ તઘલખ ગાદી પર આવ્યો ત્યારે સૂરત ખીલતું જતું હતું. તેનાથી બસ્સો વરસ પૂર્વે, ૧૦મી ૧૧મી સદીના અરસામાં, નાનકડા માછીવાડા સમાણું એ ગામડું તુર્કીથી આવેલા રૂમી સોદાગરના વસવાટથી અને કુનેહભર્યા વ્યાપારથી તેની પ્રિયાનું નામ ધારણ કરી સૂરત બન્યું હતું અને ધામેધીમે ખીલી વધતું જતું તઘલખી તિજોરીને તર બનાવતું હતું. એના વ્યાપારી વ્યવહારનું ચાંચિયા-લૂંટારાથી રખોપું કરવા સને ૧૩૭૩માં ફીરોઝ તઘલખે માટીનો એક કિલ્લો બંધાવ્યો. આજના કિલ્લાનો એ વડવો. એના રખોપા હેઠળ સૂરતની ઊગતી વ્યાપારી જાહોજલાલી રોજ-બ-રોજ વધતી ચાલી ને સાથેસાથે ચાંચિયા-લૂંટારા તથા પરદેશી ચડાઈખોરોની દાઢને સળકાવતી રહી. એમ આશરે દોઢસો વરસ વહી ગયાં; ને સોળમી સદીની ત્રીસીમાં અહમદાબાદની ગાદી પર બાદશાહ મહમદ બીજો બિરાજમાન થયો.

ફિરંગીઓ સને ૧૪૯૮થી હિંદ આવતા થયા, અને સને ૧૫૧૨માં તો તેમણે સૂરત પર ચડાઈ કરી, લૂંટ ચલાવી, આગો લગાડેલી. સને ૧૫૩૦માં તેમણે સૂરત પર બીજી ચડાઈ કરેલી ને બાળેલું. તે વખતે શહેરમાં દશ હજાર માણસોની વસતિ હતી; ને હિંદની કુલ વસતિ દશેક કરોડની હતી. સને ૧૫૩૧માં પાછું ત્રીજી વાર એ જ ફિરંગીઓએ સૂરતને સળગાવેલું. આ બધા ત્રાસને લીધે નવો મોટો કિલ્લો સને ૧૫૪૩માં બંધાવવા માંડયો. એ બંધાતો અટકાવવા પોર્ટુગીઝોએ ઘણી મહેનત કરી. પણ સફી આગા, જેને સુલતાન મહમદે ખુદાવંદખાનનો ખિતાબ આપેલો, તેણે ખૂબ તકલીફ-તકેદારીથી એ કિલ્લો બાંધ્યો.

ત્રીસ વરસ પછી અકબરે ગુજરાત પર ચડી આવી ઈ. ૧૫૭૩ની ૧૯મી જાનેવારીએ સૂરત આવી ગોપીપુરે છાવણી નાખી. રમઝાન મહિનાની ૭મી તારીખ ને સોમવારે કિલ્લા પર દિલ્હીની તોપોનો મારો શરૂ થયો. એ જબરી શાહી તોપો સામે પણ કિલ્લાએ ૪૭ દિવસો સુધી ટક્કર ઝીલી ૪૮મે દિ' અકબરનાં લાલ નિશાન કિલ્લા પર ઊડયાં. સૂરતની હાકેમી સરદાર કલીજખાનને સુપરદ કરી બાદશાહ અકબર, ગુજરાત સર કર્યાના હરખ સાથે વિદાય થયો. તે વખતે આ કિલ્લાની આણ હેઠળ સૂરત જિલ્લાની જમીન ૧,૨૩,-૩૪,૮૦૦ વીઘા, એટલે કે ૭,૭૦,૯૨૫ એકર માપણી રાજા ટોડરમલે દિલ્હી દફતરે નોંધી.

સને ૧૬૦૮ના ઑગસ્ટની ૨૦મીએ, સૂરતથી થોડે દૂર; મોરા સુંવાળીના બારામાં ઈસ્ટ ઇંડિયા કંપનીનું વહાણ નામે 'હેકટર વિલિયમ હૉકિન્સ' લાંગર્યું. ને સને ૧૬૧૨માં સૂરતમાં અંગ્રેજોની કોઠી સ્થપાઈ. અંગ્રેજો ને પોર્ટુગીઝો વચ્ચે વારંવાર લડાઈઓ થવા લાગી. પણ એ છમકલાં સમાન હતી. સને ૧૬૬૦માં જંજીરાના સીદીઓએ સૂરતની કિલ્લેદારી પચાવી પાડી અને ૯૦ વરસ સુધી કિલ્લો કબજે રાખ્યો. તે દરમ્યાન સને ૧૬૬૪માં શિવાજીએ સૂરત પર પહેલી સવારી કરી. સૂરતનો તે વેળાનો હાકેમ નબળો હતો, પણ કિલ્લો સબળો હતો. કિલ્લાનું રક્ષણ હાકેમે ન કર્યું — હાકેમનું રક્ષણ કિલ્લાએ કર્યું.'

કિલ્લાએ મચક ન આપી એટલે કિલ્લાને પડયો રહેવા દઈ શહેર બાળી-લૂંટીને શિવાજીનું સૈન્ય વિદાય થયું. અનેક વાર શિવાજીએ એવી ચડાઈ કરી, પણ કિલ્લો અણનમ રહ્યો. દરમ્યાન, ઇંગ્લંડથી વેપારાર્થે આવેલા ગોરા વહાણિયાઓ-વાણિયાઓ-નું તંત્ર, જાલંધરની કાયા પેઠે, વધુ ને વધુ બળવાન બનતું ગયું. એમણે શિવાજીની ચડાઈઓ સામે પણ શૂરાતન દાખવેલું; નવાબી ખટપટોમાં ધીમો, છાનો, પણ ગંભીર રસ લેવા માંડેલો; ઘણી વાર વલંદાઓ અને બીજા યુરોપીઓ સામે ય ટક્કર લીધેલી; સૂરતના સૂબાઓની ધૂનને વશ થઈ પરેશાની પણ ભોગવેલી. પણ તેમનું સંગઠન, તેમની મુત્સદ્દીગીરી પગદંડો કરતાં રહ્યાં એ તકરારટંટો કરતા અને તેનું વાળણ પણ કરતા, ને ધંધો પણ જમાવતા. એમના વડે શાહી ખજાનાને લાભ હતો.

ક્રમે ક્રમે સૂરતની રાજ્યખટપટમાં એ ટોપીશાહીએ માથું મારવા માંડયું. ૧૭૫૧માં પેશવાઈની મદદ વડે એણે સૂરતની નવાબી કબજે લઈ લેવાનો યત્ન કર્યો, પણ ન ફાવ્યા. ૧૭૫૫માં નવાબ સફદરખાનના અરસામાં તે વધુ જોરાવર બન્યા. નાવારસ અલીનવાઝ અને ફાટિસખાંની માંહેમાંહેની ફાટફૂટમાં, ફાટિસખાંએ અંગ્રેજોની મદદ માગી, ને પોતે નવાબ થાય તો દર વરસે અંગ્રેજોને લશ્કર નભાવવા બે લાખ રૂપિયા ને કિલ્લો સોંપવા કબૂલ્યું. સૂરતની કોઠીના વડા મિ. સ્પેન્સરની કુનેહથી મુંબાઈના ગવર્નરે પેશવા સાથે કરાર કરી મંજૂરી આપી, ને અઠવાની લડાઈ થઈ. પાંચ છ દિવસ ઝપાઝપી ચાલીને સૂરતનો કિલ્લો અંગ્રેજોના કબજામાં આવ્યો–૧૭૫૮ના માર્ચ મહિનાની ચોથી તારીખે! તે વેળા



ઈ. ૧૮૦૦ની ૧૫મી મેના દિવસે ઈસ્ટ ઇંડિયા કંપનીએ સૂરતને પોતાની હકૂમત તળે લીધું અને પોતાની તરફથી નવાબ નસીરૂદ્દીનને નામનો ગાદીએ બેસાડી સૂરતના કિલ્લા પર બે વાવટા ચડાવ્યા: એક નવાબનો, બીજો અંગ્રેજી.

સુરતના વસતા હતા દશ લાખની. ૨૦,૦૦૦ કુટુંબો તો ફક્ત પારસીનાં જ હતાં.

કિલ્લો અંગ્રેજના કબજામાં, ને તેમણે બે લાખનું સાલિયાણું લેવાનું; પણ આણ તો નવાબીની, ને વાવટો પણ તેનો જ. નવાબી કારભારીઓ નમાલા ને નિષ્ફળ નીવડયા! વારંવાર તોફાનો થતાં અને કાચા કાનના રેઢિયાળ નવાબો કાબૂ ન રાખી શકતા. અંગ્રેજોનું લેણું ભરાતું નહિ. મોટી રકમ ચડી જતાં અંગ્રેજ કંપનીએ સને ૧૭૯૭માં નવાબને સખત ચેતવણી આપી. કંઈ ન વળ્યું. આખરે સને ૧૮૦૦ના મે મહિનાની પંદરમી તારીખે કંપનીએ સુરતને પોતાની હકૂમત તળે લીધુ ને પોતાની તરફથી નવાબ નસીરૂદ્દીનને નામનો ગાદીએ બેસાડયો. કિલ્લા પર બે વાવટા ઊડવા લાગ્યા: એક અંગ્રેજી બીજો નવાબી. આમ સુરતના કિલ્લા પર અંગ્રેજી સત્તા શરૂ થઈ.

ત્યાર પછી પણ એ કિલ્લાએ અવનવા ઇતિહાસના વારાફેરાના ભાળ્યા. પડખે વહેતી તાપી નદીને કેટલી ય વાર ઊભરાતી ને ગાંડી બનતી ભાળી. સને ૧૮૧૨માં તે ઊભરાઈ ને ૧૮૨૨માં તેને ય ટપી જાય તેવી રેલ નિહાળી. રેલમાતાનાં ભોગ બનીને તણાતાં મુડદાં જોયાં. તૂટીને તણાઈ જતા પોતાના કાંગરા યે જોયા, સને ૧૮૩૫ ને ૧૮૩૭માં શહેરની શેરીઓમાં હોડીઓ તરતી જોઈ ને જાણે, એ રેલનું સાટું વાળવા, સને ૧૮૩૭માં અગ્નિદેવે જે હુમલો સુરત પર કર્યો, જેના ભડભડતા ભડકા સાતમે આસમાને પહોંચ્યા, તેના લબકારા પણ નિહાળ્યા. ૬૦૦૦ મકાનોને બાળનારી, ૫૦૦ માનવો ને અસંખ્ય ઢોરોને રાખોડી કરનારી, કરોડ રૂપિયાની મિલકતને સ્વાહા કરનારી એ આગના ભડકા ભાળ્યા, ને છેવટે ભાળ્યો નવાબીનો અસ્ત. સને ૧૮૪૨ના ઑગસ્ટ માસની ૮મી તારીખે સુરતનો છેલ્લો નવાબ મીર અફઝુલુદ્દીન નાવારસ મરણ પામ્યો. સુરતની નવાબીનો અસ્ત થયો. કિલ્લાની કોઠી પરથી નવાબી વાવટો ઊતરી ગયો ને એકલો યુનિયન જૅક ફરકવા લાગ્યો.

અનુસંધાન] **બનાવટી નોટો** [પૃ. ૪૧૩થી

આવી છૂપી શાહી તરીકે સાદુ પાણી, દૂધ, ફળનો રસ, પેશાબ, ગંધકનો મંદ તેજાબ, કિવનીન સલ્ફેટનું પ્રવાહી, લોહ ને કોબાલ્ટના રંગવિમુક્ત દ્રાવણ વગેરે પ્રવાહી વપરાય છે આવાં લખાણોને ખૂબ પ્રકાશમાં ધરીને જોવાથી, ગરમી આપવાથી, આયોડિન કે બીજા પદાર્થોનો ધુમાડો આપવાથી વાંચી શકાય છે.

બળી ગએલાં લખાણોની તપાસમાં બળેલા કાગળ પર બહુ હળવે હાથે લાખના પાતળા દ્રાવણને ધીમેધીમે છાંટી તેને બે કાચની વચ્ચે દબાવીને લૅબોરેટરીમાં લઈ જવામાં આવે છે. ખૂબ પ્રકાશમાં બળેલું લખાણ જોઈ શકાય છે, કારણ કે બળવામાં કાગળનું દહન થયું હોય છે જ્યારે શાહીની તો માત્ર રાસાયણિક પ્રક્રિયા થઈ હોય છે. આ લખાણનો અધોરક્ત કિરણો વડે ફોટો પણ તૈયાર કરી શકાય છે.

લખાણમાં બનાવટ કરતી વખતે ગુનેગારના મગજમાં રહેલા ભયને લીધે તેના હાથ અને આંગળાંના સ્નાયુઓ ઉપર પડેલ પ્રત્યાઘાત પણ ગુનેગારને પકડાવી દે છે. બનાવટી લખાણમાં મૂળ લખાણ પેઠે છટા, સાહજિકતા વગેરે જેવી લાક્ષણિકતા કદી આવી શકતી નથી.

બનાવટના ગુનાઓમાં કદાચ સૌથી વધુ લલચામણો પ્રકાર બનાવટી નોટોનો છે. આવા ગુના પાછળ બીજા દેશો પણ ક્યારેક ભાગ ભજવે છે. બીજા વિશ્વયુદ્ધમાં હેર હિટલરે બ્રિટિશ અર્થતંત્ર ખેરવી નાખવા કરોડો પૌંડની નોટો છાપીછાપીને જુદાજુદા દેશો અને માણસો દ્વારા બ્રિટનમાં ફેલાવી દીધી હતી. એક તો લડાઈ અને બીજું આવી ખોટી નોટોને કારણે બ્રિટનમાં જબ્બર ફુગાવો વ્યાપી ગયો. અને પૌંડની પ્રતિષ્ઠા ઘટી ગઈ. આજે ચીની પડયંત્રે ભારતમાં આવી બનાવટી નોટો મોટા પ્રમાણમાં ઘુસાડી છે એમ પણ મનાય છે. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે રશિયાએ પણ અમેરિકામાં આવી બનાવટી નોટો ઘુસાડી મોટા પ્રમાણમાં ભાંગફોડ કરી હતી.

આ બધા ગુનાઓ પાછળ વગર મહેનતે મેળવી લેવાની વૃત્તિ, કેળવણીનો અભાવ, બેકારી અને સંસ્કારની ખામી રહેલાં છે. ફક્ત ઉચ્ચ ચારિત્ર્ય કેળવીને જ એની સામે રક્ષણ મેળવી શકાય. (ચાલુ)

અનુસંધાન] **સંખ્યાલેખન** [પૃ. ૪૧૪થી

(૫) $૫૮_{\text{નવ}}$ પછીની સંખ્યા કઈ? $૧૨૨૦_{\text{ત્રણ}}$ પહેલાંની સંખ્યા કઈ?

[જવાબો : (૧) ૬; ૫, (૨) ૮; ૭, (૩) પાંચના પાયાવાળી સંખ્યાલેખન-પદ્ધતિમાં, (૪) ૪૨; ૬૬; ના, (૫) ૬૦; $૧૨૧૨_{\text{ત્રણ}}$.]

બાર પાયાવાળી સંખ્યાઓ લખવામાં આપણને કંઈ નવી મુશ્કેલી અનુભવવી પડે? દશાંશ સંખ્યાલેખન પદ્ધતિમાં આપણે કુલ ૧૦ સંજ્ઞાઓ વાપરીએ છીએ, પરંતુ બાર પાયાવાળી સંખ્યાલેખન પદ્ધતિ માટે ૧૨ સંજ્ઞાઓની જરૂર પડે. એટલે આપણે બે નવી સંજ્ઞાઓ રચવી પડે. દા.ત. : ૦, ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯ પછી દ, અને અ. દશાંશ સંખ્યાપદ્ધતિમાં રચ્યાપચ્યા એવા આપણને સમજાય એ દૃષ્ટિએ ૧૦નો 'દ' અને ૧૧નો 'અ' નવી સંજ્ઞાઓ તરીકે પસંદ કર્યા છે.

$૨દ૫અ_{\text{બાર}}$ પછીની સંખ્યા $૨દ૬૦_{\text{બાર}}$ આવે.

$૨દ૫અ_{\text{બાર}}$=(દશાંશ પદ્ધતિમાં) $૨\times૧૨^{૩}+દ\times૧૨^{૨}+૫\times૧૨+અ$

એટલે કે $૨\times૧૨^{૩}+૧૦\times૧૨^{૨}+૫\times૧૨+૧૧$

$=૩૪૫૬+૧૪૪૦+૬૦+૧૧$

$=૪૯૬૭_{\text{દશ}}$

હવે તમને જુદાજુદા પાયાવાળી વિવિધ સંખ્યાલેખન પદ્ધતિઓનો ઠીકઠીક ખયાલ આવી ગયો હશે. પ્રયત્ન કરશો તો દરેક પદ્ધતિની મૂળભૂત પ્રક્રિયાઓની રીતો પણ શોધી શકશો.

અંતમાં તમે વિવિધ સંખ્યાલેખનપદ્ધતિને કેટલા પ્રમાણમાં સમજ્યા છો તેની ચકાસણી કરવાની દૃષ્ટિએ એક ટૂંકી કસોટી આપું છું.

(૧) નીચેની કઈ સંખ્યામાં એકડાની સ્થાનિક કિંમત નવ હશે?
[(अ) $૩૨૧_{\text{નવ}}$ (ब) $૧૦૮_{\text{નવ}}$ (क) $૧૨૨_{\text{ત્રણ}}$ (ड) $૧૨૦૧_{\text{ત્રણ}}$]

(૨) ક્યા પાયાવાળી સંખ્યાલેખન-પદ્ધતિમાં ૩×૩=૧૦ થાય?
[(अ) છ, (ब) દશ, (क) નવ, (ड) ત્રણ]


(૩) $૫૩૨૦_{\text{સાત}}$ એ $૫૩૨_{\text{સાત}}$ કરતાં કેટલા ગણી સંખ્યા હશે?
[(अ) દસ, (ब) આઠ, (क) છ, (ड) સાત]

(૪) ક્યા પાયાવાળી સંખ્યાલેખન પદ્ધતિમાં ૧૩ એકી સંખ્યા હશે?
[(अ) પાંચ, (ब) છ, (क) દશ, (ड) બાર]

અનુસંધાન] **ડૉક્ટર આવતાં પહેલાં** [પૃ. ૩૮૨થી

અકસ્માતો રોજ થાય છે મોટા ભાગના ઘરમાં થાય છે. પોતાની જાતને બરાબર સંભાળી ન શકે એવાં બાળકો અને વૃદ્ધો તેનાં વધુ ભોગ બને છે. આપણા કાબૂ બહારનાં કારણોસર અકસ્માતો થાય તો તેને માટે બનતું બધું કરી છૂટવું જોઈએ. આપણી સંભાળ ને સાચવણી છતાં તે થાય તો આપત્સમયમાં શું કરવું તે આપણે જાણવું જોઈએ. આ કામ સફળતાપૂર્વક પાર પાડવા માટે આપણી પાસે યોગ્ય હિંમત જોઈએ. એના વગર તો ઈજામાં વધારો થઈ બેસે છે.

માંદગી અને અકસ્માતમાં વેદના કે પીડા હળવી કરવાના સેંકડો ઉપાયો છે. આ પ્રાથમિક સારવારને આપણે યોગ્ય સમયે ને યોગ્યરીતે વાપરીએ તો પીડા, ત્રાસ કે વેદના હળવી કરી માનવસેવા ઉઠાવવા સાથે કદીક કોઈનો જીવ બચાવવાનું પુણ્ય હાંસલ કરી શકીએ. (ચાલુ)



અમેરિકાની આ પ્રથમ જોડકી ટિકિટ 'નાસા'ની નવમી જયંતી નિમિત્તે ગયા સપ્ટેમ્બરની ૨૯મી તારીખે બહાર પડી છે. એના પરનું આલેખન આ ક્ષેત્રે એ દેશે સાધેલી સિદ્ધિનું સૂચન કરે છે.



ટિકિટસંગ્રહ

ઇ. ૧૯૪૨ની 'હિંદ છોડો'ની ઐતિહાસિક લડતની રજતજયંતી નિમિત્તે આ વર્ષે ભારતે બહાર પાડેલી (ઉપરની) ખાસ ટિકિટ પર ત્યારના પ્રજાના જુસ્સાને વ્યક્ત કરતું આલેખન છે.





←આગામી નાતાલ નિમિત્તની ઇંગ્લંડની આ ત્રણ ટિકિટો પર (ડાબી બાજુથી અનુક્રમે) ૧૬-૧૭મી સદીનું 'ધી ઍડોરેશન ઑવ ધ શેફર્ડ્સ'નું ચિત્ર પાંચ રંગમાં છે. બીજી ચાર પેંડની ટિકિટ પરનું 'મૅડોના'નું મ્યુરિલોનું ચિત્ર પણ સોનેરી સાથે પાંચ રંગમાં છે. ત્રીજી ટિકિટ (ઉપર)નું ચિત્ર 'ઍડોરેશન ઑવ ધ શેફર્ડ્સ' લ્યુઇ લ નેઇનનું છે, જે સોનેરી સાથે સાત રંગમાં છાપેલું છે. ઉત્તમ કલાકૃતિઓને આ રીતે બહુરંગી છપાઇમાં જનસામાન્ય સુધી પહોંચાડવાનું બ્રિટિશ ટપાલખાતાનું આ પગલું ખરેખર પ્રશંસનીય છે.













સૌથી છેલ્લી દરમિયાનની ઇંગ્લંડની ટપાલ-ટિકિટ પર ત્યાંના રાજવીઓ

ઇંગ્લંડની પ્રથમ ટપાલ-ટિકિટ 'પેની બ્લૅક'ના સમયથી માંડી આજ સુધીમાં ત્યાં અમલ કરી ગએલાં પાંચ રાજવીઓની ટિકિટોમાં ઇતિહાસનું આછું નિદર્શન: (ડાબી બાજુથી અનુક્રમે) વિક્ટોરિયા, એડવર્ડ સાતમા, જ્યોર્જ પાંચમા, એડવર્ડ આઠમા, જ્યૉર્જ છઠ્ઠા અને તેનાં રાણી, તથા રાણી ઇલિઝાબેથ બીજાં.



અશ્રુકણી

જ્યારે માનવહૈયામાં હશે અક્ષય, આંખમાં
બંધુત્વ, વૈમનસ્યોનાં વિષમાત્ર શમાવતું;
વાણી માધુર્ય ને સત્યે પરિપૂર્ણ બને; અને
શીર્ષ સ્વાધીનતા કેરી ખુમારીમાં ઊંચું રહે;
ત્યારે આ વિશ્વ કલ્લોલે કૂજતું થાય ગોકુળ.

—મનસુખલાલ ઝવેરી

બ્રિટનના અણુ-વિજ્ઞાની સર જૉહાન કૉક્ર્કૉફ્ટ

અણુવિજ્ઞાનના વિકાસના ઇતિહાસમાં ગણનાપાત્ર વ્યક્તિ અને અણુશક્તિના શાંતિમય ઉપયોગોના એક અગ્રણી હિમાયતી તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા બ્રિટનના સર જૉહાન કૉકક્રૉફ્ટનું તાજેતરમાં ૭૦ વર્ષની વયે કૅમ્બ્રિજ મુકામે અવસાન થયું.


સર જૉહાન ડગ્લાસ કૉકક્રૉફ્ટનો જન્મ ઈ. ૧૮૯૭ની ૨૭મી મેએ યૉર્કશાયર અને લૅંકેશાયરની સીમા પર ટૉડમૉર્ડન નામે એક કસબામાં થએલો. પેઢીઓથી એમનું કુટુંબ ત્યાં રૂનો વેપાર ખેડતું હતું. નાનપણથી વિજ્ઞાનમાં રસ ધરાવતા અને એને લીધે પોતાના ખંડમાં કરવા માંડેલા ધડાકાઓથી અવારનવાર કુટુંબીઓને ગભરાવી મૂકતા જૉહાનનું ભાવિ જાણે ત્યારથી જ નિશ્ચિત થઈ ગએલું. ભણતરની ઉજ્જ્વળ કારકિર્દી સાથે માન્ચેસ્ટર યુનિવર્સિટીના શિક્ષણ માટે 'કાઉન્ટી મૅજર સ્કૉલરશિપ' મેળવી એમણે ગણિત અને પદાર્થવિજ્ઞાનનો અભ્યાસ આદર્યો, પરંતુ પહેલા વિશ્વયુદ્ધને લીધે એમાં ભંગાણ પડ્યું અને એ દરમિયાન એમણે શાહી તોપસેનામાં સેવા આપી.

યુદ્ધ પછી ઇલેક્ટ્રિકલ એન્જિનીઅરિંગની પરીક્ષા આપી, એ વિષયનો પ્રત્યક્ષ અનુભવ લેવા મેટ્રોપોલૅટન-વિકર્સમાં ઉમેદવારી કરી. ૧૯૨૨માં કૅમ્બ્રિજમાં પણ શિષ્યવૃત્તિઓ અને પારિતોષિકો મેળવી ૧૯૨૪માં ગણિતમાં ટ્રાઇપોસ મેળવીને તે કૅવેન્ડિશ લૅબોરેટરીમાં જોડાય. ૧૯૨૮માં પીએચ. ડી. થયા પછી અગિયાર વર્ષ કૅમ્બ્રિજ યુનિ.માં પદાર્થવિજ્ઞાનના વ્યાખ્યાતા રહી ૧૯૩૯માં સર એડવર્ડ ઍપલ્ટનના સ્થાને 'નૅચરલ ફિલૉસોફી'ના પ્રોફેસર બન્યા. આ દરમિયાન ૧૯૩૨માં પોતાના સાથીદાર ડૉ. વૉલ્ટન સાથે હાથે બનાવેલાં ઉપકરણો વડે કૃત્રિમ રીતે અણુનું વિભાજન કરવામાં સફળતા મેળવી એમણે સમગ્ર વિજ્ઞાનજગતમાં ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. ૧૯૩૫માં કૅમ્બ્રિજમાં રૉયલ સોસાએટીની મૉન્ડ લૅબોરેટરીનું સંચાલન એમને સોંપાયું ને બીજે જ વર્ષે રૉયલ સોસાએટીની ફેલોશિપ પણ મળી.




ઈ. ૧૯૩૯માં ફરી મહાયુદ્ધ સળગતાં સરકારી કામગીરી બજાવવા એમણે શિક્ષણક્ષેત્ર છોડ્યું. એ પછી એમણે 'રડાર'ને સૈન્યમાં ઉપયોગી બનાવવાની દિશામાં સંશોધન કરી રહેલા પુરવઠા ખાતામાં વિવિધ કામગીરી બજાવી. બીજા યુદ્ધના આરંભે અમેરિકન વિજ્ઞાનીઓની સહાય મેળવવા ગએલા 'ટિઝાર્ડ મિશન'ના ઉપ-પ્રમુખ તરીકે એમણે સફર ખેડેલી. આ ઉપરાંત, અણુયુદ્ધના પ્રશ્નો અંગે વિમાન-ઉત્પાદન માટેના મંત્રાલયમાં પણ તેઓ સભ્ય હતા. ૧૯૪૩માં બ્રિટિશ સંશોધનોની વિગત આટલાંટિક પાર મોકલાઈ અને બીજે વર્ષે સર જૉહાન કૅનેડા ગયા. ત્યાં એમણે મૉન્ટ્રીઅલમાં ઍટમિક રીસર્ચ એસ્ટાબ્લિશમેન્ટની નૅશનલ રીસર્ચ

તારા-પરિચય : ૨૧



'ખગાશ્વ'માં 'ભાદ્રપદા'ના ચોરસમાં ઉત્તરા ભાદ્રપદાના ઉત્તર તરફના તારા (Alpheratz)થી આરંભાઈ બે શાખામાં ઈશાન તરફ વિસ્તરેલા 'દેવયાની' (Andromeda) તારામંડળમાં નકશામાં દર્શાવેલા સ્થાને એમ. ૩૧ (જુઓ નીચે)ની સંજ્ઞાથી ઓળખાતી એક નિહારિકા છે. નરી આંખે મોટામાંમોટી અને વધુમાં વધુ તેજસ્વી દેખાતી એ નિહારિકા લગભગ ૨૦ લાખ પ્રકાશવર્ષ દૂર અને ૧૫૦,૦૦૦ પ્રકાશવર્ષ જેટલા પ્રલંબ વ્યાસવાળું તારાજગત છે. આપણા આકાશગંગા તારાવિશ્વ જેવા જ, પણ કદમાં બે ગણા એ તારાજગતની ઘણીખરી ખાસિયતો આકાશગંગા જેવી જ છે. દેવયાનીને જ્યાંથી આરંભ થાય છે એ ઉ. ભાદ્રપદાનો તારો અસલમાં ત્રણ તારાનો બનેલો છે.

'શર્મિષ્ઠા'ની બાજુમાં 'યયાતિ' (Perseus)ના તારાઓ છે. એમાંના બે વધુ પ્રકાશિત તારામાં એક 'યયાતિ' અને બીજો 'અલ્ગૂલ' (Algol) તરીકે ઓળખાય છે. અલ્ગૂલ એક અજબ જોડિયો તારો છે. દર ત્રણ દિવસે એમાંના તારા એકબીજાની આડે આવી 'ગ્રહણ' રચે છે. એ બંને તારા વચ્ચે ૧૩૦ લાખ માઈલ જેટલું અંતર છે. એ બંનેમાંનો વધુ તેજસ્વી તારો આપણા સૂર્ય કરતાં ત્રણથી પણ વધુ ગણો વ્યાસ ધરાવે છે.



કાઉન્સિલનું સંચાલન કર્યું અને ચૉક રિવરમાં કૅનેડિયન રીસર્ચ પ્લાન્ટનું સંચાલન પણ કર્યું. આગળ જતાં એ કેન્દ્રનો દુનિયાના એક અગ્રગણ્ય સંશોધન કેન્દ્ર તરીકે વિકાસ થયો. ૧૯૪૯ સુધી તેઓ એમાં રહ્યા એ દરમિયાન ૧૯૪૪માં એમને સી.બી.ઇ.નું બહુમાન અપાયું. યુદ્ધ પતી ગયા પછી જ ખબર પડી કે કૅનેડામાં આણુશક્તિના વિકાસ અંગે કામ કરવા ઉપરાંત, એમણે ડૉવર ગન્સ, ઍન્ટી એરક્રાફ્ટ ગન્સ તથા સર્ચ-લાઇટનાં સંચાલન અને સંરક્ષણની દિશામાં કેટલીક મહત્ત્વની કામગીરી કરી અમુક ઉપયોગી સાધનો વિકસાવ્યાં હતાં.

ઈ. ૧૯૪૬માં હાર્વેલ મુકામે ઍટમિક રીસર્ચ એસ્ટાબ્લિશમેન્ટમાં દોરવણી આપવા તેઓ બ્રિટન પાછા ફર્યા અને એના પ્રથમ સંચાલક બન્યા. શરૂમાં પુરવઠા ખાતા તળે કાર્ય કરતું એ એકમ પાછળથી ૧૯૫૪માં 'યુનાઇટેડ કિંગડમ ઍટમિક એનર્જી ઑથોરિટી' તળે સ્વતંત્રપણે કામ કરતું થયું ત્યારે સર જ્હૉન તેમાં અગ્રિમ સભ્ય હતા. અને ૧૯૫૯ સુધી એ પદ પર રહેલા. ત્યાર પછી કૅમ્બ્રિજમાં વિજ્ઞાન અને ટૅકનૉલૉજીના અભ્યાસ માટે સ્થપાએલી ચર્ચિલ કૉલેજના પ્રથમ 'માસ્ટર' તરીકે એમની નિમણૂક થતાં ઍટમિક એનર્જી ઑથોરિટીમાં તેઓ પાર્ટ-ટાઇમ સભ્ય રહ્યા હતા.

આણુશક્તિના વિકાસ અંગેની એમની કામગીરી તથા અન્ય સેવાઓ બદલ એમને ૧૯૪૮માં ઉમરાવપદ અપાયું; ૧૯૫૧માં પ્રો. વૉલ્ટન સાથે ભાગમાં પદાર્થવિજ્ઞાનનું નોબેલ પારિતોષિક મળ્યું; ૧૯૫૩માં રાણીના રાજ્યારોહણ પ્રસંગે કે.બી.સી.નું બહુમાન આપીને તથા ૧૯૫૭માં 'ઑર્ડર ઑવ મેરિટ'ના ઉચ્ચ માનથી નવાજીને એમની સેવાઓની કદર કરઈ. આ ઉપરાંત, રૉયલ સોસાએટીના પદકો, અમેરિકામાં 'મૅડલ ઑવ ફ્રીડમ', યુનિવર્સિટીઓની માનાર્હ પદવીઓ, વૈજ્ઞાનિક સંસ્થાઓનાં માનાર્હ સભ્યપદ તથા વિદેશી ખિતાબો વગેરે મળી દેશવિદેશમાં અનેક રીતે એમનું બહુમાન કરાયું હતું. ૧૯૬૧માં મૅસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટે એમને 'ઍટમ ફૉર પીસ'નું પારિતોષિક આપ્યું.

યુદ્ધોત્તર વર્ષોમાં સર જ્હૉને અમેરિકા અને કૉમનવેલ્થના ઘણાખરા ભાગમાં આણુસંશોધન અંગેની પરિષદો, સભાઓ વગેરેમાં ભાગ લેવા પ્રવાસો ખેડયા. યુરોપીઅન કાઉન્સિલ ઑન ન્યૂક્લીઅર રીસર્ચ તથા આણુશક્તિના શાંતિમય ઉપયોગો અંગેની સંયુક્ત રાષ્ટ્રસંઘની જીનિવાની બેઠકોમાં પણ એમણે ભાગ લીધેલો. ૧૯૬૧માં ડૉ. ભાભાના નેતૃત્વમાં આણુશક્તિના શાંતિમય ઉપયોગો અંગેનાં સંશોધનોનું સંચાલન જોવા ભારત પણ આવી ગએલા.

આણુશક્તિના વિકાસ અંગે કાર્ય કરતી સંખ્યાબંધ અગ્રણી સંસ્થાઓ સાથે સંકળાએલા ને એમાં મોટે ભાગે અગ્રેસર રહેલા સર જ્હૉન કૉકક્રૉફ્ટના અવસાનથી વિજ્ઞાનના ક્ષેત્રે એની માનવ-ઉપયોગી શક્તિમાં શ્રદ્ધાવાન એવા એક અગ્રગણ્ય વિદ્વાનની જે ખોટ પડી છે એ માત્ર બ્રિટનની જ નહિ, પણ માનવજાત આખીની છે. આજે અતિ ઝડપે પલટાતા જતા વિજ્ઞાન અને ટૅકનૉલૉજીના કાળમાં જ્યારે આજનું ભણેલું જ્ઞાન કાલે બિનઉપયોગી પણ બની જાય એવા સમયમાં તેઓ વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે પાયાના સિદ્ધાંતોનો જ બરાબર ઊંડો અભ્યાસ કરાવવાનો આગ્રહ રાખતા હતા.

પુરાતત્ત્વવિદ્યામાં વિજ્ઞાનની સહાય

પુરાતત્ત્વવેત્તાઓ જેનો ઉપયોગ કરે છે તે પૈકીની કેટલીક પદ્ધતિ: ઉત્ખનન (ખોદકામ)માંથી મળી આવતા પ્રાગૈતિહાસિક અવશેષોનો ચોક્કસ સમય નક્કી કરવો એ પુરાતત્ત્વકાર્યનું સૌથી મહત્ત્વનું અંગ છે. આજ સુધી જે વિવિધ પદ્ધતિઓની સહાય લેવાતી એ કાલનિર્ણય (કે અનુમાન) કરી શકાતાં, તેમાં આજનું વિજ્ઞાન લગભગ ચોક્કસ કહી શકાય તેવો કાલનિર્ણય કરવામાં સહાયભૂત થયું છે. એવી એક પદ્ધતિ તે 'C-14' અથવા 'કાર્બન-૧૪'ના નામે ઓળખાય છે. એની મદદથી ઉત્ખનન દ્વારા સાંપડેલી વસ્તુ કેટલાં વર્ષ જૂની છે તે કહી શકાય છે.

પ્રત્યેક સજીવ વસ્તુ—પ્રાણી કે વનસ્પતિ જીવંત દશામાં હવામાંથી કાર્બન ડાયૉક્સાઈડ લે છે. આ કાર્બન ડાયૉક્સાઈડના ઘટકમાં કાર્બન ૧૪ નામનું દ્રવ્ય હોય છે. આ દ્રવ્ય કિરણોત્સર્ગી હોય છે. પ્રાણીની જીવંત સ્થિતિમાં એક બાજુ તેના શરીરમાં કાર્બન-૧૪ પ્રવેશ કરે છે, તો બીજી બાજુ આ કાર્બન-૧૪ના કિરણોત્સર્ગની ક્રિયા પણ સતત ચાલુ હોય છે. પ્રાણી કે વનસ્પતિનું મૃત્યુ થતાં, કાર્બન ૧૪ લેવાની ક્રિયા બંધ પડે છે, પણ કિરણોત્સર્ગ માત્ર ચાલુ રહે છે. પ્રત્યેક સજીવ વસ્તુ—પશુ, પંખી, વનસ્પતિ, વૃક્ષ ઇત્યાદિમાં જીવંત હોય ત્યારે કાર્બન ૧૪ કેટલા પ્રમાણમાં હોય છે, અર્થાત્ કેટલા પ્રમાણમાં તેનું વિસર્જન થતું રહે છે તેનું નિશ્ચિત ધોરણ વૈજ્ઞાનિકોએ બાંધ્યું છે. તે જ રીતે તે વસ્તુ મૃત્યુ પામતાં તેમાંથી કિરણોત્સર્ગનું પ્રમાણ કેવી રીતે ઓછું થતું જાય છે તેનો પણ ખયાલ કરવામાં આવ્યો છે. મૃત્યુ વખતે જેટલું કાર્બન ૧૪ રહ્યું હોય તેનું અર્ધું ૫૫૬૮ વર્ષમાં ઓછું થાય છે. એટલાં જ વર્ષે એથી પણ અર્ધું ઓછું થાય છે. આમ છેવટ ૭૦,૦૦૦ વર્ષે ઉત્સર્જન ક્રિયા લગભગ અટકી જાય છે (એટલે કે કાર્બન-૧૪ પોતાના મૂળ રૂપ નાઇટ્રોજનમાં પરાવર્તિત થઈ જાય છે). આમ, કાર્બન-૧૪ પદ્ધતિ દ્વારા કઈ વસ્તુ કેટલી પ્રાચીન છે, અથવા કોઈ વ્યક્તિ કે પ્રાણીનું મૃત્યુ ક્યારે થયું તે ચોક્કસ રીતે કહી શકાય છે. આવું કાળગણના યંત્ર મુંબાઇના તાતા ઇન્સ્ટિટ્યૂટ ઑવ ફન્ડામેન્ટલ રીસર્ચ સંસ્થામાં છે.

ગુનાશોધનમાં પણ આ પદ્ધતિ ઉપયોગમાં લેવાય છે. આ પદ્ધતિ અને 'Activation analysis' એ પદ્ધતિ દ્વારા સ્વીડનના વૈજ્ઞાનિકોએ તેમના ૧૯મા સૈકાના રાજા એરિક ચૌદમાનું ખૂન કરવામાં આવ્યું હતું એમ સાબિત કર્યું છે; એ જ રીતે ગ્લાસગો યુનિવર્સિટીના ડૉ. હૅમિલ્ટન સ્મિથે નેપોલિયન બોનાપાર્ટના વાળ ઉપર પ્રયોગ કરી તેના મૃત્યુ પહેલાં ચાર મહિના દરમિયાન તેને ઝેર આપવામાં આવ્યું એવું પ્રતિપાદન કર્યું છે.

વિજ્ઞાનની ઇતર અદ્યતન શોધખોળોનો પણ પુરાતત્ત્વવિદો ઉપયોગ કરે છે. વિસ્તારભયે માત્ર તેમના નામનિર્દેશથી જ સંતોષ લેવો પડે છે: Archaeo-magnetism, Thermoluminiscence, Aerial Photography, Electrical Resisting Surveying, Magnetic Prospecting or Surveying, Photographing the interior of a cave without excavation ઇત્યાદિ પદ્ધતિના અવલંબન દ્વારા પુરાતત્ત્વશાસ્ત્ર અધિક ચોક્કસ ને અદ્યતન બન્યું છે.

—શશિન ઓઝા

કામાણી ફાઉન્ડેશન સ્કૉલરશિપો

કામાણી ચૅરીટી ટ્રસ્ટ તરફથી સિવિલ, મિકૅનિકલ, ઇન્ડસ્ટ્રીઅલ, કેમિકલ, મેટાલર્જિકલ એન્જિનીઅરિંગ અને ઇલેક્ટ્રૉનિક્સ ટેક્નૉલૉજીના પોસ્ટ ગ્રૅજ્યુએટના અભ્યાસાર્થે પરદેશ જવા ઇચ્છનારાઓ ૧૯૬૦થી અપાતી શરૂ થએલી સ્કૉલરશિપો માટે આ (૧૯૬૭-૬૮ના) વર્ષમાં, ૨૩ ઉમેદવારોમાંથી નીચેનાં છ જણ લાયક ઠર્યા છે: ૧) પ્રો. એસ. કે. બ્રોઝ, પોત્રાઇ; ૨) શ્રી આર. એચ. ચોખાવટિયા, અંધેરી; ૩) પ્રો. સી. એન. વકીલ, રીઝર્વ બૅંક; ૪) ડૉ. જી. એમ. નાબર, મુંબાઈ; ૫) ડૉ. (શ્રીમતી) આલુ દસ્તુર; ૬) ડૉ. (શ્રીમતી) ઉષા મહેતા, મુંબાઈ.

અમેરિકાનું ગંગા-અવતરણ

અમેરિકાના છેક પશ્ચિમના છેડે આવેલા રાજ્ય કૅલિફૉર્નિયાના આબોહવા તંદુરસ્તી વધારે એવી છે, ત્યાં ઘણાં કુદરતી સૌંદર્યનાં સ્થળો છે, ઉદ્યોગો વધુ ને વધુ ખીલતા જાય છે અને હૉલિવૂડ જેવું આકર્ષણ પણ છે આમ જીવનને પ્રફુલ્લ બનાવે એવી ઘણી ચીજોની વિપુલતા છે.

પણ ત્યાં એક ભૌગોલિક દુઃખ છે. ત્યાં પાણીની છત તો છે, પરંતુ કમનસીબે, મોટા ભાગનું પાણી એવી ખોટી જગ્યાએ છે, જ્યાં રહેવા જવાનું કોઇને ન ફાવે. પરિણામે કૅલિફૉર્નિયાની વસતિના ૭૦ ટકા જેટલા લોકો એવી જગ્યાએ રહે છે જ્યાં કુદરતીરીતે મળતા પાણીના કુલ પુરવઠાના ત્રીસ ટકા જેટલું જ પાણી છે! આમ છતાં ત્યાંના લોકોને પાણીની તંગી નડી નથી; કારણ કે સોએક વર્ષથી તેઓ એ સંબંધમાં કાળજીપૂર્વકઆયોજન કરતા રહ્યા છે: કૅલિફૉર્નિયાના ઉત્તરના વિસ્તારોનું વધારાનું પાણી દક્ષિણના ખાધવાળા વિસ્તારોમાં મોકલવા માટે કૉલોરાડો નદીમાંથી એક લાંબી પાઇપલાઇન બાંધવામાં આવી. દક્ષિણ કૅલિફૉર્નિયાનો વિકાસ આવી દીર્ઘદષ્ટિભરી યોજનાને આભારી છે.

ત્યાં લૉસ ઍન્જેલસમાં તો આખા વર્ષ દરમિયાન માંડ પાંચ ઇંચ જેટલો વરસાદ થાય છે, છતાં ત્યાં તરવાના હોજ છે, બંગલાઓના ચૉક લીલોતરીથી ભરેલા છે અને પાણીનો છૂટથી ઉપયોગ થાય છે. આને પડછે ન્યૂ યૉર્કનો દાખલો જુઓ તો ત્યાં સરેરાશ ૫૦ ઇંચ વરસાદ થતો હોવા છતાં તાજેતરનાં વર્ષોમાં એ સરેરાશ ૩૦ ટકા પર આવી જતાં પાણીની વપરાશ પર ત્યાં કાપ મૂકવો પડેલો!

કૅલિફૉર્નિયાની આબોહવા મોટે ભાગે રણપ્રદેશના જેવી છે, છતાં તેને ફળદ્રુપ બનાવવા માટે કૃત્રિમ નદીઓ બનાવીને સિંચાઈની યોજનાઓ વડે ત્યાંના ખેડૂતો એટલો પાક ઉતારે છે કે અમેરિકાનો પચ્ચીસ ટકા જેટલો ખોરાક કૅલિફૉર્નિયાનાં ખેતરનો જ હોય છે. છેલ્લાં ૧૧૫ વર્ષના એના આયુષ્યમાં કૅલિફૉર્નિયા કુલ ૧૧૫૦ બંધ બાંધીને ૮૫ લાખ એકર જમીનને સિંચાઇનાં પાણી અને લગભગ બે કરોડ જેટલા લોકોને વાપરવાનું પાણી આપે છે.

વળી હાલમાં આ રાજ્યનો પાણી અંગેનો એક મોટામાં મોટો પ્રોજેક્ટ બંધાય છે. એ યોજના પૂર્ણ થયે ઉત્તરના છેડાથી માંડી ઠેઠ દક્ષિણ સુધીના ૬૫૦ માઈલ લાંબા વિસ્તારને પાણી મળશે. આ પ્રોજેક્ટ પાછળ ૨૫૦ કરોડ ડૉલરનો ખર્ચ થશે. તે માટે રાજ્યે ૧૯૫૯માં ૧૭૫ કરોડ ડૉલરના બૉન્ડ કાઢ્યા હતા. બાકીની રકમ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક તંત્ર પૂરી કરશે. આ પ્રોજેક્ટમાં વીસ બંધ, વીજળી-ઉત્પાદનનાં નવ પ્લાન્ટ અને ચોવીસ પમ્પિંગ પ્લાન્ટ થશે.

આવું આયોજન કરવું એ કાંઈ સહેલું નથી. કૉલોરાડો નદીનાં પાણી અંગે કૅલિફૉર્નિયા અને ઍરિઝોનાનાં રાજ્યો વચ્ચે ચાળીસ વર્ષ લગી તો ઝગડો ચાલ્યો હતો. છતાં સજગ રહીને તેઓ એની પાછળ ખંતપૂર્વક મચ્યા જ રહ્યા. એ બધાની વિગતો તો ઘણું લંબાણ માગી લે.

છેલ્લી એક વિરાટ યોજના એવી છે કે ઑરોવિલે બંધ વડે ફેધર નદીનાં પાણીને નાથીને પાંત્રીસ લાખ એકર-ફૂટ પાણી સંઘરી શકાય એવું જળાશય તૈયાર થશે આ જળાશયમાંથી પાણી લઈ જતી પાઈપના બીજા છેડે લૉસ ઍન્જેલસ નજીક ટેહાચાપી પર્વતમાળા આવે છે, એટલે ત્યાં પર્વતની તળેટીમાંથી, એક જ પમ્પ વડે પાણીને ૧૯૨૬ ફૂટ ઊંચે ચડાવીને સાડા બાર ફૂટ બે સમાંતર પહોળાં ભોંયરાં દ્વારા છોડવામાં આવશે. આ ભોંયરાં (ટનલ) ૮૫૦૦ ફૂટ લાંબાં હશે!

કહેવાય છે કે અવકાશયાત્રીઓ ચંદ્ર પર પહોંચશે ત્યારે એમને પૃથ્વીની સપાટી પર માણસે કરેલા માત્ર બે જ ફેરફાર દેખાશે: એક તો ચીનની લાંબી દીવાલ, અને બીજી કૅલિફૉર્નિયાની પાણી-યોજનાની પાઈપ! આપણે ય યોજનાઓ તો ઘણી યે કરીએ છીએ, પણ...

સમુદ્રની વનસ્પતિસૃષ્ટિ

સમુદ્રમાં ઊગતા કેટલાક છોડ તેમને સૂક્ષ્મદર્શક યંત્ર વડે જ જોઈ શકાય એટલા બધા સૂક્ષ્મ છે. આ દરેક છોડ એક જ કોશનો બનેલો હોઈ મુક્ત તથા અદૃશ્ય રીતે પાણીમાં તર્યા કરે છે.

બીજા છોડ ઘણા મોટા, ડાળીવાળા ઝાડ જેવા કે ચપટી યા લાંબી પટી જેવા વેલાના આકારના પણ હોય છે સાંકડી પટી જેવી કેટલીક



શેવાળ તો સેંકડો મીટર લાંબા હોય છે. તે છીછરા પાણીમાં તળિયાને વળગી રહે છે અથવા સપાટી નજીક તરતી હોય છે. આ શેવાળ ક્યાંક એકાકી, ક્યાંક નાના સમૂહમાં તો ક્યાંક મોટા જંગલ રૂપે ઊગી હોય છે. સૌથી મોટું આવું તરતું જંગલ સારગાસો સમુદ્ર કહેવાય છે. તે આટલાન્ટિક મહાસાગરમાં વિષુવવૃત્તની ઉત્તરે છે. અમેરિકાના યુનાઇટેડ સ્ટેટ્સ જેટલો તેનો વિસ્તાર છે. એક જમાનામાં વહાણવટીઓ તેનાથી ફોકટ ડરતા, કે આ શેવાળ તેમનાં વહાણને ફસાવી પકડી રાખશે. (સરળ ભાષામાં વૈજ્ઞાનિક વિષયોની સમજૂતી આપતી (વોરા ઍન્ડ કં.એ બહાર પાડેલી) પુસ્તકશ્રેણી 'સર્વજ્ઞાનમાળા'ની 'મહાસાગરનો પ્રથમ પરિચય' નામક સચિત્ર પુસ્તિકામાંથી.)

ગણિતગમ્મત

૧૭૨૯ એ સંખ્યાનું અવલોકન કરવાથી પ્રથમ નજરે ખાસ કાંઈ નવાઈ પમાડે એવી સંખ્યા લાગતી નથી. પરંતુ એ સંખ્યા બે પ્રકારે બે ઘન સંખ્યાના સરવાળા બરાબર છે.

$૧^3=૧$, $૯^3=૭૨૯$, $૧૦^3=૧૦૦૦$ અને $૧૨^3=૧૭૨૮$

$(૧૨^3=૧૨\times૧૨\times૧૨=૧૭૨૮)$

હવે $૧૭૨૯=૧+૧૭૨૮=૧^3+૧૨^3$ અને

વળી $૧૭૨૯=૭૨૯+૧૦૦૦=૯^3+૧૦^3$

$\therefore ૧૭૨૯=૧^3+૧૨^3=૯^3+૧૦^3$

હવે $૧૭૨૯=૯^3+૧૦^3$ છે એમાં ૯+૧૦=૧૯ છે. ૧૭૨૯માં પણ અંકોનો સરવાળો ૧+૭+૨+૯=૧૯ છે.

અને ૧૭૨૯ એ સંખ્યા એના અંકોના સરવાળા ૧૯ વડે વિભાજ્ય છે અને તેથી ૧૭૨૯ને (૧+૭+૨+૯=૧૯) વડે ભાગવાથી ભાગાકાર ૯૧ આવે છે અને એ સંખ્યા ૧૯ના અંકોને ઊલટા ક્રમે ગોઠવવાથી થએલી છે. એટલે કે $૧૯\times૯૧=૧૭૨૯=૧^3+૧૨^3=૯^3+૧૦^3$. આ ઉપરથી એવું સૂચન થાય છે કે કેટલીક એવી સંખ્યાઓ પણ હોય છે કે જે સંખ્યાઓ તેમના અંકોના સરવાળાથી નિઃશેષ ભાગી શકાય.

૧૭૨૯ એવા પ્રકારની એક સંખ્યા છે.

ગણિત-રસિક વાચકો સહેજ વિચારે તો આવી બીજી અનેક સંખ્યાઓ શોધી કાઢવામાં રસ લઈ શકે. દાખલા તરીકે ૩૮૪૯૮૫ એ છ અંકી સંખ્યા છે અને એના અંકોનો સરવાળો ૩+૮+૪+૯+૮+૫=૩૭ છે અને એ છ અંકી સંખ્યા ૩૭ વડે નિઃશેષ ભાગી શકાય છે. ૩૮૪૯૮૫÷૩૭=૧૦૪૦૫

આ માસ(ઑક્ટોબર)ઇતિહાસમાં·વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: પાયથેગોરસ



'કાટખૂણ ત્રિકોણના કર્ણ પરના ચોરસનું ક્ષેત્રફળ, બીજી બે બાજુ પરના ચોરસોના ક્ષેત્રફળ બરાબર થાય છે' એવા, ભૂમિતિના વિખ્યાત પ્રમેયના શોધક પાયથેગોરસનું નામ તો વિખ્યાત છે, પોતાને જ્ઞાનવિજ્ઞાનનો ચાહક 'ફિલસૂફ' ગણાવનાર એ પ્રથમ હતો.

ઈ. સ. પૂર્વે ૫૮૦માં સૅમોસ ટાપુ પર મ્નેસાર્ચસ નામે એક ધનિક ગ્રીકને ત્યાં એનો જન્મ થયો હોઈ એ કાળના ત્યાંના સર્વોત્તમ ગુરુઓ પાસે એ શિક્ષણ પામ્યો. પણ ઊંચા સોટા જેવા એ તરવરિયા ખુશમિજાજ જવાનને એટલાથી સંતોષ ન થયો. વધુ જ્ઞાન મેળવવા એ બાબિલોન ગયો અને ત્યાંથી એ હિન્દ આવ્યો. અહીં વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને સંપૂર્ણ ચિત્તશાંતિ આપતા ભગવાન બુદ્ધના ઉપદેશને પચાવી, મિસરમાં ભૂમિતિ શીખી, અંતે જ્યારે એ ગ્રીસ પહોંચ્યો ત્યારે ૫૩ વર્ષનો શાંત, ગંભીર, બુઝર્ગ આદમી બની ગયો હતો. પોતે જ્ઞાનયાત્રા ખેડતો હતો એ દરમિયાન એની માતૃભૂમિ પર પૉલીક્રેટ્સની ક્રૂરતા ફરી વળી હતી એટલે એ તે સમયના સમૃદ્ધ નગર ક્રૅાટનમાં જઈ રહ્યો.

વિવિધ રાજકીય પક્ષોની હોંસાતોંસીમાં ભાંગી રહેલા સામાજિક નગરજીવનમાં સંયમ, સહકાર, શુદ્ધિ અને શ્રદ્ધા આણવા એણે એક સંઘ સ્થાપ્યો. પણ ક્રૅાટનમાં એને વિરોધીઓએ સુખે રહેવા દીધો નહિ, એટલે મનાય છે કે પછીથી એ મેટાપોન્ટમ જઈ રહ્યો હતો.

પણ દુનિયા આજ એને સંભારે છે તેનું કારણ તો એ પ્રથમ કોટિનો ખગોળશાસ્ત્રી હતો તે છે. એના પછી કૉપરનિકસ સિવાય કોઈએ ખગોળમાં એટલી ક્રાન્તિ આણી નહોતી. પૃથ્વી ગોળ છે અને કોઈ એક મધ્યસ્થ તેજપિંડ–હેસ્ટિયાની આસપાસ એ ફરે છે એ પશ્ચિમને તેણે જ પ્રથમ શીખવ્યું. એ તેજપિંડ તે સૂર્ય નહિ, કારણ કે એણે સૂર્યને પણ હેસ્ટિયાના તેજના પરાવર્તક તરીકે ગણ્યો હતો. પરંતુ ખરેખર તો એ આંકડા પાછળ દીવાનો હતો. એમાંથી એણે શા સિદ્ધાંતો તારવ્યા એની તો બહુ જાણ નથી, કેમ કે એણે પોતાના કોઈ જ્ઞાન-સિદ્ધાંતને અક્ષરોમાં ઉતાર્યો નથી. પણ જે માહિતી મળે છે તે પરથી જણાય છે કે બધી જ વસ્તુઓનું મૂળ એણે સંખ્યામાં જ ઘટાવેલું. આજના પદાર્થ વિજ્ઞાનની 'ક્વાન્ટમ થીઅરી'નું એ આદિ રૂપ કદાચ કહી શકાય. 'એક'ને એણે સઘળી સંખ્યાઓના ગર્ભ રૂપે જણાવ્યો છે.

તંતુવાદ્યોના તારની લંબાઈના પ્રમાણ પર એના ધ્વનિની તીવ્રતાનો આધાર છે, તે એણે શોધ્યું. અંકગણિત સાથે ભૂમિતિનો મેળ સાધી એણે ગણિતમાં એક નવી જ દિશા ખોલી. પ્રાતઃકાળ અને સાયંકાળના તારાઓ એણે જુદા તારવ્યા. ચંદ્રને એનો પોતાનો પ્રકાશ નથી એ પણ એણે શીખવ્યું, ને ગ્રીકોને પહેલાં તોલમાપ પણ એણે જ આપ્યાં.

એનું અવસાન ક્યાં અને ક્યારે થયું એ વિષે સ્પષ્ટ માહિતી પ્રાપ્ય નથી; પણ મનાય છે કે ઈ. સ. પૂર્વે ૫૦૪માં મેટાપોન્ટમમાં એના વિરોધી ધર્માંધોએ એને અને એના ૩૦૦ જેટલા અનુયાયીઓને એક દિવસ તેઓ કોઈ શખ્સને ત્યાં એકત્ર થયા હતા ત્યારે મારી નાખી એ ઘરને પણ આગ ચાંપી દીધી હતી.

દિનવિશેષ

તા. ૧ સ્વ. માલવીયજીના અથાક પરિશ્રમથી બનારસ હિંદુ યુનિવર્સિટીની સ્થાપના, ૧૯૧૭.

તા. ૮ હિંદમાં નૂતન યુગનાં મંડાણ કરનાર 'યંગ ઇન્ડિયા' પત્રના ગાંધીજી તંત્રી બન્યા, ૧૯૧૯.


તા. ૧૧ વરાળથી ચાલતી પહેલી હોડી ન્યૂ યૉર્ક–હૉબોકેન વચ્ચે ચાલુ થઈ, ૧૮૧૧.

તા. ૧૪ ઑક્સફર્ડ વિશ્વવિદ્યાલયે પહેલી જ વાર સ્ત્રીસ્નાતકોને ઉપાધિ આપવા માંડી, ૧૯૨૦.

તા. ૨૮ મૃત્યુ પર્યંત ભારતની સેવા કરનાર આયરીશ કુમારિકા નિવેદિતાનો જન્મ, ૧૮૬૭.

પ્રસંગવિશેષ: યુગોસ્લાવિયાના રાજા ઍલેક્ઝાંડરનું ખૂન, ૯ ઑક્ટોબર, ૧૯૩૪

સર્બિયામાં સારાજેવો નગરમાં ઑસ્ટ્રિયાના આર્કડ્યૂક, ફ્રાન્સિસ ફર્ડિનાન્ડનું ખૂન થતાં એમાંથી પ્રથમ વિશ્વયુદ્ધ સળગ્યું. (જુઓ અંક ૫૨૧). આ યુદ્ધ પછી એ સર્બિયા અને બીજાં બાલ્કન રાજ્યો સાથે ઑસ્ટ્રિયા હંગેરીના ક્રોએશિયા, સ્લૉવાનિયા, ડાલ્મેશિયા, બૉસ્નિયા અને હર્ઝેગોવિના વિસ્તારો જોડીને ઈ. ૧૯૧૮ની ૧લી ડિસેમ્બરે 'દક્ષિણ (યુરોપ)ની સ્લાવ પ્રજાનો દેશ' યુગોસ્લાવિયા રચાયો. પરંતુ એથી સર્બ, ક્રૉએટ અને સ્લૉવન પ્રજા વચ્ચે આંતરિક વિખવાદો ચાલુ જ રહ્યા. આ બધાને એક સત્તા તળે લાવવા રાજા ઍલેક્ઝાંડરે બંધારણ સભા વિખેરી નાખીને સર્વ સત્તા પોતાના હાથમાં લીધી. ઉગ્ર રાષ્ટ્રવાદી ક્રૉએટો આથી વધુ અકળાઈ ઊઠયા; અને ઈ. ૧૯૩૪ની ૯ ઑક્ટોબરે રાજા માર્સેલ્સ (ફ્રાંસ)ની શાહી મુલાકાતે ગયો ત્યારે એના સરઘસમાં એકાએક એની નજીક ધસી જઈ ઝેગ્રેબના એક ઉશ્કેરાએલા



ક્રૉએટે એના પર ગોળી ચલાવી એનું ખૂન કર્યું. ફ્રાંસના વિદેશ મંત્રી એમ. બાર્થુનું પણ એમાં મોત થયું. પોલીસોએ ખૂનીને ત્યાં જ ખલાસ કરી નાખ્યો. ઍલેક્ઝાંડર પછી એનો તેર વર્ષનો પુત્ર 'કિંગ પીટર ધ સૅકંડ' તરીકે ગાદીએ બેઠો. આંતરિક કલહને એ પણ શાંત પાડી શક્યો નહિ. ઈ. ૧૯૩૯માં બીજું વિશ્વયુદ્ધ થયું. એમાં યુગોસ્લાવિયાને પણ ઘણું સહેવું પડયું. ઈ. ૧૯૪૩માં માર્શલ તર્ફે ચૂંટાએલા જૉસિપ બ્રોઝ ટિટોના નેતૃત્વમાં ત્યાં ૧૯૪૫માં પ્રજાસત્તાક સ્થપાયું અને સામ્યવાદી સરકાર રચાઈ. ઈ. ૧૯૫૩માં માર્શલ ટિટો રાષ્ટ્રપ્રમુખ બન્યા તે આજ સુધી ચાલુ છે. અન્ય સામ્યવાદી દેશો કરતાં જોકે એમના નેતૃત્વમાં બહારની દુનિયા સાથે વધુ ખુલ્લો વહેવાર રાખી યુગોસ્લાવિયા ધીરેધીરે વિકાસ સાધી રહ્યું છે.

સાત વેંતનાં સર્વજન, કિંમત અક્કલ તુલ્ય;
સરખા કાગળ હૂંડીના, આંક પ્રમાણે મૂલ્ય.

પેશવા બાજીરાવ અને નિઝામ-ઉલ મુલ્ક વચ્ચે ગોદાવરી તીરે ચાલતા યુદ્ધમાં નિઝામની સેનાને પીછેહઠ કરવી પડી, એટલું જ નહિ પણ પુરવઠાના તમામ માર્ગો મરાઠા સૈન્યે બંધ કર્યા હોઈ નિઝામની સેના ભૂખે મરવા લાગી. આગળ ઈસ્લામી તહેવારો આવતા હોવાથી નિઝામે પેશવા પાસે જ અન્નની સહાય માગી, ત્યારે આ તકનો લાભ ઉઠાવી નિઝામના લશ્કરને છિન્નભિન્ન કરી નાખવાની સલાહ આપતા રાજનીતિજ્ઞોને બાજીરાવે કહ્યું: 'ભૂખે મરતા દુશ્મનને હરાવવામાં શૌર્ય નહિ પણ કાયરતા છે ' પેશવાની ઉદાર સહાયથી પ્રભાવિત નિઝામે તરત જ સંધિ કરી દીધી.

સમાનાર્થી કહેવતો: એક જ ભાવ વ્યક્ત કરવા માટે ગુજરાતી ભાષામાં કેટલીક વાર તો સંખ્યાબંધ કહેવતો મળી આવે છે. એક ઉદાહરણ: પૈસા વિના શ્રીમંતાઈનો કે દૈવત વિના મોટાઇનો ડોળ કરનાર ઉપર ઉપાલંભ રૂપ કહેવતો: ૧) ભરમ ભારી, ને ખિસ્સા ખાલી; ૨) ખાલી ચણો, વાગે ઘણો; ૩) મૂછે ચોપડવા તેલ નહિ, ને ડેલીએ દીવા કરો; ૪) ફૂલીબાઈની ફૂલ, ને ઘરમાં ન મળે ધૂળ; ૫) ઢમઢોલ ને માંહે પોલ; ૬) તમાચો મારીને મોં લાલ રાખવું; ૭) પાસે ન મળે કોડી, ને ઊભી બજાર દોડી; ૮) બાપ બહાર ચાલીસ લાખના, ને દીકરો વ્યાજમાં ડૂલ; ૯) પેટમાં પૂમડું પાણી નાહ, ને નામ દરિયાવખાં; ૧૦) બાઈને બલૈયું નહિ, ને ભાઈ ઘોડાનાં સાટાં કરે; ૧૧) ભાઈની બગલો દેખાય, ને બાઇને ચોગા સાડી જોઈએ; ૧૨) નામ રાખે ધનાશા ને ઘરમાં હાંલ્લાં કુસ્તી કરે. ૧૩) એ જ અર્થની કાવ્યકડીઓ:

ફૂલ ફટાકિયા, ને ફાંટમાં છાણાં,
ઘેર આવે ત્યાં કહેડાં કાણાં.
ઠાલી ઠકરાઈ ને ફાંટમાં છાણાં,
સૂએ ત્યારે ભેઠ બિછાનાં.



યહૂદીઓની વર્ષગણનાંના સવત જગતમાં કદાચ જૂનામાં જૂનો હશે. તાજેતરમાં એમના ૫૭૨૮મા નવા વર્ષ નિમિત્તે ઈઝરાએલે બહાર પાડેલી ટિકિટો પૈકીની ત્રણ ઉપર આપી છે.

ચિંતા ને કાળજી એ છીપમાં રહેલા રેતીના બે કણ જેવી છે: કાળજી નાના કણ જેવી છે, જેમાંથી મોતી થાય છે; પણ ચિંતાનો મોટો કણ તો છીપને જ તોડી નાખે છે.

એકાક્ષરી પણ અનેકાર્થી શબ્દ: આ = બ્રહ્મા, પિતામહ, વિધાતા, મહાદેવ, નજીકનું, જરા, પારસીઓનું એક ધર્મપુસ્તક; મધ્ય અને ઉત્તર યુરોપમાં આવેલી આ નામે નદી.



એકાદ ઇંચ લાંબા જંતુ કંસારી (ક્રિકેટ)નો અવાજ એક માઈલ જેટલે પહોંચી શકે છે.

તમારી ઉમર કેટલી? નીચેના છ કોઠા કોઈ પણ માણસને બતાવીને પૂછજો કે તેની ઉમર દર્શાવતો આંક ક્યા ક્યા કોઠામાં છે. તે જે જે કોઠા બતાવે તે તે કોઠાના પહેલા અંકનો સરવાળો કરશો એટલે તેની ઉમરનો આંકડો મળી જશે.

૮ ૨૭ ૪૬	૧ ૨૩ ૪૫	૧૬ ૨૭ ૫૪	૪ ૨૩ ૪૬	૩૨ ૪૩ ૫૪	૨ ૨૩ ૪૬
૯ ૨૮ ૪૭	૩ ૨૫ ૪૭	૧૭ ૨૮ ૫૫	૫ ૨૮ ૪૭	૩૩ ૪૪ ૫૫	૩ ૨૬ ૪૭
૧૦ ૨૯ ૫૬	૫ ૨૭ ૪૯	૧૮ ૨૯ ૫૬	૬ ૨૯ ૫૨	૩૪ ૪૫ ૫૬	૬ ૨૭ ૫૦
૧૧ ૩૦ ૫૭	૭ ૨૯ ૫૧	૧૯ ૩૦ ૫૭	૭ ૩૦ ૫૩	૩૫ ૪૬ ૫૭	૭ ૩૦ ૫૧
૧૨ ૩૧ ૫૮	૯ ૩૧ ૫૩	૨૦ ૩૧ ૫૮	૧૨ ૩૧ ૫૪	૩૬ ૪૭ ૫૮	૧૦ ૩૧ ૫૪
૧૩ ૪૦ ૫૯	૧૧ ૩૩ ૫૫	૨૧ ૪૮ ૫૯	૧૩ ૩૬ ૫૫	૩૭ ૪૮ ૫૯	૧૧ ૩૪ ૫૫
૧૪ ૪૧ ૬૦	૧૩ ૩૫ ૫૭	૨૨ ૪૯ ૬૦	૧૪ ૩૭ ૬૦	૩૮ ૪૯ ૬૦	૧૪ ૩૫ ૫૮
૧૫ ૪૨ ૬૧	૧૫ ૩૭ ૫૯	૨૩ ૫૦ ૬૧	૧૫ ૩૮ ૬૧	૩૯ ૫૦ ૬૧	૧૫ ૩૮ ૫૯
૨૪ ૪૩ ૬૨	૧૭ ૩૯ ૬૧	૨૪ ૫૧ ૬૨	૨૦ ૩૯ ૬૨	૪૦ ૫૧ ૬૨	૧૮ ૩૯ ૬૨
૨૫ ૪૪ ૬૩	૧૯ ૪૧ ૬૩	૨૫ ૫૨ ૬૩	૨૧ ૪૪ ૬૩	૪૧ ૫૨ ૬૩	૧૯ ૪૨ ૬૩
૨૬ ૪૫	૨૧ ૪૩	૨૬ ૫૩	૨૨ ૪૫	૪૨ ૫૩	૨૨ ૪૩

સંગીતના સાત સૂર. નીચે મુજબ સાત જનાવરોના અવાજમાંથી નીકળેલા કહેવાય છે: 'ખરજ'-મોરના અવાજમાંથી, 'રિખવ'-બપૈયાના, 'ગંધાર'-બકરીના, 'મધ્યમ'-કુલંગ પક્ષીના, 'પંચમ'-કોયલના, 'ધૈવત'-દેડકાના અને 'નિષાદ' હાથીના અવાજમાંથી. —(હિંદી 'નવનીત')



કલાકણિકા: સત્તરમી સદીમાં ઈંગ્લંડમાં લોખંડકામની કારીગરીમાં પુનર્જીવન ફૂંકનાર 'જ્યાં તિજોઉ' નામના એક હદપારી ફ્રેન્ચે સર્જેલો ઈંગ્લંડના એક મહેલનો દરવાજો.



મોઢેરાની માતૃકા-મૂર્તિ
ફોટો · આર. આર. ભારદ્વાજ



રેતીનો છોડ : (ફોટો • અશ્વિન મહેતા) નિસર્ગનો ખૂણેખૂણો સૌન્દર્યથી ખચિત છે : તે જોવા અને પીવાની દૃષ્ટિ જોઈએ. પ્રતીચીના વિશાળ નભ-પટ પર પથરાએલી મનોહારિણી સાન્ધ્યલીલા જેટલું જ સૌન્દર્ય, નીરસ લાગતા અફાટ રેતીરણના એક નાનકડા ખૂણામાં પણ માણી શકાય, એમ ફોટો કલાકાર અશ્વિન મહેતા કૅમેરાકલાની આ કણિકા દ્વારા આપણને પ્રબોધે છે. રમતિયાળ વાયુલહરીએ રેતીમાં પાડેલી અલડ ઓકળીઓ વચ્ચે ઊગી નીકળેલા રણ-છોડને ઓકળી-ભાતમાં પ્રમાણભારપૂર્વક યથાસ્થાને રાખીને લીધેલું આ ચિત્ર જાપાનીઓ પોતાના ગૃહઉદ્યાનની એક નાની ચોખંડીમાં વેળુ પાષાણનો જે નાનકડો સૌન્દર્યરાશિ રચે છે તેનું માધુર્ય આપણને માણાવે છે.



નળસરોવર



ઉપરના નકશામાં દર્શાવેલું નળસરોવર તેના અફાટ જલરાશિ માટે જાણીતું છે. વિશાળતામાં તો આપણા દેશમાં તેને કોઈ આંટી શકે નહિ. સરોવરપટના વિશાળ વિસ્તારમાં બરુ ઘાસ મબલખપણે ઊગે છે. સંસ્કૃતમાં બરુ=નડ એ ઉપરથી આ પ્રદેશ નળકાંઠા તરીકે જાણીતો થયો છે. ચોમાસે એનો વિસ્તાર જળબંબાકાર બની જાય છે. દરિયા જેવો દેખાતો પાણીનો આ પટ ત્યારે માઈલોના વિસ્તારમાં ફેલાઈ જાય છે ને ઊંડાઈ સરેરાશ પાંચ ફૂટ જેટલી રહે છે. જ્યાં લાંબો સમય પાણી ટકી રહે છે એવો ભાગ 'લીલો નળ' કે 'ચોખનળ' કહેવાય છે અને તેનો વિસ્તાર આશરે ૭૨ ચોરસ માઈલ જેટલો રહે છે. સરોવરમાં સાડા ત્રણસો જેટલા નાનામોટા માટીના બેટડા આવેલા છે. અહીં થતા ઢૈયા અને બરુ નામના ઘાસની વચ્ચે રહેતાં હજારો પંખીઓને નિહાળવાં એ જિંદગીનો એક લહાવો છે. તરાપા કે હોડીમાં બેસી આ વિસ્તારની કુદરત વચ્ચે વિહાર કરવાનો આનંદ કાંઈ ઓર છે. શિયાળો ઊતર્યે જળરાશિનો વિસ્તાર ધીમે ધીમે સુકાવા લાગે છે તેમતેમ પક્ષીઓ પણ ઊડી જાય છે.

ભારતમાં અને બીજા દેશોમાં નળસરોવર જેવું પક્ષીતીર્થ મળવું દુર્લભ છે. દર વર્ષે શિયાળામાં ઠંડા મુલકનાં હજારો યાયાવર પંખીઓ સેંકડો માઈલની યાત્રા કરી ત્યાં આવી ઊતરે છે અને યાયાવર પંખીઓના સંગમતીર્થ સમું એ નળસરોવર જળપક્ષીઓના અનેકવિધ કલરવથી દર શિયાળે ગુંજી ઊઠે છે. હંસ અને રાજહંસ, સારસ ને કુંજડાં, આંતરા ને કાતગા, વિવિધ પ્રકારનાં બગલાં ને બતકાં, કાજિડાં, કાળવેલિયા, ઍભા, ચૂગણાં, ગેણુા, ઘૂંઘરો, ઘોડો, ચિતરોડાં, ટમણી, ટીલવાં, થરંદ, પેણ, પરેહ, ફરાંદો, ભાડથ અને સળી એવાં કેં કેટલાંય પક્ષીઓનાં ધાડાં ને ધાડાં શિયાળે નળકાંઠાને ભરી દે છે. પક્ષીઓના અભ્યાસીને વિપુલ રસસામગ્રી અહીં મળી રહે છે.

નળકાંઠાની વસતિ ખેડૂતો પણ નહિ અને માછીમારો પણ નહિ એવા ખડતલ પઢારોની છે. તેમનું લોકનૃત્ય વિશિષ્ટ હોય છે. નળસરોવર અને તેની આજુબાજુનો વિસ્તાર સરકારે 'શિકાર-પ્રતિબંધિત વિસ્તાર' તરીકે જાહેર કર્યો છે. ત્યાં કોઈ પણ જંગલી પ્રાણી કે પક્ષીઓનો શિકાર કરવો તે ગુનો બને છે. આ ધારાનો અહીં કડક અમલ થતો રહે તે જોવાની દરેક નાગરિકની પવિત્ર ફરજ થઈ પડે છે. આમ કરીને નળસરોવરનું આકર્ષણ જમાવતા અને વધારતા રહીએ એ જરૂરનું છે.

અમદાવાદથી સાણંદ, વીંછિયા ને અણિયાળી થઈ નળસરોવર જવાય છે. ત્યાં આગળ વેકરિયામાં ગુજરાત સરકાર તરફથી 'ચાલતું હૉલીડે હોમ' છે, જ્યાં ૧લી નવેમ્બરથી ૩૧મી માર્ચ સુધી રહેવાની સારી સગવડ છે. (એ માટે માહિતી સંચાલક ગુજરાત રાજ્ય, સચિવાલય, અમદાવાદ-૧૫ એ સ્થળે એક અઠવાડિયા પહેલાં લખવું જોઈએ.) સાણંદથી ફંટાઈ ને નળસરોવર પહોંચતો માર્ગ ૪૦ માઈલનો છે. વીરમગામ રસ્તે શાહપુર થઈ ૬૨ માઈલ થાય. લખતરથી બસ-માર્ગે તલસાણા થઈ ૧૪ માઈલે રાણાગઢ જવાય છે. ભાવનગરથી લીમડી દ્વારા રાણાગઢ ૨૪ માઈલ થાય. રાણાગઢથી જવું વિશેષ અનુકૂળ છે. (ગુજરાત રાજ્ય વનવિભાગ)